જરતોસ્તી દીનની ખોલ કરનારી મંડળીના

સને ૧૨૭૭ થી ૧૨૮૭ યજદજર્દી,

સને ૧૯૦૮ થી ૧૯૧૭ ઇસ્વી સુધીના

૪૫ થી ૫૪ સુધીનાં વર્ષોનો એહવાલ



છપાવી પ્રગટ કરનાર

જરતોસ્તી દીનની ખોલ કરનારી મંડળી,

કે. આર. કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટ બીલ્ડીંગ,

૧૩૪-૩૬, એપોલો સ્ટ્રીટ, કોટ

મુંબઇ



સને ૧૩૧૦ યજદજર્દી—સને ૧૯૪૧ ઇસ્વી

જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળીના

સને ૧૨૭૭ થી ૧૨૮૭ યઝદજર્દી,

સને ૧૯૦૮ થી ૧૯૧૭ ઇસ્વી સુધીના

૪૫ થી ૫૪ સુધીનાં વર્ષોનો એહવાલ



છપાવી પ્રગટ કરનાર

જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળી,

કે. આર. કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટ બીલ્ડીંગ,

૧૩૪-૩૬, એપોલો સ્ટ્રીટ, કોટ



મુંબઇ



સને ૧૩૧૦ યઝદજર્દી—સને ૧૯૪૧ ઇસ્વી

ધી ફોર્ટ પ્રિન્ટીંગ પ્રેસ, ૨૩, ગોવા સ્ટ્રીટ, બેલાર્ડ એસ્ટેટ, કોટ, મુંબઇ મધે
એ. એફ. ડીસુઝાએ છાપ્યું છે અને હોશંગ તેહમુરસ અંકલેસરીઆએ
'જરથોશ્તી દીનની ખોલ કરનારી મંડળી' માટે ઉપલેજ ઠેકાણેથી એડીટ
અને પ્રગટ કર્યું છે.

REPORT

OF THE PROCEEDINGS

OF THE 45TH TO THE 54TH YEAR

OF THE SOCIETY

FOR

THE PROMOTION OF RESEARCH

INTO

THE ZOROASTRIAN RELIGION

K. R. Cama Oriental Institute Building,

134-36 Apollo Street, Fort

1277 to 1287 A.Y.—1908 to 1917 A.C.

THE FORT PRINTING PRESS

Goa Street, Fort, Bombay

1310 A.Y.—1941 A.C.

જરથોશ્તી દીનની ખોલ કરનારી મંડળી

સભાસદોનાં નામ

(તા૦ ૨૦-૬-૧૮ સુધી)

શેઠ મંચેરજી પેસ્તનજી ખરેઘાટ, I.C.S.—સરનશીન.

એર્વદ જમશેદજી દાદાભાઇ નાદીરશાહ, L.C.E.

શમ્સ-ઉલ-ઓલમા એર્વદ જીવનજી જમશેદજી મોદી, B.A.

એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદી—ખજાનચી

" મેહરનોશજી બર્જોરજી દસ્તુર મેહરજીરાણા

" નોશેરવાન બર્જોરજી દેસાઇ—માનદ મુન્શી

" માણેકજી રૂસ્તમજી ઉનવાલા

" મેહરજીભાઇ પાહલનજી માદન

શેઠ ધનજીભાઇ નવરોજજી કુરલેવાલા

એર્વદ બર્જોરજી ભીખાજી મલવા

શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ, M.A.

" જમશેદજી હોરમસજી બારીયા

" દીનશાહજી દોરાબજી કાપડીયા, M.A., B. Sc.

" રતનશાહ દોરાબજી કાપડીયા, B.A.

" પેસ્તનજી કુંવરજી મોતીવાલા, M.A., LL.B.

એર્વદ ફરામરોજ પેસ્તનજી માદન

શેઠ ડોસાભાઇ ફરામજી વહાડયા, B.A., સોલીસીટર

એર્વદ મીનોચેહર કાવસજી કામદીન

" બહમનજી નોશેરવાનજી ધાભર, M.A.

શેઠ રતનજી ફરદુનજી ગોરવાલા, M.A.—માનદ મુન્શી

શેઠ રૂસ્તમજી બેજનજી વાચ્છા, M.A.

એર્વદ હોરમસજી તેહમુલજી દાદાચાનજી

" નોશેરવાનજી દોરાબજી આદરાંનવાલા

શેઠ જેહાંગીર નોશેરવાનજી પાલીશવાલા

શેઠ ધનજીભાઇ માણેકજી વાચ્છા

ડૉ. માણેકજી બહમનજી દાવર, M.A., Ph.D.

એર્વદ રૂસ્તમજી ફરદુનજી બીલીમોરીયા

" અર્દેશર એરચજી સહીયાર

" પાહલનજી દોરાબજી પાવરી, B.A.

" ખોદાયાર દસ્તુર શેહરીયાર

શેઠ મનચેરજી ધનજીભાઇ મેહરવાનજી જીજીભાઇ

" બર્જોરજી ફરામજી મેહતા, B.A., LL.B.

એર્વદ દોરાબજી બર્જોરજી કાંગા

" રૂસ્તમજી મેહરનોશજી મસાની

શેઠ સોહરાબજી નવરોજી કાંગા, B.A.

શમ્સ-ઉલ-ઓલમા દસ્તુર દારાબ પેશોતન સંજાણા, B.A.

એર્વદ બર્જોરજી એરચજી બજાં

નાયબ દસ્તુર મીનોચેહર જામાસ્પજી જામાસ્પ-આશા

શેઠ મેરવાનજી માણેકજી ગણદેવીઆ

એર્વદ બહમનજી શાપુરજી ઇચ્છાપોરીયા

શેઠ અર્દેશર ખુર્શેદજી વેસાવેવાલા, B.A.

" ડોસાભાઇ રૂસ્તમજી શેઠના, B.A.

" સોહરાબ જમશેદજી બલસારા, M.A.

શેઠ ધનજીશાહ મેહરજીભાઇ માદન, M.A., LL.B.

એર્વદ હોરમસજી દીનશાજી ધરદા, M.A.

બાઇ ભીખાઇજી અર્દેશર એન્જીન્યર, M.A., LL.B.

શેઠ ફીરોજશાહ બહમનજી ચોકસી, M.A.

એર્વદ ફરામજી નોશેરવાનજી આદરાંનવાલા, B.A.

શેઠ ખોદાબક્ષ બેહલજી પુનેગર, B.A.

એરવદ જમશેદજી નવરોજજી દસ્તુર જામાસ્પઆશા, B.A., LL.B.
એરવદ માણેકશાહ નવરોજજી દસ્તુર જામાસ્પઆશા, M.A.
એરવદ જમશેદજી નસરવાનજી દસ્તુર મેહરજીરાણા, M.A.
એરવદ રતનજી પાહલનજી ઉમરીગર, M.A.
શેઠ બેહરામજી દીનશાહજી અસલી, M.A.
શેઠ શાપુરજી કાવસજી હોડીવાલા, B.A.
એરવદ કાવસજી પેસ્તનજી માડન
એરવદ કએખુસ્રો માબાર કુતાર, B.A.
શેઠ પાહલનજી બરજોરજી દેશાઇ
,, જમશેદ કાવસજી તારાપોર
,, બરજોર ફરામરોજ જોશી
,, બેહરામજી ભીમજીભાઇ ઇચ્છાપોરીઆ

ઑનરરી સભાસદો

સરદાર ખાનબહાદુર શમ્સ-ઉલ-ઓલમ ડૉકટર દસ્તુર હોશંગજી જામાસ્પજી જામાસ્પઆશા M.A., Ph.D.
રેવરંડ ડૉકટર ઍલ ઍચ. મીલ્સ, D.D., Ph.D.
પ્રોફેસર યૂજેન વિહ્લહેલ્મ, યેના યૂનિવર્સિટિ, (Yena)
ડૉકટર કાર્લ એફ. ગેલ્ડનર, Ph.D.
,, ફ્રેડ્રીક સ્પીગલ (ગુજરી ગયા.)
શેઠ ઇ. ડબ્લ્યુ. વેસ્ત (ગુજરી ગયા.)
શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાજી (ગુજરી ગયા)
પ્રોફેસર યુસ્તી (ગુજરી ગયા.)

ખતપત્રી મજલસીઓ

(Corresponding Members)

દસ્તુર દોરાબજી રૂસ્તમજી કલ્યાણીવાલા
એરવદ રૂસ્તમજી જામાસ્પજી દસ્તુર મેહરજીરાણા
,, એદલજી માણેકજી દફતરી
,, ખુરશેદજી એરચજી પાવરી

વધારાના સભાસદો

(Extra Members)

શેઠ જેહાંગીર બહમનજી પીટીટ
,, એદલજી દોરાબજી તલાટી

જીંદગી સુધીના વધારાના સભાસદો

(Extra Life Members)

શેઠ મનચેરશાહ ફરામજી ખાંન
,, હોરમસજી કાવસજી દીનશાહજી એદનવાલા
,, દીનશાહ મેરવાન ઇરાની
,, બરજોરજી ફરામરોજ જોશી



જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળીના કાયદા

મંડળીનું નામ અને કામ

૧. આ મંડળીનું નામ 'જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળી' રાખવું; અને તેનું વર્ષ જમશેદી નોરોજના દિવસથી શરૂ થતું ગણવું.

૨. આ મંડળીનું કામ જરતોશ્તી ધર્મ, સાહિત્ય, ઇતિહાસ, રસમ, રેવાજ, વગેરે બાબતો વિષે શોધખોલ કરવાનું, એવી બાબતો ઉપર લખાયલાં પુસ્તકો, રેસાલાઓ, વિષયો, વગેરે ઉપર તકરાર અને વાદવિવાદ ચલાવવાનું, એવી બાબતો ઉપર જુસ્તેજુઇ કરવાનું, તેમજ ઇરાની સાહિત્યનાં પુસ્તકો લખાવવાનું અને છપાવવાનું તથા અવસ્તા પહલવી વગેરે ભાષામાં લખાયલાં ઇરાની સાહિત્યને લગતાં પુસ્તકોનો શુદ્ધ તર્જુમો કરવાનું, કરાવવાનું તથા છપાવવાનું છે.

મંડળી અને લવાજમ

૩. જેઓએ અવસ્તા અથવા પહલવી ભાષાનો અભ્યાસ કર્યો હોય તેઓ આ મંડળીના 'સાધારણ સભાસદ' તરીકે ચુંટી કહાડવાને યોગ્ય ગણાશે.

૪. આ મંડળી નીચલા પ્રકારના સભાસદોની બનેલી ગણાશે:—૧) સ્થાનિક, ૨) દેશાવર ખાતે વસનારા, ૩) વધારાના સભાસદ (Extra Members), ૪) જીંદગી સુધીના વધારાના સભાસદ (Extra Life Members) અને ૫) જીંદગી સુધીના સભાસદ (Life Members).

૫. સૂચિપત્રકમાં જાહેર કર્યા પછી એક સભાસદે નવા સભાસદોને દાખલ કરવા માટે દરખાસ્ત કરવી પડશે અને તેને એક બીજા સભાસદ તરફથી ટેકો મલવો જોઇશે. એવી દરખાસ્તની ખબર જે સભામાં દરખાસ્ત મેલવામાં આવી હોય તેની પછીની સભાનાં સૂચિપત્રકમાં દાખલ કરવામાં આવશે, અને તે સભામાં તે દરખાસ્ત ઉપર છુપાં મતો લેવામાં આવશે.

૬. સઘલા 'સાધારણ સભાસદો'એ વર્ષ દહાડે રૂપ્યા ત્રણનો લવાજમ આપવો પડશે, અને તે દર છ માસે અંગ ઉપર વસુલ કરવામાં આવશે.

૭. જેઓ 'સાધારણ સભાસદો' તરીકે ચુંટી કહાડવાને યોગ્ય હોય, પણ જેઓ ઘણુંખરૂં મુંબઇમાં વસ્તા નહી હોય તેઓને મંડળીના 'દેશાવર ખાતેના સભાસદો' તરીકે દાખલ કરવામાં આવશે. તે માટે 'સાધારણ સભાસદ'ની ચુંટણી કરવાના જેવી રીતે દરખાસ્ત મેલવી પડશે, અને તે દરખાસ્તની ઉપર 'સાધારણ સભાસદો' માટેની દરખાસ્તની મુવાફેક મત લેવામાં આવશે.

૮. 'દેશાવર ખાતેના સભાસદો' પાસેથી કાંઇ પણ લવાજમ લેવામાં આવશે નહી.

૯. જ્યારે કોઇ 'દેશાવર ખાતેનો સભાસદ' મુંબઇમાં આવે ત્યારે તેને 'સાધારણ સભાસદ' તરીકે લેખવામાં આવશે, અને જો તે મુંબઇમાં એકી વેલા ત્રણ માસ રહે તો તેને એક 'સાધારણ સભાસદ'ની મુવાફેક મંડળીનો તે અર્ધા વર્ષનો લવાજમ આપવો પડશે.

૧૦. જ્યારે કોઇ 'સાધારણ સભાસદ' મુંબઇની બાહેર જાય ત્યારે તેને 'દેસાવર ખાતેના સભાસદ' તરીકે લેખવામાં આવશે; અને જો તે એકી વેલાએ લવાજમ આપવાના ૭ માસ મુંબઇથી ગેરહાજેર રહે તો તેને તે ગેરહાજેરીની મુદતના લવાજમમાંથી મુકત કરવામાં આવશે.

૧૧. જેઓએ અવસ્તા અથવા પહલવી ભાષાનો અભ્યાસ કર્યો નહી હોય, પણ જરતોસ્તી ધર્મના અભ્યાસ માટે ઉલટ ધરાવતા હોય તેઓને મંડળીના સભાસદોની દરખાસ્ત અને ટેકાથી 'વધારાના સભાસદો' (Extra Members) તરીકે દાખલ કરવામાં આવશે. તે માટેની દરખાસ્ત ઉપર 'સાધારણ સભાસદો' માટેની દરખાસ્તની મુવાફેક મત લેવામાં આવશે.

૧૨. દરેક 'વધારાના સભાસદ' પાસેથી વર્ષ દહાડે રૂપ્યા ૭ નો લવાજમ લેવામાં આવશે અને તે દર ૭ માસે અંગપર વસુલ કરવામાં આવશે.

૧૩. એક 'સાધારણ સભાસદ' એકી વખતે રૂપ્યા પચાસની રકમ ભરી 'જીંદગી સુધીના સભાસદ' (Life Member) થઇ શકશે.

૧૪. એક 'વધારાના સભાસદ' એકી વખતે રૂપ્યા સોની રકમ ભરી 'જીંદગી સુધીના વધારાના સભાસદ' (Extra Life Member) થઇ શકશે.

૧૫. જેઓએ જરતોસ્તી ધર્મ અને તેનાં સાહિત્યમાં ખાસ નામના મેલવી હોય તેઓને મંડળીના સભાસદોની દરખાસ્તથી 'ઑનરરી સભાસદ' તરીકે ચુંટી કહાડવામાં આવશે. એવી દરખાસ્ત ઉપર 'સાધારણ સભાસદ' માટેની દરખાસ્તની મુવાફેક મત લેવામાં આવશે.

૧૬. મંડળીના 'વધારાના સભાસદો' સરનશીનની રજાથી પોતાના વિચારો દર્શાવી શકશે.

૧૭. જે સભાસદો રાજીનામું આપવા માંગતા હોય તેઓએ મંડળીના જોડયા ઑનરરી સેક્રેટરીઓને લેખીત ખબર આપી, તેઓની ઉપર ચહડેલાં સઘલાં લવાજમો ભરવાં પડશે; અને જો તેઓ કોઇ ૭ માસની અધવચમાં રાજીનામું આપે તો તેઓએ તે ૭ માસનો લવાજમ પણ ભરવો પડશે.

૧૮. કલમ ત્રિજીથી સત્તરમી સુધીમાં જે જણાવવામાં આવ્યું છે તે મંડળીમાં દાખલ થઇ ચુકેલા સભાસદોના હકોની સામે જઇ શકશે નહી.

મંડળીના અધિકારીઓ

૧૯. દર વર્ષે જમશેદી નોરોજ પછીના નજદીકના દિવસે મંડળીની એક વાર્ષિક સભા નીચલાં કામ માટે ભેગી મલશે :—

(ક) ગુજશ્તેહ સાલનાં કામકાજના એહવાલની નોંધ લેવા,

(ખ) ગુજશ્તેહ સાલની મંડળીની ઉપજ-નિપજના હિસાબની નોંધ લેવા,

(ગ) ચાલુ વર્ષ માટે મંડળીના સરનશીન, એક ખજાનચી અને બે જોડયા ઑનરરી મુન્શીઓની નેમણુક કરવા.

૨૦. મંડળીના અધિકારીઓની ચુંટણી છુપા મતથી વધુ મતે કરવી.

૨૧. મંડળીની વાર્ષિક સભામાં ગયાં વર્ષના સરનશીન પ્રમુખપદ લેશે.

૨૨. મંડળીના જોડયા ઑનરરી મુન્શીઓ મંડળીમાં થયલાં કામકાજની નોંધ રાખશે, તેઓ મંડળીના સભાસદોની ટીપ બનાવતા રહેશે, તેઓ દર વેલાની વાર્ષિક સભામાં રજુ કરવા માટેનો એહવાલ ઘડી કહાડશે, અને તેઓ મંડળી તરફથી જે બીજું કામ તેઓને સોંપવામાં આવે તે બજા લાવશે.

૨૩. ઑનરરી ખજાનચી મંડળીના સભાસદો પાસેથી તેઓનું લવાજમ વસુલ કરશે અને મંડળીને કાંઇ પણ નાણાંની ભેટ થાય તે સ્વિકારશે. મંડળી તરફથી બહાલી આપવામાં આવે તેવાં કામ માટે ઑનરરી મુન્શીની સહી સાથનાં પત્રથી નાણાં પગાર કરશે. તેણે વખતો વખત પોતાનો હિસાબ રાખવો પડશે, અને યોગ્ય વખતમાં જ્યારે પણ માંગવામાં આવે ત્યારે તેણે પોતા પાસેની અનામતનો હિસાબ આપવો પડશે. તેણે દર વર્ષની આખરીએ મંડળીની ઉપજ–નિપજનો એહવાલ તૈયાર કરવો પડશે, અને તેણે દર વર્ષની વાર્ષિક બેઠક વેલાએ ઑનરરી હિસાબ તપાસનારાઓ (ઑાડીટરો)ની સહી મેલવીને તે એહવાલ બહાલી માટે તથા દફતર ઉપર લેવા માટે મંડળી આગલ મેલવો જોઇશે.

૨૪. ઑનરરી હિસાબ તપાસનારાઓ (ઑાડીટરો) દર વર્ષે ઓછામાં ઓછું એકવાર ઑનરરી ખજાનચીનો હિસાબ તપાસશે, અને વાર્ષિક સભાની આગમજ તે તપાસીને તે વિષેનું પોતાનું મત તેઓ ખજાનચીએ તૈયાર કરેલા ઉપજ–નિપજના એહવાલ ઉપર નોંધશે.

મંડળીની સભામાં કામકાજ ચલાવવાની રૂઢી

૨૫. બીજી કલમમાં દર્શાવવામાં આવેલાં કામકાજ માટે દર મહીનામાં ઓછામાં ઓછું બે વાર મંડળીની સભા મલશે.

૨૬. સભા મલવાના દિવસ, વખત અને ઠેકાણાની ખબર મુંબઇમાં વસતા દરેક સભાસદ ઉપર છત્રીસ કલાક આગમજથી મોકલવી જોઇશે. સભામાં મેલવામાં આવનારી દરેક દરખાસ્તનો તેમાં સમાવેશ કરવામાં આવશે તેમજ તેમાં સભામાં ચલાવવામાં આવનારાં કામકાજની ટીપ ટુંકમાં આપવી જોઇશે.

૨૭. મંડળીની દરેક સભામાં મંડળીના સરનશીન પ્રમુખપદે બિરાજશે.

૨૮. મંડળીના સરનશીનની ગેરહાજેરીમાં પ્રમુખ તરીકે બીજા કોઇ સભાસદની ચુંટણી કરવામાં આવશે.

૨૯. મંડળીનો 'કોરમ' પાંચ 'સાધારણ સભાસદો'થી બની શકશે.

૩૦. જો સભા મલવાના ઠેરવેલા વખત પછી અર્ધા કલાકના અર્સામાં 'કોરમ' નહી થઇ શકે તો કાંઇ પણ કામકાજ બજાવ્યા વિના સભા બરખાસ્ત થશે.

૩૧. તે પછીની બોલાવવામાં આવેલી સભામાં પણ સભા મલવાના ઠેરવેલા વખત

પછી વીસ મીનીટમાં 'કોરમ' નહી થાય તો હાજેર રહેલા સભાસદો મંડળીનાં સૂચિપત્રકમાં જણાવવામાં આવેલી બાબત ઉપર વાદવિવાદ ચલાવી શકશે.

૩૨. દરેક સભાની શરૂઆતમાં આગલી સભામાં ચાલેલાં કામકાજની નોંધ જોઇયા ઓનરરી મુન્શી વાંચી સંભલાવશે અને નોંધ બહાલ રહ્યા પછી તે ઉપર પ્રમુખ પોતાની સહી કરશે.

૩૩. સઘલી દરખાસ્તો અને તે ઉપર મુકવામાં આવેલા સુધારાઓ ઉપર તકરાર થવા બાદ મત લેવામાં આવશે.

૩૪. જયાંસુધી ખાસ બીજી રીતે જણાવવામાં આવ્યું નહી હોય ત્યાંસુધી સઘલી દરખાસ્તો અને સઘલા સુધારાઓ વધુ મતથી પસાર થયલા જાહેર કરવામાં આવશે.

૩૫. પ્રમુખ કોઇ પણ દરખાસ્ત ઉપર પોતાનું મત આપશે નહી, પણ જયારે એક દરખાસ્ત અથવા સુધારાની તરફેણ અને વિરૂધ્ધમાં સરખાં મત પડે ત્યારે પ્રમુખે પોતાનું મત એક યા બીજી બાજુએ આપવું પડશે.

૩૬. બે અથવા વધુ સભાસદોની માંગણીથી 'પોલ' આપવામાં આવશે.

૩૭. મંડળી તરફથી કરવામાં આવેલો કોઇ ઠરાવ ફેરવવા, સુધારવા અથવા રદ કરવાને લગતી કોઇ પણ દરખાસ્ત એવા ઠરાવ કર્યા પછી ત્રણ મહીનાની આગમજ લાવી શકશે નહી, અને મંડળીની સભાએ રદ કરેલી કોઇ દરખાસ્ત તે રીતે રદ કર્યા પછી ત્રણ માસની અંદર ફરીથી તેજ યા બીજા આકારમાં લાવી શકશે નહી. મંડળીની સંમતિથી ખેંચી લેવામાં આવેલી દરખાસ્તને રદ કરવામાં આવેલી તરીકે લેવામાં આવશે નહી.

૩૮. સભાનાં સૂચિપત્રકમાં દાખલ કરવાને ઓનરરી મુન્શીઓને આગમજથી ખબર આપ્યા બાદ, અથવા મંડળીની પર્વાન્ગીથી એવી ખબર આપ્યા વિના, કોઇ પણ સાધારણ, જીંદગી સુધીનો, અથવા ઓનરરી સભાસદ કલમ બીજીમાં દર્શાવવામાં આવેલી કોઇ પણ બાબત સભામાં તકરાર અથવા વિવેચન માટે રજુ કરી શકશે.

૩૯. એવી બાબતો ઉપર દર્શાવવામાં આવેલાં મતો અથવા અભિપ્રાયોના સંબંધમાં કાંઇ પણ મત લેવામાં આવશે નહી.

પરોણાઓ

૪૦. સભાસદો મંડળીની સભામાં પોતાની તરફથી 'પરોણાઓ'ને લાવી શકશે.

૪૧. સભામાં રજુ કરવામાં આવેલી કોઇ દરખાસ્ત ઉપર વાદવિવાદ ચાલતો હોય તે વેલાએ જરૂર પડે ત્યારે 'પરોણાઓ'ને પ્રમુખની અર્જથી સભા છોડી જવી પડશે.

૪૨. સભામાં ચાલતી કોઇ પણ બાબત ઉપર તકરાર ચાલતી હોય તે વેલા 'પરોણાઓ' બોલવા માંગે તો તેઓને પ્રમુખની પર્વાન્ગીથી બોલવા દેવામાં આવશે.

૪૩. 'પરોણાઓ'ને અથવા 'વધારાના સભાસદોને' કોઇ પણ 'સાધારણ', 'જીંદગી

સુધીના' અથવા 'ઑનરરી' સભાસદની ભલામણથી બીજી કલમમાં દર્શાવવામાં આવેલી બાબતોમાંની કોઇ બાબત તકરાર માટે મંડળીની સભામાં રજુ કરવા દેવામાં આવશે.

૪૪. ઉપલી છેલ્લી કલમ પ્રમાણે રજુ કરવામાં આવેલી બાબતો ઉપર જ્યાંસુધી સભામાં તકરાર યા વાદવિવાદ ચાલે ત્યાંસુધી તેવી બાબતના સંબંધમાં એવા એક 'પરોણા' અથવા 'વધારાના સભાસદને' એક 'સાધારણ સભાસદ'ના જેટલો બોલવાનો હક આપવામાં આવશે.

મંડળીનાં નાણાં

૪૫. જ્યારે પણ બીજી કલમમાં દર્શાવેલી મંડળીની નેમો અને ધારણાને અનુસરતાં કોઇ કામ માટે મંડળીને બાહેરથી કાંઇ નાણાંની ભેટ માટે માંગણી થાય ત્યારે તે મંડળીની બહાલીથી સ્વિકારવામાં આવશે.

૪૬. જ્યાંસુધી બની શકે ત્યાંસુધી મંડળીને હસ્તકની રૂપ્યા પાંચસોની ઉપરની નાણાંની રકમો હિંદી ત્રસ્ટોને લગતા કાયદાની વીસમી કલમમાં દર્શાવવામાં આવેલી એક યા વધુ જામીનગીરીઓમાં રોકવી.

મંડળી તરફનાં પુસ્તકો

૪૭. મંડળી તરફથી બજાવવામાં આવતાં કામકાજના એહવાલો મંડળીને ખરચે વખતોવખત છપાવવામાં આવશે.

૪૮. છ મહીના અથવા તેથી વધુ મુદતના સઘલા સભાસદોને દરેક એહવાલની એક નકલ કાંઈ પણ દામ લીધા વગર આપવામાં આવશે.

૪૯. બીજી કલમમાં દર્શાવવામાં આવેલી બાબતો ઉપર નવું અજવાળું નાખે એવી બાબતો માટે રેસાલાઓ અથવા પુસ્તકો લખવા માટે ઇનામની હરીફાઇ કરાવવાની જાહેર ખબર આપવાને મંડળીને સત્તા રહેશે, અને તેવી હરીફાઇના સંબંધમાં મંડળી પોતાનાં ધ્યાનમાં આવે એવી શર્તો કરશે.

૫૦. બીજી કલમમાં દર્શાવવામાં આવેલી બાબતો ઉપર નવું અજવાળું ફેંકે એવી બાબતો ઉપર મંડળી પોતાને ખરચે અને જોખમે પુસ્તકો છપાવી પ્રગટ કરી શકશે.

૫૧. આવાં પુસ્તકોની એક નકલ મંડળીના સભાસદોને કાંઇપણ દામ લીધા વિના અથવા આગમચથી ઠેરવેલી કોઇ કીમતે આપવામાં આવશે.

૫૨. મંડળી તરફથી છપાવવામાં આવેલાં પુસ્તકો, ચોપાન્યાં વગેરે ઠેરવેલી કીમતે અથવા વગર લવાજમે મંડળીની બાહેરનાં લોકોને પણ આપવામાં આવશે.

પરચુટણ

૫૩. મંડળીના સભાસદો નહી હોય એવા પુરૂષો તરફથી કરવામાં આવેલા સવાલો અથવા પુછપરછનો જવાબ વાલવાને મંડળી માથે લઇ શકશે નહી, અને તેવી પુછપરછ બીજી કલમની રૂહે જે સવાલો મંડળી હાથ ધરી શકે તેવી બાબતને લગતી હોય તો પણ તેનો જવાબ વાલવાને મંડળી બંધાશે નહી.

૫૪. મંડળીનાં ધ્યાનમાં આવે ત્યારે મંડળી પોતાની સભાની બેઠકો જાહેરને માટે ખુલ્લી મુકી શકશે.

૫૫. જરૂર પડે ત્યારે મંડળી પોતાને લગતું કામ પોતા તરફથી એક કમિટિ નેમીને તેવી કમિટિને સોંપી શકશે.

૫૬. મંડળીના કાયદાની કલમોમાં સુધારો કરવાને, અથવા તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને લગતી દરખાસ્ત કોઇ પણ 'સાધારણ' અથવા 'જીંદગી સુધીનો' અથવા 'ઑનરરી' સભાસદ લાવી શકશે. જે સભામાં એવી દરખારત લાવવામાં આવી હોય તેની પછીની તુરતની સભામાં તે દરખાસ્ત ઉપર મત લેવામાં આવશે.



સૂચિપત્ર

૪૫, ૪૬, ૪૭ તથા ૪૮ મા વર્ષો

૪૯ મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
		૧૯	૨-૧૧-૧૨	૬૦
		૨૬	૧૮-૧-૧૩	૬૪
		૨૭	૨૫-૧-૧૩	૬૮
		૩૦	૨૨-૨-૧૩	૭૭
The comparison of Ardvi Sûra with a lady is contianed only in the homonymous adjuncts common to them	મી. શાપુરજી કાવસજી હોડીવાલા	૯	૨૭-૭-૧૨	૭૦
		૧૦	૯-૮-૧૨	૭૧
		૧૧	૧૭-૮-૧૨	૭૧
હીસાબ અને દસ્તુર ખોદાયાર શેહરીયાર ખરાની ફરીથી સભાસદ	મંડળી	૧૦	૯-૮-૧૨	૭૦
ભાઇ પેશોતન એદલજી કેરશાસ્પજી આંટયાના મરણ બાબે ઠરાવ	મંડળી	૧૦	,,	૭૦
'કેતાબે એહમદ' અને 'બુરહાને કાતેહ'માં પારસી પંચાગ'નાં ઉતારાઓ	એરવદ હો. તે. દાદાચાનજી	૧૨	૨૪-૮-૧૨	૭૨
'હુશેન ગેહ કમીટી'	એરવદ જી. જ. મોદી	૧૨	,,	૭૨
બેહરામ યસ્તમાં દસ 'કૅહપ' એ constellations છે	મી. શા. કા. હોડીવાલા	૧૪	૨૮-૯-૧૨	૭૨
'જરથોસ્તી કોન્ફરન્સ'માં પ્રતીનીધીઓ	મંડળી	૧૬	૧૨-૧૦-૧૨	૭૩
કબીસાની બાબદ ઉપર રોશ્ની ફેકતા પેહલવી ફકરાઓ	ડૉ. મા. બ. દાવર	૨૦	૧૬-૧૧-૧૨	૭૩

૫૦ મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મંડળીનો ગુજરસ્તેહ સાલનો એહવાલ તથા નવી કમીટી	મંડળી	૧	૨૯-૩-૧૩	૭૮
Jamshed in the Avesta and the Vedas	મી. શા. કા. હોડીવાલા	૧ ૨	૨૯-૩-૧૩ ૫-૪-૧૩	૭૮ ૭૮
Auruna Khrafstrâ (=the wicked Varunas) in Yasna Ha 34 § 9	,, ,,	૩	૧૨-૪-૧૩	૭૮
The Religion of the Parthians	મી. જમશેદ માણેકજી ઉનવાલા	૪	૧૯-૪-૧૩	૭૮
The derivations of Daena and Ahura	મી. શા. કા. હોડીવાલા	૫	૨૬-૪-૧૩	૭૮
Dyu and Agni in the Avesta	,, ,,	૬	૩-૫-૧૩	૭૯
"The five kinds of fires in the Avesta and the Atharvaveda"	,, ,,	૭	૧૪-૬-૧૩	૭૯
ચોથી જરતોશ્તી કોન્ફરન્સમાં મંડળીના ડેલીગેટો	મંડળી	૮	૨૧-૬-૧૩	૭૯
કુકાદારૂનું કેતાબખાનું મંડળીને સોંપવાની અરજ	,,	૮ ૯ ૧૩	૨૧-૬-૧૩ ૧૨-૭-૧૩ ૩૦-૮-૧૩	૭૯ ૮૦ ૮૨
Revelation in the Gathas	મી. અ. ખ. વેસાવેવાલા	૮	૨૧-૬-૧૩	૭૯
સામાન્ય જમાનાનું પંચાંગ	મી. મેહરજીભાઈ નોશેરવાન કુકા	૯ ૧૦ ૧૧ ૧૨	૧૨-૭-૧૩ ૨૬-૭-૧૩ ૨-૮-૧૩ ૯-૮-૧૩	૮૦ ૮૦ ૮૦ ૮૦

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મંડળીની મીટીંગો	મંડળી	૧૩	૩૦-૮-૧૩	૮૨
The Ashavins in the Avesta and the Rig Veda	મી. શા. કા. હોડીવાલા	૧૩	૩૦-૮-૧૩	૮૩
આપણા મહિનાઓનો અનુક્રમ ગ્રહો ઉપરથી નીકલેલો છે તે દેખાડવા મી. કુકાએ પોતાના વિષયમાં જે diagram રજુ કીધો હતો તેના ઉપર સુધારો	,, ,,	૧૪	૨૭-૯-૧૩	૮૩
"Azhî Dahâka (Zôhâk) of the Avesta and Satan of Dante"	એરવદ જી. જ. મોદી	૧૭	૮-૧૧-૧૩	૮૩
"The Tibetan mode of the disposal of the dead and some side-light thrown by it upon the Anscient Zoroastrian mode"	,,	૧૭	,,	૮૬
"મહમુદ બેગડાએ સંજાન ઉપર કરેલી ચઢાઇના સંબંધમાં નવી શાહદતો"	પ્રો. શાપુરશાહ હોરમજજી હોડીવાલા	૧૫	૧૧-૧૦-૧૩	૮૩
'The Traditional Dates of Parsi History"	પ્રો. શાહપુરશાહ હોરમસજી હોડીવાલા	૧૬	૨૫-૧૦-૧૩	૮૬
"સવંત ૧૪૭૫ માં "ધરાંન શાહ" આતશબેહરામ સાહેબને નવસારી લેઇ જવાના કેહવાતા સને વિષેની નવી હકીકત"	પ્રો. શાપુરશાહ હોરમસજી હોડીવાલા	૧૮	૧૫-૧૧-૧૩	૯૧
મંડળીના જ્યુબિલી અવસરની યોજના	મંડળી	૧૮ ૨૧	૧૫-૧૧-૧૩ ૭-૩-૧૪	૯૯ ૧૦૨

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
એર્વદ એદલજી કેરશાસ્પજી આંટયાનું મરણ–ઠરાવ	મંડળી	૧૯	૧૦–૧–૧૪	૧૦૦
નવા ખજાનચી તરીકેની નેમણુંક	,,	૧૯	,,	૧૦૧
"જરથોસ્તીઓમાં ભણવાની હારડીનો ઉપયોગ"	એર્વદ જી. જ. મોદી	૨૦	૧૪–૨–૧૪	૧૦૧
શેઠ રૂસ્તમજી કા. પારેખનું રાજીનામું	મંડળી	૨૧	૭–૩–૧૮	૧૦૨
એર્વદ કએખુશરો માહયાર કુતાર નવા સભાસદ	મંડળી	૨૧	૭–૩–૧૮	૧૦૨
મહુંમ એર્વદ એ. કે. આંત્યાના મરણના દેલાસા પત્રના જવાબની નોંધ	મંડળી	૨૧	૭–૩–૧૪	૧૦૨
મંડળીના જયુબીલીના મેલાવડાનો ટુંક એહવાલ	,,		૫–૪–૧૪	૧૦૩

૫૧ મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
"કયાન્યાંન વંશના પાદશાહોના સને"	એર્વદ જી. જ. મોદી	૧	૨૮–૩–૧૪	૧૦૯
મંડળીનો ગુજરતેહ સાલનો એહવાલ અને નવી કમીટી	મંડળી	૨	૧૮–૪–૧૪	૧૦૮
શેઠ પાલનજી બરજોરજી દેશાઇ સભાસદ	મંડળી	૩	૯–૫–૧૪	૧૦૯

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મંડળીની જ્યુબીલીની ઉજવણી	મંડળી	૨	૧૮-૪-૧૪	૧૦૮
The Zoroastrian Doctrine of Dualism in Aristotle	મી. સો. ન. કાંગા	૨	૧૮-૪-૧૪	૧૦૮
"A principle of justice among the Ancient Persians referred to by Herodotus"	એર્વદ જી. જ. મોદી	૩	૯-૫-૧૪	૧૦૯
ટીબેટનોની કેટલી રીતો અને ક્રિયાઓ	"	૪	૨૭-૬-૧૪	૧૧૦
'૧૫૦ વર્ષ ઉપર ગેહસારણાની રીતી'	"	૪	"	૧૧૧
'વંદીદાદની ક્રિયામાં સંગરીજે'	"	૪	૨૭-૬-૧૪	૧૧૧
"Was it enjoined by our religion to reserve the bones of the dead"	મી. શા. કા. હોડીવાલા	૫	૧૧-૭-૧૪	૧૧૨
Dr. Justi on Crematorium	મી. શા. કા. હોડીવાલા	૬	૧-૮-૧૪	૧૧૨
Disposal of the dead among ancient Hindus	"	૬	૧-૮-૧૪	૧૧૩
"આતશ કદેહોને તખ્તનશીન કરતાં તેમજ તેની દરેક સાલગીરેહનાં જશનનાં આફ્રીનગાંનના કર્દ"	એર્વદ નો. બ. દેશાઇ	૭	૨૪-૧૦-૧૪	૧૧૩
"મેહર વૈદ કુટુંબની પુરાંણી જાગીરનાં દસ્તાવેજો"	પ્રો. શાપુરશાહ હોરમજજી હોડીવાલા	૮	૩૧-૧૦-૧૪	૧૧૬
પારસી સને અને યજદગર્દી સને	" "	૮	"	૧૧૮

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
શેઠ પેશોતન કાવશજી કોટવાલનું રાજીનામું	મંડળી	૯	૭-૧૧-૧૪	૧૧૯
'ફરોહર' વિષેનાં ભાષણ બાબે માંગણી	મી. પાહલનજી બ. દેસાઇ	૯	૭-૧૧-૧૪	૧૧૯
"ઇ. સ. ૧૬ મી સદીના નામીચા પાસીઁઓને લગતા અસલ દસ્તાવેજો"	પ્રો. શા. હો. હોડીવાલા	૯ ૧૦	૭-૧૧-૧૪ ૧૪-૧૧-૧૪	૧૧૯ ૧૨૦
"પારસી સને અને યજદગદીઁ સને"	મી. જ. નાદરશાહની નુકતેચીની	૧૦	૧૪-૧૧-૧૪	૧૧૯
મંડળીની જ્યુબીલીનું મેમોરિયલ વૉલ્યુમ બાહેર પાડવાનું માંડી વાળ્યું	મંડળી	૧૧	૫-૧૨-૧૪	૧૨૦
"The Greek Philosopher said to have been converted by Zoroaster"	પ્રો. શાપુરશાહ હોરમસજી હોડીવાલા	૧૧	૫-૧૨-૧૪	૧૨૦
દીનપનાહ તથા M. K. ના કોલોફોન	પ્રો. શાપુરશાહ હોરમસજી હોડીવાલા	૧૨ ૧૩	૧૨-૧૨-૧૪ ૧૯-૧૨-૧૪	૧૨૨ ૧૨૬
મી. જમશેદજી કાવસજી તારાપોરવાલા, નવા સભાસદ	મંડળી	૧૪	૧૬-૧-૧૫	૧૩૧
Good and Evil and that which is neither good nor evil in Plato and in the Gâthâs. Interdependence of good and evil"	મી. સોરાબજી ન. કાંગા	૧૪	૧૬-૧-૧૫	૧૩૨
The six Divine attributes in the Gâthâs to be found in Plato—A comparison	"	૧૪	"	૧૩૪

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
"Pleasure and Pain the two insepa-rables in Plato and in Zoroastrianism."	મી. સોરાબજી ન. કાંગા	૧૫	૧૬-૨-૧૫	૧૩૯
જરથોસ્તી કોન્ફરન્સની પાંચમાં વર્ષની બેઠક માટે ડેલીગેટોની ચુંટણી	મંડળી	૧૫	૧૩-૨-૧૫	૧૪૦
Heaven and Hell—in Plato and in Zoroastrianism	મી. સોરાબજી ન. કાંગા	૧૬ ૧૭	૨૦-૨-૧૫ ૧૩-૩-૧૫	૧૪૧ ૧૪૧

પર મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મંડળીનો ગુજરતેહ સાલનો એહવાલ તથા નવી કમીટી	મંડળી	૧	૧૭-૪-૧૫	૧૪૨
શેઠ દીનશાહ મેરવાન ઇરાની જેવણ Extra-Member હતા તેને બદલે Life-Member બનાવ્યા	મંડળી	૧ ૨	૧૭-૪-૧૫ ૧-૫-૧૫	૧૪૨ ૧૪૩
[illegible] = ચૅમ એ કુસ્તીક બરતન	મી. શાહપુરજી કા. હોડીવાલા	૧ ૪	૧૭-૪-૧૫ ૧૦-૭-૧૫	૧૪૨ ૧૪૮
Prof. A. Carnoy ને પુસ્તકોની ભેટ	મંડળી	૨	૧-૫-૧૫	૧૪૩
M.K (તથા JJ) ના કોલોફોનમાં દીનપનાહ બાબે વાદવિવાદ	એર્વદ જમ. દાદા. નાદરશાહ	૨ ૩ ૪	૧-૫-૧૫ ૨૯-૫-૧૫ ૧૦-૭-૧૫	૧૪૪ ૧૪૬ ૧૪૯
શેર બરજોર ફરામરોજ જોશી નવા સભાસદ	મંડળી	૪	૧૦-૭-૧૫	૧૪૮

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
"પાંચસો વર્ષ ઉપર એક હિંદુએ પાર્સી અધ્વર્યુના બેટાના લાભાર્થે લખેલું સંસ્કૃત પુસ્તક"	મી. શા. કા. હોડીવાલા	૫	૨૧–૮–૧૫	૧૫૪
"Rulers of Constellations"	,,	૫	,,	૧૫૫
એર્વદ શેહરયારજી દાદાભાઇ ભરૂચાનાં મરણ બાબે ઠરાવ	મંડળી	૬	૨૫–૯–૧૫	૧૫૬
એર્વદ માણેકજી દોરાબજી આદરાંનવાલાના મરણ બાબે ઠરાવ	,,	૬	,,	૧૫૭
એર્વદ શેહરયારજી ભરૂચા તથા એર્વદ માણેકજી દોરાબજી આદરાંનવાલા બાબે ઠરાવના જવાબો	,,	૭	૧૬–૧૦–૧૫	૧૫૮
આવક જાવકનો હિસાબ ઉપર વીચાર ચલાવવાનું મુલતવી રાખ્યું	,,	૭	,,	૧૫૮
A Note on two Pahlavi Mss.	Mr. G. K. Nariman	૭	,,	૧૫૮

૫૩ મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મંડળીનો ગુજશ્તે સાલનો એહવાલ તથા નવી કમીટી	મંડળી	૧	૧૫–૪–૧૬	૧૫૯
ખતપત્રી મજલસીઓ દસ્તુર રૂસ્તમજી જમશેદજી સુરતવાલા તથા એર્વદ નેર્યોસંગ શાપુરજી દસ્તુર મેહરજીરાણાનાં મરણ બાબે ઠરાવો	,,	૧	,,	૧૫૯

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
દસ્તુર કએખુશરો જામાસ્પજી દસ્તુર જામાસ્પઆશાનાના મરણ બાબે ઠરાવ	મંડળી	૨	૨૨–૭–૧૬	૧૬૦
બેહરાંમજી ભીમજીભાઈ ઇચ્છા-પોરીઆ (તારાપોરવાલા) M.A નવા સભાસદ	”	૨	”	૧૬૧
સ્પીગલ મેમોરિયલ વોલ્યુમની ૮૦ માંથી ૫) ચોપડી બાંધી વેચવાનો ઠરાવ	”	૨	”	૧૬૧
“The date equation in the colophons of Mihirâpân Kai-khusro and the calendar followed by him”	મી. મેહરજીભાઇ નો. કુકા	૨	”	૧૬૧
મંડળીના પુસ્તકખાના તથા બેઠકો Cama Oriental Institute માં કરવા બાબે	મંડળી	૩	૧૯–૮–૧૬	૧૬૬
મી. જ. ત. કોન્સટેબલના કબીસા વિષેના એક ટુંક નીબંધ બાબે વાદવિવાદ	”	૩	”	૧૬૬
આવક જાવકનો હીસાબ	”	૩	”	૧૬૭
દીનકર્દના પુસ્તકો શેઠ ધ. મે. માદન પાસે મંગાવવા બાબદ	”	૩	”	૧૬૭
કામા ઇન્સ્ટીટયુટના ટ્રસ્ટ ડીડ અને બીજી બાબદો ઉપર વાદવિવાદ	”	૪	૩૦–૯–૧૬	૧૬૭

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
મી. મનચેરશાહ ફ. ખાન અને મી. દી. મ. ખરાની તરફથી બે અને ત્રણ કબાટોની ભેટ	મંડળી	૪	૩૦–૯–૧૬	૧૬૮
મંડળીની જ્યુબીલી પ્રસંગે એર્વદ જી. જ. મોદીએ વાંચેલી તવારીખનો નિબંધ	”	૪	”	૧૬૮
જરથોસ્તી કોન્ફરન્સના ડેલીગેટો	”	૫	૪–૧૧–૧૬	૧૬૮
બાઇ ભીખાઇજી શાપુરજી બંગાલી, કોટની શાલાના કારોબારીઓનો ઉપકાર અને તેનો જવાબ	”	૯	૧૩–૧–૧૭	૧૬૯
	”	૧૦	૩–૨–૧૭	૧૭૦
પારસી પંચાયત તરફથી મંડળીને મલેલું વ્યાજ	”	૧૩	૧૦–૩–૧૭	૧૭૦
અવસ્તા પેહલવી પુસ્તકોમાં મલતી હન તાયફાની હકીકત	એર્વદ જી. જ. મોદી	૧૪	૧૭–૩–૧૭	૧૭૧
જુદ્દીન વિષેના ફકરાઓની થોડીક નોંધ	મી. શા. કા. હોડીવાલા	૩	૧૯–૮–૧૬	૧૭૨
		૪	૩૦–૮–૧૬	૧૭૨
		૫	૪–૧૧–૧૬	૧૭૩
		૬	૧૧–૧૧–૧૬	૧૭૪
		૭	૧૮–૧૧–૧૬	૧૭૬
		૮	૨૫–૧૧–૧૬	૧૭૮
		૯	૧૩–૧–૧૭	૧૮૦
		૧૦	૩–૨–૧૭	૧૮૨
		૧૧	૧૭–૨–૧૭	૧૮૪
યજશ્ન હા. ૫૩ ફ. ૨ નો તર્જુમો	મી. જમશેદજી નાદરશાહ	૧૨	૨૪–૨–૧૭	૧૮૬
		૧૩	૧૦–૩–૧૭	૧૮૭
		૧૪	૧૭–૩–૧૭	૧૯૦

૫૪ મું વર્ષ

વિષય	રજુ કરનાર	બેઠક	તારીખ	સફે
"Parsis of Ancient India — Bhavishya Pûrana and the Magas"	મી૦ શા. કા. હોડીવાલા	૧૩	૧૦–૧૧–૧૭	૨૪૪
પારસી પંચાયત તરફથી જુન્દે-હસ્નનો તર્જુમો કરવા માટે રૂ. ૫૦૦)નું ઓનરેરીયમ	મંડળી	૧૩	૧૦–૧૧–૧૭	૨૪૪
મંડળીની બેઠકો શુક્રવારે મેળ-વવા બાબે	મંડળી	૧૪	૧૭–૧૧–૧૭	૨૪૮
"The Parsis of Ancient India, Kisseh-i Sanjan and Sanskrit Inscriptions"	મી૦ શા. કા. હોડીવાલા	૧૪ ૧૫	૧૭–૧૧–૧૭ ૨૪–૧૧–૧૭	૨૪૮ ૨૫૪

ખુલાસો

જરતોશ્તી દીનની ખોળ કરનારી મંડળીનાં ૪૧, ૪૨, તથા ૪૩ નાં વર્ષો યાને તા૦ ૨૧ મી માર્ચ ૧૯૦૪ થી તા૦ ૨૦ મી માર્ચ ૧૯૦૭ સુધીનાં ત્રણ વર્ષોમાં થયલાં કામકાજોનો અહેવાલ મંડળી તરફથી ૧૯૩૫ માં છપાવી જાહેર પાડવામાં આવ્યો હતો. મંડળીના ૪૪ માં વર્ષનો યાને તા૦ ૨૧ મી માર્ચ ૧૯૦૭ થી તા૦ ૨૦ મી માર્ચ ૧૯૦૮ સુધીનો અહેવાલ ૧૯૧૨ માં મંડળી તરફથી છપાવી પ્રગટ કરવામાં આવ્યો હતો.

તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૩૫ ને દીને મળેલી મંડળીની સભામાં નીચલો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો :—

> "એવો ઠરાવ કરવામાં આવે છે કે ડૉ૦ સર જીવનજી જમશેદજી મોદીએ મંડળીના ૪૪) માં વર્ષ સુધીનો અહેવાલ છાપ્યો છે, ત્યાર પછીની ૧૯૦૮ થી ૧૯૧૧ સુધીની મીનીટસો ખોવાઇ જવાથી તેમાંથી મલતી શેઠ મહેરજીભાઇ કુકાની ઇરાની પંચાગની બાબદ તેમજ મળી શકતી બીજી બાબદો અને નોંધો છાપવી અને ૧૯૧૨ થી ૧૯૧૮ સુધીના સર્વ રીપોર્ટો મીનીટસમાં છે તેમ, બને તેમ જલદીથી, છાપી કાઢવા."

ઉપલા ઠરાવ અનુસાર મંડળીના ૪૫ થી ૪૮ તેમજ ૪૯ થી ૫૪ માં વર્ષો યાને તા૦ ૨૧ મી માર્ચ ૧૯૦૮ થી તા૦ ૨૦ મી માર્ચ ૧૯૧૨ સુધી તેમજ તા૦ ૨૧ મી માર્ચ ૧૯૧૨ થી તા૦ ૨૦ મી માર્ચ ૧૯૧૮ સુધીના મળી ૧૦ વર્ષોમાં થયલાં કામકાજોના અહેવાલ મંડળીની નોંધ-પોથી (Minutes Book) ઉપરથી ઉપજાવી કાઢી તે પ્રગટ કરવાનું કામ મંડળીના એક સભાસદ મી. હોશંગ તેહમુરસ અંકલેસરીઆને સોંપવામાં આવ્યું હતું.

કમનસીબે મંડળીની તા૦ ૨૧ મી માર્ચ ૧૯૦૮ થી તા૦ ૨૦ મી માર્ચ ૧૯૧૨ સુધીના ચાર વર્ષોની કામકાજની નોંધ-પોથી (Minutes Book) ગુમાઇ ગયલી હોવાથી તેમાં નોંધ થયલા બધા વિષયો આ રિપોર્ટમાં છાપવાને કુદરતી રીતે બની શકયું નથી, તે છતાં મી. હોશંગ અંકલેસરીઆએ એ મુદત દરમ્યાન વંચાએલા એ વિષયોની નોંધ બીજી ગમથી શોધી કાઢી, બની શકતા શ્રમથી તે અત્રે છાપવામાં આવી છે. મી. હોશંગ અંકલેસરીઆએ એ દીશામાં મંડળીની બજાવેલી સેવા માટે તેમજ બીજા વર્ષોમાં વંચાયલા વિષયો તારવી કાઢી જુદી જુદી સભાઓમાં તેમની નોંધ ન લેતાં, એક સંગાતે તેવા વિષયો છાપવાની જે જેહમત ઉઠાવી છે તે માટે મંડળી તેમનો આભાર માને છે.

રિપોર્ટમાં સમાયલાં વર્ષો દરમ્યાન મંડળીની બેઠકો નીચે મુજબ મળી હતી :—

૪૫ થી ૪૮ માં વર્ષોની મીનીટ નહી હોવાથી કેટલી સભાઓ મળી હતી તે જાણી શકાતું નથી.

૪૯ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૨ થી તા૦ ૨૦-૩-૧૩ સુધી) ૩૧ બેઠક
૫૦ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૩ થી તા૦ ૨૦-૩-૧૪ સુધી) ૨૧ બેઠક
૫૧ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૪ થી તા૦ ૨૦-૩-૧૫ સુધી) ૧૭ બેઠક
૫૨ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૫ થી તા૦ ૨૦-૩-૧૬ સુધી) ૭ બેઠક
૫૩ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૬ થી તા૦ ૨૦-૩-૧૭ સુધી) ૧૪ બેઠક
૫૪ માં વર્ષમાં (તા૦ ૨૧-૩-૧૭ થી તા૦ ૨૪-૧૧-૧૭ સુધી) ૧૫ બેઠક

આ વર્ષો દરમ્યાન નીચલા સાહેબોએ પોતાના વિષયો રજુ કર્યા હતા :—

નામ	બેઠકો	વિષયો
શેઠ શાપુરજી કાવસજી હોડીવાલા	૪૪	૨૩
શેઠ મેહરજીભાઇ નોશરવાનજી કુકા	૧૯	૩
પ્રોફેસર શાપુરશાહ હોરમસજી હોડીવાલા	૯	૬
શમ્સુલ-ઓલમાં એર્વદ જીવનજી જમશેદજી મોદી (ગેહ કમીટી સાથે)	૭	૧૦
શેઠ સોહરાબજી નવરોજી કાંગા	૬	૬
એર્વદ જમશેદજી દાદાભાઇ નાદીરશાહ	૬	૩
શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ	૫	૨
એર્વદ હોરમસજી તેમુલજી દાદાચાનજી	૧	૧
ડૉ. માણેકજી બહમનજી દાવર	૧	૧
ડૉ. જમશેદ માણેકજી ઉનવાલા	૧	૧
શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા	૧	૧
એર્વદ નોશરવાન બજોરજી દેશાઇ	૧	૧
શેઠ જી. કે. નરીમાન	૧	૧

મજકુર વર્ષોમાં મંડળીના ઓદ્ધેદારો તરીકે નીચલા સાહેબોએ કામ કર્યું હતું :—

સરનશીંન : શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાત, આઇ. સી. એસ. (રિટાયર્ડ).

ખજાનચી : { એર્વદ એદલજી કે. આંત્યા અને પાછળથી
એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદી.

જોડયા માનદ મુનશીઓ : { એર્વદ નોશેરવાન બરજોરજી દેશાઇ.
શેઠ રતનજી ફરેદુનજી ગોરવાલા, એમ. એ.

જોડયા માનદ હીસાબ તપાસનારાઓ : { એર્વદ રૂ. મે. મસાણી (માસ્તર).
એર્વદ પાલનજી દો. પાવરી.

એ વર્ષો દરમ્યાન નિચલા સાહેબોને મંડળીના સભાસદો તરીકે, કાયદા મુજબ બેલટથી ચુંટણી કરી, ચુંટી કાઢયા હતા, જેઓની ચુંટણીના દિવસોની નોંધ તેઓનાં નામ સામે કરવામાં આવી છે:—

એરવદ ખુરશેદજી શાપુરજી દાબુ	૧૯૧૨.
એરવદ કાવસજી પેસ્તનજી માડન	૧૯૧૨.
દસ્તુર ખોદાયાર શેહરીયાર	૯–૮–૧૨.
શેઠ પેશોતન બેહરામજી સંજાણા, M. A.	૮–૨–૧૩.
શેઠ મનચેરશાહ બેહરામજી સંજાણા, B. A.	૮–૨–૧૩.
એર્વદ કએખુસ્રો માહ્યાર કુટાર, B. A.	૭–૩–૧૪.
શેઠ પાહલનજી બરજોરજી દેશાઇ	૯–૫–૧૪.
શેઠ જમશેદ કાવસજી તારાપોર	૧૬–૧–૧૫.
શેઠ બરજોર ફરામરોજ જોશી (પાછલથી લાઇફ મેમ્બર)	૧૦–૭–૧૫.
શેઠ બેહરામજી ભીમજીભાઇ ઇચ્છાપોરીઆ	૨૨–૭–૧૬.

મજકુર વર્ષો દરમ્યાન મંડળીએ પોતાના નીચલા સભાસદો મરણના કારણે ગુમાવ્યા હતા:—

શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામા	મરણ	૨૦—૮–૧૯૦૯.
એર્વદ એદલજી કેર્શાસ્પજી આંટીઆ	,,	૨૭–૧૨–૧૯૧૩.
એર્વદ માણેકજી દોરાબજી આદરીયાનવાલા	,,	૨૮—૮–૧૯૧૫.
એર્વદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચા	,,	૧—૯-૧૯૧૫.
દસ્તુર રૂસ્તમજી જમશેદજી સુરતવાલા	,,	૬–૧૧–૧૯૧૫.
એર્વદ નેર્યોસંગ શાહપુરજી દસ્તુર મેહરજીરાણા	,,	૧૧–૧૧–૧૯૧૫.
દસ્તુર કએખુસ્રો જામાસ્પજી દસ્તુર જામાસ્પઆશાના	,,	૨૩—૬–૧૯૧૬.
ડૉ. દાદાભાઇ નવરોજી, LL. D.	,,	૩૦—૬–૧૯૧૭.

મજકુર વર્ષો દરમ્યાન નીચલા સભાસદોએ રાજીનામું આપ્યું હતું:—

એરવદ દીનશાહ ફરામજી દસ્તુર	૧૯૧૩.
શેઠ રૂસ્તમજી કાવસજી પારખ	૧૯૧૪.
શેઠ પેશોતન કાવસજી કોટવાલ	૧૯૧૪.
એરવદ ખુરશેદ શાપુરજી દાબુ	૧૯૧૪.
શેઠ માણેકજી બેજનજી પીઠાંવાલા	૧૯૧૬.
શેઠ પેશોતન બેહરામજી સંજાણા	૧૯૧૬.
શેઠ મનચેરશાહ બેહરામજી સંજાણા	૧૯૧૬.
એરવદ રૂસ્તમજી કેકોબાદજી પંથકી	૧૯૧૭.
એરવદ અરદેશર નવરોજી તાતા	૧૯૧૭.
શેઠ કયખુસરૂ કાવસજી મુલ્લાં	૧૯૧૭.

એ વર્ષો દરમ્યાનનો મંડળીનો આવક જાવકનો કોઠો નીચે મુજબ છે:—

આવક

તા૦ ૧-૧-૧૯૧૨ ને દીને મંડળીના ખાતામાં જમે:—		
પાસી પંચાએતના ખાતાં નંબર ૧૦૧ માં ... ...રૂ.	૫૧૯૨—૮—૩	
પોસ્ટ ઓફીસ સેવીંગ્સ બેન્કમાં પ્રમુખ તથા ખજાનચીને નામે ... ...રૂ.	૩૮૧—૧૩—૦	
		૫૫૭૪—૫—૩
૫ વર્ષો દરમ્યાનં થયલો વધારો:—		
મંડળીના સભાસદોનાં લવાજમના આવ્યા...		૯૧૫—૦—૦
બેંકનાં ખાતાંના વ્યાજના	૧૦૭—૧૧—૭	
જામીનગીરીઓ ઉપરના વ્યાજના થયા ...	૯૧૨—૮—૦	
		૧૦૨૦—૩—૭
પંચાએતના તનદરૂસ્તીના આવ્યા ...		૨૨—૦—૦
	કુલે રૂ.	૭૫૩૧—૮—૧૦

જાવક

૫ વર્ષો દરમ્યાન થયલો ખર્ચ:—		
પંચાએતના વહીવત ખર્ચ વગેરેના ...		૫૭—૭—૯
બીલ વસુલ કરનારના તથા સભાઓ માટેના સુચીપત્રની છપામણુ, તપાલ વગેરેના...		૬૮૯—૨—૦
તા૦ ૩૧-૧૨-૧૯૧૬ ના દીને બાકી:—		
સેવીંગ્સ બેન્કના ખાતામાં	૧૬૧૩—૬—૭	
પારસી પંચાએતના ખાતાં નં. ૧૦૧ માં...	૫૧૭૧—૮—૬	
		૬૭૮૪—૧૫—૧
	કુલે રૂ.	૭૫૩૧—૮—૧૦

આ અહેવાલના પ્રગટ થવા સાથે મંડળીના પેહેલા ૫૪ વર્ષોના અહેવાલો છપાઇ બાહેર પડી ચુકયા છે. મંડળીને હાલમાં ૭૭ મું વર્ષ ચાલે છે અને બાકીના વર્ષોના અહેવાલો છાપવાનું કામ તુરતજ હાથ ધરવામાં આવશે.

જે સાહેબોએ આ અહેવાલ છપાવવાના કામમાં મદદ કીધી છે તે સર્વેનો અતરે આભાર માનવામાં આવે છે.

મ. પે. ખરેઘાત,

તા૦ ૨૪ મી જાન્યુઆરી ૧૯૪૧. **સરનશીન.**

જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી

૪૫, ૪૬, ૪૭ તથા ૪૮ માં વર્ષોનો એહવાલ*

ઇરાની પંચાંગ.

શેઠ મેહેરજીભાઇ નોશેરવાનજી કુકાએ પોતાની બાબદ રજુ કરતાં જણાવ્યું કે:—

શરૂઆતનો ખોલાસો.

ઇરાની પંચાંગનો બારીકીથી અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે એ પંચાંગ બધા જમાનાઓમાં એકસરખું રહેલું નથી, પણ ચોકસ જમાનાઓમાં ચોકસ ફેરફાર સાથે નજરે પડે છે. અવસ્તા ભાષા બોલાતી હતી તે વખતનાં પંચાંગમાં, સાસાની જમાનાનાં જરથોશ્તી પંચાંગમાં, અને હાલના વખતનાં પંચાંગમાં, વરસની શરૂઆત, કબીસાની રીત, પહેલા મહિના, વગેરેમાં ચોકસ જુદાપણું જોવામાં આવે છે, જે બધાંનો વિગતવાર ખોલાસો કરવાની, તથા અસલનું શું છે અને પાછળનું શું છે, ખરૂં શું છે અને ભૂલભરેલું શું છે, અને જે ફેરફારો થવા પામ્યા છે તે કેવી રીતે થવા પામ્યા, તથા સાસાની જમાનાનાં પંચાંગ વિષે જે હેરફેર શહાદતો મળે છે તેમાંથી ખરો સાર કેવી રીતે ઉપજાવી શકાય, એ સઘળું દેખાડવાની આ વિષયની નેમ રાખવામાં આવી છે.

આ વિષય લાંબો થવાને લીધે તેને બે ભાગમાં વહેંચી નાખવાની જરૂર પડી છે. પહેલા ભાગમાં અવસ્તા ભાષાના જમાનાનાં પંચાંગની બાબદનું વિવેચન કરવામાં આવશે, અને બીજામાં પહેલવી પુસ્તકોના જમાનાની અથવા સાસાની અમલની શરૂઆતથી તે આશરે ઇ૦ સ૦ ની દશમી સદીની આખેરી સુધીના જમાનાની તપાસ હાથ ધરવામાં આવશે.

પહેલા ભાગમાં મહિનાઓનાં નામ કેમ પડયાં તે વિષે નવી તર્ક રજૂ કરવામાં આવશે, અને તેને આધારે અમેશાસ્પંદાનો જુદી જુદી પેદાયશો ઉપરનો અધિકાર કેમ મુકર્રર થયો તે રજૂ કરવામાં આવશે.

વિષય શરૂ કરવા આગમચ ખોલાસારૂપી થોડાક સખુનો કહેવાના છે.

જરથોશ્તી ધર્મક્રિયાઓને લગતું વરસ રૂતુઓ સાથે સંબંધ ધરાવે છે,

---

* એક મીનીટ બુક જેમાં ઈ. સ. તા૦ ૧૭ મી ઑગસ્ટ સને ૧૯૦૭ થી તે તારીખ ૧૫ મી જુન સને ૧૯૧૨ સુધીની બેઠકોના હેવાલ હતા તે તા૦ ૨૩ મી જુન ૧૯૧૨ ના દીવસે ઓનરરી મુનશી એર્વદ નોશેરવાન બર્જોજી દેશાઈને હાથે ગુમ થઈ ગઈ હતી. એમ મલી આવેલી એક નોંધ ઉપરથી જણાય છે. શુભ સંજોગે મંડળીએ ઠરાવ કરી શમ્સુલ-ઓલમાં એર્વદ જીવનજી જમશેદજી મોદીને ૪૪ માં વરસનો હેવાલ પહેલાં પ્રગટ કરી લેવાનું સોંપ્યું હતું, જે હેવાલ તા૦ ૨૩ મી ઑકટોબર ૧૯૧૨ ના દિવસે તૈયાર થયો હતો, અને એ રીતે તા૦ ૭ મી માર્ચ સને ૧૯૦૮ સુધીનો હેવાલ છપાઈ શકાયો છે. ઈ. સ. ૧૯૦૮ ના એપ્રીલથી તે ૧૫ મી જુન સને ૧૯૧૨ ની બેઠકોમાં ચાલેલી બાબદો માટે બનતી દરેક જુસ્તેજોઇ ચલાવતાં તે વખત દરમ્યાંન ચાલેલી બાબદોમાંની ફકત બે બાબદો (૧) શેઠ મે. ન. કુકાની "ઈરાની પંચાગ" વિષેની, (૨) શેઠ બેહરામગોર તે. અંકલેસરીઆની "History of the Dînkart MS. of the Mullan Firoz Kitabkhana મલી શકી છે, તે આ રીપોર્ટની શરૂઆતમાં છાપી છે, ગુમ થયલી 'મીનીટ બુક'ને લગતી બાબદો જો હવે પછી મલવા પામશે તો તે આ રીપોર્ટને છેડે "વધારા" તરીકે છાપવામાં આવશે.

કારણ કે ગાહાંમ્બારો ફસલોને લગતાં જશનો છે, અને સાત મહિના સુધી 'રપિથ્વન' અને પાંચ મહિના સુધી 'હાવન' ભણવામાં આવે છે તેનેબી રૂતુ સાથે સંબંધ છે; યાને દીની વરસ ફસલી વરસ છે, જે એક પ્રકારનુ સૂર્યમાન વરસ છે.

સૂર્યમાન વરસ બે જાતનાં છે. એક નક્ષત્રી વરસ, જેની લંબાઇ ૩૬૫ દહાડા, ૬ કલાક, ૯ મિનિટ અને ૯ સેકંડની છે. સૂર્ય કોઇ રાશિના ચોકસ અંશથી નિકળીને પોતાનો ફેરો પૂરો કરીને પાછો તેજ રાશિના તેજ અંશમાં આવી લાગે તે આ વરસ છે. બીજું ખરૂં ફસલી વરસ, જેની લંબાઇ ૩૬૫ દહાડા, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડની છે; અને નક્ષત્રી વરસ કરતાં આ વરસ ટુકું હોવાનો સબબ આ છે કે પૃથ્વિની ધરીની એક ચોકસ જાતની ગતિને લીધે સૂર્ય ભૂમધ્ય રેષા ઉપર દર સાલ આશરે ૨૦ મિનિટ વહેલો આવે છે. આ ફેરને Precession of the Equinoxes કહે છે. ફસલોનું વખતસર આવવું આ સાલ ઉપર આધાર રાખે છે. Precession of the Equinoxes નું જ્ઞાન ઘણીક પ્રાચિન પ્રજાઓને હતું નહિ, તેથી તે લોકો, નક્ષત્રી વરસનેજ ફસલી વરસ તરીકે ગણીને કામ લેતા હતા, અને તેઓને આ ફેર માલુમ ન પડે તેની નવાઇ નહિ, કારણકે આ બે જાતનાં વરસોમાં લગભગ ૭૨ વરસે માત્ર એક દહાડાનો ફેર પડે છે, અને એક તો શું પણ આઠ દશ દહાડાનો ફેરબી રૂતુનાં અવલોકન ઉપરથી જાણવો કઠણ છે.

અવસ્તા ભાષાના જમાનાનાં ઇરાની પંચાંગને લગતી નવી સમજણ, તથા તેને આધારે અમેશાસ્પંદોના જુદી જુદી પેદાયશો ઉપરના અધિકારનો મળતો ખોલાસો.

પંચાંગના વિભાગો.

અશો જરથોશ્તના ગાથા પછીના અવસ્તામાંથી પંચાંગના વિભાગોનાં જે નામો મળે છે તેમાં દહાડો, રાત, અને મહિના ઉપરાંત નીચલાં નામો હમેશા આ અનુક્રમે મળે છે :—

(૧) **અયર**, યાને દહાડાનો ભાગ, તેમજ દહાડો.

(૨) **અસ્ન્ય**, યાને ગેહ.

(૩) **માહ્ય**, યાને મહિનાના ભાગ, યાને પખવાડીઆં.

(૪) **યાઇર્ય**, યાને વરસના ભાગો, એટલે ફસલ તથા ગાહાંમ્બારો.

(૫) **સરેધ**, યાને સાલ.

એમાં છેલ્લાં ચાર નામો એકએકથી વધતા જતા વખતના જુમ્લાનાં નામો છે, તે ઉપરથી અનુમાન કરવાને બની શકે છે કે ખાસ કરીને ઉપલા ઝુમ્બામાં 'અયર' તે 'અસ્ન્ય' અથવા ગેહનાં કરતાં નાનો ભાગ હોવો જોઇયે, જોકે અવસ્તામાં બીજે બધે ઠેકાણે 'અયર' શબ્દ દહાડાને માટે વપરાયલો છે. ગ્રીક ભાષામાં એને મળતો hora શબ્દ છે, જે પાછળથી કલાકને અર્થે વપરાયલો છે, પણ અસલમાં તેનો અર્થ વખતનો એક ભાગ અથવા મુદ્દત થતો હતો, તેમજ તે શબ્દ મોસમને માટે પણ વપરાતો હતો.

અવસ્તામાં બીજે ઠેકાણેબી જ્યારે નાની મોટી ચીજોનાં સાથે સાથે નામ આવે છે, ત્યારે નાનાંથી શરૂ કરી મોટાંથી ખતમ કરવામાં આવે છે, જેમકે 'સ્તારામ્ માઁઘો હ્વરે' યાને 'સેતારાઓનું, ચંદ્રનું અને સૂર્યનું;' 'ન્માન્યાઓ વીસ્યાઓ જન્તુમાઓ દખ્યુમાઓ', એટલે 'ઘરને લગતાં, મોહલ્લાને લગતાં, કસ્બાને લગતાં, દેશને લગતાં.'

ત્યારે 'અયર' તે 'અસ્ન્ય' એટલે ગેહનો એક ભાગ હશે, પણ તેની લંબાઇ કેટલી હતી તે કહેવાને આપણી પાસે સાધન નથી. માત્ર એટલુંજ ધ્યાન ખેંચી શકાય કે 'અયર' અને ગ્રીક શબ્દ hora લગભગ એકમળતા ઉચ્ચારના છે.

ગેહ.

'અસ્ન્ય' તે જેને આપણે ગેહ કહીએ છીયે તે છે. આપણે પાંચ ગેહ ગણીએ છીયે અને તેમાં ઉષહિન ગેહને છેલ્લી મુકીએ છીએ, પણ અસલમાં ઉષહિન પહેલી હતી. વળી ઉષહિન અને હાવન મળીને એકજ ગેહ હતી જે પાછળથી જુદી પાડવામાં આવી, યાને ઉષહિન હાવનનો પહેલો ભાગ હતો. એની સાબેતી ખુદ ગેહોનાં ભણુતરમાંથી મળે છે.

ઉષહિન તે બામદાદ અથવા dawn નો વખત. આપણી બામદાદની બંદગી 'હુશબામ' નામની છે તે શબ્દ 'ઉષ–બામિ' એટલે 'ચળકતી બામદાદ' છે. 'ઉષા' તે સૂર્ય ઉગ્યા પહેલાંનો ઝઝખલાંનો વખત, અને તે કુદરતી રીતે ગેહોમાં પહેલો હોવોજ જોઇયે.

આપણે જેને 'ચેહારમની બામદાદ' કહીયે છીયે તે ત્રીજા દહાડાની રાત પછીની બામદાદ ગણીએ છીયે; અગરજો બામદાદ અથવા ઉષહિન છેલ્લી ગેહ હતે તો ચોથા દહાડાની રાત પછીનો વખત લેવામાં આવતે.

વળી અવસ્તામાં સરદારોનો અનુક્રમ આ પ્રમાણે આવે છે:—ઘરનો, મહોલ્લાનો, કસ્બાનો, દેશનો અને ધર્મગુરૂ; અને એજ સરદારોને ગેહેમાં નીચે મુજબ યાદ કરેલા છે:—

ઉષહિનમાં ઘરનો સરદાર, હાવનમાં મહોલ્લાનો, રપિથ્વનમાં કસ્બાનો, ઉજીરનમાં દેશનો, અને અઇવિસ્રુથ્રેમમાં ધર્મગુરૂ.

વળી ઉષહિન ગેહના પાંચમાં ફકરામાં અમેશાસ્પંદોમાંના પહેલા પાંચને નીચે મુજબ યાદ કરેલા છે:—

"અહુરેમ્ મજ્દાંમ્ અષવનેમ્ અષહે રતૂમ યજમઇદે, વોહુ મનો યજ્મઇદે, અષેમ વહિશ્તેમ યજમઇદે, ક્ષથ્રેમ વઇરીમ્ યજમઇદે, સ્પેંન્તામ્ વંઘુહીમ્ આર્મઇતીમ્ યજમઇદે."

બાકીના બે અમેશાસ્પંદોની યાદ નથી કીધી. પણ હાવન ગેહના પાંચમાં ફકરામાં એ બાકી રહેલા બેને યાદ કરેલા છે:

"હઉર્વતાતેમ્ અષવનેમ્ અષહે રતૂમ યજમઇદે, અમેરેતાતેમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઇદે."

બીજા અમેશાસ્પંદોનાં નામ આ ગેહુમાં નથી, તેમજ બીજી ગેહોમાં અમેશાસ્પંદોને નામ દઇને યાદ કરવામાં આવેલા નથી. આ ઉપરથી માલુમ પડે છે કે ઉષહિન અને હાવન એ બે ગેહ મળીને એક ગેહ પહેલે હતી.

અઇવિસ્રૂથ્રેમ ગેહુમાં ખાસ જરથુશ્ત્રોતેમોની અને ફ્રસશોની આબાદીની ('યાઇર્યાઓસ્ચ હુષિતોઇશ') યાદ છે, તે ઉપરથી જણાય છે કે જરથોશ્તી ધર્મગુરૂઓની ખાસ ક્રિયાકામનો તથા સેતારાઓના અવલોકનનો એ વખત હતો, જે અવલોકન ઉપરથી તેઓ વરસની ગણત્રી કરી શકતા હતા. ક્રિયાકામમાં તો માત્ર વંદીદાદ રાત્રે કરવામાં આવે છે, અને હાલમાં તે રાત્રે બાર વાગા પછી શરૂ કરવામાં આવે છે, યાને હાલમાં કહેવાતી ઉષહિન ગેહમાં પણ અસલમાં રાત્રે બાર વાગા પછીનો વખતબી અઇવિસ્રૂથ્રેમનોજ ગણાતો હોવો જોઇએ; અને ઉષહિન તો સહુવારનાં ઝઝખલાંથી શરૂ થતી હતી, નહિ કે રાત્રે બાર વાગે.

વળી હાલમાં આપણે પાંચમા ગાથાના દહાડાને 'નૌરોજ' કહીએ છીયે તે ભૂલનું કારણ શોધતાં આપણને ઉષહિન ગેહને માટે નવું જાણવાનું મળે છે. વહિશ્તોઇશ્ત ગાથા અને નોરોજ અથવા હોરમજદ રોજની વચ્ચેની મધ્ય રાત્રે 'નૌરોજની બાજ' ધરવાનો આપણામાં રેવાજ છે, જે દેખાડે છે કે અસલમાં 'નૌરોજ' યાને નવાં સાલનો દહાડો ઉષહિન ગેહથી શરૂ થતો હતો. લાંબા કાળે જ્યારે ઉષહિન ગેહ છેલ્લી ગણવામાં આવી ત્યારે આ 'નોરોજ'ની બાજનો વખત આગળા દહાડા વહિશ્તોઇશ્ત ગાથાને લાગુ પડતો ગણાયો અને તેથી હાલમાં આપણે તે ગાથાના દહાડાને 'નૌરોજ' કહીએ છીયે.

સાલ. સાલને માટે 'સરેધ' બોલ આપણે જોયો. 'સરેધ'નો અસલ અર્થ સર્દીની રૂતુ એટલે વરસાદની રૂતુનો થાય છે. એ બોલ ઉપરાંત બીજાબી બોલો સાલને માટે અવસ્તામાં વપરાયલા છે, જેવા કે 'ઝરેમય,' 'યારે,' 'અઇવિગામ' અને 'ઝિમ.' છેલ્લા બે શબ્દોનો અર્થ શિયાળો થાય છે. હવે વરસને માટે એ ચાર શબ્દો વાપરવામાં કાંઇ ફરક રાખવામાં આવ્યો છે કે કેમ તે આપણે તપાસીએ.

'ઝિમ' શબ્દ વરસને અર્થે વંદીદાદની બીજી પરગર્દમાં, જ્યાં જમશેદ પાદશાહનું બયાન આવે છે ત્યાં, ૩૦૦ ઝિમ, ૬૦૦ ઝિમ, ૯૦૦ ઝિમ અને ૧૦૦૦ ઝિમ, એ રૂપે નજરે પડે છે. ત્યાં આપણને એટલાં વરસો સમજવાનું છે.

'અઇવિગામ' શબ્દ જેનો અસલ અર્થ 'આવી પહોંચવું' એવો થાય છે.* તે શિયાળાને અર્થે ઘણે ઠેકાણે વપરાયલો છે, પણ વરસને અર્થે નીચલા ફકરાઓમાં મળે છેઃ—

* ગાય ઢોરનાં ટોળાંઓને ચરવાને માટે દૂર મોકલ્યાં હોય તેઓનાં પાછાં આવી લાગવાં વિષેનો એ એશારો લાગે છે.

વંદીદાદની બીજી પરગર્દમાં જમશેદે બનાવેલા ગોફાના બયાનમાં '૪૦ અઇવિગામ' શબ્દો છે.

રામ યશ્તમાં જમશેદ દુઆ ચાહે છે કે "દુન્યામાંથી દુ:ખદરદ ૧૦૦૦ અઇવિગામ સુધી હું દૂર કરૂં."

તેજ યશ્તમાં તેહમુરસ્પ દુઆ ચાહે છે કે "અંગ્રેમઇન્યુને ઘોડો બનાવીને તેની ઉપર ૩૦ અઇવિગામ હું સ્વારી કરૂં."

જમ્યાદ યશ્તમાં જણાવેલું છે કે તેહમુરસ્પે ૩૦ અઇવિગામ સુધી અંગ્રેમઇન્યુની ઉપર સ્વારી કીધી.

ઉપર મુજબ પેશદાદી વંશના પાદશાહોના બયાનમાંજ 'ઝિમ' અને 'અઇવિગામ' શબ્દો આવેલા છે. ત્યાર પછીના જમાનાઓનાં વર્ણનમાં એ શબ્દો નથી. આ ઉપરથી અનુમાન કાઢી શકાય છે કે જેમ અસલી હિંદુઓમાં એક વખતે શિયાળાથી (Winter Solstice) થી વરસ શરૂ થતું હતું, જેની સાબેતી 'વેદાંગ' જ્યોતિષમાંથી મળે છે, તેજ મુજબ પેશદાદી વંશના અમલ વખતે ઇરાનીઓ શિયાળાથી વરસ ગણતા હતા.

'ઝરેમય' શબ્દ માત્ર એકજ વખત અવસ્તામાં વપરાયલો મળે છે. અને તે વંદીદાદની ૧૮ મી પરગર્દમાં આવે છે. જ્યાં "થ્રિ-ઝરેમય"=ત્રણ વસંત રૂતુ સુધી, યાને ત્રણ વરસ સુધી એવો અર્થ થાય છે. આ શબ્દ વરસની શરૂઆત વસંત રૂતુથી કરવાનો જે છેલ્લો ફેરફાર થયો તેની ઇધાણી છે. તેની આગમચ 'સરેધ' વપરાસમાં હતું.

સરેધ.

સરેધ તે સર્દીની અથવા વરસાદની રૂતુથી શરૂ થતું વરસ હતું. એનો વધુ ખોલાસો ખોરદાદ અમેશાસ્પંદ જે 'સરેધ'નો સરદાર ગણાયલો છે તેનાં વિવેચનમાં આવશે. ઘણીક પ્રજાઓ જેઓનો મુખ્ય ધંધો ખેતીવાડીનો હોય છે તેઓના બાબમાં જોવામાં આવે છે કે તેઓ વરસાદની રૂતુને યાતો કાપણીના વખતને વધારે અગત્યના ગણે છે. ભટકતી ભરવાડની જીંદગી ગુજારનાર પ્રજાઓને શિયાળામાં ઠરીઠામ થઇને રહેવું પડતું હોવાથી તેઓ શિયાળાને અગત્યનો ગણે, ખેતીવાડી કરનારી પ્રજા વરસાદ-પાણીની મોસમને અગત્યની ગણે. અસલી ઇજીપ્શીયન લોકો નાઇલ નદીનાં પાણી ઉભાવા માડે અને ખેતરોમાં પાણીની રેલછેલ થાય ત્યારથી વરસ ગણતા હતા. યાહુદીઓ અસલમાં 'તિશ્રિ' મહિનાથી (આશરે સપ્ટેમ્બરની અધવચથી) વરસ ગણતા હતા, જે મહિનો ફળના પાક ઉતરવા પછીનો અને વરસાદની શરૂઆતનો મહિનો હતો. મૂસા પેગમ્બરના જમાના પછી ધર્મના વરસની શરૂઆત તેઓએ 'નિસન'થી યાને વસંત રૂતુના બેસવાથી કરવા માંડી, પણ તેઓનું વેહવારૂ વરસ 'તિશ્રિ'થીજ હજુ સુધી ગણાય છે. સીરીયા અને એશ્યા માઇનરમાં જ્યાં સિકંદરી સને ચાલુ હતો ત્યાંબી 'તિશ્રિ'થીજ વરસની શરૂઆત થતી હતી.

ઇરાનીઓમાં 'સરેધ'ની રૂતુથી ખેડુતોનું વરસ ગણાતું હતું એમ દિસે છે, અને અવસ્તા જમાનાના ઇરાનીઓ મુખ્ય ખેડુતની જિંદગી ગુજારનારા હોવાથી, 'સરેધ' તેમનાં વેહવારૂ વરસ તરીકે એટલી હદ સુધી ચાલુ થઇ ગયલું હતું કે 'સરેધ' શબ્દ સાધારણ રીતે વરસને માટે વપરાવા લાગો, અને હાલમાં આપણે જે 'સાલ' બોલ વાપર્યે છીયે તે પણ 'સરેધ' શબ્દ ઉપરથીજ નિકળેલો છે.

સંખ્યા વાચક વિશેષણ સાથે 'સરેધ' શબ્દ અવસ્તામાં આ પ્રમાણે મળે છે:—

વંદીદાદની પરગર્દો ૧૪ મી અને ૧૮ મી માં, 'પસ્ચ પંચ દસીમ સરેધેમ્'=૧૫ માં વરસ પછી.

વંદીદાદની પરગર્દ ૧૫ મીમાં 'હપ્ત સરેધ'=સાત વરસ. વંદીદાદની ૭ મી પરગર્દમાં 'પસ્ચ પંચાસતેમ સરેધામ્'=વરસોમાંના પચાસમાં (વરસ) પછી.

યારે. 'યારે' શબ્દબી અવસ્તામાં વરસને માટે વપરાયલો છે. અંગ્રેજી Year, જર્મન Jahr, એ સર્વ એકજ ધાતુ 'યા'=જવું, ફરવું—તે ઉપરથી છે, અને 'યારે' શબ્દ સૂર્યના એક ચક્રાવાને માટે લાગુ પાડેલો હું ધારૂં છું.

યારે અને સરેધ. કેટલાક વિદ્વાનોનું કહેવું એ છે કે 'યારે' તે સાધારણ ૩૬૫ દહાડાનું વરસ અને 'સરેધ' તે ૩૬૫¼ દહાડાનું સંપુર્ણ વરસ છે, કારણકે 'સરેધ' શબ્દ જ્યારે ચારની ઉપરના આંકડાઓ સાથે વપરાયલો મળે છે, ત્યારે 'યારે' માત્ર એક કે બે વરસને માટે, યાને ચાર વરસથી ઓછાં વરસને માટે વપરાયલો મળે છે. પણ તેમ નથી.

'યારે' શબ્દ સંખ્યા વાચક વિશેષણની સાથે નીચે મુજબ વપરાયલો મળે છે:—

યારે-દ્રાજો=એક વરસની મુદત સુધી.
તરો-યારે=એક વરસની મુદતથી વધુ વખત.
નએમેમ-યારે-દ્રાજો=અરધાં વરસ સુધી.
બ્યારે-દ્રાજો=બે વરસની લંબાઇ સુધી.
હઝંધ્રેમ યારેમ=એક હજાર વરસ.
સત યારે=સો વરસ.

હવે ધારો કે એક વરસની અથવા અરધાં વરસની મુદતને માટે 'યારે' શબ્દને બદલે 'સરેધ' બોલ વાપરવામાં આવ્યો હતે, તો લખાણની મતલબ સમજવામાં ગુંચવણ પડતે, કારણ કે એક સરેધ અથવા અરધાં સરેધની મુદત જેમ એક વરસ અથવા અરધાં વરસને લાગુ પડે, તેમજ સરદીની એક મોસમ તથા સરદીની મોસમના અરધા ભાગનેબી લાગુ પાડી શકાય. માટે અસલી ઇરાનીઓએ આવા પ્રકારની ગુંચવણ મટાડવાને માટે એક બીજો શબ્દ

મોજુદ રાખેલો હતો, અને તે 'યારે' હતો જેનો અર્થ ૠતુને લાગુ પાડી શકાતો હતો નહિ.

હવે કદીમ જમાનાના ઇરાનીઓ ફસલી વરસ વાપરવા લાગ્યા તેની આગમચ તેઓનું વરસ કેવા પ્રકારનું હતું તે જોઇએ.

વરસની ગણત્રી.

તેઓનું વરસ હાલમા હિંદુઓનું છે તેમ ચંદ્રમાન વરસ હતું, અને અધિક માસ ઉમેરીને તેને સૂર્યમાન વરસ સાથે વખતો વખત મેળવી દેવામાં આવતું હતું, જે સૂર્યમાન વરસ ખરૂં ફસલી એટલે Tropical નહિ પણ નક્ષત્રી એટલે Sidereal હતું. ખરાં ફસલી અને નક્ષત્ર વરસો વચ્ચેનો ફેર, જે વરસ દહાડે માત્ર ૨૦ મિનિટ જેટલો છે, તે ઘણો નાનો હોવાથી તે કદીમ જમાનામાં આ ફેર જણાયલો હતો નહિ, અને નક્ષત્રી વરસને ફસલી વરસ સમજવામાં આવતું હતું.

ઇરાની મહિનાઓ અસલમાં ચંદ્રની ચાલ ઉપર આધાર રાખતા હતા તેની સાબેતી વંદીદાદમાં હમેલના દશ મહિના લખેલા છે તે ઉપરથી મળે છે.

જ્યારે ચંદ્રમાન વરસને સૂર્યમાન વરસ સાથે મેળવવામાં આવતું હતું ત્યારે કયા સેતારાના ઉગવા સાથે તેનો સંબંધ રાખવામાં આવતો હતો તે આપણે જોઇયે.

એને લગતા અગત્યના બે ફકરા તીર યશતમાંથી આપણુને મળે છે. કમભાગ્યે એ ફકરા અશુધ્ધ હોવાથી તેઓનો ખોલાસો મનમાનતો થયો નથી. સુચનારૂપે નીચે મુજબ તરજુમો રજુ કરવામાં આવે છેઃ—

તીર યશતનો ફકરો ૧ લોઃ—

"પ્રઓત અહુરો મજ્દાઓ સ્પિતમાઇ જરથુશ્ત્રાઇ, પાઆઁઘે અંધુદવેશ્ચ રતુદવેશ્ચ માઆઁઘેશ્ચ મઓથનેમ્ચ સ્યજદેશ્ચ ફ્રાયઝમઇદે; યત્ મે સ્તારો ખરેનંગુહન્તો હચાઓન્તે, પરચ માઓ નેરેબ્યો ખરેનો બક્ષેન્તિ."

તર્જુમોઃ—અહુરમઝદે જરથુશ્ત્રને કહ્યું કે "દુન્યાઇ અધિકાર અને ધર્મસંબંધી અધિકારને બચાવા માટે, (યાને માણસોના વેહવારૂ અને ધર્મસંબંધી કામો બર વખતે થાય તેને માટે), ચંદ્રને, (તેનાં) રહેઠાણોને અને સ્યજદ (યાને ક્રિયાના સામાન)ને આપણે ઇજીયે; જેથી કરીને મારા ઝળકતા સેતારાઓ ચાલે, (યાને વખતસર દેખાવ દે), અને વળી ચંદ્ર (બરાબર ચાલે). માણસને માટે તેઓ (યાને ચંદ્ર અને સેતારાઓ) નૂર બખશે છે."

આ ફકરામાં માહતાબની ચાલ બરાબર ગણવાથી સેતારાઓ વખતસર ઉગતા માલુમ પડે છે તેનો એશારો છે. સેતારાઓ ઉગે છે તો દરરોજ પણ દરેક સેતારો દરેક દહાડે આશરે ચાર મિનિટ વહેલો ઉગવાથી તેનું ચોક્કસ કલાકે ઉગવું વરસમાં માત્ર એકજ પ્રસંગે થાય છે. કોઇ તારો સંધ્યા

કાળે ઉગીને મધ્ય રાત્રે મધ્યાન રેષા (meridian) ઉપર આવતો જણાતો હોય, તો થોડાક દહાડામાં તેના ઉગવાના વખતમાં ફેર પડતો જણાશે, અને બરાબર એક વરસે તેનું ઉગવું પાછું આગળની મુઆફેક દેખાશે.

તીર યશ્તનો ફકરો ૩૬ મો:—

"તિશ્ત્રીમ્ સ્તારેમ ખરેનંગુહન્તેમ્ યજમઇદે, યિમ, યારે-ચરેષો મશ્યહે, અહુરચ ખ્રતુગુતો અઉરૂનચ ગઇરિષાચો સિજદ્રચ રવસ્ચરાતો ઉજયોરેન્તેમ હિસ્પોસેન્તે,[1] હુયાઇર્યાચ દઇંઘવે ઉજજસેન્તેમ્ દુજયાઇર્યાચ."

તર્જુમો:—"ચળકતા તેશ્તર સેતારાને હુમે ઇજીએ છીયે, જેને માણુસોના વરસ ચલાવનારાઓ[2] ઉંડી અક્કલવાળા સરદારો, પહાડો ઉપર ભટકતા જંગલીઓ, મરજી મુજબ ભમતા હથિયારબંદ ટોળાઓ ઉગતો ઇંતેજારીથી[3] જુએ છે, દેશને સારૂં સુકાળ માટે અને દુકાળ માટે ઉંચે આવતો (જુએ છે)"

ત્યારે આ ઉપરથી માલુમ પડે છે કે એક ઘણા કદીમ કાળમાં વરસને બર હિંગામનું કરવાને માટે તેશ્તર સેતારાના ઉગવાનું અવલોકન કરવામાં આવતું હતું, યાને એમ ધારીએ કે ચોકસ મહિનામાં સૂર્ય આથમવા પછી ચોકસ વખતે તેશ્તર ઉગવો જોઇએ એવું તે લોકોએ ઠરાવેલું હોય, અને અગરજો કોઇ સાલમાં તે મહિનો આવી લાગેલો હોવા છતાં તેશ્તરનું ઉગવું વખતસર ન થયલું હોય તો કોઇ પ્રકારનો કબીસો કરીને તે મહિનાને અને તેથી વરસને, તેની બરાબર જગા ઉપર પાછાં લાવવામાં આવતાં હતાં.

વળી તારાઓ દરરોજ આશરે ચાર મિનિટ વહેલા ઉગતા હોવાને લીધે, તેશ્તર સેતારો જે એક ચોકસ મોસમમાં ચોકસ કલાકે ઉગતો દેખાયો હોય તે એકાદ બે મહિના ગુજરવા બાદ તેજ કલાકે આકાશ ઉપર વધારે ઉંચો ચઢેલો નજરે પડે, અને એટલા મહિનાની મુદ્દતમાં વરસાદ કેટલો પડી ચૂકયો અને કેટલો પડવાનો રહયો તેની ગણત્રી કરીને લોકો અનુમાન કરતા હતા કે આ સાલ આબાદ નિવડવાનું કે દુકાળ્યું નિવડવાનું.

---

૧ આ ફકરામાં 'હિસ્પોસેન્તેમ' બોલને 'હિસ્પોસેન્તે' વાંચ્યો છે. છેલ્લો 'મ' rhythm ને લીધે ભૂલથી ઘુસી ગયલો લાગે છે.

૨ યારે-ચરેષો=વરસ ચલાવનાર=વરસને બર વખતનું કરનાર=year-regulator. અથવા યારે-ચરેષો બીજી વિભકિતમાં લઇયે તો "જેને (યાને) માણુસોનાં વરસ ચલાવનાર (year regulator)ને (યાને તિશ્ત્રને)" એમ અર્થ થઇ શકે.

૩ ઉજયોરેન્તેમ અને ઉજજસેન્તેમ એ બે શબ્દો 'યિમ'ની સાથે એકજ વિભક્તિના લીધા છે.

સેતારાઓનું અવલોકન તેમનાં સૂર્યની પહેલાં ઉગવાની સાથે (heliacal rising ની સાથે) સંબંધ ધરાવતું નહિ હતું. કદીમ મિસ્રી અને યૂનાની પ્રજાઓ તારાઓનાં heliacal rising સાથે પોતાનાં વરસનો અને રૂતુઓનો સંબંધ રાખતા હતા. પણ ઇરાનીઓ તો સેતારાઓનાં સાંજ પછી ઉગવાનું અવલોકન કરતા હતા, યાને અઇવિસ્રુથ્રેમ ગેહમાં; તે એ ગેહના ભણતરમાંનાં શબ્દો "યાઇર્યાઓસ્ચ હુષિતોઇશ" ઉપરથી આપણે જોયું.

ત્યારે આ તપાસ ઉપરથી માલુમ પડે છે કે અસલમાં માહુતાબી મહિનાઓ વપરાતા હતા, અને તે વેળા તેશ્તર સેતારાના અવલોકન ઉપરથી વરસને ફસલોની સાથે બરાબર મળતું કરવામાં આવતું હતું.

પાછળથી પણ તેબી અવસ્તા જમાનામાંજ, ઇરાની વરસમાંથી માહુતાબનો સંબંધ નિકળી જઇને વરસ ફસલી બનેલું છે, જે સાત મહિનાની ગરમી (હામિન) અને પાંચ મહિનાની ઠંડી (ઝમેસ્તાન) ઉપરથી, તથા ગાહાંમ્બારો ફસલનાં જશનો છે તે ઉપરથી, આપણે જાણી શકીએ છીયે, અને વરસની શરૂઆત વસંત રૂતુના વિષુવકાળથી નક્કી થયલી છે.

મહિનાઓ.

હવે આપણે ઇરાની મહિનાઓ ઉપર આવ્યે. પણ તે પહેલાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે, જોકે વરસની શરૂઆત એક વેળા શિયાળામાં અને એક વેળા સર્દ રૂતુથી હતી અને પાછળથી (પણ અવસ્તા જમાનામાંજ) વસંત રૂતુથી થઇ, તોપણ મહિનાઓને પોતાની જગા ઉપરથી ખસેડવામાં આવતા હતા નહિ એમ લાગે છે.

હિંદુઓમાં વેપારી વરસ કાત્રક માસથી, અને જ્યોતિષી વરસ ચૈત્ર માસથી શરૂ થાય છે, પણ મહિનાઓ તો તેમને ઠેકાણેથી ખસતા નથી, તેમજ યાહુદીઓનું ધર્મનું વરસ 'નિસન'થી શરૂ થાય છે અને વેહવારૂ વરસ 'તિશ્રિ'થી શરૂ થાય છે, પણ બન્ને પંચાંગોમાં 'નિસન' તે વસંતનો મહિનો અને 'તિશ્રિ' તે પાનખર રૂતુનો મહિનો છે.

ઇરાનીઓમાં મહિનાનાં નામ કેમ અપાયાં તે બાબદ ઉપર આવવા પહેલાં બીજી પ્રજાઓમાં મહિનાનાં નામો શા ઉપરથી અને કેવી રીતે અપાયાં છે તે આપણે જોઇએ.

મહિનાઓનાં નામો પણ કરીને કેમ અપાય છે.

મહિનાઓને નામ આપવાનું સઉથી પહેલું અને સહેલું પગલું મહિનાઓને માત્ર આંકડાઓથી જણાવવાને લગતું છે, યાને પહેલો મહિનો, બીજો મહિનો, વગેરે. એનો દાખલો આપણને કદીમ રોમન પ્રજા ઉપરથી મળે છે.

એઓમાં સપ્ટેમ્બરથી દીસેમ્બર સુધીના મહિનાઓનો અર્થ ૭ મો, ૮ મો, ૯ મો, ૧૦ મો એ પ્રમાણે થાય છે. જુલાઇ અને

ઑગસ્ટ મહિનાઓનાં નામોબી પહેલે Quintilis=પાંચમો, અને Sextilis=છઠ્ઠો, એ મુજબ હતાં પણ પાછળથી Julius Caesar અને Augustus Caesar નાં નામો ઉપરથી નામો બદલવામાં આવ્યાં. તેઓમાં માર્ચ મહિનો પહેલો હતો.

મહિનાઓનાં નામો આપવામાં પ્રજાઓ એક તબક્કો આગળ વધે છે ત્યારે તેઓ રૂતુઓ સાથે તેમનો સંબંધ રાખે છે, અને રૂતુના ફેરફાર ઉપરથી તથા તે લોકનાં ગુજરાણનાં મુખ્ય સાધન જે ભરવાડી અને ખેડુતી ધંધા તેને લગતા મુખ્ય બનાવો જે રૂતુ સાથે તાલુકો રાખે તેની ઉપરથી મહિનાઓનાં નામ રાખવામાં આવે છે.

આગળ ચાલતાં પ્રજાઓ ચોકસ તારાઓનો સૂર્ય સાથે યા ચંદ્ર સાથે યોગ થાય યા સનમુખ આવવું થાય તે ઉપરથી નામ રાખે છે.

આપણે હવે કેટલીક પ્રાચિન પ્રજાઓના મહિનાઓ તપાસીએ, અને તે તપાસમાં બારે મહિનાનાં નામો નહિ લેતાં માત્ર થોડાં ઘણાં લઇશું.

વેદના જમાનાના હિંદુઓમાં વપરાતા મહિનાઓમાં નીચે મુજબનાં નામો મળે છે:—

હિંદુઓના મહિના.

૧ લો	મહિનો (વસંતથી શરૂ થતો),	મધુ=મધ.
૩ જો	”	શુક્ર=ચળકતો.
૪ થો	”	શુચિ=બળતો.
૫ મો	”	નભસ=વરસાદનો.
૬ થો	”	નભસ્ય=વરાળનો.
૭ મો	”	ઇષ=ફળદ્રુપ.

હાલના હિંદુઓના નામ તારાઓના ઝુમખા (નક્ષત્ર) ઉપરથી રાખવામાં આવેલાં છે. જે નક્ષત્રમાં પુનેમનો ચંદ્ર આવે તે નક્ષત્રનું નામ તે મહિનાને આપવામાં આવેલું હતું, જેમકે, જે મહિનામાં પુનેમનો ચંદ્ર 'કૃતિકા' નક્ષત્રમાં આવે તે મહિનો 'કાર્તક.'

બાબીલાન દેશની અસ્લી પ્રજા જે અક્કેદીયન ને નામે ઓળખાતી હતી તેમના મહિનાઓનાં નામ નીચે મુજબ છે. તેમનું વરસ વસંતથી શરૂ થતું હતું:—

બાબીલોન્યન મહિના.

૪ થો	મહિનો	સુ-કુલ-ના	= બીજને ધરનાર.
૫ મો	”	અબ્-અબ્-ગર્	= આતશ બનાવનાર આતશ.
૯ મો	”	ગન-ગન્ન	= વાદળાંથી ભરાયલો.
૧૦ મો	”	અબ-બ-ઉદ્દુ	= રોશનીનો પિતા.
૧૧ મો	”	અસ્-અ-અન્	= વરસાદની બિસ્ચારી.
૧૨ મો	”	સે-કિ-સિલ્	= બીજનું વાવવું.

અક્કેડીયન લોક પછીની બાબીલોની સેમિટિક પ્રજાના મહિનાઓમાં નીચે મુજબ નામો મળે છે:—

વસંતથી ગણતાં બીજો મહિનો 'અઇરૂ'=ગાય ઢોરના વધારાનો.

" " પાંચમો મહિનો 'અબ્'=ગરમી. (ઉપર જણાવેલા અબ-અબ-ગરનું ટુંકું રૂપ.)

યાહુદીઓના મહિના. યાહુદી લોકના બાબીલોન દેશમાંના વસવાટ પછીના મહિના તે બાબીલોની મહિનાજ છે, અને તે હજી સુધી ચાલુ છે. પણ એ લોકની કેતાબ Old Testament માંથી એ લોકના આગળ વપરાતા મહિનાઓમાંના ચાર નામ નીચે મુજબ મળે છે:-

અબિબ્ = અનાજનાં કણુસલાંનો મહિનો.

ઝિવ્ = ફુલનો મહિનો.

એતાનિમ = પાણીઓની નેહરનો મહિનો.

બુલ = વરસાદનો મહિનો.

આરબોના મહિના. એમાં રબીઅ્ = વસંત રૂતુ, અને જુમાદા = બરફનું બંધાવું, એ નામો મળે છે.

હખામની વંશના ખીલા-રેકી લેખોમાંના મહિના. દાર્યવુશ વિશ્તાસ્પના પહાડ ઉપરના લેખોમાંના બે મહિનાનાં નામ નીચે મુજબ છે:—

થૂરવાહર = ચળકતી બહારની મોસમ

ગર્મપદ = ગરમીનો માર્ગ.

કદીમ ડચ લોકોના મહિના. વસંત રૂતુથી મહિના ગણતાં નીચે મુજબ નામ આવે છે:—

૧ લો મહિનો ગ્રાસ માઅન્દ = લીલાં ઘાસનો મહિનો.
૩ જો ,, ઝોમેર = ઉનાળાનો મહિનો
૪ થો ,, હુઇ = સુક્કાં ઘાસનો ,,
૫ મો ,, ઉસ્ત = પાક ઉતારવાનો ,,
૭ મો ,, વીન = શરાબ બનાવવાનો મહિનો
૯ મો ,, વીનતેર = શિયાળાનો ,,
૧૦ મો ,, લાઉવ = ઝાકળનો ,,

સેકસન લોકના મહિના સરખામણી માટે એમાંબી વસંતથી શરૂ થતા, યાને April ની મુકાબેલના મહિનાને પહેલો લીધો છે. નામો નીચે મુજબ મળે છે:-

૨ જો મહિનો ત્રિ-મિલ્ખી = ત્રણ વખત દુધ દોહવવાનો.
૪ થો ,, મીડ મોનાથ = બીડનો મહિનો.
૬ ઠ્ઠો ,, હરફેસ્ત મોનાથ= પાક ઉતારવાનો મહિનો.
૭ મો ,, વિન મોનાથ = શરાબ બનાવવાનો ,,

૯ મો મહિનો વિન્ટર મોનાથ = શિયાળાનો મહિનો.
૧૨ મો ,, હૂરેથ મોનાથ = તોફાની મહિનો.

અઢારમી સદીની આખેરીએ ફ્રેંચ લોકે જે તદન નવું પંચાંગ દાખલ કીધું હતું તેમાં મહિનાઓનાં નામો નીચે મુજબ હતાં:—

પહેલી ફ્રેંચ રીપબ્લિકના મહિનાઓ.

એઓનું વરસ સપ્ટેમ્બરની ૨૨ મીથી શરૂ થતું હતું:— પણ મુકાબલાને માટે વસંત રૂતુએ શરૂ થતા મહિનાને અહ્યાં પહેલો ગણ્યો છે.

૧ લો જેર્મિનાળ = કળી ફુટવાનો.
૨ જો ફ્લોરેઆલ = ફુલોને લગતો.
૩ જો પ્રેરિઆલ = બીડને લગતો.
૪ થો મેસ્સિદોર = અનાજનો પાક ઉતારવાનો.
૫ મો તેર્મિદોર = ગરમીનો.
૬ ટ્ટો ફ્રુક્તિદોર = મેવાનો.
૭ મો વાંદેમિએર = શરાબ બનાવવાનો, દરાખના પાકનો.
૮ મો બ્રિયુમેઇર = ધુમસનો.
૯ મો ફ્રિમેઇર = આકળનો.
૧૦ મો નિવોઝ = બરફનો.
૧૧ મો પ્લિયુવિઓઝ= વરસાદનો.
૧૨ મો વાંતોઝ = પવન ફુંકવાનો.

ચીનાઈ મહિનાઓ.

એની એક ટીપ Dr. Paul Carus ની બનાવેલી Chinese Thought નામની ચોપડીમાં આપી છે, અને તેમાં મહિનાઓનાં નામોમાં સમાયલી મતલબ નીચે મુજબ મળે છે:— એ મહિનાઓમાં પહેલો મહિનો વસંત રૂતુથી એક માસ આગમચથી શરૂ થાય છે, પણ આપણા મુકાબલાને માટે વસંતની શરૂઆતના મહિનાને પહેલો લીધો છે.

૩ જો મહિનો—ભોંયમાંથી છોડવાઓનું ફુટવું.
૪ થો ,, —પહેલી વનસ્પતિ.
૫ મો ,, —ગરમીનું ઘણું જોર.
૭ મો ,, —ફળોનો સ્વાદ.
૮ મો ,, —સર્દીનું વધવું.

સાલે મલિકીના મહિનાઓ.

ફર્હંગે જહાંગીરીમાં 'સાલે મલિકી' યાને સુલતાની સાલના મહિનાઓના નામો મળે છે. Dr. Hyde ના ધારવા પ્રમાણે એ મહિનાઓ યઝદેગર્દ શેહરીયારના વખતમાં વપરાતા હતા, પણ તે શા આધારે એમ કહે છે તે માલુમ પડતું નથી.

૧ લો મહિનો માહે નઓ = નવો મહિનો.
૨ જો „ નઓ બહાર = તાજી વસંત.
૩ જો „ ગર્મા અફ્ઝાય = ગરમી વધારનાર.
૪ થો „ રોઝ અફ્ઝાય = દહાડો લંબાવનાર.
૫ મો „ જેહાંન તાબ = દુન્યાને ગરમ કરનાર.
૬ ટ્ઠો „ જેહાંન આરાય = દુન્યાને શણગારનાર.
૮ મો „ ખેઝાન = પાનખર રૂતુ.
૯ મો „ સર્મા અફ્ઝાય = થંડી વધારનાર.
૧૦ મો „ શબ અફ્ઝુન = રાતનો વધારો.
૧૨ મો „ સાલ „ = સાલનો વધારો.

હવે ઇરાની મહિનાઓ ઉપર આવતાં આપણને જોવાનું છે કે એ મહિનાઓનાં નામ જે ઇઝદ અમેશાસ્પંદો ઉપરથી રાખવામાં આવેલાં છે તેઓ પણ ચોકસ રૂતુ ઉપર, યા કુદરતના દેખાવ ઉપર, યા ખેતી વગેરેનાં ચોકસ કાર્યો ઉપર મવકુફ છે કે? અને આ રીત પ્રમાણે મહિનાઓનાં નામોની ઉત્પત્તિ શોધતાં, મહિનાઓ રૂતુ વગેરેને બંધબેસ્તા આવે છે કે?

પુર્વ ઈરાનની આબોહવા, રૂતુ, વગેરે.

પણ આ તપાસ આપણે હાથમાં લઇયે તે પહેલાં ઇરાનની—મુખ્ય કરીને પુર્વ ઇરાન જે અવસ્તાનાં લખાણોવાલી અસલ ભૂમિ—ત્યાંની આબોહવા, રૂતુઓ વગેરે કેવા પ્રકારનાં છે તે આપણે જોવું જોઇએ. આ તપાસમાં આપણને થોડી ઘણી મદદ ખુદ અવસ્તામાંથીજ મળશે, અને થોડીઘણી ભૂગોળનાં તથા મુસાફરીનાં પુસ્તકો ઉપરથી મળશે.

અવસ્તાનાં લખાણોની ગવાહી ગાહાંમ્બારોનાં વર્ણન ઉપરથી મળે છે. મેદીયોઝરેમ ગાહમ્બાર જે વિષુવકાળથી એટલે નૌરોઝથી ૪૫ મે દહાડે આવે છે, યાને બીજા મહિનાની અધવચમાં, તેને વીસ્પરદમાં "પયંધો" એટલે દૂધનો કહયો છે, યાને એ વખતે ગાયઢોરમાં દૂધનો જોશ વધુ હોય છે. સૅકસન લોકોનો 'ત્રિ–મિલ્ખિ' (યાને ત્રણ વખત દૂધ દોહવવાનો) મહિનોબી વસંત રૂતુનો બીજો મહિનો હતો, અને Encyclopedia Britannica, Article Agriculture [edition 1882 page 344] ઉપરથી માલૂમ પડે છે કે વસંત રૂતુમાંજ વાછરડાંઓ જન્મે તેની સંભાળ ખેડુતો રાખે છે, કે જેથી તે વેળા ગાયઢોરને માટે ઘાસ-ચારાની સગવડ વધારે હોય.

અવસ્તાની ગવાહી.

મદ્યધ્યોશેહમ, યાને મધ્ય ઉનાળાનો ગાહાંમ્બાર ચોથા મહિનામાં આવે છે. એ વેળા અનાજની કાપણી થતી હતી તેનો પુરાવો વીસ્પરદમાંથી મળે છે, જ્યાં આ ગાહાંમ્બારને "વાસ્ત્રો દાતએન્યે" યાને ખેતરની પેદાયશની કાપણી-વાલો કહયો છે. આગલ ચાલતાં અલ-બેરૂની નામના આરબ ગ્રંથકારનાં,

લખાણમાંથી આપણે જોઇશું કે વસંત બેઠા પછીના ચોથા મહિનાની શરૂઆતે અનાજના તૈયાર થયલા પાક ઉપર મેહુસૂલ ઉઘરાવવામાં આવતું હતું, અને મેહુસૂલ ભરાયા પછી કાપણીનું કામ ચાલુ થાય.

પઇતિશેહમ યાને ફળોના પાકનો ગાહામ્બાર છઠ્ઠા મહિનામાં આવે છે વીસ્પરદમાં એને માટે "હહ્ય" એટલે 'ફળ' એ શબ્દ વાપરેલો છે.

અયાથ્રેમ ગાહામ્બાર જે સાતમા મહિનાની આખેરીએ આવે છે તે ગરમી ખલાસ થવાનો હિંગામ છે, અને એને માટે વીસ્પરદમાં વપરાયલા "વર્ષનિ હર્શ્ત" શબ્દો ઉપરથી માલૂમ પડે છે કે ગોસ્પંદોને, ગાયઢોરને ઉછેરવાની ક્રિયાનો એ ગાહામ્બાર હતો. ડા૦ ગાઇગર (જુઓ દસ્તુર દારાબનો તર્જુમો, વૉલ્યુમ પહેલું પાનું ૧૮૭) આ બાબદ વિષે આ પ્રમાણે લખે છે:—

"કદીમ ઇરાની ખેડુતો પોતાના ગાયઢોર અને ગોસ્પંદોને ઉનાળામાં નજદીકના પહાડો ઉપર ચરાગાહમાં લઇ જતા હતા, પાનખર રૂતુમાં તેઓને ખીણોમાં પાછાં લાવવામાં આવતાં હતાં, અને અહિયાં તેમને આખા શિયાળામાં બરફ અને આકળ સામે હુંફવાલા ઝાંપાઓમાં રક્ષણ મળતું હતું. આ પ્રમાણે પશુઓને સપ્ટેમ્બરને છેડે પાછાં લાવવા પછી નર માદાને સાથે થવા દેવામાં આવતાં હતાં, જેથી ઘેટાંઓનો જન્મ માર્ચ માસમાં થતો. એઓ ચરાગાહમાં એક ઉનાળો પસાર કરીને વધુ જોરાવર બન્યા પછી સખ્ત શિયાળાની થંડી ખમવા માટે, જે ઘેટાં જુલાઇ ઑગસ્ટમાં જન્મેલાં હોય તેમના કરતાં, વધારે શક્તિમાન થતાં."

મી૦ જમશેદજી નાદરશાહ "વર્ષનિ હર્શ્ત"નો અર્થ "Left by the rains" કરે છે તેબી અનુકુળ ગણાય કારણ કે આગળ જોઇશું તેમ વસંતના વિષુવકાળથી ગણતાં સાતમો મહિનો વરસાદના મહિનો પુર્વ ઇરાનમાં છે, અને ત્યાં વરસાદ પાનખર રૂતુના વિષુવકાળ (autumnal equinox) થી શરૂ થઇ ત્રણ ચાર અઠવાડીયાં રહે છે.

મઇધ્યારેમ ગાહામ્બાર* દશમા મહિનામાં આવે છે તે વીસ્પરદ પ્રમાણે થંડીની મોસમનો ગાહામ્બાર છે.

---

* મઇધ્યોશેહમ અને મઇધ્યારેમ ગાહામ્બારોની સાલચક્રમાં જગા ઇરાની વરસના બે મુખ્ય ભાગો હામીન અને ઝમેસ્તાન ઉપર આધાર રાખે છે. હામીન રૂતુ ૭ મહિનાની યાને ૪૨ પંચવાડીયાંની છે. તેનો અરધો ભાગ જે ૨૧ મું પંચવાડીઉં તે મઇધ્યોશેહમ ગાહામ્બાર. ઝમેસ્તાનની રૂતુ બાકીના પાંચ મહિના અને ગાથાના પાંચ દહાડા મળીને ૩૧ પંચવાડીયાંની છે. તેનો મધ્ય ભાગ તે ૧૬ મું પંચવાડીઉં, યાને વરસની શરૂઆતથી ૫૮ મું પંચવાડીઉં, અને તે મઇધ્યોશેહમ ગાહામ્બાર.

હમસ્પથમએદેમ ગાહામ્બાર* વરસને છેડે આવે છે. તે દિવસ અને રાત એકસરખાં થવાનો વખત છે. બીજી કેતાબોને આધારે

બીજી કેતાબોની ગવાહી. પુર્વ ઇરાનની રૂતુ વગેરેની વિગતો નીચે મુજબ મળે છે:—

Schulyer's Turkestan કેતાબ ઉપરથી જણાય છે કે ઘઉં અને જવની વાવણી આસરે સપ્ટેમ્બરની અધવચમાં થતી હતી અને આસરે 'મે' મહિનાની આખેરીએ અનાજ પાક ઉપર આવતો હતો. (Vol. 1, p. 290).

M'culloch's Geographical Dictionary, વિષય Bokhara (જે મુલ્કમાં આપણું કદીમ પાયતખ્ત 'બલ્ખ' આવેલું છે તે):—

"શિયાળામાં Oxus નદી બંધાઇ જાય છે અને ત્રણ મહિના સુધી બોખારામાં બરફ રહે છે. માર્ચ માસની શરૂઆતે વસંત રૂતુનો પહેલો દેખાવ થાય છે. ઉનાળામાં ગરમી વધતી જઇને નહિ ખમાય તેવી થાય છે. કદાચજ વરસાદનાં ઝાપટાં પડે છે, અને ચાર માસ સુધી કોહિક નદી સુકાઇ જાય છે, અને બોખારાના શેહરમાં તથા મુલ્કમાં પાણીની તાણના રોદરા હોય છે. ઉનાળો ઑક્ટોબર સુધી લંબાય છે, જ્યારે પખવાડીઆંનો અથવા ત્રણ અઠવાડીઆંનો ચાલુ વરસાદ પડે છે. વરસાદ અવારનવાર ફેબ્રુઆરીની આખેરી સુધી આવે છે......બલ્ખમાં ઉનાળાની ગરમી ઘણી આકળી હોય છે. ઘઉંની વાવેતર પાનખર રૂતુમાં થાય છે અને કાપણી જુલાઇમાં."

---

* હમસ્પથ્મએદેમ' શબ્દનો ચોકસ ખાતરીપુર્વક અર્થ થયો નથી. 'હમ' એટલે 'સરખુ'' લઇયે તો રાત અને દિવસ સરખાં થવાનો ઇશારો માલૂમ પડે છે. 'હમ'નો અર્થ 'ઉનાળો, ગરમી'બી થઇ શકે છે, તે લઇયે તો મારા મિત્ર મી૦ બેહરામગોર અંકલેસરીયાની સૂચના પ્રમાણે 'પથ'નો અર્થ 'માર્ગ'' લઇ શકાય, અને હમસ્પથમએદેમનો અર્થ ગરમીના 'માર્ગનું જશન' યાને 'હામીન બેસવાની તૈયારીનું જશન' થઇ શકે છે. 'હમ' અને 'પથ'ની વચ્ચે જે 'સ' આવ્યો છે તે માત્ર euphony ને માટે છે, જેમ કે 'ઉપ' અને 'પુથ્રીમ'નો 'ઉપસ્પુથ્રીમ' શબ્દ થાય છે.

હમસ્પથમએદયના મૂળ અર્થ વિષે મને બીજું એમ સૂજે છે કે એ શબ્દ સંસ્કૃત "સમ્પાત-મેધ"ને મળતો આવે છે. "સમ્પાત'' = એકસરખો રસ્તો અને તે Equinoctial Circle ને લાગુ પાડવામાં આવેલો છે. 'મેધ' એટલે 'ભોગ, ક્રિયા.' અવસ્તા શબ્દનો અર્થ ત્યારે એમ થઇ શકે કે સૂર્ય Vernal Equinox ઉપર આવે તે ટાંકણે કરવાની ક્રિયાઓ. વીસ્પરદમાં એની સિફત 'અરેતો કરૅથ્ન'નો અર્થ 'સરખું કરવું' લઇયે તો Equinox નો ખ્યાલ આપે છે.

Charles knight's English Cyclopedia, Article 'Geography'—

"બલ્ખ—જૂન મહિનામાં પારો ૮૦° થી ઉપર જતો નથી. ઘઉં આ માસમાં પાકે છે."

"બોખારા—ઉનાળો માર્ચથી શરૂ થાય છે અને ઑક્ટોબર સુધી રહે છે. આ મોસમમાં વરસાદ પડતો નથી. વરસાદ પહેલ વહેલો ઑક્ટોબરમાં પડે છે જ્યારે તે બેથી ત્રણ અઠવાડીઆં ચાલુ રહે છે. નવેમ્બર અને ડીસેમ્બરમાં થોડું થોડું બરફ બંધાવા માંડે છે. સૌથી વધારે થંડીનો મહિનો જાનેવારી છે. ફેબ્રુઆરીમાં વરસાદ પાછો શરૂ થાય છે, અને તે માસની આખેરી સુધી રહે છે. ઘઉંની વાવેતર પાનખર રૂતુમાં થાય છે અને કાપણી જુલાઇમાં."

Fraser's Journey to Khorasan—Appendix p. 96.

"ખરીફનો પાક ઘઉં અને જવ, (જે અનાજોની આ મુખ્ય મોસમ છે તે) અને જુવારીનો બનેલો હોય છે. એની વાવેતર પાનખર રૂતુમાં થાય છે, અને કાપણી જૂન માસની શરૂઆતે."

Wood's Journey to Oxus. Ch. XXII:—

"વાખાનમાં મુખ્ય પાક વટેણા અને જવનો છે. ઘઉંબી ઉગાડવામાં આવે છે, પણ ઓછા પ્રમાણમાં......જુલાઇમાં પાકની કાપણી થાય છે."

અલ-બેરૂનીના કહેવા પ્રમાણે: —

દક્ષિણાયન (summer solstice) ને વખતે અનાજ પાકેલો રહેતો હતો જેથી એ પ્રસંગે પાદશાહો મેહસૂલ ઉઘરાવતા હતા. શિયાળાના છેલ્લા મહિનામાં સખ્ત પવન ફુંકવાથી તથા બરફના પિગળવાથી થંડી સખ્ત લાગતી હોવાને લીધે આતશ ચાલુ બળતો રાખવો પડતો હતો.

દાર્યવુશ વિશતાસ્પના કોતરેલા લેખોમાં ઘણી ગરમીનો મહિનો 'ગર્મપદ' નામનો છે અને તે વસંતના બેસવાથી પાંચમો મહિનો હતો.

ઉપલાં સઘળાં લખાણોનો સાર.

આ સઘળી વિગતો ઉપરથી પૂર્વ ઇરાનની રૂતુ અને કુદરતી બનાવો વગેરેનું પંચાંગ નીચે પ્રમાણે આપણે ઉપજાવી શકીએ છીયે:—

માહ પહેલો—વસંત રૂતુનું બેસવું.

" બીજો—અવસ્તા પ્રમાણે તેમજ બીજી શહાદતો પ્રમાણે ગોસ્પંદોમાં દુધનો જોશ.

માહ ત્રીજો—અનાજનું તૈયાર થવું.

" ચોથો—અવસ્તા અને બીજી શહાદતો પ્રમાણે અનાજની કાપણી.

" પાંચમો—ઘણી ગરમી.

માહ છઠ્ઠો—અવસ્તા પ્રમાણે ફળોના પાક ઉતારવાનો વખત.

,, સાતમો—વરસાદની ખરી મોસમની શરૂઆત, મહિનાના પહેલા ભાગથી. મહિનાની આખેરીએ ગોસ્પંદોને ઉછેરવાનો બંદોબસ્ત, અવસ્તા પ્રમાણે.

,, આઠમો—ગોસ્પંદો ઉછેરવાનું ચાલુ.

,, નવમો—વાવેતર.

,, દશમો—થંડીનો ગાહાન્બાર.

,, અગિયારમો—શિયાળાનો વરસાદ.

,, બારમો—પવન અને સર્દીનો મહિનો.

હવે આપણે એ મહિનાઓ સાથે ઇઝદ અમેશાસ્પંદોનો સંબંધ કેવી રીતે રાખવામાં આવ્યો છે તે જોઇએ.

મહિનાઓ સાથે ઈઝદોનો સંબંધ.

વસંતની શરૂઆતે કુદરતમાં જે ફેરફાર થાય છે અને કુદરત ગોયા નવો જન્મ લે છે તે વખતે બેસતા મહિનાને દએ અથવા દથુશો એટલે "કિર્તારને લગતો" એ નામ ઘણું બંધબેસતું આવે છે.

ત્યારપછીનો મહિનો, જે ગાયઢોર અને ગોસ્પંદમાં દૂધના જોશનો, તેને ગોસ્પંદો ઉપરના મવક્કલ અમેશાસ્પંદ બેહુમનનું નામ બંધબેસતું આવે છે. આપણે જોઇ ગયા કે Saxon લોકોનો "ત્રિ-મિલ્ખિ" અને બાબીલોન્યનોનો 'અઇરૂ' બી ગોસ્પંદોને લગતા મહિના હતા, અને એજ વખત ઉપર આવતા હતા.

આપણે જોયું કે ચોથો મહિનો અનાજની કાપણીનો છે, તો ત્રીજા મહિનામાં અનાજનાં કણસલાં પાકીને તૈયાર થયલાં હોવાં જોઇયે, અને તેથી કરીને ફળદ્રુપ ધર્તિના અમેશાસ્પંદ અસ્પંદારમદનું નામ ત્રીજા મહિનાને ઘણું અનુકુળ છે.

ચોથો મહિનો ફરવરદીન તે ફ્રવશીઓને લગતો છે. એને રૂતુઓની પેદાયશ સાથે લાગતુંવળગતું નથી. પણ એ મહિનામાં Summer Solstice (દક્ષિણાયન) થાય છે અને બીજીબી કેટલીક પ્રજાઓનાં ગુજરેલાંઓની ક્રિયાઓનો સંબંધ Summer Solstice સાથે રાખેલો મળે છે, જેમકે બાબીલોન્યન લોકોનો "તમુઝ" અને કદીમ ઇજીપશીયન લોકોનો "થોથ"* મહિનો એ બન્ને ગુજરેલાંઓની યાદના મહિના હતા અને તે Summer Solstice સાથે તાલુકો રાખતા હતા. હિંદુઓનાં શ્રાધનો મહિનો જે ભાદ્રવદ તે પણ વેદોના જમાનામાં Summer Solstice સાથે સંબંધ ધરાવતો હતો, પણ પાછળથી

---

* નબોનસરના સને પછીથી ઇજીપ્શીયન બિન-કબીસાઇ વરસમાં "થોથ"ની જગા બદલાતી રેહતી હતી.

નક્ષત્રી અને ફસલી વરસ વચ્ચેના ફેરને લીધે, ધીરે ધીરે જગા બદલતો હાલમા સપ્ટેમ્બરમાં આવે છે. એ વિષે જુઓ મી૦ તીલકની 'Orion.'

પાંચમો મહિનો ઘણો ગરમીનો, તેને ગરમી ઉપરના મવક્કલ અમેશાસ્પંદ અર્દીબેહસ્તનું નામ ઘણું અનુકુળ છે. બાબીલોન્યન પંચાંગમાં French Republic ના પંચાગમાં, દાર્યવુશ વિશ્તાસ્પના કોતરેલા લેખોમાં, એ સઘળાંમાં પાંચમો મહિનો ગરમીના મહિના તરીકે ઓળખાયો છે.

છઠ્ઠો મહિનો મેવાના પાકનો છે. હવે તેને ખોરદાદ સાથે શું સંબંધ તે પહેલી નજરે માલૂમ પડી શકતું નથી. આપણે ખોરદાદ અમેશાસ્પંદને પાણી ઉપર મવક્કલ ગણીએ છીયે, પણ તે પાછળનું રૂપ છે. તેની આગમચ તેનો અધિકાર શું હતો ? ખોરદાદનો અવસ્તા બોલ "હુઉર્વતાત્" છે, જેનો અર્થ "તનદરૂસ્તી, પુષ્કળપણું, આબાદી (abundance)" થાય છે. વળી ભણતરોમાં હુઉર્વતાતની સાથે નીચલી ચીજોને હંમેશા યાદ કરેલી જોવામાં આવે છે:—"યાઇર્યાંમ હુષિતીમ્," યાને ફસલોની આબાદીને, અને "સરેધેમ" યાને સાલને. હવે ફળફળાદીનો પાક સારો ઉતરે તે ઉપર ફસલોની આબાદીનો આધાર છે, માટે 'પઇતિશહેમ' ગાહામ્બારના મહિનાનું આ રીતે ખોરદાદ સાથે જોડાણ થયલું આપણે જોઇએ છીયે. વળી આપણે આગળ જોઈ ગયા કે 'સરેધ' તે અસલમાં સર્દ રૂતુથી યાને વરસાદની રૂતુથી બેસતું વરસ હતું. વળી આપણે જોયું કે પુર્વ ઇરાનમાં વરસાદની રૂતુ autumnal equinox થી યાને વસંત બેસવા પછીના સાતમા મહિનાથી શરૂ થતી હતી. ત્યારે 'સરેધ' તે સાતમા મહિના 'તીર'થી શરૂ થઇ છઠ્ઠા મહિના ખોરદાદમાં પુરૂં થતું ખેડુતોનું વરસ હતું, અને 'ખોરદાદ' તે 'સરેધ'નો આખેરીનો મહિનો અને છેલ્લા પાકને ઉતારવાનો મહિનો હોવાથી, તેને 'સરેધ'ની સરદારી આપવામાં આવી હતી.*

ઇરાની સાતમો મહિનો વરસાદનો હતો અને વરસાદનો ઇજદ તે તીર ઇજદ છે, માટે સાતમા મહિનાને તિશ્ત્ર અથવા તીરનું નામ મળ્યું.†

---

* કદાચ એમ બી હોય કે કબીસો કરતી વેળાએ 'સરેધ' વરસના છેલ્લા મહિના ખોરદાદની પછવાડે કબીસાનો મહિનો મુકાતો હોય, અને તેથીબી ખોરદાદને 'સરેધ'ની સરદારી મળી હોય. ખોરદાદને મુકાબેલ બાબીલોન્યન લોકોનો 'એલુલ' મહિનો હતો, તેબી અધિક માસ તરીકે વપરાતો હતો, જોકે કોઇ વેળા 'નિસન' અને કોઇ વેળા આદરબી અધિક તરીકે લેવાતો હતો.

† તીર મહિનો વરસાદનો મહિનો હોવાની સાબેતી 'તીરંગાન'નાં જશનનાં બીજા નામ ઉપરથી મળે છે, જે નામ છે "આબ-રીઝગાન" યાને પાણીના રેડાવાનું અથવા વરસાદ પડવાનું જશન. અલ-બેરૂનીએ ભૂલથી એ નામ બહમન મહિનાના અનેરાન રોજને લાગુ પાડેલું છે, પણ બીજા ગ્રંથકારો તથા ફારસી ફરહંગો તેને વાજબી રીતે 'તીરંગાન'નું જશન કહે છે. એ જશનની ઉત્પત્તિ વિષે અલ-બેરૂની અને બીજા ગ્રંથકારો જે કથા લખી જાય છે તે પાછળી બનાવટ છે. (જુઓ Dr. Hyde નું પુસ્તક, પાનું ૨૪૨).

સાતમા મહિનાની આખેરીએ 'અયાથ્રેમ' ગાહાન્બાર જે ગોસ્પંદો ઉછેરવાનો હિંગામ તે શરૂ થાય છે અને અલબત તે કાર્ય આઠમા મહિનામાં ચાલુ રહેવું જોઇએ. આ પ્રમાણે ૮ મો મહિનો ગોસ્પંદોનાં ટોળાના વધારાને લગતો છે, અને તેને અમરદાદ અમેશાસ્પંદ સાથે આ કારણથી સંબંધ છે કે અમરદાદની સિફતમાં 'ફ્રષઓનિ વાંથ્વ' યાને 'ટોળાંઓનો વધારો' એ શબ્દો શીરોજા તથા હુમન યશ્ત વગેરેમાં ઘણી વેળા આવે છે. કોઇ અવસ્તાના અભ્યાસીઓ 'ફ્રષઓનિ વાંથ્વ'નો અર્થ (ગોસ્પંદોના) "ટોળાંનું ફરબેપણું" કરે છે, તેમ જો લઇએ તોબી અમરદાદ આઠમા મહિનાને માટે અનુકુળ નામ ઠરે છે, કારણ કે ગાયઢોરનું ફરબેપણું ઘાસચારા ઉપર આધાર રાખે છે, જેનો નેગેહબાન અમરદાદ છે, અને સાતમા મહિનાના વરસાદથી આઠમા મહિનામાં ઘાસચારો પુષ્કળ ઉગી નિકળવાથી ગોસ્પંદોને પુરતો ખોરાક મળી શકે છે.

નવમો મહિનો વાવેતરનો. એને નામ શેહરેવરનું મળ્યું છે તે વિષે આગળ વિવેચન આવશે.

દશમો મહિનો ઉત્તરાયન (Winter Solstice) ના સૂર્યનો, જ્યારથી દિવસ વધવા માંડે છે. દિવસની રોશની ઉપર મેહર ઇજદ મવક્કલ છે તેથી એ મહિનાને મેહરનું નામ મળ્યું. આગળ આપણે જોઇશું કે રોમન લોકોમાં જ્યારે મેહર ઇજદની પરસ્તેશ દાખલ થઇ ત્યારે તેઓએ મેહર ઇજદનો તેહવાર પાળવાનો દહાડો (Winter Solstice) નો ઠરાવ્યો હતો. બાબીલોન દેશની અસલી પ્રજા (અક્રેડીયન) ના દશમાં મહિનાનું નામબી "રોશનીનો પિતા" એવાં અર્થવાલું હતું તે આપણે જોઇ ગયા.

અગિયારમો મહિનો શિયાળાના વરસાદનો. વરસાદની મુખ્ય મોસમ તો સાતમા મહિનામાં શરૂ થઇ ચુકેલી, અને સાતમા મહિનાને વરસાદના ઇજદ તીરનું નામ મળ્યું. ત્યારે આ મહિનાને પાણીના ઇજદ આવાંનું નામ અનુકુળ આવે છે. અક્રેડીયન લોકોનો અગિયારમો મહિનોબી "વરસાદની બિસ્યારી" ને નામે જણાયલો હતો.

બારમો મહિનો તે શિયાળાની આખેરીની સખ્ત થંડી, સર્દી અને પવનનો. અલબેરૂની કહે છે કે આ કારણથી આ મહિનામાં ઘરના બધા ઓરડાઓમાં આખો વખત આતશ સળગાવી રાખવો પડતો હતો, અને તે કારણથી આ મહિનાને આદરનું નામ મળ્યું.*

આ પ્રમાણે આપણે જોઇ ગયા કે આપણા મહિનાઓનાં નામોને રૂતુ વગેરે સાથે સંબંધ છે.

---

* અથવા એમ પણ હોય કે જેમ જેમ આ મહિનો પુરો થવા પર આવે તેમ ગરમી પોતાનો પહેલો દેખાવ સહેજ સહેજ દેવા માંડે, તેથી આ મહિનાને ગરમીના ઇજદ આદરનું નામ અપાયલું હોય.

વધુ તપાસ કરતાં એક બીજી નવી બીના જાહેર થાય છે, અને તે એ કે મહિનાઓમાં છ અમેશાસ્પંદો (બેહમનથી અમરદાદ) ના નામો પાછળથી મુકાયલાં છે, અને અવસ્તામાં અમેશાસ્પંદોને ચોકસ પેદાયશો વગેરે ઉપર જે અધિકાર બક્ષવામાં આવ્યો છે તે તેમનાં નામ સાલ-ચક્રમાં ગોઠવાયા પછીથી થયલું છે. દરેક અમેશાસ્પંદના નામવાલો મહિનો ચોકસ રૂતુ, પેદાયશો, વગેરે સાથે સંબંધ ધરાવતો લાંબા વખત સુધી જોવામાં આવ્યા પછી તે અમેશાસ્પંદને તેના નામવાલા મહિના સાથના બનાવો વગેરે ઉપર મવક્કલ ઠરાવવામાં આવેલો છે.

અવસ્તામાં અમેશાસ્પંદોના અધિકાર વિષે નીચે મુજબ લખાણુ મળે છેઃ-

અમેશાસ્પંદોના અધિકાર — હુસન યશ્તના દીબાચામાં તથા સીરોજા યશ્તમાં અમેશાસ્પંદોનાં નામો સાથે ચોકસ સેફાતો આવે છે.

બેહુમનની સાથે :—

"આક્ષ્તીમ્ હામ્ વઇન્તીમ્" = મહોબત ભરેલી સુલેહ.
"આસ્નેમ્ ખ્રતૂમ" = જાતી અક્કલ.
"ગઓષો-સુતેમ્ ખ્રતૂમ" = કાને સાંભળીને મેળવેલી અક્કલ.

અરદીબેહુસ્તની સાથે :—

"અઇર્યમન" = શાન્તિ.
"સઓક" = સુખ.

શેહરેવરની સાથે :—

"અયોક્ષુસ્ત" = ધાતુ.
"મરેજ્દિક" = રેહમદિલી (mercy).
"ધ્રાયોદ્રિગૂ" = ગરીબોનું પોષણુ (charity).

અસ્પંદાદની સાથે :—

"રાતાંમ્ વંઘુહીમ્ વોઉરૂ-દોઇથ્રાંમ" = ભલી મોટી આંખવાલી (compassionate) સખાવત.

ખોરદાદની સાથે :—

"યાઇર્યામ્ હુષિતીમ્" = ફસલોની આબાદી.
"સરેધ" = વરસ.

અમરદાદની સાથે :—

"ફ્શઓનીમ વાંથ્વાંમ્" = (ગોસ્પંદોનાં) ટોળાંનો વધારો.
"અસ્પીનાચ યેવીનો" = અનાજનો વધારો.
"ગઓ કૅરૅન" = એકજાતનો પાલો.

વળી વંદીદાદમાં આર્મઇતિ (અસ્પંદાદ) જમીન તરીકે, અને ક્ષથ્રવઇર્ય (શેહરેવર) ધાતુના હથિયાર તરીકે વપરાયલા નજરે પડે છે.

અમેશાસ્પંદો જેમ પાછલથી કલ્પવામાં આવેલા છે તેમ ગાથામાં નથી.

પણ બેહમનથી અમરદાદ સુધીનાં નામોને આ પ્રમાણે અમેશાસ્પંદો તરીકે, યાને ચોક્કસ (function) અધિકારવાલા ઉચ્ચ દરજ્જેના ઇજદો તરીકે અશો જરથોશ્ત સાહેબની ઘણાં પછીના કોઇએક જમાનામાં મુકરર કરવામાં આવ્યા છે. ખુદ ગાથાઓમાં એ નામો માત્ર ચોકસ ગુણોનાં યા સિફાતી નામો છે, અને કોઇ કોઇ ઠેકાણે કવિતાઇ કલ્પનાના કાયદાએ એમને ચોક્કસ ગુણોનાં જીવતાં રૂપ (Personification) તરીકે ગણેલાં છે. પણ તેમાં અને ચોકસ પેદાયશો ઉપર અધિકાર ધરાવનાર ફર્દીયત (individuality) વચ્ચે ઘણો ફેર છે.

બેહમનનો ગોસ્પંદો ઉપરનો આધિકાર, અર્દીબહેશ્તનો ગરમી ઉપરનો, શેહેરેવરનો ધાતુઓ ઉપરનો, અસ્પંદાદનો જમીન ઉપરનો, ખોરદાદનો પાણી, વરસ તથા ફસલો ઉપરનો, અને અમરદાદના ઝાડપાન તથા ગોસ્પંદોનાં ટોળાંના વધારા ઉપરનો અધિકાર, એમાંનું કશું ગાથાઓમાંથી મળતું નથી. પણ તે છતાં ચોક્કસ ફકરાઓમાંથી એવાં અધિકારનો એશારો મળી શકે છે એમ કેટલાંક અભ્યાસીઓ માને છે. માટે તે ફકરાઓ આપણે તપાસીયે.

બેહમન વિષે : 'ઉસ્-મોઇ ઉજ્જારેંષ્વા અહુરા' વાલા ફકરામાં (યસ્ન-૩૩, ૧૨) આ શબ્દો આવે છે:—

"આપ મને ભલાં-મનને લીધે ગાયદોરની સરદારી (વાહૂ મનન્હા ફ્રૅસૅરતૂમ)." પણ તે ઉપરથી બેહમન કાંઇ પશુઓનો રક્ષક ઠરતો નથી, કારણ કે તેજ ફકરામાં આર્મઇતિ યાને ડહાપણને લીધે કૌવત અને અશોઇને લીધે શુરાતન માગવામાં આવેલાં છે; પણ આર્મઇતિ (અસ્પંદાદ) કૌવત ઉપર, અને અષ (અર્દીબહેશ્ત) શુરાતન ઉપર મવક્કલ નથી.

અસ્પંદાદ વિષે : (યસ્ન, હા ૪૭–૩):—

"અહ્યા મન્યેઉશ્ તવેમ્ અહિ તા સ્પૅંતો,
યે અહ્માઇ ગાંમ્ રાન્યો-સ્કૅરૅતીમ્ હેમ્–તષત્
અત્ હોઇ વાસ્ત્રાઇ રામા-દાઓ આર્મઇતીમ્
હ્યત્ હેમ્ વૉહૂ મજ્દા હેમૅ-ફ્રશતા મનન્હા."

અર્થ—"ઓ મજ્દ આ મિનોનો તું આ પ્રમાણે મદદગાર છે (તું કે) જે રામશ્ની બક્ષનારો તેણે હમારે માટે ખુશાલી પેદા કરનારી ગાયને બનાવી અને તેને સારૂ પોષણ થકી ભલાં-મન મારફતે સલાહ પામેલું ડહાપણ (wisdom counselled by good mind) (બનાવ્યું)". [કાંગા]

Harlez પ્રમાણે છેલ્લા ભાગનો અર્થ એમ છે કે ગાયને ઘાસ-ચારાને માટે આર્મઇતિ યાને જમીન આપેલી છે, તેણીએ (યાને આર્મઇતીએ) બેહમન સાથે મસ્લહત કર્યા પછી.

પણ આર્મઇતિ તે જમીન એમ ગાથાના ફકરામાં તો નથી.

ખોરદાદ અને અમરદાદ વિષે—મર્હૂમ દાર્મેસ્તેતેએ 'હુઉર્વતાત અને અમૅરેતાત' નામના પોતાના એક રેસાલામાં પુરવાર કરવાની કોશેશ કીધી છે કે એ બે નામોનો ખોરાક પાણી તરીકે તથા ખોરાક પાણી ઉપરના મવક્કલ ફરેસ્તાઓ તરીકેનો અર્થ ખુદ ગાથામાંથી મળી આવે છે. પણ જે ફકરાઓ એણે આપેલા છે તે એની તકરારને ટેકો આપનારા લાગતા નથી.

"દાઇદી મોઇ યે ગાંમ્ તષો અપસ્ચા ઉર્વરાઑસ્ચા
અમૅરેતાતા હુઉર્વાતા સ્પેનિશ્તા મઇન્યુ મજ્દા
તૅ વીષી ઉતયૂઇતી મનહ્વા વૉહૂ સેંહ્વે". (યસ્ન ૫૧, ૭.)

અર્થ:—"અએ વૃદ્ધિ કરનાર મિનો હોરમજ્દ (તું કે) જેણે બનાવ્યાં ગાય પાણી અને ઝાડપાનને, આપ મને અમરપણું અને તંનદરોસ્તી, શક્તિ અને ટકાઉપણું અને ભલાં મન વડે ધર્મબોધ". [કાંગા]

અહિયાં ખાકી (material) ચીજો, ખોરાક પાણીની નહિ પણ મિનોઇ (abstract and spiritual) ચીજોની માગણી છે.

"અત તોઇ ઉબે હુઉર્વાઑસ્ચા ખરૅથાઇ આ અમૅરેતતાઓસ્ચા વહ્વેઉશ ક્ષથ્રા મનહ્વો અષા મત્ આર્મઇતિશ વક્ષત
ઉતયૂઇતિ તૅવીષી તાઇશ આ મજ્દા વીદ્વએષામ્ ત્વોઇ અહિ." (યસ્ન ૩૪, ૧૧.)

ઉપલો ફકરો ઘણો ગુચવણભરેલો છે. દાર્મેસ્તેતે પ્રમાણે પહેલી લીટીનો અર્થ, "હુઉર્વતાત અને અમૅરેતાતનો ખોરાક તું આપે છે" પણ, "તું આપે છે" શબ્દો અસલમાં નથી.

મર્હૂમ એર્વદ કાંગા પ્રમાણે "હુઉર્વતાત અને અમૅરેતાત ત્હારા ખોરાકને માટે છે." પણ 'ત્હારા' શબ્દ ખોરાકની સાથનો નથી, અને 'છે' શબ્દ અસલમાં નથી. હાર્લેનો તર્જુમો વધારે સારો લાગે છે:—

"બન્ને હુઉર્વતાત અને અમૅરેતાત, તથા આર્મઇતિ, તેમજ વોહુમનોની સત્તા ત્હારી કીર્તિને માટે બુલંદ થયલાં છે. એ મજ્દ તેમને લીધે સુખ અને શકિત છે. એ મજ્દ! તું ત્હારી પોતાની મેળે ભલાઇ છે."

પણ નીચલો તર્જુમો મને વધારે દરૂસ્ત લાગે છે:—"ત્હારા બન્ને (જે) તનદરોસ્તી અને અમરપણું (તેમ)ના ખોરાક (યાને ખિલવણી અને વધારા) ને માટે, ભલાં-મનની સત્તા વડે, અને સાથે અશોઇ વડે, ડહાપણ વધારે છે ટકાઉપણા અને શકિતને. તેઓ વડે એ મજ્દ ત્હારી ભલાઇ તરફ તું છે."

ખોલાસો:—તનદરોસ્તી અને અમરપણાની ખિલવણીને માટે શકિત અને ટકાઉપણું અવશ્યનાં છે. છેલ્લાં બેને માણસ પોતાનાં ડહાપણથી વધારી શકે છે, અને તેમાં તેને અશોઇની જીંદગીની અને ભલાં મનની સત્તાની મદદ મળે છે. એ સઘળાંમાં મજ્દની ભલાઇ પ્રગટ થાય છે.

"દાતા વે અમૅરેતાઑસ્ચા ઉતયૂઇતિ હુઉર્વતાસ દ્રઑનો". (યસ્ન ૩૩, ૮.)

અર્થ:—"ઓ હુઉવતાત અને અમૅરતાત તમો આપો (તે) ભેટ (જે) ટકાઉપણુ."

"મજ્દાઑ દદાત અહુરો હુઉર્વતો અમૅરતાતસ્ચા
બૂરોઇશ્ આ અષષ્યાચા ખાપઇટ્યાત્ ક્ષથ્રહ્યા સરો,
વહ્હેઉશ્ વજ્દ્રે મનહ્હો યે હોઇ મઇન્યુ શ્યઑટ્નાઇશ્ચા ઉર્વથો."
(યસ્ન ૩૧, ૨૧.)

અર્થ:—"અહુરમઝદ જે શખ્સ તેનો મનથી અને કામથી દોસ્ત (છે) તેને પોતાની મેળે બખશશે તનદરોસ્તી, અમર્ગી, અને આબાદીની તરફ (લઇ જનારી) અશોઇની અને હુકુમતની સરદારી."

"કથા અષા તત્ મીજ્દેમ હ્નાની
દસા અસ્પાઑ અર્ષનવઇતીશ્ ઉશ્ત્રેમ્ચા
હ્યત મોઇ મજ્દા અપિવઇતિ હુઉર્વાતા
અમૅરતાતા યથા હી તઍઇબ્યો દાઑહ્હા." (યસ્ન ૪૪, ૧૮.)

અર્થ:—"ઓ મઝદ, અશોઇ વડે હું મેળવીશ કે તે ઇનામ?—દશ હુમેલદાર ઘોડી અને એક ઉંટનું, જેને માટે મને કબુલાત અપાયલી છે, જે મુજબ વ્હારા તરફથી બખ્શેશ, તનદરોસ્તી અને અમર્ગીની કબુલાત (અપાયલી છે).

ઉપલો તર્જુમો બાર્થોલોમી પ્રમાણે છે. તે "યથા હી"નો અર્થ "જે મુજબ" અને "દાઑહ્હા"નો અર્થ "બખશેશ" કરે છે.

ઉપલા ફકરાઓ ઉપર દાર્મેસ્તેતેની દલીલનો મુખ્ય આધાર છે, પણ આપણે જોઇયે છીયે કે બીજાઓના કરેલા તર્જુમા મુજબ તેમાંથી એના કહેવા મુજબનો સાર નિકળતો નથી. ત્યારે હુપ્તન યશ્તના દીબાચા અને સારોજામાં આવેલા અમેશાસ્પંદોના અધિકાર વિષેનો તથા બીજા અધિકાર જે તેમને પાછળથી અપાયા તે વિષેનો એશારો આપણને ગાથામાંથી મળતો નથી.

બેહમનનો સુલેહ અને અક્કલ સાથનો સંબંધ તો એ શબ્દના અર્થ ઉપરથીજ મળે છે, પણ ગોસ્પંદ સાથનો નહિ. તેમજ અર્દીબહેશ્તનો સુખ અને શાંતિ સાથનો સંબંધ 'અષ'ના અર્થ 'અશોઇ' ઉપરથી મળે છે, પણ ગરમી સાથનો નહિ. "ક્ષથ્ર" એટલે સત્તાને mercy તથા charity સાથે સંબંધ છે, પણ ધાતુ સાથે નહિ. 'સ્પેન્ત આર્મઇતિ' યાને વૃદ્ધિ કરનાર ડહાપણનો સંબંધ સખાવત સાથે હોઇ શકે, અને તે ઉપરથી જમીનનેબી લાગુ પાડી શકાય.*

---

* મહુંમ શેઠ ખ. રૂ. કામા પ્રમાણે 'આર્મઇતિ'માંનો ધાતુ 'અર'નો અર્થ 'મેહેનત કરવી' 'ખેડવું' થાય છે, અને મેહનતમાં ખરી મોટાઇ સમાયલી હોવાને લીધે, તેનો બીજો અર્થ 'મોટાઇ (nobility)' થાય છે. ત્યારે આર્મઇતિ તે મેહેનત કરવાની મતિ અથવા ઉમદા વિચાર.

હુર્વતાત યાને તનદરોસ્તી તથા સંપુર્ણતા (wholeness) એનો સંબંધ ફસલોની આબાદી સાથે, કે સાલની સાથે, કે પાણીની સાથે, ખુદ નામના અર્થ ઉપરથી મળતો નથી. તેમજ અમેરતાત યાને અમર્ગીનો સંબંધ ટોળાંઓના વધારા સાથનો કે ઝાડપાન સાથનો ઉપજી શકતો નથી.

ત્યારે અમેશાસ્પંદોના ચોક્કસ પેદાયશો વગેરે ઉપરના અધિકાર શા ઉપરથી નક્કી કરવામાં આવ્યા તે તપાસવાની જરૂર રહે છે. મારા વિચાર પ્રમાણે તેઓનાં નામ વરસ ચક્રમાં મહિનાઓ તરીકે ગોઠવાયા પછી, જુદા જુદા મહિનાઓમાંના કુદરતી બનાવો તથા પેદાયશોના ફેરફાર વગેરે ઉપરથી તે પેદાયશો વગેરે સાથનો તેમનો સંબંધ નક્કી કરવામાં આવેલો છે.

ત્યારે પહેલે કેવી રીતે તે નામો વરસ–ચક્રમાં ગોઠવવામાં આવ્યાં ?

મહિનાઓનાં નામ તપાસતાં આપણને 'અહુરમજદ' શબ્દની ગેરહાજરી તુરત દેખાઇ આવે છે. એ શબ્દને બદલે અહુરમજદનું સેંકાતી નામ, 'દથુશો' તરીકે, છઠ્ઠી વિભક્તિમાં છે, એનું હાલનું રૂપ "દએ" છે.

વરસ–ચક્રમાં અમેશાસ્પંદોનાં નામો કેમ ગોઠવાયાં ?

બીજું એ કે છ અમેશાસ્પંદો બબેના ઝુમ્ખામાં 'દએ'થી 'મેહર' સુધીમાં ગોઠવાયલા છે. 'દએ' પછી બે અમેશાસ્પંદો અને 'ફરવરદીન'; પછી વળી બે અમેશાસ્પંદો અને 'તીર'; પછી વળી બે અમેશાસ્પંદો અને 'મેહર'. આ પ્રમાણે તરકીબી (artificial) ગોઠવણ નજરે પડે છે. આ ઉપરથી અનુમાન કરાય છે કે અસલ બાર મહિનાનાં નામોમાંથી છ નામો કાઢી નાખીને નવાં મુકયાં છે, અને છ નામો જુનાં રહેવા દીધાં છે. "દથુશો" નામબી જુના નામોમાંનું છે. પહેલાં (pre–Zoroastrian) સાલ ચક્રમાં અમેશાસ્પંદોનાં નામો હોઇ શકે નહિ કારણ કે તે ગાથાના જમાના પછી હસ્તીમાં આવ્યાં. તેમને બદલે અસલમાં કયા ઇજદોનાં નામો સાલ-ચક્રમાં હશે તે આપણે જાણતા નથી. આપણે જે જોઇ શકીએ છીયે તે એટલું કે વરસની ચાર ફસલો જે મહિનાનાં નામોથી શરૂ થાય છે તે નામોને એમનાં એમ રહેવા દીધામાં આવ્યાં છે—યાને દએ, ફરવરદીન, તીર અને મેહર, અને 'મેહર' પછીના બે મહિનાનાં નામોબી અસલવારેનાજ, રૂતુને બંધબેસતાં, કાયમ રાખેલાં છે; કારણ કે માત્ર છ નામોને માટે જગા કરવાની હતી, અને તે પહેલા નવ મહિનામાં આવી ગયાં એટલે બાકીના મહિનાઓને છેડવાની જરૂર રહી નહિ.

રોજોના નામોમાં અમેશાસ્પંદોની જે જગા છે તેના આંકડા લઇને આપણે જોઇએ છીયે તો આ પ્રમાણે આંકડાઓની તરકીબ નજરે પડે છેઃ—

બેહમન અને અસ્પંદાદ = ૨ + ૫ = ૭
અર્દીબહેશ્ત અને ખોરદાદ = ૩ + ૬ = ૯
અમરદાદ અને શેહરેવર = ૭ + ૪ = ૧૧

યાને, સરવાળા ૭, ૯, ૧૧ એમ ચઢતી series માં આવે છે. પણ આ પ્રમાણેની series ની મકસદ રાખવામાં આવેલી નથી તે આપણે આ ઉપરથી કહી શકીએ કે અમરદાદ અને શેહરેવરને બદલે શેહરેવર અને અમરદાદ કાં નહિ લેવામાં આવ્યા, તેનો ખોલાસો મળતો નથી, અને વળી એવીજ series બીજી રીતેબી ગોઠવી શકાય, જેમ કે:—

૩ + ૪ = ૭; ૨ + ૭ = ૯; ૫ + ૬ = ૧૧


બીજું વળી સરવાળાની ચઢતી series ૮, ૯, ૧૦ આવે તેમબી એ નામો ગોઠવી શકાય છે, જેમ કે:—

૩ + ૫ = ૮; ૨ + ૭ = ૯; ૪ + ૬ = ૧૦; વગેરે.

ત્યારે ઉપલી રીતથી આપણને ખરો ભેદનો ખોલાસો મળતો નથી.

પણ 'સાત'ના પવિત્ર ગણાયલા આંકડામાંથી એ ભેદની ચાવી આપણને મળતી હોય એમ લાગે છે. સાતનો આંકડો માત્ર ઇરાનીઓમાંજ નહિ પણ ઘણીએક પ્રાચિન પ્રજાઓમાં પવિત્ર ગણાયલો છે, જેવી કે હિંદુ, બાબીલોન્યન, મિસરી, યાહુદી, યુનાની, ચીનાઇ.

હવે એ સાતના આંકડાની ભેદી ગણત્રી કેમ કરવી તે આપણે જોઇએ:—



આ આકૃતિમાં મહિનાનાં નામ એક કુંડાળાંમાં ઘડીયાળના કાંટાથી ઉલટી રીતે ફરતા અનુક્રમે લખેલાં છે, પણ છ અમેશાસ્પંદોની જગા હાલ તુરત ખાલી રાખી છે. દએ આગળ I નો આંકડો છે, ફરવરદીન આગળ IV

વગેરે. પાસેના કૉલમમાં બેહમનથી અમરદાદ સુધીનાં નામો જે અનુક્રમે રોજોમાં આવે છે તેમ લખ્યાં છે.

હવે કુંડાળાંમાં 'હએ'ની પાસેની ખાલી જગા જ્યાં II નો આંકડો છે ત્યાંથી ખાલી જગાઓ ઉપર એક, બે, ત્રણ એમ સાત સુધી આંગળી મુકીને ગણતા જાવો (ઘડીયાળના કાંટાની ગતિથી ઉંધી ગતિ પ્રમાણે), અને જ્યાં સાતની સંખ્યા ખતમ થાય ત્યાં કૉલમમાંનું પહેલું નામ મુકો:—

ખાલી જગાઓ:—	II	III	V	VI	VIII	IX	II
ગણત્રી	૧	૨	૩	૪	૫	૬	૭

એટલે II ના આંકડા આગળ ૭ ની સંખ્યા પુરી થઇ માટે અહિયાં કૉલમમાંનું પહેલું નામ બેહમન મુકીએ.

જે જગા આપણે ભરી તેની પાસેની ખાલી જગાથી હવે શરૂ કરવું જોઇયે, યાને III થી અને વળી ખાલી જગાઓ ઉપર આંગળી મુકતા જઈ ૭ સુધી ગણો.

ખાલી જગાઓ:—	III	V	VI	VIII	IX	III	V
ગણત્રી:—	૧	૨	૩	૪	૫	૬	૭

તો હવે ૭ ની સંખ્યા નંબર V આગળ પૂરી થાય છે. ત્યાં મુકો કૉલમમાંનું બીજું નામ અર્દીબહેશ્ત.

છેલ્લી ભરેલી જગા નંબર V પાસેની ખાલી જગાથી પાછી ઉપર પ્રમાણે ગણત્રી કરો:—

ખાલી જગાઓ:—	VI	VIII	IX	III	VI	VIII	IX
ગણત્રી:—	૧	૨	૩	૪	૫	૬	૭

હવે સાતની સંખ્યાં નંબર IX આગળ પુરી થાય છે, ત્યાં મુકો કૉલમમાંનું ત્રીજું નામ શેહરેવર.

જે જગા આપણે છેલ્લી ભરી તેની પાસે પાંચ ભરેલી જગાઓ આવે છે, અને પહેલી ખાલી જગા નંબર III વાલી છે. ત્યાંથી પાછી ઉપર મુજબ ગણત્રી કરો:—

ખાલી જગાઓ:—	III	VI	VIII	III	VI	VIII	III
ગણત્રી:—	૧	૨	૩	૪	૫	૬	૭

હવે સાતની સંખ્યા નંબર III આગળ પૂરી થાય છે. ત્યાં મુકો કૉલમમાંનું ૪ થું નામ અસ્પંદાદ.


નંબર III પછી બે ભરેલી જગા આવે છે અને ત્યારપછી પહેલી ખાલી જગા નંબર VI છે. ત્યાંથી ઉપર મુજબજ ગણત્રી કરો:—

ખાલી જગાઓ:—	VI	VIII	VI	VIII	VI	VIII	VI
ગણુત્રી:—	૧	૨	૩	૪	૫	૬	૭

હવે સાતની સંખ્યા નંબર VI આગળ પૂરી થાય છે માટે ત્યાં મુકો કૉલમમાંનું પાંચમું નામ ખોરદાદ.

હવે માત્ર એકજ ખાલી જગા રહેલી છે, નંબર VIII. એને માટે ગણુત્રીની જરૂર નથી. ત્યાં બાકી રહેલું નામ અમરદાદ મુકીએ.

હવે કુંડાળું તપાસીશું તો નીચે મુજબ નામો ગોઠવાયલાં જણાશેઃ—



યાને અમેશાસ્પંદોનાં તથા ઇજદોનાં નામો સાલ-ચક્રમાં, જે અનુક્રમે જોઇયે તે અનુક્રમે, બરાબર આવી રહ્યાં.

અહિયાં જણાવવું જોઇયે કે ઉપર મુજબની ગણુત્રી 'દએ' માહ પાસેની ખાલી જગાથી શરૂ કરતાંજ બરાબર પરિણામ આવશે. બીજે કોઇ ઠેકાણેથી શરૂ કરીએ, જેમ કે ફરવરદીન પાસેની ખાલી જગા આગળથી, તો તે મેહનત ફોકટ જશે.

આ પ્રમાણે, ત્યારે, સાલ-ચક્રમાં અમેશાસ્પંદોનાં નામોની ગોઠવણુની ચાવી આપણુને મળે છે.

રાજોના અનુક્રમ, બેહમન, અર્દીબેહશ્ત, શેહરેવર વગેરેનો ઉપયોગ કાં નહિ કરવામાં આવ્યો, અને ઉપર મુજબની બેદી ગણુત્રી કાં કરવામાં આવી હશે તે કહી શકાતું નથી. એટલું આપણે જાણીએ છીયે કે અસલી ઇરાની ધર્મગુરૂઓ જે 'મગવ' અથવા 'મજુસ'ને નામે ઓળખાતા હતા તેઓ

ગુપ્ત વિદ્યામાં (Magic and Mysteries માં) કુશળ હતા અને ઉપર પ્રમાણેની '૭' ની ગણત્રીમાં તેમની કાંઇ મતલબ સમાયલી હશે.

એને મળતો દાખલો અઠવાડિયાંના સાત 'વાર'ને લગતો છે. એ સાત ગ્રહો (ખરી રીતે સૂર્ય અને છ ગ્રહો)નાં નામો છે. તેમની ગતિને અનુક્રમે તેમનો અનુક્રમ નીચે મુજબ છે:—


ચંદ્ર, બુધ, શુક્ર, રવિ, મંગળ, ગુરૂ અને શનિ. વારોનાં નામમાં જુદો અનુક્રમ આવે છે તેનો ખોલાસો બે રીતનો મળે છે. એક એ કે દહાડાની ૬૦ ઘડીઓમાંની દરેક ઘડી ઉપર એક ગ્રહને વારાફરતી સરદારી આપવામાં આવેલી હતી અને તે પ્રમાણે પહેલી ઘડીની સરદારી જે ગ્રહની હોય તેનું નામ તે દહાડાને મળે.

દાખલા તરીકે સોમવારે પહેલી ઘડી ઉપર ચંદ્રની સરદારી, બીજી ઉપર બુધની, ત્રીજી ઉપર શુક્રની, વગેરે એમ અનુક્રમે લેતાં ૬૦ મી ઘડી ઉપર સૂર્યની સરદારી, અને તે પછીની ઘડી જે બીજા દહાડાની પહેલી ઘડી તેની ઉપર મંગળની સરદારી આવે. આ મુજબ બધા વારોને નામ મળ્યાં.

એજ પ્રમાણે બાબીલોન્યનો દહાડાના ૨૪ કલાક લઇને દરેક કલાક ઉપર એક ગ્રહને સરદારી આપતા હતા, પણ તેઓ ઉંધો અનુક્રમ લેતા હતા. સઉથી દૂરના અને સઉથી ધીમી ચાલના ગ્રહને પહેલો, યાને :—

શનિ, ગુરૂ, મંગળ, સૂર્ય, શુક્ર, બુધ અને ચંદ્ર. શનિવારે પહેલા કલાક ઉપર શનિની સરદારી, બીજા ઉપર ગુરૂની એમ લેતાં ૨૪ મા કલાક ઉપર મંગળની સરદારી, અને ત્યાર પછીનો કલાક જે બીજા દહાડાનો પહેલો કલાક તે ઉપર રવિની સરદારી હોવાથી તેનું નામ રવિવાર.

હવે એ ગ્રહોના નામોને આપણે કુંડળાંમાં ગોઠવીએ.



<— આવી રીતે બાબીલોન્યન અને —> આવી રીતે હિંદુઓનો અનુક્રમ.

અગરજો આપણે કોઇબી નામ આગળથી શરૂ કર્યે અને <— આવી રીતે ગણતાં તે નામ આગળથી ચોથું નામ તેની પછીના વારનું નામ આવશે. દાખલા તરીકે મંગળથી ચોથું નામ બુધ એટલે મંગળ પછી બુધવાર.

હવે આ ૪ નો આંકડો વારોના અનુક્રમની ખરી ચાવી નથી તે તો ખરી ચાવીનું એક પરિણામ છે.

તેમજ ઉપલી મહિનાઓની ગણત્રીમાં '૭' ના આંકડાની ગણત્રી કોઇ ચોકસ બીજી ગણત્રીનું પરિણામ છે, પણ તે બીજી ગણત્રી શું તે શોધી કાઢવાનું રહ્યું છે.

અમેશાસ્પંદોના અધિકાર કેમ નક્કી થયા ?

હવે આ મુજબ અમેશાસ્પંદોનાં નામો સાલ-ચક્રમાં ગોઠવાયા પછી ઘણા લાંબા કાળના અનુભવથી જ્યારે જોવામાં આવ્યું કે વસંતથી શરૂ થતાં વરસના બીજા મહિના બેહમનમાં ગાયઢોરમાં બચ્ચાં જન્મવાનો અને માદાઓમાં દૂધના જોશનો વખત છે, તે ઉપરથી બેહમન અમેશાસ્પંદ ગોસ્પંદ ઉપર મવક્કલ ગણાયો.

ત્રીજા મહિના અસ્પંદાદમાં ધાન્ય પાકવું હોવાથી, અને એ બખ્શેશ આપણને જમીનની તરફથી મળે છે તેથી, તેમજ નામ 'સ્પેન્ત આર્મઇતિ'માં શબ્દ 'સ્પેન્ત' = વૃદ્ધિ કરનાર, હોવાથી અસ્પંદાદ અમેશાસ્પંદ જમીન ઉપર અને સખાવત ઉપર અધિકાર ધરાવે છે. પણ બનવાજોગ છે કે 'આર્મઇતિ' શબ્દના ધાતુ અર (=ખેડવું) ઉપરથીબી એ શબ્દ જમીનને લાગુ પાડવામાં આવ્યો હોય કારણ કે વેદમાંબી 'આર્મતિ' શબ્દ ડહાપણ તેમજ જમીનને માટે કેટલેક ઠેકાણે વપરાય છે.

પાંચમા મહિના અર્દીબેહસ્તમાં સખ્ત ગરમી પડતી હોવાને લીધે અર્દીબહેસ્ત અમેશાસ્પંદ ગરમી ઉપર મવક્કલ ગણાયો.

છઠ્ઠો મહિનો ખોરદાદ, ફળ ફળાદીના પાક ઉતારવાના 'પઇતિશેહુમ' ગાહાન્બારનો છે, તેથી ખોરદાદ અમેશાસ્પંદ ફસલોની આબાદી ઉપર મવક્કલ થયો. વળી સર્દીની રૂતુથી (Autumnal Equinox થી) શરૂ થતા ખેડુતી સાલનો ખોરદાદ છેલ્લો મહિનો હોવાથી, અને પાક ઉતારવાના હિંગામે આ મહિનો બરાબર આવી લાગે તેથી ખેડુતી વરસમાં આ મહિનાને છેડે કુબીસો થતો હોવાથી ખોરદાદ અમેશાસ્પંદ 'સરેધ' યાને સાલનો સરદાર થયો.

Autumnal Equinox થી યાને તીર મહિનામાં વરસાદની મોસમ બેસે છે, પણ તેની શરૂઆત વાદળાંના ઘેરાવા રૂપે, તથા હવામાં ભિનાશ રૂપે આગમચથી, યાને ખોરદાદ મહિનામાં થતી હોવાથી, ખોરદાદ અમેશાસ્પંદને પાણી ઉપરનો અધિકાર મળ્યો.

સાતમા મહિના 'તીર'માં સારો વરસાદ પડયા પછી આઠમા મહિના 'અમરદાદ'માં ઘાસચારો, વનસ્પતિ, ગઓ-કેરેન નામનો હોમનો પાલો, એ સર્વ મોટા જથામાં ફુટી નિકળે, તે ઉપરથી અમરદાદ અમેશાસ્પંદ વનસ્પતિનો સરદાર થયો. તેમજ આપણે આગળ જોયું કે 'અયાથ્રેમ' ગાહાન્બારથી શરૂ થયલી ગોસ્પંદો ઉછેરવાની ક્રિયા, આ માહમાં ચાલુ રહેતી હતી, તે ઉપરથી અમરદાદ અમેશાસ્પંદને "ટોળાંના વધારા" ઉપર નેગેહબાન ગણવામાં આવ્યો.

નવમા મહિના શેહરેવરમાં ખેતી, યાને હળ વડે જમીન ખેડવાનું અને વાવણીનું કામ ચાલતું હતું, અને તેમાં ધાતુના ઓજારોનું કામ પડતું હોવાથી શેહરેવર (ક્ષથ્રવઇર્ય) ધાતુઓ ઉપર મવક્કલ ગણાયો. હળ ખેંચવાથી

જે નિખ પડે છે તેવી નિખ પાડવા માટે ('કર્ષ'* ખેંચવા માટે) 'ક્ષથ્રવઇર્ય' વાપરવાનું આપણને વંદીદાદમાં જણાયલું છે. (જુઓ પરગર્દ ૯–૧૦, ૧૭–૬, ૧૭–૮)

આ ઉપરથી માલૂમ પડે છે કે 'ક્ષથ્રવઇર્ય' શબ્દ ધાતુનાં ઓજારોમાં પહેલો હળ, અથવા દાંતાળા (harrow), જેવા હથિયારને લાગુ પાડેલો હોવો જોઇયે, અને પાછળથી કોઇબી ધાતુને માટે વપરાસમાં આવ્યો, જે 'મેહર યશ્ત'ના ૧૨૫ મા ફકરા ઉપરથી તથા વંદીદાદની ૧૬ મી પરગર્દના ૬ ટ્ઠા ફકરા ઉપરથી માલૂમ પડે છે.

સાર.

હવે આપણે આ વિવેચનનો સાર ખેંચીએ.

કદીમ કાળમાં, કદાચ અશો જરથોશ્તના જમાનાનીબી આગળ, જ્યારે મહિનાઓનાં નામો ઇજદો ઉપરથી આપવામાં આવ્યાં ત્યારે તે નામો રૂતુઓ તથા રૂતુઓની પેદાયશ, બનાવો, વગેરેને આધારે આપવામાં આવ્યાં હતાં. તેમાં બેહમનથી અમરદાદ સુધીના છ અમેશાસ્પંદોનાં નામ હતાં નહિ. દાદાર અહુરમજ્દનું નામ 'દથુશો' તરીકે મહિનામાં હતું. 'દથુશો' અથવા 'દએ' તે વસંત રૂતુ શરૂ થવાનો મહિનો હતો.

પાછળથી, યાને જરથોશ્ત સાહેબના જમાના પછી જ્યારે વોહુમન, અષ, ક્ષથ્ર, વગેરે અમેશાસ્પંદો તરીકે ગણાવા લાગ્યા ત્યારે તેમની જગા સાલ–ચક્રમાં કરવામાં આવી. ચાર રૂતુઓની શરૂઆત દેખાડનારા મુખ્ય મહિનાઓને તેમની જગા ઉપરજ કાયમ રાખવામાં આવ્યા, અને વચમાં વચમાં અમેશાસ્પંદોની જગા ઉપર જણાવેલી ચોકસ ભેદભરેલી ગણત્રીથી કરવામાં આવી.

વધુ એક જમાનો ગુજર્યા પછી, જ્યારે અમેશાસ્પંદોનાં નામવાલા મહીનાઓમાં રૂતુના ચોકસ દેખાવ, પેદાયશ, વગેરેની સાથે તે મહિનાઓ નિયમીત આવતા જણાયા ત્યારે તે પેદાયશો વગેરેની ઉપર અમેશાસ્પંદોને જુદો જુદો અધિકાર આપવામાં આવ્યો. એ જમાનાઓમાં વસંત રૂતુથી ગણતાં પહેલો માહ તે 'દએ' હતો, ચોથો 'ફરવરદીન,' સાતમો 'તીર,' બારમો 'આદર,' વગેરે.

બાબીલોનમાં જ્યારે, ઇ૦ સ૦ પૂર્વે ૨૪૦૦ થી ૨૨૦૦ સુધી આશરે, ઇરાનીઓનો અમલ હતો ત્યારે, (Borossus પ્રમાણે Median જરથોશ્તીઓનો અમલ હતો ત્યારે) બાબીલોન્યન લોકના મહિનાઓમાં આપણા મહિનાઓનાં નામ થોડાં ઘણાંક દાખલ થયાં. તેમાનાં બે નામો તો ઘણા પાછળા જમાનાઓ

---

* 'કર્ષ' તે હળથી પડેલી નિખનેજ લાગુ પાડી શકાય, કારણ કે એ શબ્દ ઉપરથી નિકળેલા બીજા શબ્દો ખેતીને લગતાજ છે, જેમકે 'કર્ષ્ય'=ખેડી શકાય તેવી, 'કર્ષિવંત'=ખેડુત વગેરે.

સુધી લગભગ અસલ રૂપેજ જળવાઇ રહયાં, અને બીજાંઓમાં ફેરફાર થયો. જે નામો જળવાઇ રહયાં તે સાતમા મહિનાનું નામ 'તિશ્રિ' (આપણો તિશ્ત્રય = તીર) અને બારમા મહિનાનું નામ 'આદર'. યાહુદીઓના મહિનાઓનાં નામો બાબીલોન્યન નામોજ છે.

યાહુદી અને બાબીલોન્યન મહિનાઓનાં નામો અવસ્તામાંનાં નામો છે એમ દેખાડવાની જર્મન વિદ્વાન બેન્ફીએ Monats Namen નામની ચોપડીમાં ઘણાંક વરસો ઉપર કોશેશ કીધી હતી. તેમાંનાં કેટલાંક નામો અવસ્તા ઉપરથી નિકળેલાં હોય તે વિષે હાલના વિદ્વાનોને શક છે, પણ ઉપલાં બે નામ, 'તિશ્રિ' અને 'આદર' તો ખાસ ઇરાની નામોજ છે એમ ઘણા વિદ્વાનો હજુબી માને છે. ગાથાઓનો તર્જુમો કરનાર Rev. Dr. Mills પોતાનાં એક પુસ્તકમાં જણાવે છે કે બાબીલોન્યન નામો 'તિશ્રિ' અને 'આદર' ઇરાની તિશ્ત્રય' અને 'આતર'નાંજ રૂપ છે. (જુઓ "Zarathushtra, The Achaemenids and Israel પાના ૪૪૬, ૪૪૭")

ત્યારે ઘણા આગળા જમાનામાં, ઇ૦ સ૦ ની પૂર્વે બાવીસ સદીઓ આગમચબી આપણો સાતમો મહિનો 'તીર,' અને બારમો 'આદર' હતો, યાને વસંત રૂતુથી ગણુતા 'દએ' પહેલો હતો, તેની આ અચુક ગવાહી છે.

ત્યારપછી ઘણે લાંબે કાળે—૧૭ સદીઓ પછી—હુખામની અમલના વખતમાં, દાર્યવુશ વિશ્તાસ્પના કોતરેલા લેખોમાં તદન જુદાજ મહિનાઓનાં નામો નજરે પડે છે. બનવાજોગ છે કે તે વખતમાં દીની અને વેહુવારૂ પંચાંગો જુદાં હોય. વળી એમ પણ હોય કે આપણા મહિનાઓ ઇરાનના આખા મુલકમાં ચાલુ ન હોય, અને મુખ્ય બાખ્ત્રીયા અને મીડિઆના મુલકોમાં ચાલુ હોય. મીડિઅન ધર્મગુરૂઓ, જેઓ 'મગવ' અથવા 'મજુસ' તરીકે જણાયલા હતા, તેઓનો દોર દાર્યવુશ વિશ્તાસ્પના વખતમાં હતો નહિ. પણ તેની પછીના શેહનશાહોના વખતમાં તેમનું ચલણ વધતું ગયું, અને હુખામનીઓએ ઘણીક મીડિઅન રાહરસમો અખ્ત્યાર કીધી. તે વેળા 'ફ્રવરદેગાન'ના દહાડા વસંત-રૂતુ બેસવાની તુરત આગમચ આવતા હતા, એટલુંજ આપણે જાણી શકીયે છીયે. યાહુદીઓએ આપણા Xerxes પાદશાહના અમલમાં પોતાના તહેવારોમાં 'પુરિમ' નામનો તહેવાર દાખલ કીધો, જે યાહુદી ધર્મપુસ્તકોના અભ્યાસીઓના મત પ્રમાણે, આપણા 'ફ્રવરદેગાન'ના દહાડા ઉપરથી લીધેલો છે. (જુઓ Encyclopedia Britannica, Vol. XX, page 115, Article 'Purim')

યાહુદીઓનો 'પુરિમ'નો તહેવાર એ લોકોના 'આદર' મહિનામાં પડે છે, જે વસંત રૂતુ બેસવાની આગમચનો મહિનો છે. ત્યારે ઇરાનીઓનો 'ફ્રવરદેગાન'નો તેહવારબી વસંત રૂતુ બેસવાની આગમચ આવતો હોવો જોઇયે. પણ તે દહાડા ઇરાની આદર માહને છેડેજ હતા એમ પુરવાર કરવાને માટે આ દલીલ પુરતી નથી.

ઇસ્કન્દર પછીના યૂનાની રાજ્યના વખતમાં સીરિઅન-ગ્રીક મહિના જે બાબીલોન્યન મહિનાઓ ઉપરથી સેહજસાજ ફેરફાર સાથે લેવામાં આવ્યા છે તેમાંથી 'તિશ્રિન' મહિનો Autumnal Equinox નો હતો, અને 'આદર' મહિનો વસંત રૂતુ બેસવાની આગમચનો મહિનો હતો.

સીરિઅન-ગ્રીક મહિના.

હાર્યવુશ વિશ્તાસ્પના વખતથી તે ઇસ્કન્દરના જમાના સુધી 'કૅપૅડોશિયા'નો મુલક ઇરાનીઓના હાથમાં હતો, અને તે લોકોએ એ અૈયામમાં આપણા મહિનાઓ પોતાનાં પંચાંગમાં દાખલ કીધેલા હતા. તે મહિનાઓનાં નામ 'Florentine Hemerology' ઉપરથી બેન્ફીએ પોતાના 'Monats Namen' નામના ગ્રંથમાં ઉતારી લીધા છે, અન તે આ પ્રમાણે છે:—

કૅપેડોશિયન મહિના.

અર્તન્ય	=	ફ્રવરદીન.
અર્તએસ્તિન	=	અર્દીબેહશ્ત.
અરોતાત	=	ખોરદાદ.
તીરી	=	તીર.
અમર્તાત	=	અમરદાદ.
ક્ષન્થ્રિઓરી	=	શેહરેવર.
મિથ્રિ	=	મેહર.
અપોનેમામી	=	આવાં.
અર્થ્ર	=	આદર.
દથુસ	=	દએ.
ઓસ્મન	=	બેહમન.
સોન્દર	=	અસ્પંદારમદ.

બધાં મળીને ૧૦ લિસ્ટ છે, જેમાં નામોના ઉચ્ચારમાં સેહજસાજ ફેર છે. એમાંનાં લિસ્ટો નંબર ૧, ૬, ૮, અને ૧૦ માં મહિનાઓ 'તીરી'થી શરૂ થતા આપેલા છે, અને બીજાંઓમાં ફ્રવરદીન (અર્તન્ય) થી. પણ વરસની શરૂઆત કઇ રૂતુથી હતી તે જાણી શકાતું નહિ હોવાથી, આપણે કહી શકીએ નહિ કે કઇ રૂતુ સાથે કયા મહિનાને સંબંધ હતો.

આપણે જોયું કે સીરીયા અને એશ્યા માઇનરના ભાગોમાં વરસની શરૂઆત 'તિશ્રિન' યાને તીર માહથી થતી હતી અને તે માસ Autumnal Equinox સાથે સંબંધ ધરાવતો હતો. તેમજ જે લિસ્ટોમાં કૅપૅડોશિયનોનો તીરી' મહિનો* પહેલો છે તે autumnal equinox ને ટાંકણે

* અસલનું અવસ્તા રૂપ 'તિશ્ત્રિય' બદલાઇને 'તીરી' થયું છે તે દેખાડે છે કે એ જમાનો અવસ્તા જમાનાની પછીનો છે. હખામનીયન જમાનાબી 'તીરી' રૂપ માણસોના નામમાં મળે છે.

શરૂ થતાં વરસનો પહેલો મહિનો હોવો જોઇયે, અને 'તીરી' જો પાનખર રૂતુનો છે તો અર્તન્ય (યાને ફ્રવરદીન) Summer Solstice ને ટાંકણે શરૂ થતો મહિનો હોવો જોઇયે.

આ વિવેચનનો પહેલો ભાગ અહિં ખતમ થાય છે, અને એ ઉપરથી આપણે જોઇ શકીએ છીયે કે જ્યારે ઇરાની પંચાંગ હસ્તીમાં આવ્યું અને મહિનાઓનાં નામ અપાયાં ત્યારે, યાને અવસ્તા ભાષાના જમાનામાં હએ, ફ્રવરદીન, તીર અને મેહેર મહિનાઓ ચાર મોસમો (વસંત, ઉનાળો, પાનખર અને શિયાળો) ની શરૂઆતના મહિના હતા અને Vernal equinox, Summer solstice, Autumnal equinox અને Winter solstice ની સાથે તાલુકો રાખતા હતા.

સાસાની અમલમાં મહિનાઓ કઇ મોસમ ઉપર આવતા હતા તેનું વિવેચન બીજા ભાગમાં આવશે.



મરહુમ શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાનાં મરણ બાબે ઠરાવ

જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળીની એક સભા તા૦ ૨૮ મી ઑગસ્ટ, ૧૯૦૯, અને વાર શનીને દીને બાઇ ભીખાઇજી બંગાળી કન્યાશાળાનાં દિવાનખાનાંમાં એર્વદ શેહરિયારજી દાદાભાઇ ભરૂચાનાં પ્રમુખપદ હેઠળ મળી હતી. જે વેળા મી૦ કામાજીનાં મરણ માટે નીચલો દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો:—

> "જરતોશ્તી દીનની ખોલ કરનારી મંડળીના પિતા, સ્થાપક અને બાહોશ ઓલમા તથા પ્રમુખ મી૦ ખુરશેદજી રૂસ્તમજી કામાજીનાં મરણની નોંધ આ સભા દુ:ખ સાથે લે છે. તેમનાં મરણથી મંડળીએ એક ખરો રાહબર, એક દિલસોજ મુરબી ખોયો છે કે જેથી મંડળીને ન પુરાય એવી ખોટ ગઇ છે. જબાનશનાસી અને વ્યાકરણને નિયમે અવસ્તા ભાષાની તાલીમ આપવાની શરૂઆત તેઓથી થઇ હતી, અને હાલના વિદ્યાર્થીઓનો વર્ગ તેમનાથી ઉત્પન્ન થયો હતો અને તેઓ હાલના શાગેર્દોના ઉસ્તાદના ઉસ્તાદ હતા."

આ ઠરાવ રજુ થતાં એર્વદો શેહરિયારજી, એદલજી આંટયા અને નોશેરવાન દેશાઇએ મર્હુમના સંબંધમાં કેટલુંક વિવેચન કીધું હતું, જે પછી કાંઇપણ વધુ કામ બજાવ્યા વિના મંડળી બરખાસ્ત થઇ હતી.

[રાસ્ત ગોફ્તાર, ૨૯ મી ઑગસ્ટ, ૧૯૦૯.]



HISTORY OF THE DINKAṚṬ MS. OF THE MULLA FIRUZ KITAB-KHANAH

From what Mullâ Fîrûz says on pp. 138-141 of his *Awîzah Dîn* (1830), it appears that Mullâ Bahman son of Mullâ Bahrâm of Yazd had come to India in 1152 A. Y. (1783 A. C.) and presented the original Dînkarṭ MS. now in the Mullâ Fîrûz Kitâb-khâna to Aspandyârjîsâh Ratanjîsâh of Surat. Copies were made of this MS. in 1156 A. Y.; but before the copies were made Dastûr Kâusjî bin Rûstamjî of Surat had taken the original from Mullâ Bahman and would not return it to the latter until he promised to give Dastûr Kâusjî a copy of it; Mobad *S*âpûrjî Nâdarsâh-nâ copied the original for Dastûr Kâusji, but Dastûr Kâusjî had removed certain folios of the original MS. before it was copied for himself and returned the original MS. to Mullâ Bahman in an imperfect state, not returning the folios removed before the copy for himself was made. A copy of the original after it became imperfect was presented by Aspandyârjîsâh Ratanjîsâh to Bahmanji Wâdîajî of Bombay, which copy was lent by Ratanjî Wâdîâ to Edaljî Dârâbji Sanjânâ, in whose hands it seems to have remained. See Dr. West, S. B. E., Vol. XXXVII, Int., p. xxxvi.

The MS. in its defective state, now lying in the Mullâ Fîrûz Kitâb-khânah, contains 322 folios with 70 folios missing from seven different points. The whole MS. must have contained 392 folios. Fourteen folios are lying loose in the volume, forty-three seem to be in Dastûr Pesôtanjî Sanjânâ's library, who is said to have got them from Dastûr Rustamjî Kaikôbâdjî of Navsari; seven folios lie in Dastûr Hôshangjî's library at Poona; six are supposed to be missing. Of these six, the first folio, one folio in Book VII, two in Book IX, and the last two containing a colophon and notes of approval, must have been lost before the MS. arrived in India.

The MS. was written and completed by Dastûr *S*atrîyâr Ertêsîr-i Aîrîj-i Rôstahm-î Aîrîj-i Kobât Aîrân-*s*â in the Pârsîk year 865 (=1516 A.C.) and finished on the day Aûhrmazd of the month Spendarmat. He edited his *daftar* from that of Dastûr Vîzan-î Yazt-ayîyâr Vîzan, consulting Gav Spendyât Gav Mâh-ayîyâr, and he copied it from that of Marzpân-î Spendyât-i Marzpân Mitr-âwân Spendyât Mitr-âwân-i Marzpân-i Dahi*s*n-ayîyâr-i Rôz-vêh-i *S*âh-martân-î *S*âtân Ko*s*âh. It is worthy of note that this Marzpân-i Spendyât, copyist of the Dînkart, fifth descendent of Mitr-âwân-i Marzpân-i Dahi*s*n-ayîyâr, is the great-great-grand-nephew of Rôstahm-i Mitr-âwân-i Marzpân-i Dahi*s*n-ayîyâr, writer of the 'Yô*s*t-i Fryân' and 'Artâ Vîrâf' in the Pârsîk year 618 (= A. C. 1269). His copy of the Dînkart must have been written in about A. C. 1402.

K_{43}

The Kopenhagen MS. of the Dinkart was written by Mitr-Âwân Anô*s*a-rûbân Rôstahm *S*atrîyâr Mâhvindât Vahârâm Gu*s*i*s*nîyâr Mitr-âwân and finished on the day Gô*s* of the month Mitr in the Pârsîk year 943 (=1594 A.C.). It must be descended from the same original as that of Dastûr *S*atrîyâr, the writer of the Mullâ Fîrûz Kitâb-khâna MS.

Dr. Andreas has published the Facsimile of 'Mînôê-i Khrat' written by the same scribe. See Introduction to Ervad Tahmuras's Facsimile of the *Iranian Bundahišn*, pp. XII, XVI.

The portions of the text contained in the MS. K_{43} :

Dk. III, CLX, CCLXXXIII,

Seven-eighth of Dk. VI written by the scribe himself,

Dk. III, last two chapters.

Dk. V,

Three-tenth of Dk. IX.

For a description of the portion of the Dînkart, found in Dastûr Hôshangjî's MS. DH, see Introduction to Ervad Tahmuras's Facsimile of the *Iranian Bundahišn*, p. XII.



૪૯ મા વર્ષમાં ચાલેલી બાબતો.



૪૯ માં વર્ષમાં સઘળી મલી મંડળીની ૩૧) બેઠકો મલી હતી.

બેઠક ૬ ઠી, તા૦ ૨૨ મી જુન ૧૯૧૨.

શેઠ શા. કા. હોડીવાલાએ ગઇ વેલાથી અધુરી રહેલી પારસી પંચાંગ વિષેની બાબત ઉપરનું વિવેચન આગલ ચલાવી પુરૂં કર્યું હતું.

બેઠક ૭ મી, તા૦ ૬ ઠી જુલાઇ ૧૯૧૨.

સૂચીપત્રમાં જણાવેલી બાબતમાં, ખોહવાયલી મીનીટ બુકના સંબંધમાં ઑનરરી મુનશીએ સર્વે ખોલાસો વીસ્તારીને કરવા બાદ, શેઠ મેહરજીભાઇ કુકાની દરખાસ્તને એર્વદ જ. દા. નાદેરશાહે ટેકો આપવાથી એવો ઠરાવ થયો હતો કે, મુંબાઇ સમાચાર તથા ગુજરાતીમાં રૂપ્યા દશના ઇનામની એકવાર જાહેર ખબર આપી સર્વેને જાણીતા કરવા.

મંડલીની પુંજીની આવક જાવકનો ગુજશ્તેહ ઇસ્વી સને ૧૯૧૧ નાં વર્ષનો ખજાનચી સાહેબે તૈયાર કરી, ઑનરરી ઓડીટરોએ તપાસી સહી કરી પસાર કરેલો હિસાબ રજુ કરવામાં આવતાં એર્વદ જ. દા. નાદેરશાહની સૂચણાથી તે બહાલ રાખવાનું બીજી બેઠક સુધી મુલતવી રાખ્યું હતું.

શેઠ મેહરજીભાઇ નોશેરવાન કુકાએ સાસાન્યાન જમાનાનાં ઇરાંની પંચાંગની બાબત રજુ કરતાં જણાવ્યું કે :—

સાસાન્યાન જમાનાના ઇરાંની રોજ-માહ.

જ્યારે આપણે સાસાની જમાના ઉપર આવ્યે છીએ ત્યારે એ જમાનામાં જે રોજ–માહ વપડાતા હતા તેની શહાદતો આપણને જો કે ઘણીએક મલે છે, તોપણ તે ઘણો હેરફેર મલે છે; અને તેમાંથી ખરો સાર ઉપજાવવાનું કામ ઘણું મુશ્કેલ થઇ પડે છે; પણ આપણે આ નિયમ ધ્યાનમાં રાખીને કામ લઇશું કે જે જે લખાંણો તવારીખી શહાદતથી યા હિસાબી ગણત્રીથી ઉલટાં જતા માલૂમ પડે તે ભૂલભરેલા લેખવાં, અને વળી એટલાંથીજ સંતોષ નહિં પકડતાં આપણે શોધી કાઢવાની તજવીજ કરીશું કે, ચોક્કસ ભૂલો કેવી રીતે દાખલ થવા પાંમી. સાસાની જમાનાના રોજ-માહને લગતી શહાદતો મૂખ્ય ત્રણ વર્ગોમાં વેંહચી શકાય છે:—

(૧) તવારીખી શહાદતો.

(૨) મહમદયાંન ગ્રંથકારોનાં પંચાંગને લગતા લખાણો.

(૩) પહેલવી અને પાજંદ લખાણો.

આ ત્રણ વર્ગોમાં પહેલવી-પાજંદ લખાણોનો વર્ગ છેલ્લે મુકયો છે, કારણ કે તે લખાણોની તપાસ કરવા આગમજ પેહલા બે વર્ગોની શહાદતોની સમજણ લેવી જરૂરની છે.

તવારીખી શહાદતો.
યજદગર્દિ સને.

તવારીખ ઉપરથી આપણે જાણ્યે છીએ કે, યજદગર્દિ સનેનાં પહેલાં વર્ષનો પહેલો દહાડો રોજ અહુરમજદ, માહ ફ્રવર્દિન જે હતો તેની મુકાબેલ નીચલી તારીખો હતી:—
તારીખ ૧૬મી હુઝીરાન સને ૯૪૩ ઇસ્કંદરી (સીલ્યુકીદી.)
તારીખ ૧૬મી જુન (Old style) સને ૬૩૨ ઇસ્વી.
તા૦ ૧૯ મી જુન (New style) સને ૬૩૨ ઇસ્વી.

યજદગર્દ શેહેર્યાર તખ્તે આવ્યા પછીથી યજદગર્દિ સનેમાં કશો કબીસો થયો નથી, એમ કદમીઓનું મત છે, અને મુસલમાન લખનારાઓબી તેજ કહે છે; તે આધારે આપણે ગણત્રી કર્યે તો કદીમીઓનો ફ્રવર્દિન માહ, અહુરમજદ રોજ, ઇ૦ સ૦ ૧૯૧૨ માં તા૦ ૧૩ મી ઓગસ્ટે આવવો જોઇએ, અને તેમ આવે છે. શાહાનશાહીઓ માને છે કે તેઓએ એક મહિનાનો કબીસો કીધેલો છે, અને તે આધારે ગણતાં તેમનો ફ્રવર્દિન માહ અહુરમજદ રોજ, તા૦ ૧૨ મી સપ્ટેમ્બરે આવવો જોઇએ અને તેમ આવે છે.

આપણા આ રોજ-માહ ધર્મક્રિયામાં વપરાતા મહિના છે, કાંઇ વેહવારૂ વર્ષનાં નથી, ત્યારે આપણે એટલું ચોક્કસ કહી શકયે કે યજદગર્દ શેહર્યારના વખતમાં ફ્રવર્દિન માહ જુન મહિનામાં આવતો હતો, અને તે આપણા મજહબનાં વર્ષનો ફ્રવર્દિન હતો.

જલાલી સને.

ઇ૦ સ૦ ૧૦૭૯ ના માર્ચ માસની તા૦ ૧૫ મી (Old style) ને દહાડે Vernal Equinox થયો હતો, અને તે દિને યજદગર્દિ સનેનો માહ ફ્રવર્દિન અને રોજ અહુરમજદ હતો, ત્યારથી જલાલી સને ચાલુ થયો છે. એ સનેમાં ફ્રવર્દિન માહ અને અહુરમજદ રોજને Vernal Equinox નો ઠડાવેલો છે. જલાલુદ્દીન મલેક-શાહ સલ્જુકીએ જ્યારે પંચાંગમા એ સુધારો દાખેલ કાધો ત્યારે તેના નજુમી-ઓએ તેને કહ્યું હતું કે, ફ્રવર્દિન મહિનો તેની અસલ જગાએથી ખસીને મલેકશાહના વખ્તમાં ૧૧૨ દહાડા વહેલો આવ્યો હતો, કારણ કે કબીસો કરવામાં આવેલો હતો નહીં. મલેકશાહે આ સુધારેલું વર્ષ દાખેલ કીધું. તે વેલા Vernal Equinox ફ્રવર્દિન માહમાં પડતો હતો, તેથી તે માહનેજ આ સનેમાં Vernal Equinox નો ઠડાવવામાં આવ્યો, કે જેથી ૧૧૨ દહાડાનો કબીસો કરવો પડે નહીં, અને માત્ર ૧૮ દહાડાનોજ કબીસો કરવો પડે.

પાદશાહ કોબાદ શીરોએ તખ્તે આવ્યો તે દહાડો રૂમાં તવારીખનવેશો પ્રમાણે ૨૫ મી ફેબ્રુઆરી ઇ૦ સ૦ ૬૨૮ નો હતો, અને તારીખે તબરી તથા શાહનામા પ્રમાણે એ દહાડો આદર માહનો દેપાદર રોજ હતો. એ દહાડા ઉપરથી ગણત્રી કરતાં ઇ૦ સ૦ ૬૩૨ માં ઉપર જણાવ્યા પ્રમાણે જુન મહિનાની ૧૬ મી તારીખે ફ્રવર્દિન માહ અને અહુરમજ્દ રોજ આવી રહે છે, પણ સાથે સાથે આપણને બે ચીજો માલૂમ પડે છે. એક તો એ કે, ગાથાના દહાડા આદરથી અસ્પંદાર્મદ સુધીના કોઇબી મહિનાની પછવાડે હતા નહિ, અને બીજું એ કે ઇ૦ સ૦ ૬૨૮ થી ૬૩૨ સુધીના ૪ વર્ષમાં ઇરાની સાલમાં એક દહાડાનો કબીસો થયો હતો નહીં.

કોબાદ શીરોએ.

એ રાજાના ૨૫ માં વર્ષમાં બનેલા એક બનાવની સીર્યન તારીખ અને ઇરાની રોજ-માહ એક સીર્યાની ગ્રંથ જેનો ફ્રેંચ ભાષામાં તર્જુમો "Histoire de Mar-Jabalaha et trois autres patriarches" નામના પુસ્તકમાં થયો છે તેમાં નીચે મુજબ આપેલાં છે:—

ખુસ્રો પર્વીજ.

મેહર માહ અને જમ્યાદ રોજ તારીખ ૧૪ મી કાનુન બીજાની, અને ૯૨૬ યુનાની, યાને તા૦ ૧૪ મી જાન્યુઆરી ઇ૦ સ૦ ૬૧૫.

હવે આપણે એને આગલા ફકરાની તારીખ અને રોજ માહ સાથે મેલવી જોઇએ. ૧૪ મી જાન્યુઆરી ૬૧૫ ને દિને રોજ ૨૮ માહ મેહર.

ઇ૦ સ૦ ૬૨૮ ની જાન્યુઆરી સુધી ત્રણ leap years ખ્રિસ્તી સનેમાં આવ્યાં, માટે રોજ ૨૮, માહ મેહર ઇ૦ સ૦ ૬૨૮ માં તા૦ ૧૧ મી જાન્યુ-આરીએ આવ્યો. ત્યાંથી ૨૫ મી ફેબ્રુઆરી ૬૨૮ સુધી ૪૫ દહાડા છે. રોજ ૨૮, માહ મેહરમા ૪૫ દહાડા ઉમેર્યે તો રોજ ૧૩, માહ આદર આવે. પણ આપણે આગલ જોઇ ગયા કે એ દિને રોજ ૮, માહ આદર હતો, ત્યારે વચમાં ગાથાના દહાડા આવેલા છે એમ સિદ્ધ થાય છે. એ ગાથાના દહાડા યાતો મેહર માહ, યાતો આવાં માહની પાછલજ હોઇ શકે. વળી એટલુંબી સાબેત થાય છે કે, ઇ૦ સ૦ ૬૧૫ થી ૬૨૮ સુધી ઇરાંની સાલમાં કબીસો હતો નહીં.

આર્મીન્યન લોકોનાં પહેલા મહિનાનું નામ "નવ સર્દી" = 'નવું સાલ' છે. એજ નામ આપણે આગલ જોઇશું કે, ખ્વારેજમી જરથોશ્તીઓના પહેલા મહિનાનું હતું, જે મહિનો ઇરાં-નીઓના રોજ ખોર્દાદ, માહ ફ્રવર્દિનને દહાડે શરૂ થતો હતો. આર્મીન્યન સને ઇ૦ સ૦ ૫૫૨ ની ૧૧ મી જુલાઇથી શરૂ થયો હતો, અને તે દહાડે ખ્વારેજમીઓનો રોજ ૧, માહ નવસર્દી હતો. એમ આપણે ઇ૦ સ૦ ૬૩૨ થી પાછલ ગણત્રી કરીને જોઇ શકયે છીએ. અને એ દેખાડે છે

આર્મીન્યન સને.

કે, ઇ૦ સ૦ ૫૫૨ થી ૬૩૨ સુધી ખ્વારેઝમી જરથોશ્તીઓનાં સાલમાં કબીસો હતો નહી.

પાદશાહ કોબાદ.

સાસાની જમાનાના સિક્કાઓ ઉપરથી માલૂમ પડે છે કે, હરેક પાદશાહનો જુદો સને ચાલતો હતો. તેના ગાદીએ આવવાથી ફર્વર્દિન માહના અહુરમજદ રોજ સુધી પહેલું વર્ષ, અને ત્યાર પછીનાં હરેક વર્ષ ફર્વર્દિન માહના અહુરમજદ રોજથી ગણાતાં હતાં. Johanes Malala નામના એક કદીમ ગ્રંથકાર પ્રમાણે, પાદશાહ કોબાદ તારીખ ૧૨ મી સપ્ટેમ્બર ઇ૦ સ૦ ૫૩૧ ને દિને મરણ પામ્યો હતો, અને તેણે ૪૩ વર્ષ અને ૩ મહિના રાજ્ય કર્યું હતું. આ ઉપરથી આપણે કહી શકયે કે, ફર્વર્દિન માહ તા૦ ૧૨ માં સપ્ટેમ્બરની આસરે બે મહિના આગલ શરૂ થયલો હોવો જોઇએ. અને ઇ૦ સ૦ ૬૩૨ થી પાછલ ગણત્રી કરતા માલૂમ પડે છે કે, ઇ૦ સ૦ ૫૩૧ માં ફર્વર્દિન માહ તા૦ ૧૨ મી જુલાઇએ શરૂ થયો હતો, જે ઉપલી વિગત સાથે મલતું આવે છે; ત્યારે આ ઉપરથી માલૂમ પડે છે કે, ઇ૦ સ૦ ૫૩૧ થી તે ઇ૦ સ૦ ૬૩૨ સુધી કબીસો થયો હતો નહી.

ચીનાઈ લખાણ.

સ્પીગલ મેમોર્યલ વૉલ્યુમમાં Kentok Hori નામના જાપાની વિદ્વાને Wëi Shu નામના ચીનાઇ ગ્રંથમાંના ચોક્કસ ફકરાઓનો તર્જુમો આપ્યો છે. એ ગ્રંથ ઇ૦ સ૦ ૫૫૨ મા લખાયલો હતો. તેમાં લખે છે કે, ઇરાંનીઓનું નવું વર્ષ ચીનાઓના છઠ્ઠા મહિનામાં એટલે જુલાઇમાં પડતું હતું. પાદશાહ કોબાદના વખતમાં ચીનાઇ એલચીએ ઇરાંનની મુલાકાત લીધી, તે વેલાની એ હકીકત લેખ્યે તો, આગલ આપણે જોયું કે, કોબાદના વખતમાં ફર્વર્દિન માહ જુલાઇમાં હતો તેને મલતું આવે છે.

પંચ સિધ્ધાંતિકા.

ઉપલાં સંસ્કૃત પુસ્તક ઉપરના પોતાના રેસાલામાં શેઠ મીનોચેહરજી પેશતનજી ખરેઘાતે દેખાડી આપ્યું છે કે, ઇ૦ સ૦ ૫૦૫ ના માર્ચ મહિનાની ૨૦ મી તારીખે ઇરાંનીઓનો રોજ અહુરમજદ હતો. ૫૩૧ માં ફર્વર્દિન જુલાઇની ૧૨મીથી શરૂ થયો હતો. તે ઉપરથી પણ માલમ પડે છે કે, ઇ૦ સ૦ ૫૦૫ માં માર્ચની તારીખ ૨૦ મીએ આદર માહ બેઠો હતો.

ઇ૦ સ૦ ૫૦૫ થી ૬૩૨ સુધીનાં વર્ષોની તારીખો સાથે રોજ-માહ વગર કબીસે ગણત્રી કરતાંજ મલતા આવે છે, જે દેખાડે છે કે, ૫૦૫ થી ૬૩૨ સુધી ઇરાંની સાલમાં કબીસો નહી હતો.

આપણે આગલ જોયું કે, આદરથી અસ્પંદાર્મદ સુધીના મહિનાઓની પાછલ ગાથાના દહાડા આવતા હતા નહિં, પણ મેહર કે આવાંની પછવાડે હોઇ શકે. આવાં માહની પાછલ ગાથા હોવાની આપણને બીજીબી શહાદતો

મલે છે માટે, જે જમાનો આપણે ઉપર તપાસ્યો તેમાં ગાથાના દહાડા માસ આવાંની પછવાડે હતા.

એ ઉપર વાદવિવાદ થતાં એર્વદ જ૦ દા૦ નાદેરશાહે જણાવ્યું કે, સાસાની જમાનાની શહાદતોની જે તારીખ મલે છે તે ઘણું કરીને ધર્મનાં વર્ષોની નહી પણ રાજદ્વારી વર્ષોની શહાદતો છે. આગળ ચાલતાં તેવણે કબીસા વિષે વધુ જણાવ્યું કે, આપણું રાજ્ય ગયા પછી પશ્ચિમ તરફનાઓએ ધર્મનાં વર્ષમાં ત્રણ કબીસા કીધા હોય, અને પૂર્વનાઓએ (ખોરાસાન તરફનાઓએ) ચાર કબીસા કીધા હોય તો હાલમાં જે આપણી હાલત છે તે બની શકે તેવું છે, અને એમ થયું છે એવો મારો વિચાર છે. જલાલી વર્ષ વિષે મી૦ કુકા જે કહે છે તે પાદશાહી વર્ષની બાબત છે.

બેઠક ૮ મી, તા૦ ૧૩ મી જુલાઇ ૧૯૧૨.

એર્વદ જ૦ દા૦ નાદેરશાહ—પાર્સીઓમાં કબીસો કરી, ફર્વર્દિન માહ ને અહુરમજદ રોજ ધર્મનાં વર્ષમાં જમશેદી નોરોજ પર, અને વ્યવહારૂ વર્ષમાં તેની ચાર મહીના પછી લાવી મુકવાની રસમ હતી, એવી મારી દલીલનાં આધારમાં મેં મી૦ કુકાની તકરારના જવાબમાં ગઇ બેઠક વેલાએ ખોલાસાઓ નોંધાવ્યા, તે વખતે કેટલાક સભાસદો તરફથી મજકુર રસમની સાબેતીમાં મલતાં લખાણો જાણવા માગ્યાં હતાં. એ વખતે મેં જણાવ્યું હતું કે, મજકુર એ જાતનાં વર્ષો પાર્સીઓનાં વપડાસમાં હતાં, તે બીના અલ્બીરૂનીનાં લખાણ ઉપરથી જણાઇ આવે છે; જો કે અલ્બીરૂની ખોલ્લી તે તો એવુંજ જણાવી જાય છે કે, "પાર્સીઓનાં વર્ષમાં શરૂઆત તરીકે Summer solstice નાં વખતને ખાસ કરી કરવામાં આવ્યો છે," એટલે કે, તેઓના વર્ષની શરૂઆત Summer solstice નાં વખતપર ખાસ કરી થતી હતી. તોપણ એમનાં વર્ષને લગતી કેટલીક બીનાઓની તેણે જે નોંધ લીધી છે તે દેખાડી આપે છે કે, તેઓમાં જમશેદી નોરોજ પર ફર્વર્દિન માહને અહુરમજદ રોજથી શરૂ થતું બીજું વર્ષબી વપડાસમાં હતું. એજ પ્રમાણે "સ્પીગલ મૅમોર્યલ વૉલ્યુમમાં" એર્વદ મા૦ રૂ૦ ઉનવાલાએ આપેલી બાબતમાંબી એ બે તરેહનાં વર્ષોની વીગતો છુટી પાડયા વગર આપેલી છે. વલી, આગળી કબીસાની તકરાર વખતે જે એવું કહેવામાં આવ્યું હતું કે, શાહાનશાહીઓએ સાસાન્યન સલતનતની આખેરીમાં એક કબીસો કોહીસ્તાંનમાં કરી, ફર્વર્દિન માહનો અહુરમજદ રોજ જમશેદી નોરોજ પર પાછો લાવી મેલ્યો હતો, તે વાત મર્હુમ મુલ્લાં ફીરોજજી તથા મર્હુમ શેઠ ખુર્શેદજી કામા જણાવી ગયા છે તે પ્રમાણે ગણત્રી કરતા ખોટી ઠરે છે તેમાં શક નથી એ ઉપરથી એટલુંજ સાબેત થાય છે કે, મહિનાના તફાવત વિષે રજુ કીધેલા મજકુર ખોલાસો તકર્લીદી છે, પણ એથી કાંઇ એમ સાબેત થતું નથી કે, શાહાનશાહીઓએ મહિનો ગણવામાં ભુલ કીધી છે.

તે વાર પછી, જમશેદી નોરોજ પર ફ્રવર્દિન માહના અહુરમજ્દ રોજથી શરૂ થતાં પાર્સીઓનાં વર્ષની જે કેટલીક નોંધ અલ્બીરૂનીમાં મલે છે અને જે ઇ૦ સ૦ ૧૯૦૯ માં આપણી મંડલીના પ્રગટ થયલા એહવાલના સફે ૮૩-૮૫ અને ૧૦૩ ઉપર છપાઇ ગઇ છે તેમાથી વાંચી સંભલાવી હતી.

એ પછી દસ્તુર રૂસ્તમ ગુશતાસ્પે લખેલો પાર્સી જશનોનો જે એહવાલ "સ્પીગલ મૅમોર્યલ વૉલ્યુમ"ના સફે ૨૦૧-૨૧૦ સુધીમાં એર્વદ મા૦ રૂ૦ ઉનવાલાએ આપેલો છે તે રજુ કરી જણાવ્યું કે, એમાં સામાન્ય રીતે મેષ રાશીનાં ફ્રવર્દિન માહવાલા વર્ષની વીગતો આપેલી છે, પણ સફે ૨૦૮ માં "જશ્ને ખજાને-દીગર" તથા "રૂકુલ-અલ-કઓસજ"નો જે રોજ માહ આપ્યો છે તે બીજાં બધાં લખાણુથી જુદા, એટલે કે, Summer solstice પર આવતા ફ્રવર્દિન માહવાલાં વર્ષના છે. આ જગાએ "જશ્ને-ખજાને-દીગર"ને માટે કહે છે કે, "તે મેહર માહના અહુરમજ્દ રોજે પડે છે. એ જશન એટલા માટે કરવામાં આવતું હતું કે, તે દહાડે બી રોપવાનું અને ખેતી કરવાનું કામ સંપૂર્ણ થતું હતું." પણ એની આગમજ (સફે ૨૦૩ માં) જણાવ્યું છે કે, "આઠમાં મહિનાને આવાં કહે છે, કારણ કે એ મહિનામાં ભારે વર્ષાદ વર્ષે છે, અને એ રોપણી તથા ખેતી કરવાનો વખત છે. આ મહિનો પાનખરની મધ્યનો છે." આ ઉપરથી જણાય છે કે, "જશ્ને-ખજાને-દીગર"નો મજકુર મેહર માહનો અહુરમજ્દ રોજ મધ્ય પાનખરની પછી હોવો જોઇએ; અને Summer solstice આગલથી શરૂ થતાં વર્ષનો મેહર માહ એમજ થાય, એટલે કે શ્યાલાની શરૂઆતમાં કે મધ્યમાં તે આવે. "કઓસજ"ના જશન વિષે એમાં કહેલું છે કે, તે આદર માહના પેહલા રોજે આવે છે, અને એ "કઓસજ"ની ક્રિયાથી શ્યાલાનું પસાર થવું દેખાડવામાં આવતું હતું. એને મલતું બયાંન આદર માહનાં વર્ણનમાં અલ્બીરૂની પણ આપી જાય છે. આબી Summer solstice પર શરૂ થતાં વર્ષનો રોજ-માહ છે.

આ સઘળા દાખલાઓ ઉપરથી એવું માલૂમ પડે છે કે, સાસાન્યન જમાનાનાં પાર્સીઓમાં વપડાતાં ફ્રવર્દિન માહના અહુરમજ્દ રોજે મહા વિષુવ તેમજ Summer solstice પર શરૂ થતાં વર્ષોની રોજ-માહને લગતી નોંધો અલ્બીરૂની તેમજ દસ્તુર અદર્શીરને મલી હતી; પણ એમના ફરક પર તેમનું ધ્યાંન ખેંચાયલું લાગતું નથી.

સેવટે, એર્વદ નાદેરશાહે જણાવ્યું કે, કદીમી અને શાહાનશાહીઓની ગણત્રીમાં પડેલા એક મહિનાના ફરક વિષે આગલા વખતમાં આપવામાં આવેલો ખોલાસો, જો કે ભુલભરેલો છે તો પણ એ ફરક શાહાનશાહીઓએ એક કબીસો વધુ કરવાને લીધેજ પડેલો લાગે છે. આપણું રાજ્ય ગયા પછી ઇરાની તથા હિંદુસ્થાની જરથોશ્તીઓનાં વડીલોએ કબીસાની ત્રણ નોબત સુધી, એટલે કે, ઇ૦ સ૦ ૧૦૦૪ માં ત્રીજો કબીસો કરી, ફ્રવર્દિન માહનો અહુરમજ્દ

રોજ તા૦ ૨૧ મી માર્ચ ઉપર લાવી મુકયો હોય, અને ત્યાર પછી ઇ૦ સ૦ ૧૮૨૮ માં એકલા હિંદુસ્થાનનાં જરથોશ્તીઓના વહીલોએ કબીસો કીધો હોય તો, હાલ જે એ બે ટોલા વચ્ચે ફરક છે તેજ ફરક થાય, અને એમજ બન્યું છે એવું કેટલાક સંજોગો ઉપરથી મારૂં માનવું છે. ઇ૦ સ૦ ૧૦૦૪ ના કબીસા વખતે યજદગર્દિ સનેનો નવરોજબી ૨૧ મી માર્ચે પડયો હતો, જેથી ત્યાર પછી ઇરાંનીઓએ કબીસો નહી કરવાથી તેઓનો રોજ-માહ યજદગર્દિ સનેના રોજ-માહ સાથ આજ સુધી મલતો રહ્યો છે.

બેઠક ૧૧ મી, તા૦ ૧૭ મી ઑગસ્ટ ૧૯૧૨.

મી૦ કુકાએ "ચીનાઇ ગ્રંથકાર Wei-Shu ના લખાણમાં મલતા" ઇરાની તેહવારો" ઉપર એક પેપર વાંચ્યું હતું.

ચીનાઈ ગ્રંથકાર Wei Shu ના લખાણમાં મલતા ઈરાની તેહવારો.

આગલ એશારો કરવામાં આવ્યો છે કે, એ લખનારના જમાનામાં ફર્વર્દિન માહનો અહુરમજદ રોજ જુલાઇ મહિનામાં પડતો હતો. એનાં લખાણમાં બીજા ઇરાંની તેહવારો વિષેબી એશારો છે, તેની તપાસ હવે લેઇશું. મજકુર ફકરાનો તર્જુમો Spiegel Memorial Volume માં Kentok Hori આ રીતે આપે છે:—

"In this country (Persia) New Year's day is kept in the sixth moon (July). Their greatest festivals are the seventh day of the seventh moon and the first day of the twelfth moon. On these days the common people are invited at the King's orders to a great banquet, when music is played and all join in gay amusement. Furthermore on the twelth day of the first moon every one brings sacrifice to the departed soul of his ancestors."

કમનસીબે ઇરાંની તેહવારોનાં નામ આપેલાં નથી, અને વલી ચીનાઇ વર્ષ luni solar હોવાથી, તેહવારો નક્કી કરવાનું મુશ્કેલ થઇ પડે છે. પણ તહેવારોને ચીનાઇ મહિનાઓ ૬ ઠા, ૭ માં, ૧૨ માં અને ૧ લામાં આવતા દેખાડેલા છે અને નહી કે ૧ લા, ૬ ઠા, ૭ માં અને ૧૨ મામાં, તે અર્થ સૂચક છે, કારણ કે માહતાબી વર્ષની લંબાઇ ૩૬૫ દહાડાની નહી હોવાથી, એક વર્ષના પેહલા માસમાં અને તેની પછીનાં વર્ષનાં પેહલા માસમાં ઇરાની રોજ મલતા આવે નહી.

નવરોજ એટલે ફર્વર્દિન માહનો અહુરમજદ રોજ છઠા માસમાં કહ્યો છે, માટે ૧૨ માં માસમાં મેહર અને પછીના પેહલા માસમાં આવાં મહિનો આવે. ૧૨ મો માસ ૨૮ દહાડાનો લેતાં તે માસની ૧ લી તિથિ અને ૧ લા માસની ૧૨ મી તિથિ વચ્ચે ૪૦ દહાડાનો ફેર આવે છે. આ છેલ્લા દહાડા ઉપર ફરો-

હરોનો તહેવાર કહેલો છે, તેને આવાં માહનો આસ્તાદ રોજ લેતાં તેની આગમજ ૪૦ દહાડે બરાબર મહેરગાનનું મ્હોટું જશન-મેહર માહ ને મેહર રોજ આવે છે.

૭ માં માસની ૭ માં તિથિ અને ૧૨ માં માસની ૧ લી તિથિ વચ્ચે ચાર માહતાબી મહિના અને ૨૩ દહાડાનો ફેર છે, જેના કુલ્લે દહાડા ૧૪૦ લેતાં, અને તેટલા દહાડા રોજ ૧૬, માહ મેહરમાંથી બાદ કરતાં, રોજ ૨૬ માહ અર્દિબહેશ્ત, યાને પઇતીશહેમ ગાહામ્બારનો દહાડો આવે છે.

[ચાર માહતાબી મહિનાઓના દહાડાઓનો સરવાલો ઓછામાં ઓછો ૧૧૭ અને વધુમાં વધુ ૧૧૯ થાય છે, જે છેલ્લા ચાર વર્ષના હિંદુ પંચાંગો ઉપરથી જોઇ શકાશે.]

ગાહામ્બારોમાં પઇતીશહેમને ખાસ અગત્યતા ઇરાનીઓ આપતા હતા, કારણ કે તે Harvest Festival હોવાથી, ઇરાનીઓ જેવી ખેતીમાં પડેલી પ્રજાનો મ્હોટો હિંગામ હતો.

સાતમાં માસની ૭ મી તિથિએ રોજ ૨૬ માહ અર્દિબહેશ્ત હતો, તો ચીનાઇ છઠા માસમાં કોઇબી તિથિએ ફર્વર્દિન માહનો અહુરમજ્દ રોજ આવી શકતો નથી. પણ ગ્રંથકારે નોરોજને છઠા માસમાં આવતો કહ્યો છે, ત્યારે છઠા અને ૭ માં માસની વચ્ચે એક અધિક માસ હોવો જોઇએ એમ આપણી ખાતરી થાય છે.

રોજ ૧, માહ ફર્વર્દિન અને રોજ ૨૬, માહ અર્દિબહેશ્ત વચ્ચે ૫૫ દહાડાનો ફેર છે ત્યારે ૭ માં માસની ૭ મી તિથિમાંથી ૫૫ દહાડા બાદ કરતાં અને વચ્ચે અધિક માસના ૩૦ દહાડા આવેલા છે તે ગણત્રીમાં લેતાં, માસ છઠાની ૧૨ મી તિથિએ નોરોજ પડે છે.

ત્યારે જે ચાર તેહવારોનો એશારો આવેલો છે તે અનુક્રમે લેતાં આ પ્રમાણે છે:—

૧. નોરોજ અને ફર્વર્દિન માહનો અહુરમજ્દ રોજ.
૨. પઇતીશહેમ ગાહામ્બાર યાને રોજ ૨૬, માહ અર્દિબહેશ્ત.
૩. મેહરગાનનું જશન.
૪. ફર્વર્દેગાંનનો ૧ લો દિવસ, યાને રોજ ૨૬, માહ આવાં.

હવે ચોક્કસ કરવાનું રહ્યું કે, કયા સાલનો આ બનાવ છે. ચીનાઇ અને ઇરાની પંચાંગો જુદી જુદી system નાં હોવાથી માત્ર એકજ સાલમાં ઉપર મુજબનાં રોજ-માહ અને તિથિ મલી શકે. તપાસ કરતા માલમ પડે છે કે, જે ઇરાની સાલ ઇ૦ સ૦ ૫૭૦ નાં જુલાઇ મહિનાની ૨ જી તારીખે (old style) શરૂ થયું તે સાલના મજકુર હિંગામો છે. ચીનાઇ ગ્રંથ ઇ૦ સ૦ ૫૭૨ માં લખવામાં આવ્યો હતો, અને તે સાલની નજદીકનુંજ આ સાલ છે. અને મુકાબેલનું ચીનાઇ સાલ ૫૪ માં Cycle નું ૨૭–૨૮ મું વર્ષ છે. Cowasji

Patel's Chronology પ્રમાણે એ ચીનાઇ ૨૭ મું વર્ષ ઇ૦ સ૦ ૫૭૦ ના જાન્યુઆરી માસની ૨૩ મી તારીખે શરૂ થયું હતું, અને તે અધિક માસવાળું હતું, અને તેની પછીનું ૨૮ મું સાલ ઇ૦ સ૦ ૫૭૧ નાં ફેબ્રુઆરીની ૧૦ મીએ શરૂ થયું હતું. અહીં બન્ને તારીખોમાં એક દહાડાની ચૂક થયલી લાગે છે. ૨૪ મી જાન્યુઆરી અને ૧૧ મી ફેબ્રુઆરી લેતાં ઉપર મુજેબ રોજ-માહ અને તિથિઓનો તાળો બરાબર મલે છે. માહતાબી વર્ષનાં પંચાગના કોઠા, ખાસ કરીને ઘણાં આગલા સાલોનાં કોઠા, બનાવવામાં ચૂક થવાનો સંભવ ઘણો રહે છે, અને એ મુજેબ એક દહાડાના ફેરની ચૂક મજકુર કેતાબમાં હિંદુ પંચાંગને લગતા કોઠાઓમાં કુડીબંધ ઠેકાણે છે, જે Sewell & Dikshit નાં પંચાંગ સાથે તપાસતાં માલૂમ પડી આવે છે.

યજદગર્દિ સનેનાં પહેલા સાલથી પાછલ ગણત્રી કરતાં માલૂમ પડે છે કે, તા૦ ૨૪ મી જાન્યુઆરી ઇ૦ સ૦ ૫૭૦ ને દિને ઇરાની રોજ ૨૭, માહ મેહર હતો, અને તા૦ ૧૧ મી ફેબ્રુઆરી ૫૭૧ ને દિને રોજ ૧૫, માહ આવાં હતો. હવે આપણે આ રોજ-માહને આધારે લખાણ પાછું તપાસી જઇએ.

ચીનાઇ ૧ લા માસની ૧ લી તિથિ = ૧ = રોજ ૨૭, માહ મેહર—
વર્ષનો દહાડો ૨૦૭.

પાંચ મહિનાની આખેરી સુધીના દહાડા ૧૪૮.

ચીનાઇ	છઠા	માસની	૧ લી તિથિ	= ૧૪૯ =	રોજ ૨૦,	માહ	અસ્પંદાદ	દ. = ૩૫૫
,,	,,	,,	૧૨ મી ,,	= ૧૬૦ =	,, ૧,	,,	ફર્વર્દિન	,, = ૧.
,,	,,	,,	૩૦ મી ,,	= ૧૭૮ =	,, ૧૯,	,,	,,	,, = ૧૯.
,,	અધિક	,,	૩૦ મી ,,	= ૨૦૮ =	,, ૧૯,	,,	અર્દિબહેશ્ત	,, = ૪૯.
,,	૭ માં	,,	૭ મી ,,	= ૨૧૫ =	,, ૨૬	,,	,,	,, = ૫૬.
,,	,,	,,	૨૯ મી ,,	= ૨૩૭ =	,, ૧૮	,,	ખોર્દાદ	,, = ૭૮.
,,	૧૧ માં	,,	આખેરી ,,	= ૩૫૪ =	,, ૧૫	,,	મેહર	,, = ૧૯૫.
,,	૧૨ માં	,,	૧ લી ,,	= ૩૫૫ =	,, ૧૬	,,	મેહર	,, = ૧૯૬.
,,	,,	,,	આખેરી ,,	= ૩૮૩ =	,, ૧૪	,,	આવાં	,, = ૨૨૪.
,,	૧ લા	,,	૧૨ મી ,,	= ૩૯૫ =	,, ૨૬	,,	આવાં	,, = ૨૩૬.

ઉપલી ગણત્રીમાં ચીનાઇ મહિનાઓની લંબાઇ નીચે મુજેબ લેવામાં આવી છે :—

માસ ૧ થી માસ પાંચની આખેરી સુધીના	દહાડા	૧૪૮.
,, છઠાના	,,	૩૦.
,, અધિકના	,,	૩૦.
,, ૭ માંના	,,	૨૯.
,, આઠથી માસ ૧૧ ની આખેરી સુધીના	,,	૧૧૭.
,, ૧૨ માના	,,	૨૯.

ઉપલાં જશનોમાં માત્ર એક સિવાય બીજાંઓને મહિનાનાં નામ સાથે તાલુકો નથી. નૌરોજ, ગાહામ્બારો અને ફર્વર્દેગાંનના દહાડાઓને ઋતુ સાથે સંબંધ હોવાથી તે ઋતુઓ ઉપર આવે, પછી તે ઠેકાણે મહિનો ગમેતેમ હોય. પણ મેહરગાંનનું જશન તો મેહર મહિનામાંજ થાય. નૌરોજ દીની વર્ષનોબી હોય તેમ મેહસુલી વર્ષનોબી હોય, પણ મેહરગાંનનું જશન દીની સાલનુંજ હોઇ શકે. આ દેખાડે છે કે, દીની વર્ષનો મેહર મહિનો ઇ૦ સ૦ ૫૭૦-૭૧ માં દીસેમ્બર-જાન્યુઆરીમાં આવતો હતો,અને નહી કે સપ્ટેમ્બર-ઓકટોબરમાં.

શેઠ કુકાના મજકુર વિષય ઉપર એર્વદ જ. દા. નાદેરશાહની ટીકા નીચે મુજેબ છે:—

"ચીનાઈ ગ્રંથકાર Wei Shu નાં લખાંણમાં મલતા ઇરાની તેહવારો" ઉપરનું મી૦ કુકાનું વિવેચન ઘણી મેહનત અને હોશ્યારીનું પરિણામ હોવા છતાં પુરતી સાવચેતીની ગેરહાજેરીને લીધે એમાં ઘણાક ભુલો થયલી છે, અને મજકુર લખાંણપરથી એવણે કહાડેલું અનુમાન વાજબી નથી.

આ વિષય તપાસવા માટે ચીનાઇ વર્ષને લગતાં કેટલાંક જ્ઞાનની જરૂર છે, જે કા. પટેલની "ક્રોનોલોજી" ઉપરથી હું પેહલાં જણાવીશ. હિંદુઓનાં વર્ષની મુઆફેક ચીનાઓનું વર્ષબી સૂર્ય-ચંદ્રની ભેગી ચાલનું (Luni Solar) છે. એક અમાસથી બિજી અમાસ સુધી તેઓ એક માસ ગણે છે. એવા બાર માસનું તેમનું એક સાધારણ વર્ષ બને છે, પણ જ્યારે એક રાશિમાં બે અમાસ થાય ત્યારે તેમનાં તે વર્ષના ૧૨ ને બદલે ૧૩ માસ ગણાય છે, કુંભ રાશિની ૧૫ મીં રેખાંશની સૌથી નજદીકના અમાસથી એ વર્ષ શરૂ થાય છે (સ. ૩૫). એમાં એક્કીનાં અનુક્રમના માસ, એટલે ૧ લો, ૩ જો, ૫ મો ઇત્યાદિ ૨૯ દહાડાના અને બેક્કીના, એટલે ૨ જો, ૪ થો, છઠ્ઠો ઇત્યાદિ ૩૦ દહાડાના છે. (સ. ૬૨). એક રાશિમાં જ્યારે બે અમાસ પડે છે તે વારે બિજા અમાસથી શરૂ થતો માસ અધિક ગણાય છે. (સ. ૬૩).

હવે મી૦ કુકાની પેહલી તકરાર એ છે કે, ચીનાઇ વર્ષનો "૧૨ મો માસ ૨૯ દહાડાનો લેતાં તે માસની ૧ લી તિથિ અને ૧ લા માસની ૧૨ મા તિથિ વચ્ચે ૪૦ દહાડાનો ફેર આવે છે. આ છેલ્લા દહાડા ઉપર ફરોહરેનો તેહવાર કહેલો છે તેને આવાં માહનો આશ્તાદ રોજ લેતાં તેની આગમજ ૪૦ દહાડે બરાબર મેહરગાનનું મ્હોટું જશન, મેહર માહ ને મેહર રોજ, આવે છે." અત્રે મી૦ કુકા ચીનાઇ ૧૨ માં માસના ૨૯ દહાડા લે છે, પણ તે તો ૩૦ દહાડાનો છે. (જુઓ સ. ૬૨); તેથી ૧૨ માં માસની ૧ લી તિથિથી ૧ લા માસની ૧૨ મી તિથિ વચ્ચે ૪૧ દહાડાનો ફરક છે, વાસ્તે ૧૨ માં માસની ૧ લી તિથિએ મેહરગાન લેતાં આપણને આંચકી લાગે છે.

આગલ ચાલતાં એવણ બિજી તકરાર એમ કરે છે કે, "૭ માં માસની ૭ મી તિથિ અને ૧૨ માં માસની ૧ લી તિથિ વચ્ચે ૧૪૦ દહાડાનો તફાવત છે," પણ તે તો ૧૪૧ દહાડાનો છે; અને ૭ માં માસની ૭ મી તિથિ અને તેની પછીના ૧ લા માસની ૧૨ મી તિથિ વચ્ચે ૧૮૨ દહાડાનો ફરક છે (સ. ૬૨). અને તેબી એ મુદતમાં અધિક માસ નહી આવ્યો હોય તેમ ગણયે તો; કે જેમ હતું એમ એ પણ દેખાડી શકયા નથી. જો એ મુદતમાં અધિક માસ આવી ગયો હોય તો એ તફાવત ઓછામાં ઓછો ૨૧૧ દહાડાનો થાય. માટે કોઇબી રીતે લેતાં, ૭ માં માસની ૭ મી તારીખે જેમ મી૦ કુકા રોજ ૨૬, માહ અર્દિબહેશ્ત એટલે પઇતીશહેમ ગાહામ્બારનો તેહવાર લેવા માગે છે તેમ તે આવતો નથી. ઉયાઇ–શોઉ (Wei Shòu) જેને મી૦ કુકા નજરચૂકથી ઉયાઈ–શુ (Wei Shu) સાથે ભેલી નાખે છે તે જણાવે છે કે, "તેઓ (પાર્સીઓ) ના સૌથી મ્હોટા તેહવારો તે ૭ માં ચંદ્ર માસની ૭ મી તિથિ અને ૧૨ માંની ૧ લી તિથિ છે. એ દહાડાઓ ઉપર પાદશાહના હોકમથી આમ લોકોને મ્હોટાં ખાણાં ઉપર બોલાવવામાં આવે છે, જ્યારે રંગરાગ તથા રમત ગમત કરવામાં આવે છે, અને બધાંઓ ખુશ ગમતમાં સામેલ થાય છે." આ ઉપરથી મી૦ કુકા બિજી તકરાર એ કરે છે કે, "ગાહામ્બારોમાં પઇતીશહેમને ખાસ અગત્યતા ઇરાંનીઓ આપતા હતા." અત્રે એવણની મતલબ એમ કેહવાની છે કે, ઉયાઇ–શોઉના કહેલા પાર્સીઓના સૌથી મ્હોટા બે તેહવારોમાંનો એક પઇતીશહેમ ગાહામ્બારનો પેહલો દહાડો હતો કે જે દહાડે સાસાન્યન પાદશાહો પોતાની રૈયતને ખાણું આપીને બિજી રમતગમતથી ખુશ કરતા હતા. ચીનાઇ ૭ માં માસની ૭ મી તિથિથી ૧૨ માં માસની ૧ લી તિથિ સુધી ૧૪૦ દહાડાનો તફાવત અટકલવાથી મી૦ કુકા આ ભુલભરેલા અનુમાન ઉપર આવ્યા છે. પેહલાં તો ઉપર કહ્યું તેમ, એ તફાવત ૧૪૦ દહાડાનો નહી પણ ૧૪૧ દહાડાનો છે, જેથી ચીનાઇ ૧૨ માં ચંદ્ર માસની ૧ લી તિથિએ મેહરગાનનો દિવસ લેતાંબી ૭ માં ચંદ્રમાસની ૭ મી તિથિએ પાર્સીઓના વ્યવહારૂ વર્ષનો અર્દિબહેશ્ત માહનો ૨૬ મો નહી પણ ૨૫ મો રોજ આવે કે જે પઇતીશહેમ ગાહામ્બારનો નહી પણ તેની આગમજનો રોજ થાય.

આ એક દહાડાનાં ફરકની વાતતો બાજુએ રહી, પણ ચીનાઇ ગ્રંથકાર જ્યારે કહે છે કે, તેમના સૌથી બે મ્હોટા તેહવારોમાંનો એક ૭ માં ચંદ્ર માસની ૭ મી તિથિ છે ત્યારે મી. કુકા એક અટકલ કરે છે કે, પઇતીશહેમ ગાહામ્બારને ઇરાનીઓ ખાસ અગત્યતા આપતા હતા. એવણ એમ નથી દેખાડી શકતા કે, જેમ મજકુર ગ્રંથકાર કહે છે તેમ, એમના બે મ્હોટા તેહવારોમાનો એક એ હતો. જાણીતી વાત તો એ છે કે, પાર્સીઓ નોરોજ અને મેહરગાનને સૌથી બે મ્હોટા તેહવારો ગણતા હતા. અલબીરૂની લખી જાય છે કે, "સલમાન–અલ–ફારેસીએ કહેલું કે, "પાર્સીઓના વખ્તમાં અમે કેહતા કે,

ખોદાએ પોતાના બંદાઓને માટે નવરોજ પર માણેકોનો અને મેહરંગાન પર લીલમોનો શંગાર પેદા કીધો છે; તેથી જેમ એ બે ગોહુરો બિજાં ગોહુરો પર સરસાઇ ભોગવે છે તેમ એ બે દહુાડાઓ બીજા દહાડાઓ ઉપર સરસાઇ ભોગવે છે" (સાખાઉ, સં. ૨૦૮). વલી "બુર્હાને-કાતેઅ"માંથી મેહ-રંગાન બોલમાં જણાવે છે કે, નવરોજના જશન પછી મેહરંગનનાં કરતાં વધારે મ્હોટું બિજું કોઇ જશન નથી, માટે પંઇતિશહેમ ગાહામ્બારનો પહેલો દહાડો પાર્સીઓના સૌથી બે મ્હોટા તેહવારોમાંનો એક છે એવું મી. કુકાનું સમજા-વવું ભુલભરેલું છે. તેમજ આ ભુલભરેલાં અનુમાન પરથી એવણ જે સાર કહાડે છે કે, "છઠ્ઠા અને ૭ માં માસની વચ્ચે એક અધિક માસ હોવો જોઇએ" તેબી કલ્પિત ઠડે છે.

આપણે જોયું કે, પાર્સીઓમાં સૌથી મ્હોટા બે તેહવારો તે નવરોજ અને મેહરંગાનના હતા. એ તેહવારો વિષે અલ્બીરૂનીએ વધુ એમ લખ્યું છે કે, એ બન્ને તેહવારો એકેક મહિના સુધી પાલવાનો રેવાજ પાર્સી શાહાનશાહોએ દાખેલ કીધો હતો. (સાખાઉ સ. ૨૦૩ તથા ૨૦૯). હવે ફર્વર્દિન માહનાં અનેરાંન રોજ અને મહેરનાં મહેર રોજ વચ્ચે ૧૬૬ દહાડાનો ફરક છે, અને ચીનાઇ ૭માં માસ પછી અધિક માસ લેતાં ૭ માં માસની ૭ મી તિથિ અને ૧૨ માં માસની ૧ લી તિથિ વચ્ચે ૨૯ કે ૩૦ દહાડાનો અધિક માસ હોય તે પ્રમાણે ૧૭૦ કે ૧૭૧ દહાડાનો તફાવત આવે. તેથી ૧૨ માં ચંદ્ર માસની ૧ લી તિથિએ મેહરંગાન લેઇએ તો ૭ માં ચંદ્ર માસની ૭ મી તિથિએ નવરોજના મહિના ફર્વર્દિનનો અશીસ્વંગ કે આશ્તાદ રોજ આવે. જેમ મજકુર ચીનાઈ ગ્રંથકાર કહે છે તેમ, એ બે દહાડાને આમ લોકો પોતાના સૌથી મ્હોટા બે તેહવારોના સૌથી મ્હોટા દહાડા ગણતા હોવા જોઇએ, કારણ કે એ દહાડાઓ પર પાદશાહ તરફથી તેમને મેજબાની મલતી હતી.

આ પછી મી૦ કુકા જે એવું અનુમાન કહાડે છે કે, મજકુર પાર્સી તેહવારો "જે ઇરાની સાલ ઇ૦ સ૦ ૫૭૦ ના જુલાઇ મહિનાની ૨ જી તારીખે (old style) શરૂ થયું તે સાલના" છે; તથા ઇ૦ સ૦ ૫૭૧ માં શરૂ થતું ચીનાઇ ૨૮ મું વર્ષ પટેલની "ક્રોનોલોજી"માં જુની તા૦ ૧૦ મી ફેબ્રુઆરીએ બેસે છે એમ જણાવેલું છે તેમ તે નથી પણ તે તા૦ ૧૧ મી ફેબ્રુઆરીએ બેસે છે. જો ચીનાઇ ગ્રંથકરતાં ઉચાઇ-શોઉએ આપેલી મજકુર તિથિઓ સહી હોય તો ઉપર જણાવવા પ્રમાણે ચીનાઇ ૧૨ માં માસની ૧ લી તિથિએ મહેરંગાન લેતાં મી૦ કુકાના આ બે અનુમાનો વાજબી ઠડે છે. જો કે મી૦ હેન્તૉક હોરીનાં જણાવવા મુજેબ ઉચાઇ-શોઉની લખેલી આ ચીનાઇ તવારીખ (Wei Shu) જેમાં પાર્સીઆને લગતો ટુંક એહવાલ આવી જાય છે તેમાં ઇ૦ સ૦ ૩૮૬-૫૩૫ સુધીનોજ એહવાલ આપેલો છે, અને વલી પાર્સીઓને લગતા આ એહવાલની આખેરીમાં કોબાદ, જેણે ઇ૦ સ૦ ૪૮૯-૫૩૧ સુધી

રાજ્ય કીધું હતું, તેણે ચીનના ખાકાંન પર લખેલાં કાગજનો તથા તે ખાકાંનને આપેલી ખંડનીનો ટુંક એશારો આપેલો છે (સ્પીગલ મેમોર્યલ વૉલ્યૂમ સ૦ ૨૪૬ તા૦ ૨૫૦). જ્યારે ઇ૦ સ૦ ૫૩૧–૫૭૫ માંતો અલવાન નોશેરવાન આદેલનો અમલ હતો, જેનો સહજ પણ એશારો એ એહવાલમાં મલતો નથી.

મી૦ પટેલે ઇ૦ સ૦ ૫૭૦ તથા ૫૭૧ ના ચીનાઈ નવાં વર્ષની તારીખ અનુક્રમે ૨૩ મી જાન્યુઆરી તથા ૧૦ મી ફેબ્રુઆરી આપી છે તે મી૦ કુકા ખોટી માની લે છે, પણ તે એટલાજ ઉપરથી કે, ચીનાઇ ગ્રંથકાર ઉયાઇ–શોઉએ પાર્સીઓના મેહરંગાનનાં તેહવારની તિથિ ચીનાઇ ૧૨ માં માસની ૧ લી આપી છે તે પ્રમાણે ઇ૦ સ૦ ૫૭૦ તથા ૫૭૧ ના પાર્સી રોજ–માહમાં એક દહાડાનો ફરક આવે છે. પણ જે પાયા ઉપર એવણે આધાર લીધો છે તેમાંજ ભુલ થયલી માલૂમ પડે છે. જો એ મેહરંગાનનાં તેહવારની ૧ લી તિથિને બદલે ૩ જી લેઇએ અને મી૦ પટેલના જણાવવા મુજેબ ઈ૦ સ૦ ૫૭૧ માં ચીનાઇ નવાં વર્ષની જુની તા૦ ૧૦ મી ફેબ્રુઆરી હતી તો ઉપલી ૩ જી તિથિએ જુની તા૦ ૧૩ મી જાન્યુઆરી આવે, અને જુની તા૦ ૨૧ મી ફેબ્રુઆરીએ ૧ લા માસની ૧૨ મી તિથિ કે જે દહાડાને આવાં મહિનાનો ૨૬ મો આશતાદ રોજવાલો મુક્તાદનો ૧ લો દહાડો મી૦ કુકાએ ગણ્યો છે તે નહી, પણ હાલ જેમ થાય છે તેમ તેની આગમજની તૈયારીનો દહાડો અશિસ્વંગ રોજ આવે, કે જે દહાડે ઉયાઇ–શોઉના કહેવા મુજેબ દરેક જણ પોતાનાં ગુજરેલાંઓને માટે ભોગ લેઇ આવે છે. એ પછી ૧૧ મે દહાડે એટલે કે જુની તા૦ ૪ થી માર્ચે ગાથા–ગાહામ્બાર ખલાસ થઇ દીની વર્ષનો નવરોજ પડે છે. જેમ ઇ૦ સ૦ ૫૭૧ માં એજ તારીખે બન્યું હતું. એ દહાડે વ્યવહારૂ વર્ષનો આદર માહનો અહુરમજદ રોજ હતો. મી૦ કુકાનો વિષય તો એ દીની વર્ષના પેહલા દહાડે દએ માહનો અહુરમજદ હતો એવું દેખાડવાનો છે જેથી આ તો જુદુંજ છે, અને એ તો અલબીરૂનીનાં લખાણોને ટેકો આપે છે કે, કસરાઓના વખતમાં ગાથા–ગાહામ્બારોના દહાડા પછી તેમનાં (કસરાઓનાં) વર્ષનો આદર માહ શરૂ થતો હતો.

સેવટે મી૦ કુકા પોતાના વિષયના મૂલ હેતુ પર આવે છે, પણ ત્યાં એવણ જોઇ શકયા નથી કે, જે ચીજ એવણે સાબેત કરવાની છે તે તો સાબેત થઇ ચુકી હોય તેમ એવણ તકરાર કરે છે. એવણ કહે છે કે, "નોરોજ–ગાહામ્બારો અને ફર્વર્દેગાંનના દહાડાઓને ઋતુ સાથે સંબંધ હોવાથી તે ઋતુઓ પર આવે, પછી તે ઠેકાણે મહિનો ગમે તેમ હોય; પણ મેહરંગાનનું જશન તો મેહર મહિનામાંજ થાય. નોરોજ દીની વર્ષનોબી હોય તેમ મેહસુલી વર્ષનોબી હોય, પણ મેહરંગાનનું જશન દીની સાલનુંજ હોઇ શકે. આ દેખાડે છે કે, દીની વર્ષનો મેહર મહિનો ઇ૦ સ૦ ૫૭૦–૫૭૧ માં દીસેમ્બર–જાન્યુઆરીમાં આવતો હતો અને નહી કે સપ્તેમ્બર–ઑકટોબરમાં."

જો દીની વર્ષનો મહેર મહિનો ઇ૦ સ૦ ૫૭૦-૭૧ માં દીસેમ્બર-જાન્યુઆરીમાં આવતો હતો એવો મી૦ કુકાનો કહાડેલો સાર ખરો હોય તો, આપણે એ સાર સંપૂર્ણ કરી આપ્યે કે, દીની વર્ષનો ૧ લો મહિનો જે એ વખતે માર્ચ માસમાં પડતો હતો તે આદર હતો અને જેમ મી૦ કુકા માને છે અને આપણને મનાવવા માગે છે કે દીની વર્ષનો પેહલો દએ હતો તેમ તો તે નહીજ હતો.

મજકુર ચીનાઇ એહવાલ ઉપરથી આપણે એટલુંજ જાણી શકયે છે કે, પાદશાહી નવરોજ પર તેમજ આ પાદશાહી સાલના મેહરંગાન પર પાદશાહ તરફથી પોતાની રૈયતને મ્હોટી મેજબાની આપવામાં આવતી હતી, અને એ દહાડો લોકો રંગરાગ તથા રમતગમતમાં ગુજારતાં હતાં. અલ્બીરૂની જે ખોલ્લી રીતે ઉત્તરાયણ (Summer Solstice) થી શરૂ થતાં પાદશાહી વર્ષનું વર્ણન આપે છે તમાં તેઓ કહે છે કે, મેહરંગાન આગલા વખતમાં શ્યાલાની શરૂઆતમાં આવતો હતો. (સાખાઉ સ૦ ૨૦૯). એ એક અગત્યનો તહેવાર હતો. એ દહાડે કસરાઓમાં એક તાજ પેહડવાનો રેવાજ હતો; જેની ઉપર સૂર્યની અને જે ચક્રરમાં તે જહડપથી ફરે છે તેની સુરત પાડેલી હતી. આ દહાડે ઇરાનીઓ એક મેલો ભરતા હતા. (સાખાઉ સ૦ ૨૦૭). આ સઘલાં ઉપરથી આપણે એટલોજ સાર કહાડી શકયે કે, પાદશાહી વર્ષમાં આવતો મેહરંગાન પાદશાહી નવરોજના જેવોજ એક બિજો તેહવારો હતો. એ તેહવારોમાં ધર્મનું તત્વ કાંઇ પણ જણાતું નથી.

મી૦ કુકાએ મજકુર મેહરંગાનના તેહવારને પોતા તરફથી મેહરંગાનનું 'જશન' કહ્યું છે તે લોકોને ભુલ ખવાડનારૂં છે; કારણ કે લોકો તો એ 'જશન' બોલને 'આરાધના, ધર્મ ક્રિયાનાં' તેના અસલ અર્થેજ સમજે છે. મજકુર ચીનાઇ ગ્રંથકાર તથા અલ્બીરૂનીએ વર્ણવેલા ખાંણી-પીણી, રમત-ગમત, તાજ પોશી તથા મેલાના એક તેહવારને આપણા લોકો જશન કેહતા નથી. એ 'જશન' બોલ વાપડવાથી ઘણાંખરાં લોકો એને એક ધર્મક્રિયાનો અવસર સમજવાની ભુલ કરે તેમાં તેમનો કસુર નહી ગણાય. પણ મજકુર તેહવારનાં વર્ણનમાં ધર્મ ક્રિયાનું સહેજ પણ તત્વ આમેજ થયલું નથી.

બિજું, મી૦ કુકા કહે છે કે, "મેહરંગાનનું જશન તો મેહર મહિનામાંજ થાય." આપણ તે ના પાડતા નથી. પણ મજકુર એહવાલોમાં આપણે જોયું કે, નવરોજ ઉત્તરાયણ (Summer Solstice) આગલનો, એટલે કે પાદશાહી અથવા વેહવારૂ વર્ષ (Civil year) નો છે. અને તેમજ તેજ વર્ષનો મેહરંગાનબી છે. અત્રે મી૦ કુકાએ સાબેત કરવાનું હતું કે, વ્યવહારૂ વર્ષનો અને દીની વર્ષનો-બન્નેનો મેહરંગાન એકજ હતો. બિજા બોલોમાં બોલ્યે તો એવણે દેખાડવું હતું કે, જેમ ગાહામ્બારનાં આફ્રીન્ગાન તથા આફ્રીનમાં તેમજ 'બુન્દહેશન'માં મલે છે કે, મેષ વિષુવથી શરૂ થતા ધર્મનાં વર્ષમાં પેહલો મહિનો ફ્રવર્દિન છે; અને જેમ આજેબી શું ઇરાંનમાં કે શું હિંદુસ્તાનના

જરથોશ્તીઓ ગણે છે તેમ તે નહી હતો; પણ એ એવણુ સાબેત કરી શકતા નથી. એવણુ એ સાબેત કરવાને બદલે તે સાબેત થયલી વાત હોય તેમ આપણી પાસે મનાવવા માંગે છે કે, "મેહુરંગાનનું જશન" (તેહુવાર) દીની સાલનુંજ હોઇ શકે." પાર્સીઓમાં મેહરંગાન એકજ હતો એવું મી૦ કુકા દેખાડી શકયા નથી; પણ એઓમાં જેમ શ્યાલામાં મેહરંગાન આવતો હતો તેમ તે પાનખરમાંબી આવતો હતો એવું જે લખાંણુ આપણને અલબીરૂનીમાં મલે છે તેજ ફક્ત ટાંકી અત્રે આ ટીકા ખતમ કર્યે.

"પાર્સી ઇશ્વર-જ્ઞાનીઓ મેહરંગાનને કયામત અને દુન્યાંની આખેરીની નિશાંની તરીકે ગણે છે, કારણ કે એ વખ્તે દરેક વનસ્પતિ સંપૂર્ણ થાય છે અને તેને વધુ ઉગવાને માટે કાંઇ પણ વધુ ખોરાક મલતો નથી." વલી આગલ ચાલતાં તે કહે છે કે :— "કેટલાંક લોકો વસંતઋતુ કરતાં પાનખરને જેટલો વધારે પસંદ કરે છે તેટલો નવરોજ કરતાં મેહરંગાનનેબી કરે છે." પોતાના આ વિચારના ટેકામાં તેઓ મૂખ્ય કરી આ દલીલ ઉપર આધાર રાખે છે કે, જ્યારે એ ઋતુઓ વિષે એરિસ્ટૉટલને પુછવામાં આવ્યું ત્યારે તેણે સીકંદરને એવો જવાબ દીધો હતો કે, "ઓ પાદશાહ! વસંતમાં ખરફસ્તરો ઉત્પન્ન થાય છે, જ્યારે પાનખરમાં તેઓ મરવા માંડે છે." એ ઉપરથી હ્યાં જણાવેલો મેહરંગાન પાનખરનો ઠડે છે.

જ્યારે પાર્સીઓમાં મહિનાનો કબિસો થતો હતો ત્યારે જેમ વસંતઋતુની શરૂઆત ઉપર આવતો દીની નવરોજ મેષ-વિષુવ (Vernal Equinox) નો દહાડો હતો તેમ તેની સાંમેનો પાનખર ઋતુની શરૂઆત ઉપર આવતો દીની મેહરંગાન, જેમ આપણી મંડલીની એક આગલી બેઠકમાં મેં દેખાડયું હતું તેમ, પાર્સી ગણત્રી પ્રમાણેનો તુલા વિષુવ (Antumnal Equinox) નો મધ્ય દિવસ હતો. પાદશાહી વર્ષનો મેહરંગાન તો દીની મેહરંગાનની ફકટ એક નકલ લાગે છે.

બેઠક ૧૩ મી, તા૦ ૨૧ મી સપટેમ્બર ૧૯૧૨.

એર્વદ જ. દા. નાદરશાહે લંબાણથી પોતા તરફની ટીકા રજુ કીધી હતી તે વિષે શેઠ કુકાએ ખોલાસો કરતાં જણાવ્યું કે, મી૦ નાદેરશાહ Cowasji Patell's Chronology નાં જે કોઠાને આધારે કહે છે કે, ચીનાઇ મહિનાઓ અવારનવાર ૨૯ અને ૩૦ દહાડાના આવતા હતા તે કોઠો શુદ્ધ ગણત્રીને માટે તદન નકામો છે. એ કોઠો તો માત્ર approximate ગણત્રીને માટે આપેલો છે. માહુતાબી મહિનાઓની લંબાઈ એ પ્રમાણેની, યાને ૨૯॥ દહાડાની Uniform હોતીજ નથી. કાવસજી પટેલની ચોપડામાં હિંદુ મહિનાઓ માટે જે કોઠો આપ્યો છે તેમાંબી ૩૦ અને ૨૯ દહાડાની લંબાઇ alternately લીધી છે; પણ કોઇબી પંચાંગમાં જોવાથી ખાતેરી થાશે કે,

હિંદુ પંચાંગમાં એ મુજેબની લંબાઇ આવતીજ નથી, માટે કાવસજી પટેલના એવા કોઠાને આધારે મારી ગણત્રીમાં ભૂલ કાઢી શકાશે નહી. બીજું મી૦ નાદેરશાહ પોતાની કોઇ જુદી ગણત્રીને આધારે કહે છે કે, ચીનાઇ સાતમાં માસની સાતમી તિથિએ ઇરાંનીઓનાં ફર્વર્દિન માહનો ૨૫ મો રોજ હતો, અને તે દહાડેબી નોરોજનો તેહવાર હતો, કારણ કે નોરોજના તેહવાર આખો મહિનો સુધી પલાતા હતા; પણ એવી કશી શહાદતો મારા જોવામાં આવી નથી કે નોરોજના તેહવારો ૩૦ દહાડા સુધી પલાતા હતા, અને એક બારગી તેમ હોયબી તો ખોર્દાદ રોજને છોડીને ખાસ ૨૫ માં રોજનેજ કાં અગત્યતા આપવામાં આવે !

બેઠક ૧૫ મી, તા૦ ૫ મી ઓકટોબર ૧૯૧૨.

એર્વદ જમશેદજી દા. નાદેરશાહે જણાવ્યું કે, મહિનાઓ વિષેની મારી theory શું છે તે વિષે હજુર કેટલીક ગેરસમજુતી હોવાથી, થોડાક ખોલાસો કરવા ચાહું છું. તેવણે ત્રણ Concentric dials રજુ કર્યાં જેમાં એકમાં રાશિઓનાં નામ તથા બીજા બેમાં ઇરાની મહિનાઓનાં નામ હતાં. એક dial માંની મેષ રાશિ, બીજા dial માંનો ફર્વર્દિન માહ, અને ત્રીજા dial માંનો આદર માહ એકસરખે ઠેકાણે લાવીને તેવણે દેખાડયું કે, મેષ રાશિની શરૂઆતે જ્યારે દીની ફર્વર્દિન માહ હતો ત્યારે Civil આદર માહ હતો. આશરે ૧૨૦ વર્ષે જ્યારે મેષ રાશિ ઉપર દીની અર્દીબહેશ્ત આવે ત્યારે Civil દએ આવે. હવે કબીસો કરવામાં આવે તો મેષ રાશિ ઉપર પાછો ફર્વર્દિન આવે અને Civil આદર આવે. યજદગર્દ બીન શાહપુરનાં વખતમાં એમ બનેલું દીસે છે કે, ધર્મમાં દીની વર્ષમાં તો એકજ માહનો કબીસો કીધોતો પણ Civil વર્ષમાં બે મહિનાનો કબીસો કીધો, જેનાં પરિણામમાં જ્યારે મેષને મુકાબેલનો દીની ફર્વર્દિન થયો ત્યારે Civil આવાં થયો. એનો એશારો વંદીદાદની પેહલવી શરેહમાં મલે છે, જેમાં દીની બહમનને મુકાબેલ Civil શેહરેવર આપ્યો છે, યાને દીની ફર્વર્દિનની મુકાબેલ Civil આવાં.

ત્યાર બાદ શેઠ મેહરજીભાઈ નોશેરવાન કુકાએ, પોતાની સાસાન્યાંન પંચાંગ વિષેની અધુરી રહેલી બાબત આગલ ચલાવતાં જણાવ્યું કે:—મિથ્રની પરસ્તેશ ઇસ્વી સનેની આગમજની પેહલી સદીમાં ઇરાંની તરફથી રોમન શાહાનશાહાતના મુલકોમાં દાખેલ થઇ હતી; પણ ઇ૦ સ૦ ૨૭૩ થી જ્યારે રોમન શાહનશાહ Aurelian પૂર્વ તરફની ચઢાઇ ઉપરથી પાછો ફર્યો, ત્યારે તેણે આ પરસ્તેશમાં એક નવો અંશ આમેજ કીધો અને તે એ કે મિથ્રપૂંજાનો ખાસ દહાડો તેણે ૨૫ મી દીસેમ્બરનો, જે તે વેલા Winter Solstice નો દહાડો ગણાતો હતો તે મુકરર કીધો. એ વિષે Tyler's Primitive Culture માં આ મુજેબ લખાણુ મલે છે:—

"The Roman Winter Solstice festival as celebrated on December

25th in connection with the worship of the Sun God Mithra appears to have been instituted in this special form after the Eastern campaign of Aurelian A. D. 273."

આ દેખાડે છે કે, ઇરાનીઓ અને પૂર્વ તરફની પ્રજાઓમાં મેહરગાનનો તેહવાર December માં પડતો હતો. ઇ૦ સ૦ ર૭ર થી ઇ૦ સ૦ ૬૩ર સુધી ૩૬૦ વર્ષ છે, એટલે બરાબર ત્રણ મહિનાનાં કબીસાની મુદત છે; માટે ઇ૦ સ૦ ૬૩ર માં ર૫ મી દીસેમ્બરે જે રોજ હતો તેજ રોજ ઇ૦ સ૦ ર૭ર માં બી આવે, અને તે રોજ તીર હતો; માટે ર૭ર માં મેહરગાનનો તેહવાર તા૦ ર૮ મી દીસેમ્બરે પડયો હતો. ઇરાંની મેહરગાન જો કે Winter Solstice નો તેહવાર હતો તો પણ ર૫ મી દીસેમ્બરે તો તે જવલેજ આવી શકે, કારણ કે વિષુવકાલ યાને નોરોજથી Winter Solstice સુધી ર૭૫ દહાડા થાય છે, અને ઇરાની મહિના બરાબર ત્રીસ ત્રીસ દહાડાના હોવાથી, તથા ઇરાંની રેવાજ ફસલનાં જશનોને તે મહિનાના નામવાલા રોજે યાતો તે હિંગામ ઉપરના મવકકેલ ફરેસ્તાના રોજે પાલવાનો હોવાથી થોડા દહાડા હેરફેર આવે.

ઇ૦ સ૦ ર૭ર માં ર૫ મી દીસેમ્બરે મેહર માહને તીર રોજ, તો ૧૮ મી માર્ચે દએ માહ બેસે છે. હવે સવાલ એ ઉઠે છે કે, જો ર૭ર માં વિષુવ કાલે દએ માહ શરૂ થતો હતો, અને આપણે આગલ જોઇ ગયા કે, ઇ૦ સ૦ ૫૦૫ માં તેજ ટાંકણે આદર શરૂ થતો હતો, તો એ બે ચીજ કેમ બની શકે? કબીસો નહી કર્યાથી દએની જગાએ બહમન આવે પણ આદર નહી આવે. એનો ખોલાસો આ છે કે, પાછલનાં વખતમાં યજદગર્દ નામના એક શાહનશાહે કબીસો કીધો ત્યારે જ્યાં એક મહિનો ઉમેરવો જોઇતો હતો તેને બદલે બે મહિના ઉમેર્યા, જે વિષે અલબીરૂની કહી જાય છે. વગર કબીસે દએની જગા બહમને લીધી હતી. એક મહિનાનો કબીસો કરતે તો પાછો દએ મેષવિષુવ પર આવતે, પણ બે મહિના ઉમેરવાથી આદર તે જગોએ આવ્યો.

મહોમદન ગ્રંથકર્તાઓ વિષે બોલતાં શેઠ કુકાએ જણાવ્યું કે, પ્રીદેસીએ બે ત્રણ ઠેકાણે ફ્રવર્દિન માહને "સરે-સાલે-નો" એટલે વર્ષનો પેહલો મહિનો કહેલો છે, પણ ફસલ કે રાશિનો એશારો સાથે સાથે ન હોવાથી, ફ્રવર્દિન કઇ મોસમમાં આવતો હતો તે નક્કી કરી શકાતું નથી.

"જીચે ઇલ્ખાની"માં કહેલું છે કે, કબીસો થતો હતો ત્યારે જે મહિનો બે વખત લેવાતો હતો તેમાંના પેહલા મહિનાને 'અસલી' કહેતા હતા અને બીજાને 'ફ્રેહ' કહેતા હતા.

એર્વદ જ૦ નાદેરશાહે ટિકા કર્યા કે, શાહાનશાહ Aurelian પૂર્વ તરફ જે ચઢાઇ લેઇ ગયો હતો તે Syria દેશમાં અને નહીં કે ઇરાન તરફ. તેણે Palmyra તાબે કીધું હતું, માટે એમ કહી શકાય નહીં કે, મિથ્રનો તેહ્વાર

Winter Solstice ઉપર પાલવાનું તે ઇરાની પાસથી શિખ્યો. વલી રોમન લોકો જે રીતે મિથ્રની પૂંજા કરતા હુતા તેવું આપણામાં કશું નથી.

શેઠ કુકાએ કહ્યું કે, Franz Cumont ની બનાવેલી Mysteries of Mithra માં આવેલાં લખાંણ પ્રમાણે, મિથ્રની પૂંજા Asia Minor અને Syria માં બધે પ્રસરેલી હુતી, અને તેહુવારના દહાડાને "મિથ્રકાંન" નામ આપવામાં આવ્યું હતું, જે પેહુલવી નામ છે, અને "મિથ્રકાન"નાં તેહુવારને Winter Solstice સાથે સંબંધ હુતો.

એવડા કબીસા બાબે એર્વદ નાહેરશાહે કહ્યું કે, યજદગર્દ બીન શાહુપુરે બે મહિનાનો કબીસો કીધો. ત્યારે Civil આવાં માહુ મેષ વિષુવનો થયો હુતો, અને ત્યાર પછી Civil વર્ષમાં બીલકુલ કબીસો નહીં થવાથી ઇ૦ સ૦ ૬૩૨ માં દએ માહુ વિષુવ કાલ ઉપર શરૂ થતો હુતો, એમ ગણત્રીથી દેખાડી શકાય છે.

બેઠક ૧૭ મી, તા૦ ૧૯ મી અકટોબર ૧૯૧૨.

શેઠ મેહુરજીભાઇ નોશેરવાન કુકાએ ગઇ વેલાથી અધુરી રહેલી સાસાન્યન વખ્તનાં જરથોશ્તી પંચાંગની બાબત આગલ રજુ કરતાં જણાવ્યું કે, અલ્બીરૂનીનાં લખાંણો ઘણી વેલા મંડલીમાં ચરવાયલા હોવાથી અત્રે તેનો માત્ર સારજ રજુ કરવામાં આવે છે :– અલ્બીરૂનીએ ઇરાંનીઓનાં જે ગાહામ્બારો આપેલા છે તે ઉપરથી આદર માહુ વસંતનો પેહુલો મહિનો હોય એમ ઠરે છે. બીજે કેટલેક ઠેકાંણે તે ભાર મુકી કહી જાય છે કે, ફ્રવર્દિન માહુ Summer Solstice ઉપર શરૂ થતો હુતો, જે ઉપરથી વસંતની શરૂઆતનો મહિનો દએ માહુ લેઇ શકાય.

બીજા મહિનાઓ વિષેનાં અલ્બીરૂનીનાં વિવેચણ ઉપરથી જોઇ શકાય છે કે, મેહરંગાનનો તેહુવાર Winter Solstice નો હુતો.

ખ્વારેજમીઓનો રીમજદ (દએ માહુ) વસંતઋતુમાં આવતો હુતો. ખ્વારેજમીઓનો તીર માહુ પાનખર (Autumn) ઋતુની શરૂઆતનો મહિનો હુતો.

ઇરાંની આદર માહુ શિયાલાનો છેલ્લો મહિનો હુતો.

મેહુર માહુના ચંદ્ર વિષે લખતાં અલ્બીરૂની કહે છે કે:—"Therefore they say on Meherjan the moon stands higher than the Sun," અને ખગોલશાસ્ત્રની મદદથી આપણે કહી શકયે કે, એમ શિયાલામાં, ખાસ કરીને Winter Solstice નાં હિંગામ ઉપર બની શકે છે. બીજા કેટલાક ફકરાઓ અલ્બીરૂનામાં છુટાછવાયા મલે છે, જે ઉપરથી માલૂમ પડે છે કે, એને ખબર આપનારાઓમાંનાં કેટલાકની માન્યતા એવી હુતી કે, ફ્રવર્દિન માહુ અસલમાં વસંતઋતુની શરૂઆતનો હુતો; તે ફકરાઓ ડૉ૦ માણેકજી દાવર અને મી૦

કુર્લેવાલાનાં ચોપાન્યાંમાં વિગતથી આપેલા છે, તેમજ એર્વદ જ. નાદેરશાહે અત્રે રજુ કરેલા છે, એટલે તે પાછા રજુ કરવાની જરૂર નથી. ફ્રર્વર્દિન માહ વસંતઋતુનો હતો, એવો ખ્યાલ કેમ બરપા થવા પામ્યો તે વિષેનો મારો ખોલાસો આગલ આવશે.

અલ્બીરૂની જે જશનોનું બ્યાન કરે છે તેમાં "રૂક્કએ કજ્દુમ" નું જશન અને "જશ્ને સદેહ" છે. "રૂક્કએ કજ્દુમ" બાબે સપંદાર્મદ માહના સપંદાર્મદ રોજનાં બયાંનમાં અલ્બીરૂની લખે છે કે, એ દહાડે ઇરાંનીઓ કાગજ ઉપર એક નીરંગ લખતા હતા અને તેને દેવાલો ઉપર વલગાડતા હતા, એવી મતલબથી કે, ઘરમાંથી ખર્ફસ્તરો જતાં રહે. ખરફસ્તરોમાં તે મૂખ્ય વિચ્છુઓ માટે લખે છે. વલી "જીયે ઇદખાંની" અને "જીયે ઉલુવબેગી"માંબી, એ દહાડાને વીચ્છુઓ માટેના નીરંગ લખવાનો દહાડો કહેલો છે. આપણી બોદેહ અવસ્તાની કેતાબોમાંબી એ દહાડાને વીચ્છુ માટે નીરંગ લખવાનોજ કહેલો છે. એ જશન વિષે ડૉ૦ દાવર પોતાનાં ચોપાંન્યામાં કહે છે કે, અલ્બીરૂનીના કેહવા પ્રમાણે પેટે ચાલનારાં જાનવરો, વસંતઋતુ શરૂ થતાં, જમીનમાંથી બાહેર નિકલવા માંડે છે, તેથી માણસોનાં રેહઠાંણથી તેમને દૂર રાખવા માટે આગલા જમાનાનાં લોકો, જે ઉપાય લેતાં હતાં તેને માટેનો ખરો વખ્ત વસંતઋતુની આગમજનો અને શિયાલાનો છેલ્લો મહિનો હોવો જોઇએ, અને તે ઉપરથી સપંદાર્મદ માહ શિયાલાનો છેલ્લો મહિનો ઠરે છે. આ દલીલ ઘણી ingenious છે, પણ શિયાલાનો છેલ્લો મહિનો પણ મૂખ્ય કરીને તેના પેહલા પખવાડયાંમાં તો ઘણી ઠંડીવાલો હોય છે; જેમ અલ્બીરૂનીએ આદર માહને માટે કહ્યું છે તેમ. અને તે વેલા ખરફસ્તરો બાહેર નિકલતાં નથી. આજરબાએજાનમાં તો આખો માર્ચ માસ પુશ્કલ ઠંડીનો હોય છે. એ માટે જુવો "Persia, Past and Present," by Prof. Jackson, page 71 :-

"March seemed in the Avestan words to be the very 'heart of Winter'." p. 114. "The calendar pointed to the end of March, when I left Urumiah, but Spring was a long way off, and snow and bad roads were a constant source of delay on the journey."

વલી જે પેહલવી નીરંગ લખવામાં આવે છે અને જે બોદેહ અવસ્તાની કેતાબોમાં મોજુદ છે, તે ખાસ ખર્ફસ્તરોને માટેની નથી, પણ દેવો, દરૂજો, જાદુગર, લુટારા, ગુનાહગાર, સીતમગર વગેરે સર્વે હાંનીકારક પેદાયશ સામે લખાય છે.

આ નીરંગના રેવાજનો ભેદ મારા વિચાર પ્રમાણે જુદોજ છે અને તે ભેદની ચાવી અલ્બીરૂનીનાં લખાણમાંથીજ મલે છે. તે કહે છે કે :—Now as regards the pieces of puguca, we have mentioned, they are evidently useless, because, the power of incantation cannot affect

the object of incantation, though its influence be strong, because the planetary cycles do not agree with the Persian Year, and the conditions of talismans are not (therefore) fulfilled in them."

હવે રાશિઓમાં એક વિચ્છુનાં નામવાલી રાશિ છે, અને તેમાં વીચ્છુના ડંખવાલો જે ભાગ છે તેને હિંદુઓ મૂલનક્ષત્ર કહે છે અને આરબો 'શઉલે' કહે છે. નજુમીઓનાં મત પ્રમાણે એનાં જેવું નેહુસ્ત નક્ષત્ર એકે નથી. જે મહિનામાં આ નક્ષત્ર રાત્રે આકાશ ઉપર આખી રાત રહે તે મહિનામાં આ નક્ષત્રની આફત માણસો ઉપર વધુ પોંહચે એમ ધારવામાં આવેલું હોવાથી, તે મહિનામાં આ નીરંગનું ખાસ કામ પડે. તે મહિનો કયો તે આપણે જોઇએ.

સાસાની જમાનાની શરૂઆતે આ નક્ષત્રની Longitude આશરે ૨૪૦° હતી. જ્યારે સૂર્યની Longitude તેનાથી ૧૮૦° ને છેટે, યાને ૬૦° ની હોય ત્યારે આ નક્ષત્ર આખી રાત આકાશ ઉપર રહે. સૂર્યની ૬૦° ની Longitude વસંત રૂતુ બેસવા પછી આશરે ૬૨ દહાડે થાય છે, યાને ત્રિજો મહિનો બેસતા. ત્યારે મૂલ નક્ષત્ર સાથે સંબંધ ધરાવનાર મહિનો વસંતથી ત્રિજો હોવો જોઇએ, યાને સપંદાર્મદ વસંતનો ત્રિજો મહિનો ઠરે છે, એટલે દએ પેહલો. વીચ્છુઓનો ઉપદ્રવ ઇરાન દેશમાં મૂખ્ય કરીને 'કાશાન'માં ઘણો વધારે છે અને ત્યા વીચ્છુઓ બારે માસ દેખાવ દે છે. પણ ખાસ કરીને છેક, હુનાલો વીતા પછી વધારે. એ વિષે Sir John Chardine ના ઇરાંનની મુસાફરીને લગતાં પુસ્તકમાં આ મુજેબ ફકરો છે. (પાનું. ૪૧૩) :— "Besides there is one greater inconvenience........... which is the great number of Scorpions which infest these parts at all times, especially when the Sun is in Scorpio."

જશ્ને સદેહ.

આ જશન બહમન માહના આવાં રોજે પડે છે. અલ્બીરૂની કહે છે કે, "ઇરાંનીઓએ કબીસો છોડી દીધા પછી તેઓ એવી આશા રાખતા હતા કે, એ વખ્તે ઠંડી ખતમ થવી જોઇએ; કારણ કે તેઓ આવાં માહનાં પાંચમા રોજ઼ને શિયાલાની શરૂઆતનો અને બેહમન માહના દસમાં રોજ઼ને તેની આખેરીનો ગણુતા હતા."

આ ઉપર શરેહ કરતાં મીં૦ કુર્લેવાલા કહે છે કે, એમાં 'જ઼મેસ્તાંન'ની મોસમ આવાં માહથી શરૂ થવાનો એશારો છે, અને એ સાત માહ 'હામીન'નાં લેતાં 'હામીન'નો પેહલો મહિનો ફ્રવર્દિન ઠરે છે. પણ ફ્રવર્દિન જો વસંતનો પેહલો મહિનો હોય તો, આખો બેહમન માહજ નહી પણ લગભગ અરધો સપંદાર્મદ માહબી પુશ્કળ ઠંડીનો હોય, ત્યારે બેહમન માહના દસમાં રોજે ઠંડીની આખેરીની વકી કેમ રખાય? અલ્બીરૂનીનાં

લખાંણુ ઉપરથી તો માત્ર એવો સાર નિકલે છે કે, કબીસો નહી કરવાથી એક વેળા બહમન માહ વસંતનો પેહલો મહિનો થયો હતો અને આવાં માહ દસમો યાને શિયાળાની શરૂઆતનો. એ પ્રસંગ ઇ૦ સ૦ ની ૮ મી સદીની આખેરીએ આવ્યો હતો.

'જશ્ને સદેહ' માટે અલ્બીરૂની અને બીજા લખનારાઓ કહી જાય છે કે એ જશનની રાત્રે પાદશાહો આતશની ચેહો સલગાવતા હતા, અને ખાંણી પીણી કરતા હતા, અને જંગલી જાનવરોને અને પક્ષીઓને તે ચેહોમાંથી પસાર કરતા હતા, વિગેરે.

હવે Celtic પ્રજાઓના Beltane નામના તેહવારોમાં એને મલતું બયાંન આવે છે. Beltane માટે Vietch's Border History and Poetry માં નીચે મુજેબ લખાણ છે:—

"Beltane—The name was given to May day, the 1st of May ....Two fires were kindled closely adjoining and between them pugt and cattle passed or were driven, in the belief that health and prosperity were thus to be secured.........

હિંદુઓની હોલી, જેમાં આતશની ચેહ સલગાવે છે, તેબી વસંતનો તેહવાર છે. અને 'જશ્ને સદેહ'બી જરથોશ્ત સાહેબના જમાનાંની આગમજનો વસંતનો તેહવાર છે. Beltane અથવા May Day તે Vernal Equinox થી ૩૮ મો દહાડો છે. અને 'સદેહ' દએ માહથી ગણતાં ૪૦ મો દહાડો છે.

બેઠક ૧૮ મી, તા૦ ૨૬ મી ઑકટોબર ૧૯૧૨.

શેઠ મેહરજીભાઇ નોશેરવાન કુકાએ ગઇ વખતથી પોતાની સાસાન્યાંન જમાનાનાં પંચાંગની બાબત આગલ રજુ કરતાં જણાવ્યું કે:—

એને માટે આપણુને અલ્બીરૂનીના એક ફકરા ઉપરથી એશારો મલે છે. તે કહે છે (સફે ૫૫.): ઇરાંનીઓનો એતેકાદ છે કે, તેઓનાં વર્ષની શરૂઆતનો દહાડો સૌથી પેહલા આદમીને પેદા કરવામાં આવ્યો તે દહાડો છે જે વેલા ફ્રવર્દિંન માહનો અહુરમજદ રોજ હતો, અને સૂર્ય મેષ-વિષુવના નુકતામાં આકાશના મધ્ય ભાગમાં હતો. તેઓ જે રીતે દુન્યાંના હજારા ગણે છે તે મુજેબ સાતમાં હજારાની શરૂઆતે આ બનાવ બન્યો હતો."

ફ્રવર્દિંન માહ વસંતનો હોવાનો ખ્યાલ કેમ ઉત્પન્ન થયો?

બુન્દહેશ્નમાં આપણુને મલે છે કે, સ્રષ્ટિની પેદાયશ પછી ૬૦૦૦ વર્ષ પુરાં થયાં ત્યારે, યાને સાતમાં હજારાની શરૂઆતે ગયોમર્દનો માણસરૂપે જન્મ થયો. ત્યાર પછીની Chronology બુન્દહેશ્નમાં આ પ્રમાણે મલે છે:—

ગયોમર્દની પેદાયશથી જરથોશ્ત સાહેબે દીન જાહેર કીધી ત્યાં સુધીનાં વર્ષ. —૩૦૦૦
ત્યાર પછીથી તે ઇસ્કંદર આવ્યો ત્યાં સુધીનાં વર્ષ. — ૨૫૮
ઇસ્કંદરે રાજ્ય કર્યું તેનાં વર્ષ. — ૧૪
અશ્કાનીઓનાં રાજ્ય-અમલનાં વર્ષ. — ૨૮૪
સાસાની અમલનાં વર્ષ. (આરબોનાં હાથમાં પાદશાહી ગઇ ત્યાં સુધી).— ૪૬૦

કુલ્લે. ૪૦૧૬

અલ્બીરૂનીને ખબર આપનાર ઇરાંનીઓબી એજ મુજેબની Chronology ગણતા હતા (જુવો સફે ૧૭).

બુન્દહેશ્નનાં લખનાર અને અલ્બીરૂનીના જમાનાના ઇરાંનીઓએ ગયોમર્દના વખતનાં રોજ માહને વિષે ઉપલાં વર્ષોને આધારે પાછલી ગણત્રી કરેલી લાગે છે.

અલ્બીરૂની પ્રમાણે ઇરાંનીઓમાં બે કીસમના કબીસા હતા. એકમાં તેર મહિનાનું વર્ષ ગણવાનો, અને બીજામાં મહિનો ઉમેરવા વગર માત્ર ગાથાના દહાડા એક મહિનો પછવાડે હઠાવાનો ચાલ હતો. જેઓ ફ્રવર્દિનને હમેશે Summer Solstice નો લેખતા હતા તેઓ તેર મહિનાનો કબીસો માનનારા હોવા જોઇએ.

પણ મજકુર ખબર આપનારાઓ, જેઓ ફ્રવર્દિનને વસંતનો મહીનો માનતા હતા, તેઓ માત્ર છેલ્લી પ્રકારનોજ કબીસો માનનારા હતા. તેઓએ યજદગર્દના જમાનામાં દએ માહ વિષુવ કાલનો હતો તે ઉપરથી પાછલ ગણત્રી કીધી. અને ૪૦૧૬ વર્ષની વાત ઉપર ફ્રવર્દિન વિષુવ કાલનો હતો એમ ઠરાવ્યું, તે નીચે મુજેબ હતું :—

ઉપર મુજેબનાં બે જાતના કબીસાઇ સાલો વિષે ૧૨૦ વર્ષે એક મહિનાનો અને ૧૪૪૦ વર્ષે ? (૧૪૬૧ વર્ષે) એક વર્ષનો ફેર પડે છે. યાને ૧૪૪૦ વર્ષે ? (૧૪૬૧) બન્ને વર્ષોનાં રોજ-માહ પાછા મલી રહે છે.

મજકુર ૪૦૧૬ ને ૧૪૪૦ વડે ભાંજતાં, બે Cycle આવે અને ૧૧૩૬ વધે. યાને ગયોમર્દ પછી ૨૮૮૦ વર્ષે બધા રોજ-માહ એક સરખા થઇ ગયા અને નવું Cycle શરૂ થયું. ૧૧૩૬ ને ૧૨૦ વડે ભાંજતાં ૯ આવે અને ૫૬ વધે. યાને નવ મહિનાની કબીસાની નોબત થઇ અને ત્યાર પછી ૫૬ વર્ષે પાદશાહી ગઇ. 'કાદીસા'ની લડાઇનું સાલ ઇ૦ સ૦ ૬૩૭ નું છે, તેમાંથી ૫૬ બાદ કરતાં ૫૮૧ નું સાલ આવે છે, જે સાલમાં કબીસાની નોબત પુરી થઇ હતી, એમ અલ્બીરૂની કહ્યો જાય છે. તે વેલા ફ્રવર્દિન માહ, ૨૯ મી જુને શરૂ થયો હતો. એ તારીખે મજકુર ઇરાંનીઓની ઉપલી ગણત્રી મુજેબ ફ્રવર્દિન માહ નવ મહિના વેહલો આવ્યો હતો, યાને તેની ખરી જગા નવ મહિના પછી જોઇએ,

એટલે માર્ચ મહિનામાં મેષ વિષુવને ટાંકણે. આ પ્રમાણે ફર્વર્દિનને વસંતરૂતુનો તેઓએ ઠેરવ્યો. તેઓએ બે પ્રકારની ભૂલ કરી છે. એક તો તેઓની Chronology તદ્દન ખોટી છે, અને બીજું એ કે, ફર્વર્દિન માહનો અહુરમજ્દ રોજ, જે મેહસુલી સાલનો નોરોજ હતો, તેને તેઓ દીની સાલનો સમજેલા છે.

ઈરાંનીઓ તથા સુગદીઓ અને ખ્વારેજમીઓ વચ્ચે પાંચ દહાડાનો ફેર.

એનો ખોલાસો અલ્બીરૂની બે રીતે આપે છે. એકતો એ કે, પેશદાદયાંન જમાના પછી ઇરાંનીઓ ૩૬૫ દહાડા અને ૬૪$\frac{૮}{૯૦}$ કલા-કનું વર્ષ ગણતા હતા અને તેથી ૧૧૬ વર્ષે એક મહિનો ઉમેરતા હતા. પણ એમ કરતાં જરથોશ્ત સાહેબ આવ્યા ત્યારે નોરોજનો દહાડો Summer Solstice થી પછવાડે પડી ગયલો જણાયો.

ત્યારે નવેસરથી ગણત્રી કરીને Summer Solstice થી વર્ષ શરૂ કર્યું. પણ સુગદીઓ અને ખ્વારેજમીઓએ તેમ કર્યું નહી, તેથી તેઓ પાંચ દહાડા પછાડી રેહી ગયા અને ત્યારથી ૧૨૦ વર્ષે એક મહીનો ઉમેરવાનો ચાલ પડયો. એ બનાવ ત્રીજા વખતનો કબીસો થયો ત્યાર પછીના સાલમાં જણાયો હતો. (અત્રે જણાવવું જોઇએ કે, ડૉ૦ સાખાઉના તર્જુમામાં "Third year after intercalation" શબ્દો છે તે તર્જુમો કરવાની ભૂલ થયલી છે. અરબી વાકયનો તર્જુમો "The year after the third intercalation" થાય છે.) એનો વધુ ખોલાસો એમ છે કે, ૧૧૬ વર્ષે મહિનો ઉમેરતાં ૩૪૮ વર્ષે ૯૦ દહાડા ઉમેરાય. ખરાં ફસલી વર્ષમાં ૧૨૮ વર્ષે ૩૧ દહાડા ઉમેરાવા જોઇએ, યાને ૩૪૮ વર્ષમાં ૮૪$\frac{૯}{૩૨}$ કહો કે ૮૫ દહાડા ઉમેરાવા જોઇએ. ત્યારે ૮૫ ને બદલે ૯૦ ઉમેરાયા તેથી વર્ષ, પાંચ દહાડા ખરી મોસમથી પછવાડે ગયું.

એ પાંચ દહાડાના ફેરનો બીજો ખોલાસો અલ્બીરૂની આપે છે તે એ કે, પેહલે તો બધી પ્રજાનાં વર્ષ એકજ વખતે શરૂ થતાં હતાં, પણ જ્યારે ઇરાંનીઓએ અધિક માસની પછવાડે દહાડા મુકવાનું દાખેલ કીધું ત્યારે સુગદીઓ અને ખ્વારેજમીઓએ અસ્પંદાર્મદની પછવાડે મુકવાનુંજ ચાલુ રાખ્યું અને તેથી પાંચ દહાડાનો ફેર પડયો. (સફે. ૨૨૧).

કબીસો.

અલ્બીરૂનીમાં બે પ્રકારનાં કબીસાનું વર્ણન આવે છે. એક રીત પ્રમાણે તેરમો મહિનો ઉમેરવામાં આવતો હતો અને તે મહિનાને 'કબીસો' કરી કેહતા હતા. બીજી રીત પ્રમાણે મહિનો ઉમેરાતો નહી હતો પણ ગાથાની જગા માત્ર એક મહિનો પછવાડે ફેરવાઇ હતી, અલ્બીરૂનીએ એક બીજી કેતાબ પાછલથી ઇ૦ સ૦ ૧૦૨૯ માં લખી હતી, જેનું નામ "તફહીમે અબુરહ્યાંન" છે, તેમાં તો એક ફકરો હાજી મહમદ ઈસ્ફહાંનીની "સવાહેદ-ઉલ-નફીસે ફી એસ્તબાતુલ-કબીસે" નામની કેતાબમાંનો છે, જેનો તર્જુમો મર્હૂમ શેઠ ડોસાભાઇ સોહરાબજી મુનશીએ નીચે પ્રમાણે આપ્યો છે:—

"તે કસરનો માસ એક ૧૨૦ વર્ષે એકઠો થતો ત્યારે એ વધારાના મહિનાને વર્ષના મહિના ઉપર વધારતા ત્યારે તેર મહિનાનું વર્ષ થતું. ત્યારે એક મહિનો વાર બે પઢતા અને તે વર્ષને 'બેહુતરક' કરી કહેતા હતા."

હ્યાં 'બેહુતરક' શબ્દ અસલ 'બહીજક' (પેહલવી ....=વેહીજકી)નાં નુકતા ફેરબદલ થવાથી થયો છે. "જીચે ઇલ્ખાની"ના બનાવનાર નાસેર-ઉદ-દીનનો ચેલો નીજામુદ્દીનબી એજ મુજેબનું લખી જાય છે, પણ તેણે ખરો શબ્દ 'વહીજક' વાપરેલો છે (જુઓ Dr. Hyde સફે ૨૦૪-૬)......"ફરહંગે જેહાંગીરી"નો કર્ત્તા "બેહુતરક" વિષે લખતાં જણાવે છે કે, "નોશેરવાંનના વખતમાં અર્દિબહેશ્ત માહ બેવડો કરવામાં આવ્યો હતો". એ વિષે વધુ વિવેચન આગલ આવશે.

મુલ્લાં ફીરોજ કેતાબખાનામાં શમ્સ-ઉલ-મુનજ્જમ ખ્વાજા મહમદ બીન અલીની બનાવેલી "શરહે-જીચે-ઇલ્ખાંની" નામની કેતાબ છે, તેમાંબી બે કીસમનાં વર્ષ માટે જણાવે છે. તેનાં કહેવા પ્રમાણે કબીસાવાલાં વર્ષનાં મહિનાઓને "સાબિત" (=કાયમ) અને બીન-કબીસાઇ વર્ષનાં મહિનાઓને 'મુન્તકલે' (ફેરવાતા) માહનાઓ કહેતા હતા. ૧૪૪૦ વર્ષની મુદત, જે કબીસાનો એક "દૌર" કહેવાતો હતો, તેમાં કાયમ ફર્વર્દિન અને ફેરવાતો ફર્વર્દિન પાછા સાથે મલી રહેતા હતા. ત્યારબાદ ૧૨૦ વર્ષે અર્દિબહેશ્ત માહ, ત્યાર પછી ૧૨૦ વર્ષે ખોર્દાદ માહ વગેરે, એમ વારી પ્રમાણે કાયમ ફર્વર્દિનની મુકાબેલ થતા હતા. ગાથાના દહાડા કાયમ અસ્પંદાર્મદની પછવાડે મુકાતા હતા. અને ફેરવાતા મહિનાઓમાં જે માહની વારી આવેલી હોય યાને જે કાયમ અસ્પંદાર્મદની મુકાબેલ હોય તેની પછવાડે ગાથા મુકાતા હતા, એથી કાયમ સાલના ગાથા અને ફેરવાતા સાલના ગાથા હમેશે મલતા રહેતા હતા.

મહિનો ઉમેર્યા વગર દર નોબતે માત્ર ગાથાના દહાડા એક એક માહ પછવાડે હઠાવાનો કબીસો દીની સાલમાંતો હોઇ શકે નહી. તેમાંતો એક માસ ઉમેરાતો હોવો જોઇએ, જે આપણે શેહનશાહીઓ અને કદીમીઓ વચ્ચેના એક માસના ફેર ઉપરથી જોઇ શકયે છીએ. ત્યારે ઉપર મુજેબ જો માત્ર ગાથાના દહાડા હઠાવાનો કબીસો (જો તે કબીસો કહેવાય તો) એક બીજી કીસમનાં સાલનો હોવો જોઇએ.

બેઠક ૧૯ મી, તા૦ ૨ જી નવેમ્બર ૧૯૧૨—

શેઠ મેહરજીભાઇ નોશેરવાન કુકાએ ગઇ વખ્તથી અધુરી રહેલી પોતાની "સાસાન્યાંન જમાનાનાં પંચાંગની બાબત" આગલ રજુ કરતાં જણાવ્યું કે:—

બે જાતનાં વર્ષ.

જ્યારે કબીસો દીન ધર્મનાં કાંમો માટે કરવામાં આવતો હતો, ત્યારે ઇરાંની જ્યોતિષો અને Chronologists પોતાના વપડાશને માટે એક બિન કબીસાઇ વર્ષ વાપરતા હતા, જેમાં ગાથાના દહાડાઓને દર એકસો વીસ વર્ષે એક મહિનો પાછલ હઠાડવામાં આવતા હતા જેથી કરીને લાંબા કાલની તવારીખ વગેરેની

નોંધ રહે, કારણ કે બીજી કેટલીક પજાઓની મુઆફેક કોઇ ચાલુ, સને ઇરાનીઓનો હતો નહી. આગલા યુનાની જ્યોતિષો જેવા કે Hipparchus, Ptolemy વગેરે પોતાની જ્યોતિષી ગણત્રીને માટે "નબુ નસર" નો બિન-કબીસાઇ સને વાપરતા હતા, જેમાં વર્ષના ૧૨ મહિના દરેક ૩૦ દહાડાના અને ઉપલગનાં પાંચ દિવસનું બનેલું હતું. વલી દીનકર્દમાં લખે છે કે, કબીસાઇ અને બિનકબીસાઇ વર્ષો વચ્ચે ૧૪૪૦ વર્ષે એક વર્ષનો ફેર પડે છે. તે કયારે બની શકે કે, બિનકબીસાઇ વર્ષમાં ગાથાની જગા બદલાતી રહે; તેમ ન હોય તો ૧૪૪૦ વર્ષને બદલે ૧૪૬૦ વર્ષે એક વર્ષનો ફેર પડે.

ત્યારે આપણે કહી શકયે કે, ખરૂં કબીસા સાથનું વર્ષ, જે દીનધર્મના કામને માટે વપડાતું હતું, તેમાં ૧૨૦ વર્ષે એક માહ ઉમેરાતો હતો, અને તે સાલના ૧૩ મહિના થતા હતા, અને ગાથા તો વર્ષની આખેરીએજ રેહતા હતા; અને સાથે સાથે તવારીખ નવીશોનાં વપડાશમાં એક બીજી પ્રકારનું વર્ષ હતું જેમાં ૧૨૦ વર્ષે મહિનો ઉમેરાતો હતો નહી, પણ માત્ર ગાથાની જગા એક મહિનો પાછલ લેઇ જવામાં આવતી હતી, જેથી તે ગાથા દીની વર્ષના ગાથાની મુકાબેલ રહેતા હતા.

બે મહિનાનો કબીસો થયો હતો કે?

બે મહિનાનો સામટો કબીસો, એક તેની નોબત પ્રમાણેનો ખરો કબીસો અને બીજો ઉપલગનો, એમ થયો હતો એ વાત આપણે કબૂલ રાખીશું, કારણ કે તેમ હોય તોજ દએ માહની જગાએ આદર માહ આવે. અને એ કબીસો માત્ર મજકુર બીજા પ્રકારનાં વર્ષનો, એટલે ગાથાના દહાડાની જગ્યા બદલવાનોજ નહી, પણ દીની સાલનો થયો હતો.

ઉપલગનો કબીસો શા માટે કરવામાં આવ્યો હતો? તેને માટે મારી તર્ક આ છે:—

મેં આગલ દેખાડયું છે કે, જ્યારે પંચાંગ અસલ બરપા થયું ત્યારે તીર માહ અને Autumnની શરૂઆતે પુનમનો ચંદ્ર ધન રાશિનો, યાને સૂર્ય મિઠુન રાશિનો હતો. ત્યારપછી જમાનાઓ બાદ વસંતથી વર્ષ ગણવાની શરૂઆત થઇ. અને વર્ષ luni-solar હોવાને બદલે tropical solar થયું. Precession of the equinoxes ને લીધે મિથુન રાશિના સૂર્યને બદલે વરખ રાશિના સૂર્ય થવા સાથે દએ માહ આવવા લાગ્યો, યાને આદર માહ મેશ રાશિનો થયો. સાસાની જમાનાની શરૂઆતે Precession ને લીધે વસંતના બેસવા સાથે મેષ રાશિનો સૂર્ય થતો હતો; અને દએ માહ મેષ રાશિનો થયો. પણ છેલ્લો કબીસો કરનારા જ્યોતિષોને આગલના લાંબા કાલના જમાનામાં આદર માહ મેષ રાશિનો હોવાનું tradition ખબર હોવાને લીધે તેઓએ બેવડો કબીસો કીધો, અને આદર માહને મેષ રાશિ ઉપર લાવ્યા, અને સાથે વલી વર્ષને Sidereal Year બનાવ્યું.

હવે કબીસો છેલ્લો કયારે થયો હતો તે, અને ૮) મહિનાની નોબતની વાત ખરી છે કે તે તપાસ્યે.

કબીસો છેલ્લો કયારે થયો?

અલ્બીરૂની કહે છે કે, કબીસો યજદગર્દ બીન શાહપુરનાં વખ્તમાં થયો હતો, અને તેનો જમાનો અશો જરથોશ્ત પછી ૯૭૦ વર્ષે હોવાથી, એટલા અરસામાં ૮ કબીસાની નોબત પુરી થઇ હતી અને તેથી આઠમાં મહિનાં આવાંની પાછલ ગાથા મુકાયા હતા. વળી તે કહે છે કે, યજદગર્દ બીન શાહપુર અને યજદગર્દ બીન શેહર્યારનાં મરણ વચ્ચે ૧૯૦ વર્ષનો ગાલો છે. આ બે લખાંણો એકમેકથી ઉલતાં છે. પહેલાં લખાંણ મુજબ કબીસાનું સાલ ઇ૦ સ૦ ૪૦૧ નીચલી ગણત્રીથી આવે છે:—

અશો જરથોશ્તથી ઇસ્કંદર સુધીની મુદ્દત અલ્બીરૂની તથા પેહલવી લખનારાઓનાં મત મુજેબ વર્ષ	૨૫૮
ઇસ્કંદરથી તે ઇસ્વી સને શરૂ થયો ત્યાંસુધીનાં વર્ષ	૩૧૧
ઇસ્વી સનેનું સાલ કબીસો થયો તે. તેનાં વર્ષ	૪૦૧
	કુલ્લે ૯૭૦

હવે ઇ૦ સ૦ ૪૦૧ માં યજદગર્દ બીન શાહપુરનો અમલ હતો તે વાત ખરી છે, જો કે જરથોશ્તી સનેની ગણત્રી તદ્દન ભૂલભરેલી છે; પણ અલ્બીરૂનીનાં બીજાં લખાંણ પ્રમાણે છેલ્લા કબીસાનું સાલ ઇ૦ સ૦ ૪૬૧ નું આવે છે; તે આ પ્રમાણે:—

યજદગર્દ શેહર્યાર મરણ પામ્યો તે સાલ ઇ૦ સ૦	૬૫૧
તેમાંથી બાદ કરો મજકુર બે પાદશાહો વચ્ચેનો ગાલો, વર્ષ	−૧૯૦
	=ઇ૦ સ૦ ૪૬૧

ઇ૦ સ૦ ૪૬૧ યજદગર્દ બીન શાહપુર હયાત હતો નહી; તે તો ઇ૦ સ૦ ૪૨૧ માં મરણ પામ્યો હતો; કદાચ યજદગર્દ બીન બેહરાંમ હોય, જેનું મરણ કોઇ ૪૫૭ માં તો કોઇ ઇ૦ સ૦ ૪૬૧ માં લખી જાય છે. ત્યારે હવે ખરી હકીકત શું છે તે આપણે જોઇએ.

આગલ આપણે જોઇ ગયા કે, ઇરાંનીઓ ગયોમર્દની પેદાયશથી સાસાની જમાનાની આખેરી સુધીનાં ૪૦૧૬ વર્ષ ગણતા હતા, અને ત્યાં આપણે જોયું કે, ઇરાંનીઓએ પાછલી ગણત્રી કરીને ઠરાવ્યું કે, કબીસાની એક નોબત પુરી થવાનો વખ્ત ઇ૦ સ૦ ૫૮૧ માં આવેલો હતો, અને ફર્વર્દિન માહને અહુરમજદ રોજ તા૦ ૨૮ મી હજીરન = ૨૯ મી જુનને મુકાબેલનો ગણ્યો હતો. અલ્બીરૂની પ્રમાણેબી એજ વર્ષ આવે છે, કારણ કે ઉપર જણાવેલાં ઇ૦ સ૦ ૪૬૧ ના સાલમાં જે ઉપલગનો કબીસો થયો હતો તો તેની મુદ્દત

૧૨૦ વર્ષે ઇ૦ સ૦ ૫૮૧ માં પુરી થાય છે, અને જેમ કબીસો કરવાથી વખતને પોતાને અસલ જગા ઉપર લાવી શકાય છે તેમ વખ્ત પોતાની અસલ જગા ઉપર આવ્યો હતો, અને ૨૮ મી હુજીરનને અલબીરૂનીબી ફ્ર્વર્દિન માહના અહુરમજ્દ રોજનો ખરો દહાડો ગણે છે.

ત્યારે આ ઉપરથી જણાય છે કે, ઇરાનીઓએ પોતાની ચોક્કસ પાછલી ગણત્રીને આધારે છેલ્લા કબીસાનો જમાનો અલબીરૂનીને યજદગર્દ બીન બેહરામનો જણાવ્યો હશે. પણ આવાં માહની પાછલ ગાથાના દહાડા કેમ આવ્યા તેની ખરી હકીકતથી બીન વાકેફ હોવાને લીધે, તથા ગાથાના દહાડા ફેરવવાની રસમ નજુમી સાલને બદલે દીની સાલની હતી એવું માની લેઇને ઇરાનીઓએ સાથે સાથે એમબી અલબીરૂનીને કહ્યું કે, કબીસાની આઠ નોબત વીતી હતી તેથી ગાથા આવાં પાછલ આવ્યા. અલબીરૂનીએ તવારીખી ગણત્રી કરી જોઇ કે જરથોશ્ત સાહેબથી ઇસ્કંદર સુધી ૨૫૮ વર્ષ કહેવામાં આવે છે. ઇસ્કંદરથી અર્દેશીર સુધીનાં ૫૩૭ વર્ષ થાય છે, અને ત્યારપછી બીજાં ૧૭૫ વર્ષે યજદગર્દ બીન શાહપુરનો જમાનો આવે છે. જ્યારે ૯૭૦ વર્ષ યાને ૮ કહેવાતા કબીસાની નોબત મલી રહે છે, માટે કબીસો કરનાર પાદશાહ યજદગર્દ બીન શાહપુર હોવો જોઇએ એમ તેણે માની લીધું.

યજદગર્દ બીન શાહપુરના વખ્તમાં કબીસો થયો હતો કે?

યજદગર્દ શાહપુરનાં વખ્તમાં છેલ્લો કબીસો થયલો હોય નહી; તે વલી બીજી દલીલોને આધારેબી પુરવાર થઇ શકે છે. તે તપાસવા આગમજ બે વાત ધ્યાનમાં રાખવાની છે. પહેલું એ કે અગર જો કબીસાની નોબત આવી લાગી હોય ત્યારે કબીસો નહી કરતાં થોડાંક વર્ષ પસાર થવા દેવામાં આવે, અને ત્યાર પછી, પણ બીજી નોબત આગમજ, કબીસો કરેલો હોય, તોપણ જાણે ખરી નોબત ઉપરજ કબીસો કીધેલો હોય તેમ રોજ-માહ તેનાં હિંગામ ઉપર આવે. દાખલા તરીકે, ધારો કે, કોઇ દોરના પહેલાં સાલમા દએ માહના અહુરમજ્દ રોજે તારીખ ૨૧ મી માર્ચ, યાને ખ્રિસ્તી સાલનો ૮૦ મો દહાડો હતો. ૧૨૦ વર્ષે તેજ રોજ-માહ ખ્રિસ્તી સાલને ૫૦ મે દહાડે આવે. હવે જો કબીસો કરવામાં આવે તો, તે રોજ-માહ પાછો ૮૦ માં દહાડા ઉપર આવી લાગે, પણ એમ સમજો કે, કબીસો નહી કરતાં બીજાં ૮૦ વર્ષ પસાર થવા દીધાં; જેટલા અરસામાં બીજા ૨૦ દહાડાનો ફેર પડે તો તે વેલા, યાને ૨૦૦ મે વર્ષે દએ માહ અને અહુરમજ્દ રોજ ૩૦ મે દહાડે, યાને ૩૦ મી જાન્યુઆરીએ આવે. આ વેલા જો કબીસો કરવામાં આવે તો દએ માહનો અહુરમજ્દ રોજ ૬૦ મે દહાડે આવે. ખરી નોબતે કબીસો કીધો હતે તોબી ૨૦૦ મે વર્ષે એ રોજ-માહ ૬૦ મે દહાડે આવતે, કારણ કે ૧૨૦ વર્ષે કબીસો કીધાથી તે પાછો ૮૦ મે દહાડે થયો હતો, તો બીજાં ૮૦ વર્ષના

અરસામાં ૨૦ દહાડા વેહલો આવતાં ૬૦ મે દહાડે તે રોજ-માહ આવે. એજ કાનુન એકને બદલે બે સામટા કબીસાને લાગુ પડે છે.

બીજું જે ધ્યાંનમાં રાખવાનું છે તે એ કે, કબીસો ગમે ત્યારે કરવામાં આવ્યો હોય, તોપણ ખરી નોબતવાલાં સાલમાં યાને Standard year માં અહુરમજ્દ રોજ યાતો Vernal Equinox ઉપર યાતો સૂર્યના મેષ રાશિમાં દાખલ થવાના દહાડા ઉપર આવવો જોઇએ. કદાચ તે જમાનાની ગણત્રીની અપૂર્ણતાને લીધે બે ચાર દહાડાનો ફેર પડે, વધુ નહી.

યજદગર્દ બીન શાહપુરનો જમાનો ઇ૦ સ૦ ૩૯૯ થી ૪૨૧ સુધીનો હતો. તે જમાનાંમાં વસંતના વિષુવકાલનો દહાડો તા૦ ૨૦ મી માર્ચનો હતો, અને તે તારીખે અહુરમજ્દ રોજ આ મુદતની કોઇબી સાલમાં આવ્યો હતો નહી. ઇ૦ સ૦ ૩૮૪ માં ૨૦ મી માર્ચે અહુરમજ્દ રોજ આવ્યો હતો.

ત્યારે અગર જો યજદગર્દ બીન શાહપુરના જમાનામાં છેલ્લો કબીસો કરવામાં આવ્યો હોય તોબી, ઉપર દેખાડેલા કાનુન મુજેબ, આપણે ગણત્રીમાં છેલ્લા કબીસાનું Standard Year તો ઇ૦ સ૦ ૩૮૪ નુંજ લેઇ શકયે. ત્યારે આપણે એમ લેઇએ કે, ઇ૦ સ૦ ૩૮૪ માં તારીખ ૨૦ મી માર્ચની મુકાબેલ આદર માહનો અહુરમજ્દ રોજ લાવવામાં આવ્યો હતો. ઇ૦ સ૦ ૩૮૪ થી ૬૩૨ સુધી ૨૪૮ વર્ષનો ગાલો છે, જે મુદતમાં ૬૨ દહાડાનો ફેર પડે; યાને ૬૩૨ ઇ. સ. માં ૨૦ મી માર્ચે બેહમન માહનો અર્દિબહેશ્ત રોજ આવવો જોઇએ. પણ તે દહાડે ખરો રોજ-માહ તો દએ માહનો અર્દિબહેશ્ત રોજ હતો; ત્યારે છેલ્લો કબીસો યજદગર્દ બીન શાહપુરનાં વખતમાં થવાની વાત ખોટી ઠરે છે.

યજદગર્દ બીન શાહપુરનાં જમાનામાં સૂર્યનો નિરયન મેષ રાશિમાં દાખલ થવાનો દહાડો આશરે ૧ લી એપ્રિલનો હતો. એ રાજાના જમાનામાં ૧ લી એપ્રિલે અહુરમજ્દ રોજ પડયો હતો નહી, પણ ઇ. સ. ૩૩૬ માં તેમ થયું હતું. ઇ. સ. ૩૩૬ નું સાલ છેલ્લા કબીસાનું Standard Year ગણયે તોબિ ઉપર મુજેબજ પરિણામ આવશે, અને તે એ કે, ઇ૦ સ૦ ૬૩૨ માં ૧ લી એપ્રીલે બેહમન માહનો ૧૫ મો રોજ ઉપલી ગણત્રીએ થવો જોઇએ, જ્યારે ખરેખર તો તે તારીખે દએ માહનો ૧૫ મો રોજ હતો.

ત્યારે આ રીતેબી સાબેત થાય છે કે, યજદગર્દ બીન શાહપુરનાં જમાનામાં છેલ્લો કબીસો થયો હતો નહી.

બેઠક ૨૬ મી, તા૦ ૧૮ મી જાન્યુઆરી ૧૯૧૩.

શેઠ મેહરજીભાઇ નોશેરવાનજી કુકાએ, ગઇ તા૦ ૨-૧૧-૧૨ ઇસ્વીથી અધુરી રહેલી પોતાની બાબત-"સાસાન્યાન જમાનાંના પંચાંગ"ની બીના આગલ રજુ કરતાં જણાવ્યું કે:

હવે આપણે તપાસ્યે કે, યજદગર્દ બીન બેહરાંમનાં વખતમાં કબીસો થયો હતો કે નહી. એનાં રાજ્ય અમલ ઇ૦ સ૦ ૪૩૯ થી ૪૫૭ સુધીનો હતો. ૪૩૯ માં ૬ ઠ્ઠી એપ્રીલે, અને ૪૫૭ માં ૧ એપ્રીલે અહુરમજ્દ રોજ આવ્યો હતો. એ જમાનામાં વસંત–વિષુવ કાલનો દહાડો ૨૦ મી માર્ચે હતો. તે તારીખે અહુરમજ્દ રોજ તો ઉપર આપણે જોયું

યજદગર્દ બીન બેહરામનાં વખતમાં કબીસો થયો હતો કે?

તેમ ઇ૦ સ૦ ૩૮૪ માં થયલો, અને તે આધારે ગણત્રી કરતાં તો છેલ્લા કબીસાની નોબત ઇ૦ સ૦ ૩૮૪ માં હોવાની વાત ખોટી ઠરે છે તેબી આપણે જોયું. ત્યારે હવે ગણત્રીને માટે વિષુવકાલનો દહાડો ન લેતાં સૂર્યના મેષ રાશિના દાખલ થવાનો દહાડો લેઇએ. તે દહાડો એ પાદશાહના જમાનામાં તા૦ ૧ લી એપ્રીલનો હતો. [જુવો Appendix.] અને તે તારીખે અહુરમજ્દ રોજ ઇ૦ સ૦ ૪૫૬ થી ૪૫૯ સુધી આવતો હતો. ઇ૦ સ૦ ૪૫૭ માં જો બે મહિનાનો કબીસો કરવામાં આવ્યો હોય તો તારીખ ૧ લી એપ્રિલે આદર માહનો અહુરમજ્દ રોજ આવે. અને ત્યાર પછી વગર કબીસે ઇ૦ સ૦ ૬૩૨ માં ૧ લી એપ્રીલે બેહમન માહનો ૧૫ મો રોજ બરાબર આવી રેહે છે.

ત્યારે એ પાદશાહના જમાનામાં છેલ્લો કબીસો થયો હોય એ બનવા જોગ છે.

ઉપલી દલીલ પ્રમાણે ૪૫૭ નાં સાલમાં કબીસો થયો હોય તો તેની પાછી નોબત ઇ૦ સ૦ ૫૭૭ માં આવી લાગે છે, જે વેલા નોશેરવાંનનો અમલ હતો. હવે "ફરહંગે જેહાંગીરી," "બુહાંને કાતેઅ," અને "હસ્ત કુલ જુમ" નામની ફરહંગોમાં 'બેહતરક' શબ્દના ખોલાસામાં જણાવેલું છે

નોશેરવાંનનાં વખતમાં કબીસો હતો કે?

કે, નોશેરવાંનના વખતમાં કબીસો કરવામાં આવ્યો હતો, અને તે વેલા અર્દિબહેશ્ત મહિનાની વારી હોવાથી તે મહિનો બે વખત આવ્યો હતો; પણ આપણે તવારીખી અમુક શાહદતોને આધારે જોઇ ગયા કે, ઇ. સ. ૫૩૧ (નોશેરવાનાન રાજ્યનાં પહેલા વર્ષ) થી તે ઇ. સ. ૬૩૨ સુધી કબીસો થયો હતો નહી. ત્યારે વધારે બનવાજોગ આ છે કે, નોશેરવાંનનાં વખતમાં તવારીખી અને નજુમી સાલમાંજ ફેરફાર કરીને ગાથા અર્દિબહેશ્ત માહની પાછલ મુકવામાં આવ્યા હોય, જે બીનાને પાછલનાં જમાનાનાં કોઇ દસ્તુર મોબેદે દીની સાલમાંબી કબીસો થયલો હોય તેમ માની લીધું હોય, અને તે ઉપરથી 'ફરહંગે જેહાંગીરી'માં લખાંણ આવ્યું હોય.

તવારીખી સાલમાં કબીસાની નૌબત મુજેબનાં ગાથાના દહાડા ફેરવવામાં આવે અને દીની સાલમાં કબીસો નહી કરવામાં આવે તે વીચિત્ર લાગે છે ખરૂં, પણ તેનો ખોલાસો હું આ ધારૂં છું કે, દીની સાલનો કબીસો કરવા થકી જે ધામધુમ કરવી પડતી હતી, દસ્તુર મોબદો અને જ્યોતિષોની અંજુ-

મન ભેગી કરવી પડતી હુતી વગેરે, તે કરવાનું બની શક્યું ન હુતું, કારણકે તે વેલા, જઇફ ઉમરે, નોશેરવાંન રૂમ સાથની ખટપટમાં રોકાયલો હુતો.

હુવે ઇ. સ. ૫૭૭ માં નજુમી વર્ષમાં અર્દિબહેશ્ત માહુની પાછલ ગાથા મુકાયા તો, ઇ. સ. ૪૫૭ માં ફ્રવર્દિનની પછવાડે ગાથા મુકાયલા હોવા જોઇએ. યાને ૪૫૭ માં નજુમી અર્દિબહેશ્ત માહુ મેષ રાશિના સૂર્ય સાથનો અને દીની આદર માહુને મુકાબેલ થયલો હોવો જોઇએ. આ દલીલને પહેલવી વંદીદાદનાં લખાંણુથી ટેકો મલે છે, જેમાં શેહુરેવર માહુ અને બેહુમન માહુને એકમેકના મુકાબેલ ગણેલા છે, યાને દીની સાલના શેહુરેવરની મુકાબેલ, નજુમી સાલનો બેહુમન.

ઉપર મુજેબ આદર અને અર્દિબહેશ્તને મુકાબેલ ગણીને સેહજ ગણત્રી કરતાં માલુમ પડશે કે, શેહુરેવરની મુકાબેલ બેહુમન આવે છે.

ગાથાના દહાડા આવાં માહની પછવાડે હતાં તે અસ્પંદાર્મદ માહની પછવાડે કેમ આવ્યા?

આ બાબતમાં ડૉ૦ માણેકજી બહુમનજી દાવર પોતાનાં ચોપાન્યાંમાં આરબ લખનાર અબુલ હુસન હુશ્યારની સહુાદત ટાંકે છે, કે યજદગર્દિ સને ૩૭૫ માં જ્યારે મેષ રશિના સૂર્ય ફ્રવર્દિન માહુના અહુરમજદ રોજે થયો ત્યારે ગાથાના દહુાડા અસ્પંદાર્મદ માહુની પછવાડે મુકવામાં આવ્યા.

આ બનાવ ઇરાની જરથોશ્તીઓને કદાચ લાગુ પાડી શકાય, પણ જે જરથોશ્તીઓ હિંદુસ્તાનમાં ઘણું આગમજના આવેલા તેઓએ આ ફેરફાર કેમ કીધો? આપણા લોકની હિંદુસ્તાનમાં આવવાની તારીખ એર્વદ જીવનજી મોદી પ્રમાણે ("જરથોશ્તી" ચોપાન્યું, વૉલમ ૧ લું, સફે ૨૪૨) યજદગર્દિ સને ૧૩૫, ઇસ્વી ૭૬૬ છે. વલી મર્હૂમ વિદ્વાન એર્વદ તેહુમુરસ અંકલેશ્વર્યાને આધારે મર્હૂમ અર્દેશીર દસ્તુર કામદીન લખી ગયા છે કે, "એક પહેલવી ચોપડી જે ખંભાતમાં યજદગર્દિ ૬૯૧ માં મેહુરબાંન કએખુસ્રોએ લખી છે, તેમાં તે લખે છે કે, આ ચોપડી બહુમન મહિનો ને દએપાદર રોજે યજદગર્દિ ૩૨૪ માં દીનપનાહુ એત્રપાતાએ શાહુજાદ શાદાંન ફ્રરોખ્ત હોરમજને માટે ભરૂચ મધે આતશ કદેહુમાં લખી છે." આ ઉપરથી સાબેત થાય છે કે, ય. સ. ૩૨૪ ની ઘણું આગમજના હિંદુસ્તાંનમાં આવીને આપણા વડવાઓ વસેલા હોવા જોઇએ. તેઓ પાછા ઇરાંની જરથોસ્તીઓનાં સંબંધમાં તો કેટલીક સદીઓ પછી આવ્યા હુતા, ત્યારે તેઓ ઇરાંનમાં ય. સ. ૩૭૫ માં થયલો ફેરફાર સ્વીકારીને ગાથાના દહુાડાની જગા ફેરવી હોય તે બનવું અશક્ય લાગે છે. વલી ઇરાંની જરથોશ્તીઓના રોજ-માહુને માટે "જીચે ઇલખાંની" નામની કેતાબ જે ઇ. સ. ૧૨૫૬ થી ૧૨૬૫ સુધીમાં લખાઇ છે તેમાં તથા "જીચે ઉલુઘબેગી" જે ઇ. સ. ૧૪૩૭ માં લખાઇ છે તેમાં ગાથાના દહુાડા આવાં માહુનીજ પછવાડે જણાવેલા છે. તેમજ વલી અલ્બીરૂનીએ હિંદુસ્તાંન વિષે એક ચોપડી લખી છે, જેનો તર્જુમો ડૉ૦ સાખાઉએ "Albiruni's India"

ને નામે પ્રગટ કીધો છે, તેમાં અલ્બીરૂની હિંદી સાલ અને ઇરાની સાલનો મુકાબલો કરતાં, ય૦ સ૦ ૪૦૦ નું સાલ gauge તરીકે લેખક જણાવે છે. (Ch. XLIX.) કે "The Hindu year precedes the Nauroz of this year by 12 days." અને આગલ ચાલતાં બીજે ઠેકાણે (Ch. LIII.) જણાવે છે કે, ચૈત્ર શુદી એકમને મુકાબેલનો ઇરાંની રોજ ૧૮ મો અસ્ફંદાર્મદ સને ૩૯૯ યજદગર્દિ હતો. હવે જો આગલાં લખાંણુ પ્રમાણે એ રોજ પછી ૧૨ દહાડે નૌરોજ હતો તો ગાથાના દહાડા અસ્પંદાર્મદની પછવાડે હોઇ શકેજ નહી. અલ્બીરૂનીની એ કેતાબ ઇ. સ. ૧૦૩૦ માં લખાયલી છે, અને અબુલ હસન હુશ્યાર પ્રમાણે ગાથાનાં દહાડા અસ્પંદાર્મદની પાછલ મુકવાનો ફેરફાર જો થયો હોય તો અલ્બીરૂની તેનેથી બીનવાકેફ હોય એમ તો બનેજ નહી.

ત્યારે આ સઘલાં ઉપરથી સાબેત થાય છે કે, મજકુર ફેરફાર જરથોશ્તીઓએ નહી પણ નજુમીઓએ કીધો હતો. ઇરાની શેહેનશાહતના પડી ભાગ્યા પછી તેઓનું નજુમી વર્ષ હસ્તીમાં રહ્યું નહી, માત્ર દીની વર્ષ યજદગર્દિ સનેમાં બીન કબીસાઇ વર્ષ તરીકે ચાલુ રહેલું તેજ ઇરાનનાં ઇસ્લામી રાજ્યનાં નજુમીઓએ વપહાશમાં લીધું હતું, અને તેમાં આ ફેરફાર કીધો હતો. ત્યારે આપણા લોકનાં અસ્પંદાર્મદ માહની પછવાડેનાં ગાથાને માટે બીજો ખોલાસો શોધવો પડે છે. એ બાબત રોજ–માહ કમિટિનાં રીપૉર્ટમાં જે તર્ક મેં રજુ કરી હતી તેજ હજુબી મને વધારે વાસ્તવીક લાગે છે; અને તે એ કે ફારસ-વાલા ઇરાંનીઓ, ખ્વારેજમીઓ, અને સુગદીઓ ઉપરાંત બાંજોબી એક ટાલો ઇરાંનમાં વસ્તો હતો, જેનો ફ્વર્દિન માહ અહુરમજદ રોજ યજદગર્દ છેલ્લાના વખતમાં ફારસવાલાઓનાં તેજ રોજ માહને મુકાબેલ હતો, પણ ગાથા અસ્પં-દાર્મદ માહને પછવાડે હતા, તેવો એક ટાલો જે ખોરાસાનીઓનો હતો, જેઓમાંના કેટલાક જરથોશ્તીઓ હિંદુસ્તાનમાં આવ્યા હતા, તેઓને માટે એક અછડતો એશારો અલ્બીરૂનીનાં લખાંણમાં છે; પણ બીજો ટાલો જે ઇરાનમા હાલમાં છે તેઓ વિષે અલ્બીરૂનીની કેતાબમાં એશારો નથી.

APPENDIX

To find on what date (O. S.) the sun entered the first point of the Constellation Aries in A. C. 457 at a place situated at Longitude 52° East of Greenwich.

B Arietis (which was the first Astensin of the Chinese, Arabic and Hindu Zodiacs) had in 1906 a longitude of 32° 40′ 18″.15. Sun's longitude on 24th April 1906, Greenwich noon was 33° 23′ 8″.8, and at the same time on 23rd April it was 32° 24′ 41″.3. Hence it was in conjunction with B Arietis in 1906 on April 23-2671 or April 10-2671 old style.

1906-457 = 1449. The sun, 1449 sidereal years previously, was also in conjunction with the same star.

Sidereal Year	=	365. 256375 days
Julian ,,	=	365. 25 ,,
difference	=	0. 006375 day

Therefore in 1449 years, this conjunction in the Julian year would be earlier by 1449 x .006375 = 9.23635 days.

Hence the Julian date would be 10.2671 – 9.23653 = 1.030507 day of April Greenwich time. Adding .14445 day for longitude 52° E of Greenwich, we have 1.17502 *i.e.* 1st April 4 h. 12 m. P. M. Iranian Time.

એ ઉપર વાદવિવાદ થતાં, પોતાનાં વિષયમાં શેઠ કુકાએ હિંદુસ્તાનમાં જરથોશ્તીઓ ક્યારે આવ્યા તેનો એક ચોપડીમાં આવેલા સનેનો દાખલો આપતાં યજદગર્દિ ૩૨૪ નાં બહમન મહિનાના દેપાદર રોજે તે ચોપડી લખાયાનો દહાડો આવ્યો છે, તે ઉપરથી શેઠ બેહરામગોરે જણાવ્યું કે, એ MS. ની ૩૨૪ ની તારીખ ઉપર ડૉ. વૅસ્ત શક દેખાડે છે અને જણાવે છે કે, તે ૬૨૪ હશે. પણ તેવણે જણાવ્યું કે, એજ કેતાબની બીજી નકલોમાં હિંદુસ્તાંની તારીખ ૧૦૬૭ આવે છે, જે સંવત સને હોવો જોઇએ, અને એ તારીખ ૩૨૪ પછી થોડાજ વરખોમાં આવે છે, જે ઉપરથી દીસે છે કે, ૩૨૪ ય૦ ઝ૦ માં એ કેતાબ લખાઇ હોય તેમાં કાંઇ શક જેવું નથી. ગંજે શાયગાંનના હસ્તલેખનાં એક લખનારે ૧૦૭૭ ની હિંદુસ્તાંની તારીખ આપી છે, જે પણ એ અનુમાનને ટેકો આપે છે.

બેઠક ૨૭ મી, તા૦ ૨૫ મી જાન્યુઆરી ૧૯૧૩.

શેઠ મેહરજીભાઇ નોશેરવાન કુકાએ, ગઇ વેલાથી અધુરી રહેલી પોતાની "સાસાન્યાંન જમાનાનાં પંચાંગ"ની બાબત આગલ રજુ કરતાં જણાવ્યું કે:—

પેહલવી અને પાજંદ લખાંનોની તપાસ.

આ લખાંણમાં એક વાક્ય આ પ્રમાણે આવે છે:—"હમણા બેહમન માહ શેહરેવર માહ છે જે શિયાલાનું દિલ છે."

વંદીદાદની પેહલી પર્ગર્દની પેહલવી શરેહ. આ પેહલવી શરેહ ઇ૦ સ૦ ૪૫૭ પછી થોડુંકમાં લખાયલી હોવી જોઇએ, જે વેલા દીની વર્ષનો આદર માહ અને નજુમી વર્ષનો અર્દિબહેશ્ત માહ મેષ રાશિનાં સૂર્યનાં હિંગામના મહિનાઓ હતા, એમ આપણે આગલ જોઇ ગયા. વલી આપણે જોયું કે, આ બે મહિનાઓ મુકાબેલ લેતાં દીની શેહરેવરની મુકાબેલ નજુમી

બેહુમન માહ આવે છે. હવે માત્ર જોવાનું એટલુંજ છે કે, એ મહિનાઓ જમેસ્તાંનનું દિલ કહેવાય કે નહી. આદરથી ગણતાં શેહરેવર દસમો મહિનો છે, યાને જમેસ્તાંનના ગણતાં પાંચ મહિનાઓનો વચલો મહિનો છે, જે મઇધારેમ ગાહામ્બાર, યાને થંડીના મધ્ય દેખાડનારા ગાહામ્બારનો મહિનો છે. અલ્બીરૂની પ્રમાણે શેહરેવર માહમાં મઇધારેમ ગાહામ્બાર પાલવામાં આવતો હતો.

વલી છેલ્લા કબીસા વખ્તે આપણે જોયું તેમ, આદર માહ ૧ લી એપ્રિલે શરૂ થયો હતો, જે ઉપરથી ગણત્રી કરતાં શેહરેવર માહ દીસેમ્બરની ૨૭ મીથી શરૂ થઇ જાન્યુઆરીની ૨૫ મીએ આખેર થાય, જે મુદત સખ્ત થંડીના દહાડાઓની છે. વલી બુન્દહેશનમાંબી મેષ રાશિથી ગણતાં દશમાં મહિનાને સખ્ત થંડીનો કહયો છે. ત્યારે વંદીદાદની પહેલવી શરેહનાં વાકયનો ખોલાસો જે ઉપર આવ્યો છે તે બંધબેસતો થઇ પડે છે.

એ કેતાબમાં આફતાબી વર્ષના બે પ્રકાર આપ્યા છે:—

દીનકર્દ. (૧) 'યોમ વહીજકીક-ઇ-બએન શન્ત' એટલે વર્ષમાં દહાડા ઉમેરવાનું, યાને ૩૬૦ દહાડા ઉપર પાંચ દહાડા ઉમેરીને ૩૬૫ દહાડાનું કરેલું વર્ષ, જેને 'હુરમોદી' અથવા સાધારણ વર્ષબી કહેલું છે.

(૨) 'જમુન વહીજકીક-ઇ-મિન શન્તાંન' યાને ૩૬૫ દહાડા ઉપર જે કલાકો થાય છે તે ઉપલગના કલાકો ચોકસ વર્ષો પછી ઉમેરવાનું વર્ષ, અથવા કબીસાઇ વર્ષ.

આ ઉપલગના કલાકો માટે કહેલું છે કે, ૧૪૪૦ વર્ષે એક વર્ષનો જુમલો થાય છે. ૧૪૬૦ ને બદલે ૧૪૪૦ નો આંક કાં લીધો છે તેની સમજણ આગલ આપી છે, કે અગરજો બે કિસમનાં વર્ષ હોય, એકમાં ૧૨૦ વર્ષે એક મહિનો ઉમેરાતો હોય, અને બીજામાં ૧૨૦ વર્ષે માત્ર ગાથાની જગા એક મહિનો પછવાડે લેઇ જવામાં આવતી હોય, તો ૧૪૪૦ વર્ષ પછી આ બન્ને કિસમનાં વર્ષો એકસાંન થઇ રહે.

દીનકર્દ પ્રમાણે વર્ષની પહેલી ફસ્લ વસંતની છે, જ્યારે મેષ રાશિના પહેલા અંશ "ફસીર્પર"માં સૂર્ય પોંહચે છે. વસંતના ત્રણ મહિનામાં સૂર્ય મેષ, વરખ, અને મિથુન રાશિમાં હોય છે. એ પ્રમાણે ત્રણ ત્રણ રાશિની ચાર ફસલો ગણેલી છે યાને દીનકર્દની વર્ષની ગણત્રી Sidereal Year ની છે.

દીનકર્દનાં લખાંણનો એક ફકરો આ મુજબ છે:—

"યુમ વહીજ વદ બીનખ એ બુન્દક ચહવુનેત લા કન્તન; મિન પન્જ બીનખ ફરેહ લા સપોખ્તન."

એના જુદા જુદા તર્જુમાઓ થયા છે.

આપણે ઉપર જોયું કે, 'યોમ વહીજ' ૩૬૦ દહાડા ઉપર પાંચ દહાડાનો જે વધારો તે છે, અને આગલ મેં જણાવેલું છે કે, કબીસાના વધારાના યાને ૧૩ માં મહિનાને 'ફ્રેહ' કહેતા હતા.

'સપોખ્તન' શબ્દનો અર્થ મી. શા. કા. હોડીવાલા પ્રમાણે (રાસ્ત ગોફ્તાર પત્રનો અંક, તા. ૨૭ મી ઑકટોબર ૧૯૦૭) 'વેગલું રાખવું' બી થાય છે– એ ઉપરથી મજકુર ફકરાનો અર્થ હું નીચે મુજેબ સુચવું છું :—

"દહાડા ઉમેરવાનું કામ (યાને ગાથાનાં પાંચ દહાડાનો વધારો) મહિનો આખેર થાય ત્યાં સુધી કરવું નહિ. અને આધક માસને પંચક (ગાથાના પાંચ દહાડા)થી વેગલો રાખવો નહિ."

બેઠક ૯ મી, તા૦ ૨૭ મી જુલાઇ ૧૯૧૨.

શેઠ શાપુરજી કાવશજી હોડીવાલાએ પોતાની બાબત : " The comparison of Ardvi Sûra with a lady is contained only in the homonymous adjuncts common to them," રજુ કરી હતી.

બેઠક ૧૦ મી, તા૦ ૯ મી ઓગસ્ટ ૧૯૧૨.

મંડલીની પુંજીની આવક-જાવકનો ગુજશ્તેહ સાલનો અહેસાબ જે ખજાનચી સાહેબે તૈયાર કરી, ઑનરરી ઑડીટરોએ તપાસી સહી સાથે મોકલી આપ્યો હતો, અને જે મંડલની છઠ્ઠી બેઠકમાં રજુ કરવામાં આવતાં બહાલ રાખવાનું મોકુફ રાખવામાં આવ્યું હતું તે આજની બેઠકમાં ઑનરરી મુનશીની દરખાસ્તને એર્વદ જ. દા. નાદેરશાહે ટેકો આપવાથી સરવાનું મતે બહાલ રાખી ઑનરરી ઑડીટરોનો તેઓની તકલીફ માટે અહેસાંન માનવાનો ઠરાવ થયો હતો.

દસ્તુર ખોદાયાર શેહર્યાર ઇરાની, B.A., જેવણે ઇરાન જવાથી આપણી મંડલીનાં સભાસદ તરીકેનું રાજીનામું આપ્યું હતું, તેવણને પાછા સ્થાનીક સભાસદ તરીકે નેમવામાં આવ્યા હતા.

શેઠ બેહરામગોર તે. અંકલેશ્વર્યાએ દરખાસ્ત કીધી તેને શેઠ સોહરાબ જમશેદજી બલસારાએ ટેકો આપ્યો કે, "મંડલીના (તેની સ્થાપના વખતના) એક બુઝોર્ગ, અશ્રાફ અને કાબેલ સભાસદ અને ખજાનચી એર્વદ સાહેબ એદલજી કેરશાસ્પજી આંટયાનાં ૩૫ વર્ષની ભર જવાનીમાં ગુજર પામેલા એક પુરા બેટા, ભાઇ પેશોતનનાં અકાલ અને દુ:ખદાયક મરણથી તેવણ ઉપર જે અસહ્ય દુ:ખ આવી પડયું છે, અને જે કારી ઘા લાગ્યો છે, તે માટે તેઓ

તરફ મંડલી ઘણી દેલસોજ લાગણી ધરાવી, તેવણનાં દુ:ખમાં પુરતી દેલગીરી સાથે ભાગ લે છે, અને ઉમેદ રાખે છે કે એ દુ:ખ સહન કરવાને તે સાહેબ તેઓને પુરતી તોફીક બક્ષે.”

“મંડલીનો ઉપલો ઠરાવ ઘટતા દેલાસા પત્ર સાથે એર્વદ આંટયાજી ઉપર મોકલી આપવાને જૉઇન્ટ ઑનરરી સેક્રેટરીઓને ફરમાશ કરવામાં આવે છે.” મંડલીએ મજકુર દરખાસ્ત તેને છાજતી ગંભીરાઇ સાથે બહાલ રાખી હતી.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેલાથી અધુરી રહેલી પોતાની બાબત, “The comparison of *Ardvi Sûra* with a lady is contained only in the homonymous adjuncts common to them,” આગલ ચલાવી પુરી કરી હતી.

બેઠક ૧૧ મી, તા૦ ૧૭ મી ઑગસ્ટ ૧૯૧૨.

મી૦ હોડીવાલાએ અરદ્વીસુર ઉપર પેપર વાંચ્યું હતું તે ઉપર વીવેચન કરતાં મી૦ જ. દા. નાદીરશાહે કહ્યું કે :—

આવાં યશ્તમાં વર્ણવેલી અરદ્વીસુરને મી૦ હોડીવાલાએ એક નદી ગણી તેને આસમાનમાંની ઈરીદાનુસ (Eridanus) નદી સાથે સરખાવવાની કોશેષ કીધી છે, પણ મને ભય છે કે આખી આવાં યશ્તમાં તેના ત્રીજા ફકરા સીવાય કેથેબી અરદ્વીસુરને એક નદી તરીકે જણાવેલી માલમ પડતી નથી. એમાંથી તો એટલુંજ જણાય છે કે પવન, વરસાદ, વાદલાં અને કરાં રૂપી ચાર સવારીના વાહાણો મારફતે દુન્યાની આબાદી કરનાર પાણીનો ફરેસ્તો છે (ફા. ૧૩–૧૨૦), તેને કોઇ ખરાબ નહી કરે માટે તેનું મઠક જમીનની અંદર નહી પણ સુરજ તરફ રાખેલું છે (ફા. ૯૦). વલી એને સુંદર કપડાં તથા તાજ અને ગઓહરથી સંગારેલી એક ખુબસુરત કન્યા તરીકે દરશાવેલી છે. (ફા. ૧૨૬–૧૨૯).

[Avestan] [Avestan] નો અર્થબી “ખાલેસ આબાદી” થાય છે [Avestan] ને મલતો વેદમાં ऋधुक બોલ મલે છે જેનો અર્થ ‘આબાદ થતુ’ (prospering) થાય છે. એનો ધાતુ ऋध ‘ઉગવું, આબાદ થવુ’ (to grow, to prosper, to flourish) છે, જે પરથી ऋद्धि, ‘આબાદી’ (prosperity, increase) નીકળેલો છે.

વળી, [Avestan] (ખરદાયા વગરનું, ખાલેસ)નો પહેલવીમાં [Pahlavi] ફા. ناهيد (શુક્રનો ગ્રહ, Venus) થયલો મલે છે. વેદમાં शुक्र નો અસલ અર્થ “ખાલેસ, ચોખ્ખુ” અને તે ઉપરથી ‘પાણી’ બી થાય છે, વલી એ શબ્દનો અર્થ ‘શુક્રનો ગ્રહ’ ઉપરાંત જેશ્ત મહીનોબી થાય છે, એ ખાસ ધ્યાન આપવાજોગ બીના છે. જેમ એ અનાહીતને આવાં યશ્તમાં એક ખુબસુરત કન્યા ગણી છે, તેમ Venus ને રોમન લોકોબી સંપૂર્ણ ખુબસુરતીવાલી એક દેવી ગણતા હતા.

ઇરાની જ્યોતીષો શુક્રના ગ્રહને શુભ ગણે છે અને એની ખુબીનો આધાર, એમના વીચાર પ્રમાણે, તીર સેતારો, કે જે વર્ષાદ લાવનાર ફરેસ્તો ગણાય છે, તેની તથા સુરજની સાથના એના સંબંધપર છે. એના ચીતારમાં એને માથે તાજ તથા ચાર હાથવાલો એવો દેખાડે છે. એમાંના એના એક હાથમાં તાજ આપે છે, બીજામાં ગઓહર, ત્રીજામાં સ્ત્રિના કપડાં તથા સનગાર અને ચોથામાં તલવાર ધરેલી દેખાડી છે.

વળી અરદ્વીસુરના પાણી સાથના સંબંધને લીધે પાઝંદ ભણુતરોમાં એને આવાં અરદ્વીસુરબાનું કહેલી છે.

બેઠક ૧૨ મી, તા૦ ૨૪ મી ઑગસ્ટ ૧૯૧૨.

ઍ. હો. તે. દાદાચાનજીએ "કેતાબે એહુમદ" નામની એક ફારસી ચોપડી, જે અબદૂલ રહીમ બીન અબુ તાલેબ તબરીઝી નામના લખનારને હાથે હીજરી સને ૧૩૧૧ માં કોનસ્ટેનટીનોપલમાં છપાઇ છે, તેમાંથી આપણા પંચાંગની સમજ આપનારા કેટલાંક ફકરાઓ વાંચી સમજાવ્યા હતા અને તેની સાથે એજ બાબદ ઉપર બુરહાને કાતેહ અને ગયાસુલ્લોગાતમાંથી મલતાં લખાનો સરખાવ્યાં હતાં.

શ. ઍા. એરવદ જીવનજી જ. મોદીએ દરખાસ્ત કીધી અને તેને ડૉ. માનેકજી બ. દાવરે ટેકો આપ્યો કે, મી૦ મ. પે. ખરેગાત, ડૉ. માનેકજી બ. દાવર, શમસુલ ઓલમા એર્વદ જીવનજી જ. મોદી, (સેક્રેટરી), એર્વદ જ. દા. નાદીરશાહ, એર્વદ માણેકજી રૂ. ઉનવાલા, મી. મેહેરજીભાઇ ન. કુકા, મી. શા. કા. હોડીવાલા, તથા મી. ધ. ન. કુરલેવાલાની એક કમીટી હુશેન ગેહનો ક્યારે છેડો આવે છે અને હાવન ગેહ ક્યારે શરૂ થાય છે તેનો વખત મુકરર કરવા તથા તેની ઉપરનાં સઘલાં લખાનો એકઠાં કરવા અને તે ઉપરથી જે સાર નીકલે તે કાઢવા, ઉભી કરવી અને તેઓ પાસે રીપોર્ટ માંગવો.

આ દરખાસ્ત એક મતે બહાલ રહી હતી.

બેઠક ૧૪ મી, તા૦ ૨૮ મી સપ્ટેમ્બર ૧૯૧૨.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ બેહરામ યશ્તમાં જે દશ "કેહર્પ" ૧. [illegible] ૨. [illegible] ૩. [illegible] ૪. [illegible] ૫. [illegible] ૬. [illegible] ([illegible]) ૭. [illegible] ૮. [illegible] ૯. [illegible] તથા ૧૦. [illegible] ની બાબત આવેલી છે, તે દશ 'કેહર્પ'ને તેવણે ચોકસ ૧૦) Constellations સાથે સરખાવી તે ઉપર કેટલુંક વિવેચન કર્યું હતું.

બેઠક ૧૬ મી, તા૦ ૧૨ મી ઓકટોબર ૧૯૧૨.

ત્રીજી જરથોસ્તી કૉન્ફરન્સ જે આવતા નવેમ્બર માસની તા૦ ૮, ૯, ૧૦ મીને દીને મુંબઇમાં મલનાર છે તેમાં 'ડેલીગેટ' તરીકે ભાગ લેવા માટે પ્રતિનિધિઓની અમુક સંખ્યા મોકલી આપવા માટેનો તેના જોઇન્ટ ઑ. સેક્રેટરીનો તા૦ ૩૦-૯-૧૨ નો પત્ર રજુ કરવામાં આવતાં એર્વદ જમશેદજી દા. નાદેરશાહની દરખાસ્તને મીસ ભીખાઇજી એ. એન્જીનીયરે ટેકો આપ્યો કે, "ઉપલા પત્રમાં જણાવવા મુજેબ આપણી મંડલી તરફથી "ડેલીગેટો"ની નેમણુંક કરી મોકલવા."

મજકુર દરખાસ્ત ઉપર મત લેતાં તે ૫ વીરૂદ્ધ ૩, મતે પસાર થઇ હતી.

એર્વદ જ. દા. નાદેરશાહે દરખાસ્ત કીધી તેને મીસ ભીખાઇજી એ. એન્જીનીયરે ટેકો આપ્યો કે નીચલા સાહેબોને ત્રીજી જરથોસ્તી કોન્ફરન્સમાં આ મંડલના પ્રતિનિધિઓ તરીકે, તેનાં કામમાં ભાગ લેવા માટે નેમણુંક કરવી :-

એર્વદ જ. દા. નાદેરશાહ,
શમ્સુલ ઑલમા એર્વદ જી. જ. મોદી,
એર્વદ રૂ. કે. મોદી,
,, મા. ન. દસ્તુર જામાસ્પ આશા,
,, નોશેરવાન બર્જોજી દેશાઇ,
,, બહુમનજી નશરવાનજી ધાભર,
મીસ ભીખાઇજી એ. એનજીન્યર,
શેઠ બેહરામગોર તે. અંકલેસરીઆ,
,, મેહરજીભાઇ નો. કુકા,
,, સોરાબજી ન. કાંગા,
,, ધનજીશાહ મ. માદન.

બેઠક ૨૦ મી, તા૦ ૧૬ મી નવેમ્બર ૧૯૧૨.

ડૉ. દાવરે કબીસાની બાબદ ઉપર રોશની ફેંકતા નીચલા પહેલવી કોલોફોનોમાંથી મલી આવેલા ફકરાઓ નોંધાવ્યા હતા અને તેની ઉપરનું વીવેચન ભવિષ્યની કોઇ બેઠક ઉપર મોકુફ રાખ્યું હતું.

Dastur Jamaspji Pahalavi Texts, p. 83.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

Ms. Cod. 6[a] Haug Zend Fol. 49 (a)

[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

મી० હોડીવાલાએ નીચલી બાબદ ઉપર એક રેસાલો રજુ કીધો હતો :

Origin of the Fires Âdar Frôbâ, Âdar Gushasp and Âdar Bûrzin-Meher explained from the astronomical standpoint.

બેઠક ૨૧ મી, તા० ૩૦ મી નવેમ્બર ૧૯૧૨.

મી० હોડીવાલાએ આગલી બેઠક ઉપરની પોતાની અધુરી રહેલી બાબદ પુરી કીધી હતી.

બેઠક ૨૨ મી, તા० ૭ મી ડીસેમ્બર ૧૯૧૨.

મી. હોડીવાલાએ નીચલી બાબદ ઉપર એક રેસાલો રજુ કીધો હતો :

"History of our religion recorded in the Zend-i-Bahman Yasht."

બેઠક ૨૩ મી, તા० ૧૪ મી ડીસેમ્બર ૧૯૧૨.

ચુમાલીસમાં વર્ષનો રીપોર્ટ છાપવાના ખર્ચમાં ફ્રોર્ટ પ્રીન્ટીંગ પ્રેસનું રૂ. ૨૪૧-૪-૦ નું બીલ રજુ કરવામાં આવતાં ઠેડાવ કરવામાં આવ્યો કે,

"બીલ પગાર કરવાની સત્તા સેક્રેટરીઓને આપવી અને તેઓને સુચના કરવી કે અગરજો બાઇન્ડીંગ બધું થયું ન હોય તો બાકી રહેલી નકલોની બાંધની છેલ્લા છપાયલા રીપોર્ટ પ્રમાણે જાડાં પુઠાંની કરવી અને તે માટે વધુ ખર્ચ થાય તે પગાર કરવો."

"ભવિષ્યમાં એવાં બીલો રજુ કરતી વખતે સાથે ચોપડી રજુ કરવી."

મી० હોડીવાલાએ પોતાનો રેસાલો આગળ વાંચ્યો હતો.

બેઠક ૨૪ મી, તા० ૨૧ મી ડીસેમ્બર ૧૯૧૨.

તથા

બેઠક ૨૫ મી, તા० ૧૧ મી જાન્યુઆરી ૧૯૧૩.

મી० હોડીવાલાએ "History of our religion recorded in the Zend-i-Bahman Yasht" વાળી બાબદ ઉપર ગઇ બેઠકથી અધુરો રહેલો પોતાનો રેસાલો પુરો કીધો હતો.

બેઠક ૨૮ મી, તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૯૧૩.

સૂચિપત્રમાં જણાવેલી પેહલી બાબત, જે શેઠ ધનજીશાહ માદનનાં પત્ર ઉપર વિચાર ચલાવવાની હતી, તેનાં સંબંધમાં શેઠ શા. કા. હોડીવાલાએ એવી સૂચણાં કીધી કે તેવણની દરખાસ્તની બાબત પેહલી હાથ ધરવી—

શેઠ હોડીવાલાની એ માંગણી મંડલીએ બહાલ રાખી હતી, તે મુજબ શેઠ શા. કા. હોડીવાલાએ દરખાસ્ત કીધી અને તેને એર્વદ નોશેરવાંન બર્જોજી દેશાઇએ ટેકો આપ્યો કે, "આ મંડલી તરફથી મી૦ ધનજીશાહ મેહરજીભાઇ માંદન મારફતે પેહલવી દીનકર્દનું જે પુસ્તક છપાયું છે, તેમાં છાપા વગેરેની આવેલી ભૂલોનું શુદ્ધિ પત્રક લખવાની મી૦ માંદનને અર્જ કરવી."

મજકુર દરખાસ્ત ઉપર મંડલીમાં હાજર થયલા લગભગ સઘલા સાહેબોએ વાદવિવાદમાં ભાગ લેતાં, તથા કેટલાક ખોલાસાઓ થતાં, મત લેતાં એ દરખાસ્ત nem con પસાર થઈ હતી.

શેઠ શા. કા. હોડીવાલાની દરખાસ્તના બીજા ભાગ ઉપર હાલ તુરત વિચાર ચલાવવાનું મોકુફ રાખવામાં આવ્યું હતું.

તે પછી શેઠ ધનજીશાહ મેહરજીભાઇ માંદનનો અંગ્રેજીમાં લખાઇ આવેલો પત્ર રજુ કરતાં ઑનરરી મુનશી એર્વદ નોશેરવાંન બર્જોજી દેશાઇએ જણાવ્યું કે, શેઠ માંદને પોતે સેવકને મોઢથી એવી એલતેમાસ રજુ કીધી છે કે, તેવણ-નો પત્ર માનવંત પ્રમુખ સાહેબની હાજરીમાં વાંચવો. એ ઉપર મંડલીમાં વિચાર થતાં, શેઠ માંદનની એ મોઢેની સુચના ન સ્વીકારતાં, મંડલીએ તે પત્ર ઉપર વિચાર ચલાવવાનું ઠરાવ્યું હતું- જે ઉપરથી તે પત્ર વાંચતાં તે ઉપર લંબાણથી વાદવિવાદ ચાલવા બાદ, મંડલીએ નીચલો ઠરાવ શેઠ જ. દા. નાદરશાહની દરખાસ્ત અને એર્વદ ન. બ. દેશાઇના ટેકાથી વગર વિરૂદ્ધતાએ બહાલ રાખ્યો હતો:—

"As the Society has already expressed its appreciation of Mr. Madon's services in connection with the publication of the text of the Pahlavi Dinkard, and has not pronounced any opinion on his preface to the text, this Society resolves that Mr. Madon be requested to withdraw his resignation."

ઉપલા ઠરાવની એક નકલ મી૦ ધનજીશાહ માંદન ઉપર એક પત્ર સાથે મોકલી આપવાને જૉઇન્ટ ઑનરરી સેક્રેટરીઓને ફરમાસ કરવામાં આવી હતી.

બેઠક ૨૯ મી, તા૦ ૮ મી ફેબ્રુઆરી ૧૯૧૩—

*** સુચીપત્રીમાં દર્શાવેલી શેઠ શા. કા. હોડીવાલાની દરખાસ્ત રજુ થતાં, માનવંત સરનશીન સાહેબે કેટલોક ખુલાસો કરવા બાદ શેઠ હોડીવાલાએ પ્રમુખ સાહેબની (તથા સભાની) પરવાનગીથી પોતાની દરખાસ્ત પાછી ખેંચી લેઇ તેને બદલે નીચલી દરખાસ્ત રજુ કરી હતી, તેને શેઠ મેહરજીભાઇ કુકાએ ટેકો આપ્યો હતો :—**

દરખાસ્ત—"મંડલી તરફથી છપાઇ પ્રસિદ્ધ કરવામાં આવેલાં પહેલવી દીનકર્દ પુસ્તકનો દિબાચો મંડલી આગલ રજુ કરવા વિના છાપવામાં આવ્યો છે, જે ઉપરથી કેટલીક ખટખટ ઉભી થઇ છે, તે માટે મંડલી ઠરાવ કરે છે કે, હવે પછી મંડલી તરફથી જેબી પુસ્તકો છપાય તેના દિબાચા મંડલી આગલ પ્રથમ રજુ થવા વગર છપાવવા દેવા નહી."

મજકુર દરખાસ્ત ઉપર મત લેતાં તે વગર વિરૂધ્ધતાએ પસાર થઇ હતી.

શેઠ બેરામગોરે દરખાસ્ત કીધી અને તેને શેઠ રતનજી ફરદુનજી ગોરવાલાએ ટેકો આપ્યો કે શેઠ પેશોતન બેહરામજી સંજાણા, M.A., તથા શેઠ મનચેરશાહ બેહરામજી સંજાણા, B.A., ને મંડલીના સ્થાનીક સભાસદ કરવા. એ સુચના ઉપર આવતી બેઠકમાં કાયદા મુજબ મત લેવામાં આવશે.

બેઠક ૩૦ મી, તા૦ ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૧૩.

ગઇ વેલા મી૦ બેહરામગોરે, મી૦ પેશોતન બેહરામજી સંજાણા, M.A., તથા મી૦ મનચેરશાહ બેહરામજી સંજાણા, B.A.,ને મંડલીના સ્થાનીક સભાસદ નેમવાની દરખાસ્ત મુકી હતી જે ઉપર બેલેતથી મત લેતાં તે સર્વાનુમતે પસાર થઇ હતી.

શમશુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદી તરફથી તા૦ ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૧૩ નો એક પત્ર રજુ કરવામાં આવ્યો હતો જેમાં એઓ સાહેબે મંડલીમાં એઓની હસ્તક છપાયલા એહવાલ સંબંધી થયલી વાત ઉપર કેટલોક ખુલાસો કીધો હતો.

---

* ગઇ બેઠકમાં ઠરાવ થવા મુજબ શેઠ ધનજીશાહ મેહરજીભાઇ માદન ઉપર પોતાનું રાજીનામું ખેંચી લેવા વિષેનો જૉઇન્ટ ઑનરરી સેક્રેટરીઓની સહી સાથનો તા૦ ૫–૨–૧૩ નો પત્ર મોકલવામાં આવતાં તેનાં જવાબમાં શેઠ માદન તરફથી તા૦ ૮–૨–૧૩ નો લખાઇ આવેલો પત્ર મંડલીમાં રજુ થતાં, તેના ખોલાસામાં તેવણને આજનાં મંડલીના ઠરાવથી વાકેફ કરવા તથા પોતાનું રાજીનામું ખેંચી લેવાની સૂચણા કરનારો પત્ર મોકલી આપવાને જૉ. ઑ. સેક્રેટરીઓને ફરમાશ કરવામાં આવી હતી.

ત્યાર બાદ મી૦ કુકાએ પોતાનો અધુરો રહેલો ઇરાની પંચાંગ વિષેનો વિષય પુરો કીધો હતો.

બેઠક ૩૧ મી, તા૦ ૮ મી માર્ચ ૧૯૧૩.

સુચીપત્ર ઉપર આપવામાં આવેલી નીચલી દરખાસ્ત રજુ કરવામાં આવી હતી:—

"આપણા વાર્ષિક એહવાલો જલદી છપાઇ બહાર પડે એવી સવલતા કરવા તેમાં આવતા અવસ્તા પહેલવી વીગેરે તાઇપ કાઢી નાંખી તેની ગુજરાતી યા અંગ્રેજી જોડની આપવી."

એ દરખાસ્ત ઉપર શમશુલ ઑલમા ડૉ. જીવનજી જ. મોદી તથા એ. નોશરવાન બ. દેશાઇ તરફથી વાંધો ઉઠાવનારા પત્રો રજુ કરવામાં આવ્યા હતા.

સભાએ ઉપલી દરખાસ્ત નીચલા વધારા સહીત પસાર કીધી હતી:— "અને જરૂર જોગી Text અસલ લીપીમાં વધારામાં આપવી."

સોરાબજી ન. કાંગા, બી.એ., એ નીચલી બાબદ રજુ કીધી હતી:—

"The apparent contradiction in the accounts of Geush Urvan's complaint in the Gathas and in the Bundahishn with reference to Plato's doctrine of the World Soul." *



* આ બાબદ Sir Jamsetji Jejeebhoy Madressa Jubilee Volume ના સફા ૧૫-૨૪ ઉપર છપાઇ ગઇ છે.

પચાસમાં વર્ષમાં ચાલેલી બાબદો.

———::o::———

પચાસમાં વર્ષમાં સઘલી મલી મંડલીની ૨૧) બેઠકો મલી હતી.

——:o:——

બેઠક ૧ લી, તા૦ ૨૯ મી માર્ચ ૧૯૧૩.

ગુજસ્તે સાલનો મંડલીની બેઠકનો ટુંક ઇન્તેખાબ રજુ કરવામાં આવ્યો હતો, જે બહાલ રાખવામાં આવ્યો હતો.

ચાલુ સાલ માટે નીચલા ઓધેદારોની નેમણુંક કરવામાં આવી હતી:—
શેઠ મંચેરજી પે૦ ખરેઘાત—સરનશીન.
ઑ. એદલજી કે. આંટીઆ—ઑનરરી ખજાનચી.
ઑ. નોશેરવાનજી બ. દેશાઇ તથા મી૦ રતનજી ફરદુનજી ગોરવાલા—જો. ઑ. સેક્રેટરીઓ.

મી૦ શા. કા. હોડીવાલાએ નીચલી બાબદ ઉપર એક રેસાલો વાંચ્યો હતો:-
"Jamshed in the Avesta and the Vedas."

———

બેઠક ૨ જી, તા૦ ૫ મી એપ્રીલ ૧૯૧૩.

મી૦ હોડીવાલાએ ગઇ બેઠકથી અધૂરો રહેલો "Jamshed in the Avesta and the Vedas," વાલો રેસાલો પુરો કર્યો હતો.

———

બેઠક ૩ જી, તા૦ ૧૨ મી એપ્રીલ ૧૯૧૩.

મી૦ હોડીવાલાએ Aurunâ Khrafstrâ (the wicked Varunas) in Yasna Ha 34 § 9 વાલી બાબદ ઉપર એક રેસાલો વાંચ્યો હતો.

———

બેઠક ૪ થી, તા૦ ૧૯ મી એપ્રીલ ૧૯૧૩.

મી૦ જમશેદજી માણેકજી ઉનવાલાએ, "The religion of the Parthians" એ વિષય ઉપર એક નીબંધ વાંચ્યો હતો*

———

બેઠક ૫ મી, તા૦ ૨૬ મી એપ્રીલ ૧૯૧૩.

મી૦ હોડીવાલાએ "The derivations of Daena and Ahura" વાલી બાબદ ઉપર એક વિષય વાંચ્યો હતો.

———

* આ રેસાલો ડૉ૦ જમશેદજી માણેકજી ઉનવાલાએ અંગ્રેજીમાં પ્રગટ કર્યો છે.

બેઠક ૬ થી, તા૦ ૩ જી મે ૧૯૧૩.

મી૦ હોડીવાલાએ ગઇ બેઠકથી પોતાની અધુરી રહેલી "Dyu & Agni in the Avesta" વાલી બાબદ પુરી કીધી હતી.

બેઠક ૭ મી, તા૦ ૧૪ મી જુન ૧૯૧૩.

મી૦ હોડીવાલાએ "The five kinds of fires in the Avesta and the Atharvaveda" ઉપર એક રેસાલો વાંચ્યો હતો.

બેઠક ૮ મી, તા૦ ૨૧ મી જુન ૧૯૧૩.

ચોથી જરથોસ્તી કોન્ફરન્સમાં આપણી મંડલીના ડેલીગેટો મોકલવા બાબે તેમના સેક્રેટરીઓ તરફથી આવેલો તા૦ ૧૪ મી જુન ૧૯૧૩ નો પત્ર રજુ કરવામાં આવ્યો હતો.

મી૦ મેહરજીભાઇ ન. કુકાએ દરખાસ્ત કીધી અને તેને મી૦ જમશેદજી નાદીરશાહે ટેકો આપ્યો કે, કોન્ફરન્સના પત્રની નોંધ લેવી અને નીચલા સભાસદોને પ્રતિનિધિ તરીકે મોકલવા:—

નાયબ દસ્તુર મીનોચેહર જા. જામાસ્પ-આસા	એ૦ સોરાબજી ન. કાંગા
એ૦ નોશરવાન બ. દેશાઇ	મી૦ જમશેદજી દા. નાદીરશાહ
મી૦ પેસ્તનજી કુ. મોતીવાલા	મી૦ દીનશાહ દો. કાપડીઆ
એ૦ બહમનજી ન. ધાભર	મી૦ માણેકજી ન દસ્તુર
એ૦ હોરમસજી દી. ધરડા	એ૦ બરજોરજી એ. બજાં.
	એ૦ માણેકજી આદરીયાનવાલા

દરખાસ્ત વધુ મતે પસાર થઇ હતી.

મરહુમ દસ્તુરજી જમશેદજી સોરાબજી કુકાદારૂનું કેતાબખાનું મંડલીને સ્વાધીન કરવા બાબે મરહુમના દીકરા ફરામજી તરફથી તા૦ ૧૭ મી મે ૧૯૧૩ નો આવેલો પત્ર રજુ કરવામાં આવ્યો હતો.

એ પત્ર ઉપર વિચાર કરી મંડલીએ ડૉ. માણેકજી બ. દાવરને એલતેમાસ કીધી કે જાતે તપાસ કરી મંડલીને મેહરબાની કરી સલાહ આપવી કે, ચોપડીઓ લેવા લાયક છે યા નહી.

ત્યાર પછી મી૦ અરદેશર ખ. વેસાવેવાલાએ "Revelation in the Gathas" એ બાબદ ઉપર એક રેસાલો વાંચ્યો હતો.

બેઠક ૯ મી, તા૦ ૫ મી જુલાઇ ૧૯૧૩.

ભારે વરસાદને લીધે કોરમ નહી થવાથી સભા મુલતવી રાખવામાં આવી હતી.

બેઠક ૯ મી, તા૦ ૧૨ મી જુલાઇ ૧૯૧૩.

તા૦ ૧૪ મી જુન ૧૯૧૯ની બેઠકમાં ડૉ. દાવરને મર્હુમ દસ્તુર કુકાદારૂના કેતાબખાના વિષે જોસતેજો કરવા અરજ કીધી હતી તે વિષે તેહકીક કરી ડૉ૦ દાવરે જણાવ્યું જે ચોપડીઓ ઘણી ખરાબ હાલતમાં રાખેલી હોવાથી થોડીએક તેવણ જોઇ શકયા હતા.

એ બાબદ વિષે વધુ વિચાર કરવાનું મુલતવી રાખવામાં આવ્યું હતું.

મી૦ જમશેદજી દા. નાદીરશાહે ત્યારપછી સાસાન્યન જમાનાના પંચાંગ વિષે, મી૦ મેહરજીભાઇ કુકાએ રજુ કરેલા વિષય ઉપર વિવેચન કીધું હતું જે અધુંરૂ રહી જવાથી બીજી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવ્યું હતું.

બેઠક ૧૦ મી, તા૦ ૧૯ મી જુલાઇ ૧૯૧૩.

ભારે વરસાદને લીધે કોરમ નહી થવાથી સભા મુલતવી રાખવામાં આવી હતી.

બેઠક ૧૦ મી, તા૦ ૨૬ મી જુલાઇ ૧૯૧૩.

મી૦ જમશેદજી દા. નાદરશાહનું આગલી બેઠકથી અધૂરૂં રહેલું વિવેચન થોડુંક આગળ વાંચી તે ઉપર વાદવીવાદ ચલાવવામાં આવ્યો હતો.

બેઠક ૧૧ મી, તા૦ ૨ જી ઓગસ્ટ ૧૯૧૩.

મી૦ જમશેદજી નાદરશાહે આગલી બેઠકથી અધૂરૂં રહેલું પોતાનું વિવેચન આગળ વાંચ્યું હતું.

બેઠક ૧૨ મી, તા૦ ૯ મી ઑગસ્ટ ૧૯૧૩.

મી૦ નાદીરશાહના વિવેચન ઉપર બોલતાં મી૦ મેહરજીભાઇ કુકાએ જણાવ્યું કે—

(૧) આદર માહમાં ફરોહરોની ક્રિયાવાલા જે શબ્દો આવે છે તેમાં આદર માહ દીની વર્ષનોજ હોવો જોઇએ, કારણ કે ધર્મક્રિયાને લગતા સવાલનો જવાબ આપતાં દીનીને બદલે બીજા કોઇ જાતના મહીનાનું નામ દેવું એ ઘણું અસંભવીત છે.

એના જવાબમાં મી૦ નાદીરશાહે કહ્યું કે આમ લોકો વહેવારૂજ મહીના વાપરતા હોવાથી જે શરેહ આમ લોકોની સમજ માટે થયલી છે તેમાં તેઓ સમજે એવો યાને વેહવારૂ મહીનો વાપરેલો છે.

મી૦ કુકાએ જણાવ્યું કે દીની મહીનો તો આમ લોકોના ભણતરમાં આવેજ તે છે.

મી૦ નાદીરશાહે કહ્યું કે જે ભણતરમાં રોજ માહ આવે તે ભણતર ફક્ત મોબેદોજ કરતા હતા એવું હાલની ઇરાનમાંની રીતભાત ઉપરથી માલમ પડે છે.

મી૦ કુકાએ કહ્યું કે :—

(૨) મેહરંગાનનું જશન નોશીરવાનના વખતમાં શીયાલામાં (દીસેમ્બર-જાનેવારીમાં) પડતું હતું એ પુરવાર થયલી બીના છે અને મેહરંગાનનું જશન ખાસ ધર્મને લગતુંજ કહી શકાય. તેને રાજદ્વારી વર્ષ સાથે કશો સંબંધ નથી તે દેખાડે છે કે નોશીરવાનના વખતમાં ધર્મનો ફ્રવર્દીન વસંતમાં હતો નહી.

મી૦ નાદીરશાહે વલતો જવાબ આપતાં કહ્યું કે મી૦ કુકા કહે છે તેવું મેહરંગાનનું જશન દીસેમ્બરમાં થયું હતું એવું કેથે મલતું નથી. સ્પીગલ મેમોરીયલ વોલ્યુમમાં ચીનાઇ વાઇ શુ ના લખાંણમાં જશન બોલ નથી; કે જે જશન બોલ ઉમેરવાથી ક્રિયાનો ખ્યાલ ઉત્પન્ન થાય છે. અલ્બીરૂની પ્રમાણે બે મેહરંગાન હતા, એક પાનખર આગલ અને બીજો શીયાલા આગલ, પેહલો દીની વર્ષનો મેહરંગાન અને બીજો વેહવારૂ વર્ષનો છે.

મી૦ કુકાએ કહ્યું કે—

(૩) યજદજર્દના વખત પછી કદમીઓનો કબીસો થયો નથી અને તેમ લેતાંજ હાલના રોજ માહ યજદજરદના રોજ માહ સાથે જઇ મલે છે, જે વેલા ફ્રવર્દીન માહ જુનમાં હતો. અગર જો ફ્રવર્દીન માહ વસંતનો હોય તો યજદ-જર્દી સનેમાં કમમાં કમ ૩૬૦ વર્ષ સુધી કબીસો કરવામાં આવેલો હોવો જોઇએ. એવો કંઇ કબીસો થયો હોય તેની કશી શાહદત નથી, અને સઘલા આરબ લખનારાઓ તો કહી ગયા છે કે કબીસો થયો હતો નહી. અગરજો દીની વર્ષમાંબી કબીસો થયો હતે તો આરબ લખનારાઓ તેની નોંધ લીધા વીના રેહતે નહી.

મી૦ નાદીરશાહે જણાવ્યું જે કોઇબી લખાન આજસુધી એવું મલ્યું નથી કે દીની વર્ષમાં કબીસો બંધ પડયો હતો. ઉલટું બુનદેહશ્નેમાં જણાવ્યા પ્રમાણે તેના જમાના સુધી ધર્મક્રિયામાં દીની વર્ષમાં કબીસો જાયજ હતો અને તે મહિના સાથે વપડાયલા "વહીજક" શબ્દ ઉપરથી પુરવાર થાય છે

અને તે વર્ષના ગાથા ગાહામ્બારમાં રાત ને દાહડા સરખા થયા હતા એવું ત્યાં ખુલ્લું જણાવેલું છે. એ મહીનાઓ એવર્દો ધર્મક્રિયામાં વાપરતા હતા.

ડૉ. દાવરે કહ્યું કે યજદજરદ પછી કોઇ રીતનો કબીસાને લગતો ફેરફાર થયો હતો એવું કેટલીક ખાત્રીપુર્વક તારીખી શાહદતો ઉપરથી માલમ પડે છે એમ મેં મારા રેસાલામાં જણાવ્યું છે, જેવી કે એબને જુનીસે અને કુશયારે જણાવેલી તારીખો કે જે ઉપરથી એમ જણાય છે કે ગાથાના દીવસો આવાંની પાછલથી લઇને અસ્પંદાર્મદની પાછલ મુકવામાં આવ્યા હુતા.

ત્યારબાદ મી૦ હોડીવાલાએ મી૦ કુકાને નીચલા સવાલો પુછયા હતા જેના જવાબો મી૦ કુકાએ નકારમાં આપ્યા હતા.

(૧) કોઇબી પુસ્તકમાં એવું સીધું લખાંણુ છે કે દએ મહિનો પહેલો છે ?

(૨) દએ મહીનાના હોરમઝદ રોજને કાંઇબી ધાર્મિક અગત્યતા આપી હોય એવું લખાણુ કોઇબી પુસ્તકમાં છે ?

(૩) દએ મહીનામાં રપીથવીન ઉંજાતી હુતી એવું કોઇબી લખાણુ કેથેબી જડે છે ?

બેઠક ૧૩ મી, તા૦ ૩૦ મી ઓગસ્ટ ૧૯૧૩.

મી૦ મેહરજીભાઇ કુકાએ સુચના કીધી કે મંડલીની મીટીંગો જાહેર તેહવારોને દીવસે બોલાવવી નહી તથા મીટીંગ બોલાવવાના સરકયુલર સભાસદોને ઓછામાં ઓછા ૩૬ કલાક અગાઉ મલે એવી ગોઠવણ કરવી, જો તેમ નહી બને તો મીટીંગ બીજા શનિવાર ઉપર મુલતવી રાખવી અને સરકયુલરમાં બાબદો જણાવવામાં ભુલ થાય છે તે ઉપર સેક્રેટરીઓએ ઘટતું લક્ષ આપવું.

ઉપલી સુચનાઓ ઉપર ઑ. સેક્રેટરીઓનું ધ્યાંન ખેંચવામાં આવ્યું હતું.

શમ્સુલ ઓલમા ડૉ. જીવનજી જ. મોદી તરફથી તા૦ ૨૦ મી ઓગસ્ટ ૧૯૧૩ ને દીનનો આવેલો પત્ર રજુ કરવામાં આવ્યો હતો, જેમાં ડૉ. મોદીએ કામા મેમોરીયલ વોલ્યુમની ૩ નકલો વેલાયતના અભ્યાસીઓ ઉપર ભેટ મોકલવા માટે મંગાવી હતી.

મંડલીએ ઠરાવ કીધો કે ડૉ. મોદીએ માંગેલી નકલો એવો ઉપર મોકલવી.

મરહુમ દસ્તુર કુકાદારૂના કેતાબખાના વિષે ડૉ. દાવરે ગઇ તા૦ ૧૨ મી જુલાઇની સભામાં રીપોર્ટ કીધો હતો, તે ઉપર તેઓએ વધુ જણાવ્યું કે તેઓએ એ કેતાબખાનાની વધુ તપાસ લીધી હુતી અને એવા અનુમાન ઉપર આવ્યા હતા કે એ કેતાબો મંડલીના સવાધીનમાં લેવા લાયક નથી.

ડૉ. હાવરના રીપોર્ટ ઉપરથી સભાએ ઠરાવ કીધો કે એ કેતાબો મંડ-લીના સ્વાધીનમાં લેવી નહી.

ત્યાર પછી મી० હોડીવાલાએ "The Ashavins in the Avesta and the Rig Veda" ઉપર એક પેપર વાચ્યું હતું જે અધુરૂં રહી જવાથી બીજી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવ્યું હતું.

બેઠક ૧૪ મી, તા० ૨૭ મી સપ્ટેમ્બર ૧૯૧૩.

મી० શાપુરજી કા. હોડીવાલાએ નીચલી બાબદ ઉપર એક પેપર વાચ્યું હતું.

"આપણા મહિનાઓનો અનુક્રમ ગ્રહો ઉપરથી નીકળેલો છે, તે દેખાડવા મી० કુકાએ પોતાના વીષયમાં જે diagram રજુ કીધો હતો તેના ઉપર મારા તરફનો સુધારો."

છાપેલા diagram સભામાં રજુ કરવામાં આવ્યા હતા.

બેઠક ૧૭ મી, તા० ૮ મી નવેમ્બર ૧૯૧૩.

શમ્સુલ ઑલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ પોતાની પહેલી બાબદ—" Azhî Dahâka (Zôhâk) of the Avesta and Satan of Dante," વિષેની કેટલીક સરખામણીઓ કરી પોતાનો વિષય અંગ્રેજીમાં રજુ કર્યો હતો; જેમ કરતાં તેવણે એ બાબદની સરખામની વિષે કેટલીક વીગત દર્શાવી હતી. Dante નાં સંબંધમાં શેઠ શાપુરજી કા. હોડીવાલાએ તેનો જમાનો જાણવા માંગતાં, સરનશીન સાહેબે ઇ. સ. ૧૩ મી સદીનો જણાવ્યો હતો.

ડૉ. મોદીની બીજી બાબત "The Tibetan mode of the disposal of the dead and some side-light thrown by it upon the Ancient Zoroastrian mode," રજુ થતાં તેવણે તેની ઉપર વીસ્તીર્ણપણે વિવેચન કરતાં, જરથોશ્તી ધર્મ તથા તરીકત સાથે તેની ઘણીક રીતની સરખામણી કરી હતી.

એ બંધે વિષયો એવણ હવે પછી છપાવનાર હોવાથી તે પુસ્તકનાં આકારમાં પ્રગટ થશે તેથી અત્રે વીસ્તાર્વાનું મોકુફ રાખ્યું છે.

બેઠક ૧૫ મી, તા० ૧૧ મી ઑકટોબર ૧૯૧૩.

જુનાગઢની કૉલેજવાળા પ્રોફેસર શાહપુરશાહ હોરમજજી હોડીવાલા, M. A., એ **"મહમુદ બેગદાએ સંજાણ ઉપર કરેલી ચઢાઇનાં સંબંધમાં નવી શાહદતો"** નો પોતાનો વિષય ઇંગ્રેજીમાં રજુ કરતાં નીચે મુજેબનો ભાવાર્થ

કહી સંભળાવ્યો હતો:—સંજાણુની ચઢાઇ ક્યારે થઇ તે વિષે ડૉકટર વીલ્સન, સર જેમ્સ કૅમ્પબેલ, જેમ્સ બ્રીગ્સ, ઍડવર્ડ ક્લાઇવ બેલી, "તારીખે ફરેશ્તેહ", "મીરાતે સીકંદરી", "તબક્કાતે અકબરી", "તારીખે અલફ્રી", "તબક્કાતે માહમુદશાહી" વગેરેની હકીકતોનો એહવાલ આપ્યા પછી તેવણે જે તર્ક ૧૯૦૫ માં કીધી હતી તેનો જવાબ આપ્યો હતો. ડૉકટર જીવનજી મોદીનું કહેવું એવું હતું કે, ઇ. સ. ૧૪૯૦ માં બહામની સુલતાનોનો એક અમીર બહાદુર મીલાનીએ બળવો ઉઠાવ્યો હતો અને ગુજરાતનાં બારાંઓ લુટયાં હતાં અને તે વખતે મહમુદે દખણ તરફ લશ્કર મોકલ્યું હતું. તે લશ્કરે કદાચ સંજાણ જીત્યું હોય, પણ પ્રોફેસર હોડીવાલાએ જણાવ્યું કે, ડૉકટર જીવનજીએ પોતાનો તર્કનો બધો આધાર "મીરાતે સીકંદરી" નાં અધુરા એહવાલ ઉપર બાંધ્યો હતો, જેનાં લખનારે માહમુદની હાર છુપાવવા માટે બધું ગોલગોલ લખ્યું હતું; પણ "તારીખે ફ્રીરશ્તેહ" અને "તબક્કાતે અકબરી" ના તે વિષેના વિગતવાર બ્યાંનો ઉપરથી તેમણે દેખાડયું કે, માહમુદનાં લશ્કરે આ વખતે કાંઇ ફતેહ તો મેલવી હતી નહી, પણ તેનો કાફલો ભાંગી ગયો હતો, તેનું લશ્કર હારી ગયું હતું, તેનો સેપેહસાલાર તેમજ તેનાં કાફલાનો વડો કેદ પકડાયા હતા અને તેનાં લશ્કરે કાંઇપણ જાણવાજોગ કીધું હતું નહી, અને જે લડાઇ થઇ હતી તે સંજાણુની આસપાસની નહી પણ દક્ષિણમાં મીરજ, કોહલાપુર અને જામખંડી પાસે થઇ હતી. પણ પ્રોફેસર હોડીવાલાએ જે મુખ્ય અગત્યની બીના જણાવી તે, "તારીખે અલફ્રી", "મીરાતે સીકંદરી", "તારીખે ફરેશ્તેહ" અને ઉલુગખાંનની અરબી ભાષામા લખેલી ગુજરાતની એક તવારીખમાંની શાહદતોથી જણાવ્યું કે, ઇ. સ. ૧૪૬૫ અને હીજરી ૮૬૯ મા માહમુદે બાહરૂતનાં પહાડના કીલ્લા ઉપર ચઢાઇ કીધી હતી અને ત્યાંના રાજાએ કેટલાક દિવસો સુધી બહાદુરીથી લડાઇ કરીને, છેવટે આજેજ થવાથી પોતાનો કીલ્લો શરણ કર્યો હતો અને માહમુદે તેની ઉપર રેહમ કરી તેનો કીલ્લો તથા મુલક તેને પાછો સ્વાધીન કીધો હતો તથા તેનાં બદલામાં ખંડણી લેતી કરી હતી. વલી એક બીજો ફકરો રજુ કરી જણાવ્યું કે, બાહરૂત લીધા બાદ, માહમુદનું લશ્કર દમણ અને પારનેરા તરફ ગયું હતું, અને ત્યાંના કેટલાક કીલ્લાઓ તથા જગાઓ લીધી હતી. તે પછી અલફખાંનનાં સંબંધમાં મુસલમાન તવારીખનવેશોની કેતાબોમાંથી સરલ રીતે ફકરાઓ વાંચી દેખાડયું કે અલફખાંન કેવો ઘાટકી પુરૂષ હતો, અને તે ઉપરથી તેવણે જણાવ્યું કે સંજાણુનાં કમનસીબે તેની ઉપર ચઢાઇ લેઇ જવાનું તેને સોંપવામાં આવ્યું હતું, કેમકે અલફખાંન સુલતાંનની જવાનીમાં તેનો એક ખાસ મિત્ર હતો તેમજ તેનો ઘણો માનીતો હતો. એ મુલકમા બાહરૂતના રાજા સીવાય બીજા ન્હાનાં હિંદુ હાકેમો હતા, તેમાંનો એક સંજાણ ઉપર હકુમત ચલાવતો હતો, અને તેથી જ્યારે મુસલમાનોએ સંજાણ લીધું ત્યારે, પાર્સી-

ઓએ પોતાના પવિત્ર આતશબેહરાંમ સાહેબનાં મુકાંમને મુસલમાંનોના હાથમાં જતાં બચાવવાને બાહરૂતનાં રાજાની સહાયતા માંગી હતી અને તે તેમને મળી હતી, કેમકે એ સર્વે હિંદુ રાજાઓ એકેકનાં મિત્રો અને હમશરીકો હતા, અને તેઓ જાણતા હતા કે સુલતાન માહમુદ તેઓનો શત્રુ હતો, તેથી સંજાણનો હાકેમ જે બાહરૂતના રાજાનો સહાયકાર હતો તેની પાસીર્ પ્રજાએ, સંજાણથી નાહસવા બાદ, બાહરૂતના ડુંગર ઉપર "ઇરાંનશાહ" આતશબેહરાંમ સાહેબનાં નૂરી કેબલાને છુપાવી સલામત રાખવાની મદદ માંગી હતી અને તે મેલવી હતી. એ ઉપરાંત બીજી મુસ્તકીમ દલીલો તેવણે રજુ કીધી હતી, અને તે ઉપરથી એવું અનુમાન ખેંચ્યું કે ઇ. સ. ૧૪૬૫માં માહમુદનાં લશ્કરે સંજાણને તારાજ કર્યું હતું. એ વગેરે બીજું કેટલુંક વિવેચન કરવા બાદ પ્રોફેસર હોડીવાલાએ જણાવ્યું કે, કોઇ બીજે પ્રસંગે, તેવણ આ મંડલી સમક્ષ એ વિશેની વધુ વીગતો રજુ કરશે.

ત્યારબાદ, મંડલી તરફથી, શમ્સુલ ઑલમા ડૉકટર જીવનજીએ પ્રોફેસર હોડીવાલાએ તસ્દી લેઇ પોતાનો વિદ્વતાભર્યો વિષય રજુ કરવા માટે એહસાન માનતા જણાવ્યું કે માહમુદ બેગડાની બાબતમાં તેમણે કેટલીક હદે પોતા (એર્વદ મોદી) સાથે મલતાપણું બતાવ્યું છે. બાહરૂતનાં સંબધમાં તેમણે જણાવ્યું કે એ શબ્દ ફાર્સીમાં بارروذ-باررود-پارود વગેરેથી નુકતાંનાં અને હુરૂફોનાં આકારોના ફેરફારો સાથે જુદી જુદી રીતે વંચાય અને તે રીતે એવણની તર્ક મુજેબ એ બાહરૂત તે બારોતનો પહાડ નહી પણ પારરૂડ-પાર નદી અથવા પારડી જે બલસાડથી થોડા માઇલ દૂર છે તે જગ્યાનો એશારો છે એમ તેવણે ભાર મુકીને જણાવવા માંગ્યું; પણ તેવણની એ તર્ક અથવા કલ્પણા ઘણાં સાહેબોને રૂચી હતી નહી. પ્રોફેસર હોડીવાલાએ જણાવ્યું કે માહમુદશાહ બાહરૂત ઉપર બીલકુલ આવ્યો હતો નહી, પણ તેનો સરદાર અલફખાંન આવ્યો હતો; માહમુદે બાહરૂત જીત્યું હતું, પણ સંજાણ લીધું હતું નહી.

બાહરૂતનાં પહાડ ઉપરની મુસાફરીનાં સંબંધમાં એર્વદો રૂસ્તમજી કે. મોદી, માણેકજી ઉનવાલા વગેરેએ જણાવ્યું કે એ ડુંગર ઉપર જતાં ચાર કલાક લાગ્યા હતા. બાહરૂત ઉપર જવાના બે માર્ગો છે, એક દાહણું અને બીજો સંજાણ-અમો દાહણુથી ગયા હતા. એર્વદ રૂસ્તમજી મોદીએ કવેટાના કીલ્લા વિષે જણા-વ્યું કે તે ઉપર કોઇને પણ બીલકુલ જવા દેવામાં આવતા નથી. એમાં રાજ્યની કાંઇ secrecy જેવું છે. એવા કીલ્લાઓની બાબતમાં આપણને સાદી નજરે નહી, પણ લશ્કરી તરીકાથી જોવું જોઇએ.

બેઠક ૧૬ મી, તા૦ ૨૫ મી ઑકટોબર ૧૯૧૩.

જુનાગઢ કૉલેજનાં પ્રોફેસર શેઠ શાહપુરશાહ હોરમજ્જી હોડીવાલા, M. A. એ "The Traditional Dates of Parsi History" ઉપરનો પોતાનો વિષય રજુ કરતાં જણાવ્યું કે, હિંદુસ્તાનનાં પાર્સીઓની તવારીખમાં બનેલા ચોક્કસ અગત્યના બનાવો કયા વર્ષમાં બન્યા હતા તે વિષે કેઠે કેઠે, ખુણે-ખંટાલે એકમેકથી ઉલટી નોંધો મલે છે, જેમાંની કેટલીક "પાર્સી પ્રકાશ" ઉપરથી ઉતારી લેવામાં આવી છે, અને તેને આધારે ઘણાક લખનારાઓએ પોતા તરફથી ઉલટી-સુલટી તરેહવાર અટકલો બાંધી છે અને બીજાઓની અટકલો અને તર્કોનું ખંડણ કરવાના હથ્યાર તરીકે પણ વાપડી છે. આ સનેઓ વિષે આપણા અભ્યાસીઓનાં મનમાં પહેલવેહલી શંકા ઉત્પન્ન કરનાર મર્હૂમ કાબેલ અને બુર્જોર્ગ ઓલમા શેઠ ખુરશેદજી રૂ. કામાજી હતા, પણ તેવણે તે રદ કરવા માટે કેટલીક ગણત્રીઓ બતાવીને, પોતા તરફના અનુમાનો ઉપર જે ભાર મુકયો હતો તે પણ વજુદ કે સાબેતી વિનાની માત્ર એક તર્ક સીવાય બીજું કાંઇ ન હોવાથી અને એ શકમંદ સનેઓની ખુટ પુરી પાડી શકે તેવી બીજી કોઇ મોતેબર, મુસ્તકીમ અને ભરૂસેદાર તારીખો હજી હાથ લાગેલી ન હોવાથી, તેજ સનેઓ આપણા અભ્યાસીઓએજ નહીં, પણ Sir James Campbell જેવા યૂરોપ્યન લેખકોએ વટીક તેમને થોડાક ઘણા સ્વીકારીને તે ઉપર ઘણોક મદાર બાંધ્યો છે. આ સનેઓની બારીકીથી તપાસ કરી પ્રોફેસર હોડીવાલાએ દેખાડયું કે, તે બીલકુલ ભરોસો મુકવા લાયક નથી. આ આંકડાના મધરડાઓ આપણાં મનમાં જે ઘર કરી બેઠા છે, ત્યાંથી તેઓને દૂર કરશું નહી ત્યાંસુધી પાર્સી તવારીખને સંગીન પાયા ઉપર મુકવા નું કાંમ, મહાલ છે. એ સનેઓ આ મુજેબ છે:—

પાર્સીઓની સંજાણમાં ઉતરવાની ઓછામાં ઓછી ત્રણ જુદી જુદી તારીખો મલે છે, તેમાંની સર્વથી જાણીતી દસ્તુર અસ્પંદયારજી કામદીનજીની "કદીમ તારીખ પારસીઓની કસર" નામની કબીસાની જુંબેસને લગતી ઇ. સ. ૧૮૨૬ માં છપાયલી કેતાબમાં મલે છે, તે શુક્રવાર, રોજ બહમન, માહ તીર, શ્રાવણ સુદ ૯, સંવત ૭૭૨=(ઇ. સ. ૭૧૬) છે. બીજી તારીખ પ્રમાણે પાર્સીઓએ રોજ અહુરમજદ, માહ તીર, સંવત ૮૯૫=(ઇ. સ. ૮૩૯) ને દિને સંજાણ બંદર ઉપર પેહલો પગ મુકયો હતો. એક ત્રીજી નોંધ પ્રમાણે તેઓ છેક સંવત ૯૬૧ =(ઇ. સ. ૯૦૫) સુધી આવી પોંહચ્યા નહી હતા. સંજાણમાં આતશબેહરાંમ સાહેબ અને પરઠવાનો દિવસ રોજ આદર માહ આદર સંવત ૭૭૭ લખેલો મલે છે. વલી વાંસદેથી આતશબેહરાંમ સાહેબ લઇ જવાનો સને કોઇ ઠેકાંણે ૧૪૭૨ સંવત અને બીજે ઠેકાંણે રોજ માહરેસ્પંદ, માહ શેહરેવર, આષાઢ શુદ ૫, સંવત ૧૪૭૫ મલે છે. તેવણે જે જે કેતાબોમાં એ વીગતો મલે છે તે સર્વેના હવાલા આપી દેખાડયું કે, એમાંની કોઇપણ નોંધ ૧૮ મી સદીની અધવચ કરતાં આગલ

લેઇ જઇ શકાતી નથી; અને તેમાંની કોઇ એ અરસામાં લખાયલી કોઇ કેતાબોનાં હાંસ્યા (margin) ઉપર, કોઇ આગલ–પાછલનાં કે વચમાંનાં રહી ગયલાં કોરાં પાનાનાં ખુણાં–ખંટોલામાં, ગમેતેમ ટપકાવી લીધેલી મલે છે. ઘણીક વખ્તે કેતાબમાં બીજાના અક્ષરમાં લખાયલું જે લખાન મલે છે તેના હુરૂફ કોણનાં છે, તે લખનારનું ભંડોલ કેવું અને કેટલું છે, તથા ભરોસેદાર ખબર મેલવવાના તેનાં સાંધણો શું હતાં અને તેને કેટલી સત્તા ઘટે છે, તે સઘલાં વિષે આપણ સદંતર અંધકારમાં છીએ. તેનું નામ વટીક આપણને ઘણીક વેલા માલુમ પડતું નથી, અને તેથી નામ–નીશાંન વિનાની, નાસાબેત અને ઉલટી સુલટી નોંધોને કાંઇપણ વજન આપવું તે નુકતેચીનીનાં કાયદા–કાનુનોથી બીલકુલ નામુનાસેબ છે. તેવણે વલી જણાવ્યું કે પાછલા વખ્તમાં, યાને ૧૭ મી–૧૮ મી સદીમાં, આપણા ફીરકામાં આપણા મજહબ અને તવારીખ અને અદબ અને શાયરીનો એલમ હાંસેલ કરવાની કાલજી અને ઉમંગ સાધારણ થઇ હતી, ત્યારે તે વેળાનાં ચંચલ જેહનનાંઓને, જેમ આજે આપણને ચલવલ થાય છે તેવીજ ચલવલ થવા પામી હતી અને આપણા લોકો કયારે હિંદુસ્તાન આવ્યા, અને શા સબબે આવ્યા, અને કયાં પેહલા ઉતર્યા, અને પાછલથી કેમ અને કયારે જુદે જુદે સ્થલે પંથરાઇ ગયા, અને પેહલાં આતશબેહરાંમ સાહેબ કોણે અને કયાં પરઠયા, અને તે કયાંથી કયાં ગયા અને કયારે ગયા તે વિષે જેટલું જણાઈ શકાય તેટલું જાણવાની ઉલટ બરપા થઇ હતી; અને તેઓએ પોતાનાં તે વખ્તનાં જ્ઞાન મુજેબ, અને જે કાંઇ વાંચેલું હોય (જેવું કે, "કીસ્સે સંજાણ"), અને પોતે બીજું કાંઇ કોઇને મોંઢે સાંભલેલું હોય અને પોતાની બુદ્ધિને જે બનવાજોગ કે નહી બનવાયોગ્ય લાગ્યું હોય, તે ગોઠવી–ગાઠવી, તેમાં વધાર–ઘટાડ કરી જુદી જુદી સુચનાઓ કીધી હતી, કે જેમ આપણે પોતે પણ આજે કર્યે છીએ. કોઇએ સંવત ૭૭૨ માં તેઓ સંજાણમાં ઉતર્યા એમ જણાવ્યું તો બીજાએ સંવત ૮૯૫ માં એ બનાવ બન્યો એમ જણાવ્યું. વલી ત્રીજાને લાગ્યું કે તેઓ એટલા બધા વેહલા આવ્યા ન હશે, તેથી તેણે છેક સંવત ૯૬૧ માં એ બનાવ લાવી મુકયો. કોઇએ સંવત ૭૭૭ માં સંજાણમાં આતશબેહરાંમ સાહેબને પરઠાવ્યા એમ જાહેર કર્યું, તો બીજાએ કહ્યું કે, સંવત ૭૭૭ માં તો પેહલાં ખોરાસાંનથી કુચ કરવા માંડી. કોઇએ સો જ વર્ષ કોહીસ્તાનમાં કઢાવ્યાં, તો બીજાએ કહ્યું કે નહી, માર્ગમાં કુચ કરતા "મુતફરકવાસ" માં ઓછામાં ઓછાં ૧૫૦) વર્ષ થયાં હશે. વલી કોઇએ કહ્યું કે, માહમુદનાં લશકરે સંજાણ તારાજ કીધા પછી ૨૬ વર્ષ રહીને (બાર બારોટમાં અને ચૌદ વાંસદામાં મલીને) આતશબેહરાંમ સાહેબને નવસારીમાં પધરાવ્યા હતા, તો બીજાએ કહ્યું કે, એટલામાં ચૌદજ વર્ષ પસાર થયાં હતાં, તેમજ કોઇએ નવસારી આવવાનું વર્ષ સંવત ૧૪૭૨ મા મુકયું તો બીજાએ તે દહાડે રોજ માહરેસ્પંદ માહ શેહરેવર, આષાઢ શુદ ૫, બુધવાર સંવત ૧૪૭૫ હતો એમ લખ્યું, અને તેમા ખુબી એ કે, યજદગર્દિ

રોજ-માહ અને હિંદુ તીથી આટલી બધી ચોક્કસ હોવા છતાં, એ બેહુ સનેઓ સર્યાંમ ખોટા હતા. એટલે કે તવારીખની કેતાબોમાં કે આપણી તેજ વખ્તે લખાયલી રેવાયતો કે કીસ્સે સંજાણમાં કાંઇ પણ સચ્ચાઇ હોય તો એમાંના કોઇપણ એક વર્ષે ઇરાંનશાહને નવસારી લાવેલાજ નહો. એ તો બધું ઠીક. પણ એની સાબેતી શું? સાબેતી તો એવી છે કે તેનો જવાબ આપવો તે કાંઇ જેવું તેવું મુશ્કેલ કામ નથી. તે એમ કે, ૭૭૨ અને ૮૯૫ અને ૯૬૧ અને ૧૪૭૨ તથા ૧૪૭૫ સાથે જોડેલા બનાવો એ આંકડાઓ સાથે પેહલાં કેમ જોડાયા તેની ગોયા એ ગણત્રીઓ રચનારાઓની પીઠ પાછલ ઉભા રહીને તેઓ સરવાલા ગોઠવતા હતા, ત્યારે તેઓની કાચી ગણત્રી કે rough drafts જોઇ આવ્યા હોય તેવી રીતે આબાદ પાછા ગણી બતાવ્યા હતા. આ ગણત્રીઓ સમજાવવાનું કાંમ કાંઇ સેહલું નથી, પણ બે-ત્રણ દાખલા અત્રે રજુ કરીશું.

આપણે જોયું છે કે દસ્તુર અસ્પંદયારજીએ આપેલો દહાડો, શુક્રવાર, રોજ બહમન, માહ તીર, શ્રાવણ સુદ ૯, સંવત ૭૭૨ છે. હવે આટલું તો વારંવાર કીધેલી ગણત્રીથી સાબેત છે કે એ રોજ-માહ ઉપલી હિંદુ તીથી સાથે મલતો નથી તેમજ વાર સાથે પણ નહીં; ત્યારે એ આંકડામાં કાંઇ ભુલ છે તે નિઃસંશય છે. પણ ત્યારે ૭૭૨ આવ્યો કયાંથી, અને આપણા લોકોમાં એ આંકડો મનાયો કેમ? એનો જવાબ પ્રોફેસર હોડીવાલાએ એવી રીતે આપ્યો કે, દસ્તુર અસ્પંદયારજીએ એ આંકડો કેથે લખેલો જોયલો તો ખરો, કારણ કે એવણે એર્વદ માણેકજી રૂ. ઉનવાલા પાસેની એક જુની કેતાબમાંથી તે દેખાડી આપ્યો. હવે કીસ્સે સંજાણમાં એમ કહેલું છે કે, આરબનાં હુમલા પછી ઇરાંની જરથોશ્તીઓને પોતાનું વ્હાલું વતન છોડવાની ફર્જ પડી હતી અને ૧૦૦ વર્ષ કોહીસ્તાનમાં કાઢી, ૧૫ વર્ષ હોરમજદમાં રહી, ૧૯ વર્ષ દિવમાં ગાલીને સંજાણમાં આવ્યા. હવે એ ઈ. સ. ૬૩૬ થી શરૂ કર્યે, કે જે વર્ષમાં કદીશ્યાની લડાઇમાં યજદગર્દની પેહલી હાર થઇ હતી; અથવા ઇ. સ. ૬૪૧ પકડયે કે જ્યારે તેને નહાવંદનાં જંગનાં મેદાંનમાંથી નહાસવું પડયું હતું; યા ઇ. સ. ૬૫૧ થી શરૂ કર્યે કે જ્યારે મરવે શાહજાંનમાં તેનું ખુન કરવામાં આવ્યું હતું તો, ૬૩૬+૧૦૦+૧૫+૧૯=૭૭૦ ઈ. સ. કે ૬૪૧+૧૦૦+૧૫+૧૯ = ૭૭૫ ઇ. સ. કે ૬૫૧+૧૦૦+૧૫+૧૯ = ૭૮૫ ઇ. સ. સરવાલો થાય; પણ કોઇ કાલે ૭૧૬ ઇ. સ. (૭૭૨ સંવત) મલે નહી. ત્યારે કરવું શું? એજ કે ઇ. સ. ૬૩૧ થી શરૂ કરવું, એટલે કે યજદગર્દ તખ્તે બેઠો ત્યારથીજ અને ખુશરૂ પર્વીજ આગલ એક નજુમીએ સાસાન્યન પાદશાહત તેના વંશમાંથી જવાની કરેલી એક અગડમ-બગડમ કહાંણી મુસલમીન લખનારા ચીત્રી ગયા છે તે અહીં ગોઠવી દેઇને એવું જણાવ્યું કે, આપણા વડીલો યજદગર્દ તખ્તે બેઠો તેની ૪૯ વર્ષ આગમજ ઇરાંની સલતનત ખતમ થવાની આગાહી કરી મુકી

પોતાનાં ધર્મના સઘળા આલાત અને કેતાબો લેઇ, શાહાનશાહાત છતાં કોહીસ્તાનમાં ભરાઇ બેઠા હતા. એ રીતે પાછો જુવો એહસાબ. (૬૩૧—૪૯=૫૮૨+૧૦૦+૧૫+૧૯=૭૧૬ ઇ. સ. (સંવત ૭૭૨). આ ઇ. સ. ૭૧૬=સંવત ૭૭૨ ની તરકીબ બતાવી. તેવણે ૯૬૧ વાલી તજવીજ હાથ ધરી અને તે કેમ પેશ પડી છે તે ઇ. સ. ૧૭૫૦ માં લખાયલી બે કેતાબોમાં (જે પણ એર્વદ માનેકજી ઉનવાલા પાસેજ છે) એક ગુજરાતી અને બીજી પાજંદ હુરૂફની બે નોંધો છે તેની શહાદતથી દેખાડયું કે, ત્યાં લખ્યું છે કે—"સંવત ૧૪૭૫ માં આતશબેહરામ સાહેબ વાંસદાથી આવીઆ તેની હકીકત" તે આ રીતે—"સંવત ૭૭૭ માં શ્રી ઇરાંન જમીનથી દસતુર તથા બેહેદીનોએ કુચ કીધી તે વીગત લખી છે.

૫૦ મુતફરક વાસ—૧૦૦ કોહોસતાનમાં-૧૫ હોરમજમાં—૧૯ દીવમાં.

૩૦૦ સંજાણમાં—૧૪ વાંસદામાં. દેર નુશારી બાકી રહા [૨૦૦].

હવે ૭૭૭+૫૦+૧૦૦+૧૫+૧૯+૩૦૦+૧૪=૧૨૭૫ જ થયા, પણ જુમલો તો ૧૪૭૫ નો જોઇએ, એમ તેણેજ ખુલ્લે ખુલ્લું લખેલું છે. એટલે સમજવાનું કે "દર નુશારી......બાકી રહા" એટલે ૨૦૦ વર્ષ બીજાં નવસારીમાં ગયા. હવે આપણે જાણ્યે છીએ કે, એમાંના બે સીવાય બધા આંકડા ૧૦૦, ૧૫, ૧૯, ૩૦૦, ૨૦૦, "કીસ્સે સંજાણ" માંથીજ ઉતારી લીધા છે ત્યારે બીજા બે આંકડા ૫૦ અને ૧૪ આવ્યા કયાંથી? પ્રોફેસર હોડીવાલાએ અત્રે કીસ્સાની અસલ બેતો વાંચી, તેનો પોતા તરફનો શબ્દે શબ્દનો તર્જુમો કરી, લંબાણથી વિવેચન કરી જણાવ્યું કે, "કીસ્સે"મા આવેલી એક બેતનો ચોક્કસ રીતે અર્થ કરી, અને તેને પાછલી બીજી બેતોથી છુટી પાડવાની દાનાઇ અથવા બુધ્ધિ વાપડી, કોહીસ્તાંનમાંનાં સો વર્ષમાં બીજા તેનેથી અર્ધા ૫૦ ઉમેરવા જોઇએ એવી અટકલ કીધી છે; પણ એવો ફેરફાર કરવાથી પણ ૧૪૭૫ નો જુમલો તો બીલકુલ થતોજ નથી. જો સંવત ૭૭૭ થી શરૂ કરી "કીસ્સે સંજાણ" મુજેબજ ચાલ્યે તો, ૭૭૭+૧૦૦+૧૫+૧૯+૩૦૦+૨૦૦+૧૨+૧૪=૧૪૩૭ થાય, જો તેમાં ૫૦ ઉમેર્યે તો ૧૪૮૭ થાય અને તેમ કીધાથી પણ એહસાબ મલે નહી, ત્યારે કરવું શું? એજ કે કેઠેથી ૧૨ ઉડારી નાખ્યે તો ૧૪૮૭-૧૨ =૧૪૭૫ બરાબર મલી રહે. ત્યારે કહાડો બાહરોટનાં ૧૨ વર્ષ કેમકે, એક કહેતી પ્રમાણે, કેટલાકોનું એવું માનવું હતું કે અલફખાંનનું લશ્કર સંજાણ ઉપર ચઢાઇ લેઇ ગયું ત્યારે હારશું એમ નિશ્ચય સમજીને લડાઇ થવા આગમજ ઇરાંનશાહને વાંસદાનાં જંગલમાં મોકલાવી દીધા હતા, જ્યાં ચૌદજ વર્ષ રહ્યા હતા, અને ત્યાંથી નવસારી પધાર્યા હતા, અને એટલે એ રીતે અહેસાબ મેલવ્યો હતો. હવે એથી ઉલટું, ૭૭૭ થી શરૂ કરી આગલ નહી ચાલ્યે, પણ ૧૪૭૫ થી પાછલ ચલાવ્યે અને "કીસ્સે સંજાણ" નેજ

વલગી રેહીએ તો ૭૭૭ કે ૭૭૨ માં તો કોઇ પણુ આંકડો મલે નહી, પણુ આ ૫૦ જો લેઇએ અને ૧૨ ખી ગણુવામાં લેઈએ તો ૭૭૭ આવે ખરા.

૧૪૭૫-(૧૪+૨૦૦+૩૦૦+૧૯+૧૫+૧૦૦+૫૦)=૭૭૭, પણુ દંતકથા પ્રમાણે તો સંવત ૭૭૭ તો આતશબેહરાંમ સાહેબને પરઠવાનું વર્ષ છે ત્યારે તેનું કેમ? તેનું એજ કે, ૭૭૭=૭૨૧ લાવવાના હતા અને તે તો લાવી આપ્યા. હવે ૭૭૭ આતશબેહરામ સાહેબ પરઠવાનો સને લેઇએ તો તેમાં એક બે અકલનુસાર અનુમાન નિકલે છે કે, ઇ. સ. ૭૨૧ ની ૧૩૪ વર્ષ આગલ, એટલે કે ઇ૦ સ૦ ૫૮૭ માં જ્યારે સાસાન્યત સલતનત ભાંગી પડવાની કાંઇ પણ નીશાની નહતી, અને જે પછી તો ખુસ્રો પર્વીજનું લાંબું અને ફતેહમંદ રાજ્ય શરૂ થયું હતું, ત્યારથી આપણા દસ્તુર બેહદીનો કોહીસ્તાંનમાં ભરાઈ બેઠા હતા, એટલે પછી ઇ૦ સ૦ ૭૨૧=૭૭૭ સંવત નો આંકડો તો ખરો, પણ બનાવ કોઇ બીજોજ હોવો જોઇએ. તે બનાવ કયો લેવો? સંજાણુમાં તો તે વર્ષમાં ઉતારી શકાય નહી, એટલે કે તે વર્ષથી દસ્તુરબેહેદીનોની ઇરાંનથી કુચ શરૂ કરવા સીવાય બીજો કાંઇ છુટક નહી. તેજ પ્રમાણે તો સંવત ૧૪૭૨ વાળો આંકડો લેઇ તેવણે જણાવ્યું કે, એ સંવત ૭૭૨ ની સંજાણુ ઉતરવાની કહેવાતી તારીખના આંકડામાં ૭૦૦ વધારવાથી બન્યો છે, કેમકે "કીસ્સે સંજાણુ"માંનાં એક બેતમાં કહેલું છે કે, સંજાણુ ઉતર્યા પછી ૭૦૦ વર્ષ ગુજર્યાં. એ બેતનાં અર્થ વિષે જે મતભેદ ઉભો થયો છે તે ઉપર વિવેચન કરી, તે વિષે આંકટીલ-દુ-પેરોંનું મત ટાંકી, પોતા તરફની નવીજ સમજ આપી હતી. હવે તેવણે જણાવ્યું કે, આપણે સંવત ૧૪૭૫ વાલા બીજા નવા આંકડા ઉપર આવ્યે. તેની ઉત્પત્તિની એક તરકીબ બતાવી છે તે સીવાય બીજી રીતેબી તે બની શકે છે. તે વલી જુદેજ અહેસાબે દેખાડી, અને તે માટે "કીસ્સે સંજાણુ"ની એક બેતનાં નવાં વાંચણનો ઉપયોગ કરી, તેને અથોર્નાન વંશાવલીની પહેડીઓની ગણત્રીથી ટેકો આપી આ રીતે દેખાડી:—૬૫૧+૫૦+૧૦૦+૧૫+૧૯+૩૦૦+૨૦૦+૭૦+૧૪=૧૪૧૯ ઇ૦ સ૦=૧૪૭૫ સંવત.

પોતાના વિષયની સેવટે તેવણે શ્રોતાજનોને અર્જ કરી કે એમનાં સીદ્ધાંતનો ખોટો અર્થ ઉઠાડવો નહી-તેવણનું કહેવું એવું નહી હતું કે આ ગણત્રી કરનારાઓએ કોઇને છેતરવાનો કે આડે રસ્તે ઉતારવાનો કંઇપણ ખયાલ રાખ્યો હતો. તેઓ ઉપર એવું કોઇપણ આલ મુકવાનો એક જાંહુબો વિચાર વટીક તેમને સ્વપ્ને પણ આવ્યો ન હતો એમ તેવણે ભારે લાગણી તથા જુસ્સા સાથે જણાવ્યું. જેઓએ એ હીસાબો કીધા હતા તેઓ આપણા જેવાજ ઉલટમંદ અને સત્ય શોધક પ્રમાણીક અભ્યાસીઓ હતા, અને જેમ કુડીબંધ આરબ અને યૂરોપ્યન વિદ્વાનો, કયાન્યન, અશ્કાન્યન, હખામન્યાન અને સાસાન્યન વંશના પાદશાહોની સંખ્યા તેમની હકુમતનાં વર્ષ, તેમને તખ્તે બેસ-

વાના કે ગુજરવાનાં સાલ ને તારીખો વિષે તરેહવાર અટકલો ચલાવી, તરેહવાર મતમતાંતર, પસંદ કે નાપસંદ કરી જુદી જુદી યોજનાઓ રચી ગયા છે, અને જેમ આજે પણ આપણા પોતાના ઓલમાઓ, વિદ્વાનો અને કાબેલ દાહ્યા નરો કરે છે તેમ તેઓએ પણ પોતાના જ્ઞાન, બુદ્ધિ, દાનેશવરી, દુરંદેશી અને દહાપણથી, કયું બનવા યોગ્ય અને અશકય તેની પોતાની સમજ અને તર્કશક્તિ અનુસાર પોતાને મનપસંદ યોજનાઓ રચી હતી, અને તેઓના શાગેર્દો કે વખાણનારાઓ જ્યાંથી મલ્યા ત્યાંથી હાથ કરી પોતાની નોંધ પોથીઓમાં અંહી તંહી ટપકાવી ગયા હતા. અલબતે, પાછલા વખતમાં બુદ્ધિ કશીને કીધેલી એવી ગણત્રીઓ આજે આપણને કાંઇ કાંમની નથી અને તે ઉપર એતેકાદ તથા એતબાર રાખવાનું તર્ક કરવું જોઇએ. પણ તેથી કાંઇ તે ગણત્રી કરનારાઓની ઇમાનદારી, સાચવત, સુઢ્ઢાપણા કે નેક નયત ઉપર સખુન કે શંકા લેઇ જવાની કાઇપણ જરૂર નથી અને તેમ કરવાનો કશોબી એરાદો સ્વપ્ને વટીક કોઇએ રાખ્યો નથી.

સેવટે સર્નશીન સાહેબે, મંડલી તરફથી પ્રોફેસર હોડીવાલાનાં આ કીમતી કાબેલ્યતથી ભરપુર અને દાખલા-દલીલો સાથનાં વિદ્વતાભર્યા રેસાલા માટે ભારે એહસાન માનતાં જણાવ્યું કે, ગયે પખવાડીયે તેવણે વાંચેલા કીમતી રેસાલામાં મહમુદ બેગડાની ચઢાઇ ૧૪૬૫ માં થઇ હતી તે વિષે, જેટલું સાબેત થઇ શકે તેટલું લગભગ બધું સીધ્ધ કર્યું હતું. અને આજે તેવણે પાર્સીઓની ખરી તવારીખનો પાયો નાંખવા અગાઉ જગ્યા સાફ કરવાનું (Clearing the ground) જે ઘણુંજ અવશ્યનું કાંમ હતું તે ઘણીજ બાહોશી, વિદ્વતા, દાખલા-દલીલો સાથે છટાથી કરી બતાવ્યું છે. વર્ષ અને સનેઓની ગણત્રીમાં ભુલતો રહે અને ભુલ હશેજ, પણ રોજ-માહ-તારીખ-વાર વગેરેની જે બાબત છે તેમાં કાંઇ ફેર પડતો નથી. તારીખ તો ચોક્કસજ છે, પણ તે કોઇ બીજા બનાવની હોય.

પ્રોફેસર હોડીવાલાએ સેવટે જણાવ્યું કે, રોજ-માહ અને હિંદુ તારીખ તો શુદ્ધજ છે, પણ ૭૭૨ એ ઘણી જુની ભુલ છે-એ બાબતની ચોક્કસ તારીખ અને વર્ષ તેવણ થોડાજ વખતમાં સીદ્ધ કરવાની આશા રાખે છે.

બેઠક ૧૮ મી, તા૦ ૧૫મી નવેમ્બર ૧૯૧૩.

જુનાગઢની બાહુદ્દીન કૉલેજવાલા પ્રોફેસર શાહપુરશાહ હોરમજજી હોડીવાલાએ, "સંવત ૧૪૭૫ માં ઈરાંનશાહ આતશબેહરાંમ સાહેબને નવસારી લેઇ જવાના કેહવાતા સને વિષેની નવી હકીકત" ની બાબત રજુ કરતાં જણાવ્યું કે, સંજાણવાલા "ઈરાંનશાહ"ને નવસારીમાં કયા સાલમાં લેઇ આવવામાં આવ્યા હતા, તેના બે જુદા જુદા સને આપવામાં આવે છે. એક તો

ઇ. સ. ૧૪૧૬=સંવત ૧૪૭૨ છે, જે કેમ ઉપજાવી કહાડયો છે તે, તેવણે પોતાનાં ગઇ તા૦ ૨૫ મી નાં વિષયમાં જણાવ્યું હતું; પણ એ ઉપરાંત એક બીજો સને પણ ઠેથે ઠેથે મલે છે જે ઇ. સ. ૧૮૭૦ માં મર્હૂમ વિદ્વાંન બુઝેર્ગ શેઠ ખુર્શેદજી રૂસ્તમજી કામાએ "યજદગર્દિ તારીખ" નામનાં ચોપાન્યાંમાં આપ્યો હતો, ત્યારબાદ ઇ. સ. ૧૮૭૮ માં મર્હૂમ ખા. બા. શેઠ બમનજી બે. પટેલે પોતાનાં "પાર્સી પ્રકાશ" માં તે વિષે કાંઇક વધુ વીગત આપી હતી; જો કે તેમાં કેટલીક ન્હાની ભુલો હતી, જે તેવણે પાછલથી બતાવી હતી. એ સને આ પ્રમાણે છે:—"રોજ મારેસપંદ, માહા શેહેરેવર, બુધવાર, આષાઢ શુદ ૫, (વીક્રમ) સંવત ૧૪૭૫" (ઇ૦ સ૦ ૧૪૧૯). હવે આ સને મંજુર રાખવો મહાલ છે કેમકે તે નથી "કીસ્સેએ સંજાણ" સાથે મલતો કે નથી રેવાયતો સાથે, કે નથી તેને બીજા કોઇ ઠેકાંણેથી કે આસપાસનાં સંજોગોનાં આપણાં જ્ઞાનથી ટેકો મલતો. "કીસ્સએ સંજાણ"માં કહેલું છે કે, મહમુદ બેગડાએ સંજાણની ખાનાખરાબી કીધી, પછી ૨૬ વર્ષે "ઇરાંનશાહ"ની નવસારીમાં તશ્રીફ થઇ હતી. હવે મહમુદ ઇ૦ સ૦ ૧૪૫૯ માં ૧૩ કે ૧૪ વર્ષની ઉમરે ગાદીએ બેઠો હતો; એટલે સંજાણ જો તેણે પોતાની હકુમતના પેહલા વર્ષમાં પણ સર કર્યું હોય તો એ "કીસ્સા" મુજેબ આતશબહેરાંમ સાહેબ ઇ૦ સ૦ ૧૪૮૫ અગાઉ નવસારીમાં પઢરાવી શકાયજ નહી, એટલે ઇ૦ સ૦ ૧૪૧૯ નો સને કેમે કરી આવી શકેજ નહીં અને તે શુદ્ધ હોયજ નહી. વલી સંજાણ અને નવસારીના મોબદો વચ્ચે સમજુતી કરીને તેઓના અરસપરસના લાભો સચવાય એવી ગોઠવણ કરવામાં જે દીનચાશીદાર બેહદીન સાહેબે આગેવાની લીધી હતી તેનું નામ કીસ્સા પ્રમાણે ચાંગા આશા કરી હતું. હવે આ ચાંગા આશાને એવીજ સર્વોપરી અને આગેવાનીની જગ્યા રેવાયતોમાં ઇ૦ સ૦ ૧૪૭૮, ૧૪૮૬, અને ૧૫૧૧ માં આપવામાં આવી છે, એટલે ઈ૦ સ૦ ૧૫૧૧ માં ચાંગા આશા જો સો વર્ષનીબી પુખ્ત ઉમરે પોંહચ્યા હોય તો, આતશબેહરાંમ સાહેબને નવસારી લાવવાના આ કહેવાતા સને ૧૪૧૯ માં તેવણ આંઠ વર્ષનાજ હોઇ શકે, અને જો તેવણ સો વર્ષ પુરાં કર્યાં ન હોય અને નેવું કે તેથી ઓછી ઉમરના ઇ૦ સ૦ ૧૫૧૧ માં હોય તો, પછી ઇ૦ સ૦ ૧૫૧૯ માં તો તેમનો જન્મ પણ ન હોય, એટલે "ઇરાંનશાહ" ને નવસારી પઢરાવવાની કામગીરીમાં આગેવાની લેજ કયાંથી? હવે આ પ્રમાણે આ નોંધનો એક ભાગ સદંતર ખોટો સાબેત થાય છે. (કેમકે રેવાયતના સનેઓ ઉપર કાંઇ પણ સોખન લેઈ જવાય તેમ છેજ નહી.) ત્યારે એ નોંધનો બીજો ભાગ તદન સાચોજ પુરવાર થઇ શકે છે, એટલે એમાં કહ્યું છે કે, "રોજ માહરેસ્પંદ, માહ શેહરેવરને દિને બુધવાર, આષાઢ શુદ ૫, સંવત ૧૪૭૫" હતો, તે ગમે તેવી બારીક ગણુત્રી કરતાં અચુક જણાય છે. અને તેમાં લેશ માત્રબી ભુલ નથી. વલી એમ પણ આપણે કહી શકતા નથી કે, પાછલા

જમાનામાં કોઇએ ઉંધી ગણત્રી કરીને પાર્સી રોજ-માહને હિંદુ તિથિ સાથે અમસ્થું પાટયું ગોઠવ્યું છે, અને જોકે એવી ગણત્રીનું ચોકઠું બેસાડવાનું કામ હાલ કાંઇ ઘણું બીકટ નથી, કેમકે, આપણી પાસે તો યુરોપનાં કાબેલોએ મુતફરક તાયફાઓના સનેઓનો બારીક મુકાબલો કરીને અને મુલકે મુલકનાં નજુમીઓની શોધોનો ઉપયોગ કરીને તરેહવાર પંચાંગો અને કોઠાઓ, એહસાબો અને એક સનેને બીજા કોઇમાં પણ તબદીલ કરવાની તરેહવાર તરકીબો બતાવી આપી છે, પણ એ સઘલું જ્ઞાન અને એ સર્વે સાંધણો આગલા જમાનામાં કોઇપણ પાર્સી પાસે હોય એમ ધારી શકવું ઘણુંજ મુશ્કેલ છે. હવે એક ભાગ ખરો અને બીજો ભાગ ખોટો, એટલે એ મુશ્કેલીનો રસ્તો શું અને કેમ કહાડવો? રસ્તો માત્ર એજ કે, રોજ મારેસ્પંદ, માહ શેહરેવર, બુધવાર, આષાઢ શુદ પાંચમ સંવત ૧૪૭૫ માં કોઇ યાદગાર અથવા જાણવા યોગ્ય બનાવ બન્યો હતો ખરો અને તેથીજ તેની નોંધ પણ રાખવામાં આવી હતી, પણ તે બનાવ "ઇરાંનશાહ" આતશબહેરાંમ સાહેબને નવસારી લેઇ જવાનો હતો નહી, પણ કોઇ જુદોજ હતો. હવે ત્યારે એ બનાવ શું હતો? તેની જુસ્તેજુઇ કરવામાં તેવણ રોકાયા હતા, તેમાં તેમને જે પત્તો અથવા મુદ્દો મલ્યો છે તે ઉપર પણ એક નવુંજ અજવાલું ફેંકયું.

બા૦ બ૦ બહમનજી પટેલે પાર્સી પ્રકાશમાં જણાવ્યું હતું કે એ નોંધ તેઓએ શેઠ રૂ. જ. બામબોટવાલા પાસેની યશ્તો અને નીરંગોની સંવત ૧૮૫૬ (ઇ૦ સ૦ ૧૮૦૦) માં ફરેદુન ફરામરજ સંજાણાએ લખેલી એક કેતાબમાંથી લીધી હતી. પ્રોફેસર હોડીવાલાએ એ કેતાબ પહેલાં તો બાઇ ડોસીબાઇ રૂ. ચોકસી પાસેથી મેલવી, અને પછી એવીજ કેતાબ જે હોર્મજદયાર ફરાંમર્જ સંજાણાએ સંવત ૧૭૧૪ (ઇ૦ સ૦ ૧૬૫૮) માં લખી હતી, અને જેની ઉપરથી ફરેદુને નકલ કીધી હતી, તે એર્વદ માનેકજી રૂ૦ ઉનવાલા પાસેથી ખોલી કાઢી મેલવી હતી. હવે સંવત ૧૭૧૮ વાલી જુની કેતાબમાં નીચે પ્રમાણે એ નોંધ લખેલી મલે છે :—

"શ્રી આતશબિહિરામ નુશારીમાં પધારેઆ તેનું વરસ તથા રોજ મહીનું લખેઉં છે." [લાલ સાહીનું મથાલું]

"સંવત ૧૪૭૫ વરખે માહ શેહરેવર રોજ મારેસપંદ આખાઢ શુદ
"૫ બુધે શ્રી આતશબિહિરામ ઘહંમબારમાંહો થાનક પધારેઆ. સંજાણથી
"વાંસદી આવેઆ પછી તાંહાંથી બેહેદીન અનજમન મળી નુશારી લઇ
"આવેઆ એ લખેઉં તે પોથું ઇજશનીનું દસતુર હમજીઆર રામ સંજા-
"ણાનું કદીમ જુનુ પોથું હતું તે જોઇ લખેઉં છે." [કાલી સાહીનું લખાણ]

હવે આ મથાલું લાલ સાહીમાં છે અને નોંધ તો કાલી સહીમાં છે. એ લાલ સાહીનું મથાલું હોરમજદયાર ફરાંમરોજે પોતા તરફથી કીધેલું લાગે

છે, અને દસ્તુર હુમઝીઆર રામના અસલ પોથાંમાંથી તે લીધું હોય એમ લાગતું નથી; અને લીધું છે એમ ત્યારેજ સાબેત થાય કે, જ્યારે દસ્તુર હુમઝીઆર રામની યજશ્નેનું જુનું પોથું હાથ લાગે. એ મથાલાંને લીધેજ એવો ખયાલ બેસી ગયો છે કે એ સને "ઇરાંનશાહ"ને નવસારી લેઇ જવાનો છે, જે આપણે જોયું છે કે ઇતિહાસીક પુરાવાઓથી ખોટો પડે છે. હુવે જો આપણે કબૂલ કર્યે કે, સંવત ૧૪૭૫=(ઇ૦ સ૦ ૧૪૧૯) માં ગમે તે થયું હોય, પણ આતશબેહરાંમ સાહેબને નવસારીમાં તો લાવવામાં આવ્યા હતાજ નહી, અને તેમ છતાં એમ પણ કબુલ કર્યે કે રોજ, માહ અને હિંદુ તિથિ અને વાર આબાદ મલી રહે છે, એટલે એ દિવસે કોઇ યાદગાર બનાવ બનેલો હોવોજ જોઇએ, તો પછી આ નોંધનો (કાલી સાહીમાંના ભાગનો) એકજ અર્થ થઇ શકે છે અને તે એટલોજ કે, એ દિવસે આતશબેહરાંમ થાનક, એટલે થાણાં નામના કસબામાં લેઇ જવામાં આવ્યા, અને રોજ મારેસ્પંદ, માહ શેહરેવર-પઇતિશહેમ ગાહામ્બારનાં પાંચ દહાડામાં પડે છે તેથી લખ્યું છે કે, "શ્રી આતશબેહરાંમ ઘમબારમાં થાનક પધારેઆ." ઉપર કહ્યું છે એ સિવાય બીજો અર્થ થઇ શકતો નથી, કેમકે જો થાનકને સામાન્ય નામ તરીકે લેઇએ અને થાનક પધાર્યા એટલે નવસારીમાં તખ્તનશીન કીધા એમ સમજ્યે તો એમ ઠરે કે, રોજ મારેસ્પંદ માહ શેહરેવર સંવત ૧૪૭૫ ને દીને નવસારીમાં આતશબેહરાંમ સાહેબને લાવવામાં આવ્યા હતા, પણ આપણે તો કબૂલ કર્યે છે કે, તેમ તો બન્યુંજ નથી. અને "કીસ્સએ સંજાણ" સાથે કે રેવાયત સાથે બંધબેસ્તું નથી, ત્યારે રસ્તો એટલોજ રહ્યો કે, થાનક સામાન્ય નામ નથી પણ વિશેષ નામ છે અને તે કોઇ ગાંમ કે કસબાનું નામ છે. અને થાણાનું નામ જુના સંસ્કૃત લેખોમાં "स्थानक" તરીકે આવે છે, એટલે આ "થાનક" તે હાલનું થાણા જ ઠરે છે. હુવે જો એ નોંધનો એજ ખરો અર્થ હોય તો પછી એની ઉપરથી શું અનુમાનો નિકલે છે? એ ઉપરથી ત્રણ ખાતેરીપૂર્વક અનુમાનો થઇ શકે છે જે ચોક્કસ કહેવાઇ શકાય અને જે ઘણાંજ અગત્યનાં છે. પેહલું તો એ કે, આતશબેહરાંમ સાહેબને ઇ. સ. ૧૪૧૯ (સંવત ૧૪૭૫) માં સંજાણથીજ થાણે લેઇ જવામાં આવ્યા હોય તો પછી એમજ ઠરે કે, સંજાણનાં પાર્સી સંસ્થાનને અલાઉદ્દીન ખીલજીના અલફખાને ઇ. સ. ૧૨૯૭-૧૩૧૫ ની વચ્ચે પાયામાલ કરવાની અને તેના સઘલા રેહવાસીઓને મારી કાપી જંગલોમાં નહસાડી મુકવાની વાત બીલકુલ નાપાયદાર છે. એટલુંજ નહી પણ જે પણ બીજી બધી તર્કો અને અટકલો જે એ બનાવને ઇ. સ. ૧૪૧૯ ની અગાઉ મુકતી હોય તે પણ આપોઆપ જમીનદોસ્ત થઇ જાય છે. બીજું નક્કી અનુમાન એ છે કે, કીસ્સએ સંજાણમાં કહેલું છે કે, મહમુદ બેગડાએ સંજાણ માર્યા પછી આતશબેહરાંમને નવસારીમાં લાવવામાં આવ્યા હતા તે વાતને ત્યાં મજબુત ટેકો મલે છે, કેમકે

અસલ નોંધ, આપણે જોયું છે તેમ, દસ્તુર હુમજ્યાર રામ સંજાણાને હાથની છે, જે દસ્તુર ઇ. સ. ૧૫૧૬ માં હૈયાત હતા એમ જાસા (?) ની રેવાયત ઉપરથી સાબેત થાય છે, એટલે કે મહમુદ બેગડો ૬૫ વર્ષની ઉમરે ઇ. સ. ૧૫૧૧ માં ગુજર્યો તે પછી ફકટ પાંચમાં કે છઠ્ઠા વર્ષમાં દસ્તુર હુમજ્યાર હૈયાત હતા અને તેથી તેમની ગવાહી ઉત્તમ પ્રકારની છે, કેમકે તેઓ તે વખ્તે સંજાણાઓમાં વડીલ તરીકે ગણાયા છે. એટલે પોતે પણ ૬૦) નહી તો ૫૦) વર્ષના તો હોવાજ જોઇએ અને તેથી તેમને મહમુદનાજ જમાનાનાં આસામી તરીકે લેખવા જોઇએ. ત્રીજું નક્કી અનુમાન એ છે કે ઇ. સ. ૧૪૧૯=(સંવત ૧૪૭૫) નો સને ઇરાનશાહને નવસારીમાં લેઇ આવવાનો નથી પણ તેમને કોઇ નહી જણાવેલા સબબોસર થાણે લેઇ જવાનો છે.

એ સબબો શું હતા તે એ નોંધમાં જણાવ્યું નથી તે આપણી કમનસીબી છે, તો આ બે હસ્તલેખોમાં આ જુની નોંધ તેનાં અસલ આકારમાં હવે પ્રગટ થઇ છે, અને આજ સુદતો થયાં કરવામાં આવતો તેનો ખોટો અર્થ ખોટા પાડીને તેની ખરી મતલબ હવે સમજવામાં આવી છે તે આપણી ખુશનસીબી ગણાવી જોઇએ. હવે એ નોંધ મુંગી છે તો આપણી અકલ અને તર્કશક્તિ અને ઇતિહાસિક જ્ઞાન કાંઇ બોલે છે કે નહી તે તપાસ્યે. અલબતે, આપણે યાદ રાખવું જોઇએ કે એ આખેરે અટકળજ કહેવાઇ શકે અને તે ખોટી પણ હોય તેમ ખરી પણ હોય, અને તવારીખનવેશો વારંવાર એવી તર્કો અને અટકલોનો ઉપયોગ કરે છે અને ઘણીવાર પાછલી શોધોથી તેવી અટકલો ખરી પણ પડી છે તેના દાખલા મોજુદ છે. તોપણ એ સઘલું અટકલ સિવાય વધુ નહી હોવાની ખુલ્લે ખુલ્લી અને ભાર મુકીને ચેતવણી આપીને, અને પોતે તેમાં સબલ કારણોસર સુધારો કરવા કે તેને બીલકુલ રદ કરવા હમેશે તૈયાર રહેશે એમ કહીને, તેવણે જણાવ્યું કે, લડાઈ, ફેસાદ, મરાઠાઓના હુમલા, પીંડારાઓની ઢાડ યાને મુલકની અસ્થીર હાલતમાં ઘણીવાર આતશબેહરાંમ સાહેબને કોઇ સલાંમત જગ્યાએ લેઈ જઇ રાખવામાં આવતા હતા, એ વિષેનાં ત્રણ પુરાવાઓ વલસાડવાલા મોબેદ રતનજી હોશંગની, નવસારીની વડી દરેમેહરની ફેહરેસ્તમાંથી અને દસ્તુર એરચજી સોહરાબજી મહેરજીરાંણાની નોંધમાંથી ટાંકી બતાંવ્યા હતા અને તે ઉપરથી સાબેત કરવા માંગ્યું કે, ઇ૦ સ૦ ૧૭૩૩, ૧૭૭૬ અને ૧૮૦૩, જે બધાં વર્ષો લડાઇ અને મરાઠા લશ્કરગીરડીનાં હતાં, તેમાં નવસારીના કેબલાને સુરત લેઇ જઇ રાખવામાં આવ્યા હતા અને દેશમાં સમાધાંન થયા પછીજ પાછા લાવવામાં આવ્યા હતા. હવે ત્યારે સાબેત કરવાનું જે રહ્યું તે એ કે ઇ૦ સ૦ ૧૪૧૯ માં ઉત્તર કોકંણ, જેમાં સંજાણ આવેલું છે, ત્યાં એવી લડાઇ, ફેસાદ અને બલવાનો હીંગામ હતો કે નહી એ વિષે આપણને ગુજરાતી અને બહાંમની વંશનાં તવારીખનવેશોમાંથી કાંઇ જવાબ

મલતો નથી, પણ એક બીજે ઠેકાણેથી કાંઈક અજવાળું પડે છે, જોકે તે ઘણું તેજ, કે ઘણું ચોખ્ખું, કે ઘણું ભરોસેદાર તો નથીજ, પણ જે છે તે આપણે તપાસી જોઈએ. હવે મુંબઈ અને કોંકણમાં વસ્તી પ્રભુઓ, પાંચકળશરીઓ તેમની કોલી, ભંડારીની જાતોમાં એવી મજબુત દંતકથા ચાલે છે કે, ઇ૦ સ૦ ૧૩૦૦ ને આશરે ભીમદેવ અથવા બીબ રાજા નામના એક હાકેમે માહીમનાં ટાપુ અને ઉત્તર કોકંણમાં પોતાની સત્તા બેસાડી હતી અને તેની પછી તેનો દીકરો પ્રતાપ બીબ ગાદી ઉપર આવ્યો હતો જેને ચેઉલના સરદાર નગર દેવે ઈ૦ સ૦ ૧૩૩૧ માં હરાવીને તેનું રાજ્ય લઈ લીધું હતું, અને ત્યાર પછી ઇ૦ સ૦ ૧૩૪૮ માં નગર દેવનો પોતાનો મુસલમાનોનાં હાથે પરાજય થયો હતો અને તે માર્યો ગયો હતો. ઇ૦ સ૦ ૧૩૪૮ અને ઇ૦ સ૦ ૧૪૨૯ માં, જ્યારે ગુજરાતનાં સુલતાન અહમદશાહે ઉત્તર કોકણના તમામ મુલક ઉપર પોતાની આણ ચલાવી અને તે જીલ્લાને પોતાની સલતનતના એક જાથુકના ભાગ તરીકે બનાવ્યો, ત્યાંસુધી એ વીસ્તારમાં બહુજ અંધેર ચાલ્યું હતું અને બારભાયાના રાજ્ય જેવું હતું; એટલે કે ભંડારી, કોલી અને બીજી ન્યાતનાં હિંદુ સરદારો જ્યાં બને ત્યાં અને જ્યારે અને ત્યારે પોતાની સત્તા બેસાડતા હતા અને તાલ પડે તો પોતે સ્વતંત્ર હોવાનો દાવો કરતા હતા, અને વલી જરૂર પડે તો ગુજરાતના કે કોઇ બીજા હાકેમની સર્વોપરી પણ કબુલ રાખતા હતા. એવાં બારભાયાનાં રાજ્યમાં ઈ૦ સ૦ ૧૪૨૯ ની અગાઉના આંઠ કે તેથી થોડાક વધારે વર્ષ અગાઉ ભીમરાજાના ભંડારી સરદારોમાંનો એક ટોલો, કે જે ભોગલેનાં નાંમથી ઓળખાતો હતો, તેઓએ ગુજરાતના સુલતાન સામે બંડ ઉઠાવ્યું હતું, અને માહીમનાં ટાપુ અને ઉત્તર કોંકણનો મુલક સર કીધો હતો. આ ગેરવ્યવસ્થા અને અઠડામણનો વખ્ત ત્યારેજ ખતમ થયો હતો કે જ્યારે ઇ૦ સ૦ ૧૪૨૯ માં અહમદશાહે બાંહમનીઓની ફોજને માહીમ અને થાણાં આગલ જબરી શેકસ્તો આપીને તેઓને એ મોલ્ક ઉપરથી છેવટનો હાથ ઉઠાવવાની ફર્જ પાડી હતી. આ તો લોકવાકયા થઇ, પણ હવે હ્યાં એક બીજો ગુંચવાડો ઉભો થાય છે, કેમકે એ દંતકથાને ટેકો આપવાસારૂ એક ઠેકાણે ત્રણ ફાસીં દસ્તાવેજો ટાંકવામાં આવ્યા છે. આ દસ્તાવેજો પેહલાં ઇ૦ સ૦ ૧૮૮૪ માં મુંબાઇનાં સુકલયજુરવેદી બ્રાહ્મણોની એક મરાઠીમાં લખેલા ઇતિહાસમાં પ્રગટ થયા હતા. ત્યાર પછી ઇ૦ સ૦ ૧૯૦૧ માં મી૦ એસ. એમ. ઍડવર્ડસે પોતાના "Rise of Bombay" નામનાં પુસ્તકમાં તેનો કાંઇક ભાવાર્થ આપ્યો હતો, પણ પાછલથી એ કાબેલ ગ્રંથકારની મહુંમ મી૦ જૅકસનની ઉસ્તાદી સલાહ અને તેવણે બતાવેલાં કારણોને લીધે ખાત્રી થઇ હતી કે એ કાગલો બીનભરોસેદાર અને પાછલા વખતની બનાવતનાં છે. અને ઇ૦ સ૦ ૧૯૦૯ માં છપાયલા પોતાનાં "ગેજેટયર ઑફ બૉમ્બે સીટી" નામના ઘણાજ રસીલાં અને કીમતી ગ્રંથમાં એક નોટ મારી હતી અને તે

ઉપર હવે તેઓ એતબાર રાખતા નથી એ બાબત મી૦ હોડીવાલા ઉપરના તુરતનાં તેવણે લખેલાં પત્ર, જે તેવણે મંડલી સમક્ષ વાંચી બતાવ્યું હતું, તે ઉપરથી ખોલ્લું જાહેર કીધું હતું; પણ ત્યાર પછી ૩ વર્ષે મી૦ કર્કર્યાએ એજ કાગલોને પાર્સી તવારીખ અને સંજાણની ખાનાંખરાબીનાં સવાલ ઉપર ઘણુંજ કીમતી અને ભરોસેદાર અજવાલું નાખનારાં તરીકે જણાવ્યાં હતાં, (જુઓ ટાઇમ્સ ઑફ ઇન્ડયા ૧૯૧૧-૧૨). અને વળી તે પછી ૫-૬ મહિને ફરીથી એક જાહેર ભાષણમાં ભાર મુકીને તેમને પોતાની એક અટકલનો પાયો બનાવ્યાં હતાં. હવે એ દસ્તાવેજો શાકે ૧૨૨૧, હીજરી ૮૧૭ (૮૧૯ ભુલ છે) અને હીજરી ૯૦૧, એટલે ઇ૦ સ૦ ૧૨૯૯, ૧૪૧૪, (૧૪૧૬ ભુલ છે) અને ૧૪૯૬ નાં કહેવાય છે, અને તે ખોટા હોવાનાં કારણો નીચે મુજબ છેઃ—

પેહલા દસ્તાવેજની તારીખ નીચે પ્રમાણે અસલમાંજ આપી છેઃ ૨૮ ઝીલ હુજળ ફશલી સને ૭૦૮, શક ૧૨૨૧. હવે ઇ૦ સ૦ ૧૨૯૯ માં જ્યારે મુસલમાંનોનો ઉત્તર કોંકણમાં ઘણું ઘણું તો તુરતનોજ પગપેસારો થયો હતો, બલકે ઘણુંખરૂં તેટલું પણ નહી હતું, ત્યારે હિંદુઓના એક દસ્તાવેજ માટે મુસલમાન મહિના અને દખણનું મુસલમાંન ફસલી વર્ષ, જે પણ પાછલા વખતમાંજ દાખેલ થયું હતું, તે ઉત્તર કોકંણમાં ચાલુ વપડાશમાં કેમ હોઇ શકે? વળી એમાં કહેલું છે કે, બીબ રાજાએ સરદેસાઇગરોનું વતન ચગુનાબાઇ પાસે ૨૪૦૦૦ રયાલે વેચાતું લીધું. હવે રીઆલ જે એક યુરોપ્યન સીક્કા છે તે ઇ૦ સ૦ ૧૨૯૯ માં લેવડ-દેવડ અને આપ-લેનાં વ્યવહારમાં સાધારણ ઉપયોગમાં હોય તે બીલકુલ માનવા યોગ્ય નથી. હવે બીજા દસ્તાવેજની તારીખ લખી છે કે ૮૧૭ હીજરી (૮૧૯ લખ્યું છે તે તર્જુમો કરનારની નજરચુક છે) ઇ૦ સ૦ ૧૪૧૪ અને સુલતાંન અલાઉદ્દીન ગાજી બહામનીના રાજ્યના પેહલાં વર્ષમાં; પણ ફરેસ્તે વગેરે તવારીખનવેશો ઉપરથી સાફ માલૂમ પડે છે કે સુલતાંન અલાઉદ્દીન બાહમની પેહલો ઇ૦ સ૦ ૧૩૪૭ મા ગાદીએ બેઠો અને અલાઉદ્દીન બાહમની ગાજી બીજો છેક ઈ૦ સ૦ ૧૪૩૫ (૮૩૮ હીજરી) માં ગાદી ઉપર આવ્યો હતો. એટલે એમાં પણ ગાબડું નીકલ્યું. હવે ૧૪૯૬ ઇ૦ સ૦ ના ૩ જા દસ્તાવેજોમાં વલી પાછા પેલી ૨૪૦૦૦ રીઆલવાલી ફરમાસુ કહાંણી લખી છે અને વળી એમાં બીજું એમ જણાવ્યું છે કે, દેવગીરનો યાદવ રાજા રામદેવ અને તેનો દીકરો બીબ અલાઉદ્દીન પાદશાહને શક ૧૨૦૮, ઇ૦ સ૦ ૧૨૮૬ માં મલવા ગયા હતા. હવે ખરેખર તો અલાઉદ્દીન ૧૨૯૫ ઇ૦ સ૦ માં ગાદિએ બેઠો હતો, એટલે એબી ખોટું. વલી એમાં લખ્યું છે કે, શક ૧૨૦૯=(ઇ. સ. ૧૨૮૭) માં અલાઉદ્દીને દેવગીર જીત્યું હતું, અને શકે ૧૨૧૦=(ઇ૦ સ૦ ૧૨૮૮) માં રામદેવને મારી નાંખ્યો હતો. ખરેખર તો રામદેવ, ફરેસ્તે વગેરેના કહેવા પ્રમાણે, ઇ૦ સ૦ ૧૩૦૭ સુધી જીવતો હતો, એટલે એ ગાડું પણ ગબડી શકે તેવું નથીજ. હવે આ દસ્તાવેજને

ખોટા પુરવાર કરવાની જરૂર એટલીજ છે. ગયે વર્ષેજ નહી (ટાઇમ્સ ઓફ ઇન્ડયા ૧૯૧૧-૧૨) પણ આ વર્ષમાં છ સાત મહિના ઉપરજ (જુઓ જામે-જમશેદ ૨૪-૨૬ એપ્રીલ ૧૯૧૩) તેઓ સંજાણના સવાલ ઉપર ઘણુંજ કીંમતી અજવાળું નાખે છે એમ મિ૦ કર્કર્યાએ જણાવ્યું છે અને તે પણ જોકે આજ ચાર વર્ષ ઉપર મી. એડવર્ડસે બાપોકાર જાહેર કર્યું હતું કે હવે તેઓ તેમને ખોટા માને છે. તેથી જેવી જાહેર રીતે તેમની સીફારેશ મીં૦ કર્કર્યાએ કીધી છે, તેવીજ જાહેર રીતે તે વિષે ચેતવણીનું રણશીંગડું ફુંકવાની દરેક પાસીં અભ્યાસીની અઇન ફર્જ છે. એ પછી મીં૦ એડ્વર્ડસે પોતે ગયે શનીવારે પ્રોફેસર હોડીવાલા ઉપર એ દસ્તાવેજો બનાવતી હોવા વિષેનો લખેલો કાગલ તેઓએ સદાબરો વાંચી સંભલાવ્યો હતો, અને એ નાખુશ બાબત ખતમ કરતાં એવી ઉમેદ દર્શાવી હતી કે, હવે પછી પાસીં તવારીખનાં સંબંધમાં એ કાગલ્યાંઓનું નામ દેવામાં આવશે નહી. હવે એ કાગલ્યાં છોડી, આપણે દંતકથા ઉપરજ આવ્યે. મીં૦ ઍદવર્ડસ તેમજ મહુંમ મીં૦ જૅકસને એ બાબતની બારીક નુકતેચીન અને ચુનોચેરા ખરી રીતે કરીને સેવરનો વિચાર આપ્યો છે કે, એમાં એટલું તો સાચ્ચું છે કે, ભીમ અથવા બીબ નામના રાજાએ ઇ૦ સ૦ ૧૩૦૦ ને આશરે ઉત્તર કોંકણમાં પોતાની સત્તા બેસાડી હતી, અને ત્યારપછી ગુજરાતના સુલતાંનોએ ઇ૦ સ૦ ૧૪૨૯ માં પોતાની સત્તા કાયમની ચાલુ થઇ તેની આંઠ કે સેહજ વધારે વર્ષ અગાઉ ભીમ રાજાના ભંડારી જાતનાં ભોંગલે નામના સરદારોએ, અહમદશાહ જે ઇ૦ સ૦ ૧૪૧૧ માં ગાદીએ આવ્યો હતો, તેની સાંમે માથું ઉંચકયું હતું અને એ મુલક પોતાને કબજે કીધો હતો. એ દરમયાંન ઘણીક મારફાડ અને બેદાદી ફેલાઇ હતી. હવે એ ભોંગલેના બલવાના વખતમાંજ આતશબેહરાંમ સાહેબને સંજાણથી થાણે લેઇ જવાનો બનાવ બન્યો છે, કેમકે ઇ૦ સ૦ ૧૪૨૯ ની દશજ વર્ષ અગાઉ (ઇ૦ સ૦ ૧૪૧૯ માં) તે બન્યો હતો. ત્યારે બનવાજોગ છે કે, એ ફીસાદ-ફીટનાંના વખતમાંજ સંજાણના કોઇ ન્હાનાં જુલમગાર હાકેમની જબરદસ્તી અને જાસ્તીને લીધે, કે કોઇ પાડોશના મજબુત રાજ્યકર્ત્તાએ લાવેલી ચઢાઇને લીધે, "ઇરાંનશાહ"ના જરથોશ્તી પાસબાંનો પોતાના પાક નૂરી કેબલાને લેઇને થાણે નહાસી ગયા હતા; કારણ કે એટલું તો ચોકસજ છે કે સંજાણમાં કોઇ મ્હોટો કીલ્લો કે બચાવનાં સાંધણ હતાં નહી, જ્યારે થાણામાં તો તેજ વખતે મજબુત ગઢ હતો, અને તેનો દર્યા તેમજ જમીનને માર્ગે બચાવ થઇ શકે એમ હતું. આ અકલને એક નહી ધારેલે ઠેકાંણેથી નવાઇ જેવો ટેકો મલે છે. "કીસ્સે સંજાણ"માં એક બેત છે જે આ બનાવને માટે છે તે આજસુધી કોઇ સમજી શકયું નથી. એમાં બેહમન કએકોબાદ એમ લખે છે કે, પાસીંઓ સંજાણમાં ૩૦૦ વર્ષ રેહવા પછી, બીજાં ૨૦૦ વર્ષ સુધી વર્યાવ, નવસારી, ભરૂચ વગેરેમાં પંથરાઇ ગયા. "તે વખતમાં સંજાણ શેહેરમાં દશતુર

લોકોનાં કેટલાંએક ઘર રહેઆં હતાં, તેહોણની ઉપર એક કજાનો હોકમ પોંહુચેઓ તે હું નહી જાણુતો જે તે સઘલા દસ્તુરો કાંહાં ગીઆ" (હાદેસા નામું પા. ૧૧૮). એ પછી તે જણાવે છે કે, કેટલેક વર્ષે ગુજરાતનાં પાદશાહ મહમુદ બેગડાને સંજાણુના રાજાની ખબર થઇ. હવે આ કજાનો હોકમ તે શું બનવાજોગ છે કે મેહમુદની ચઢાઇની બે પેહડી અગાઉ (ખુજસતા અને ખુશમસતાનાં નામો તે આપે છે) એટલે કે આશરે ૧૪૨૦ ઇસ્વીમાં ઉતરેલો આ કજાનો હોકમ તે તેજ મામલો છે, કે જેને લીધે "ઇરાનશાહ"ના પાસબાનોને તેઓને પોતાની સાથે લેઇને થાણે ન્હાસી જવું પડયું હતું. આ તર્ક ખરી હોય (પણ તે એક તર્કજ છે) તો પછી કીસ્સેની એ ભેદભરેલી રીતી ઉપર અજવાળું પડે અને તે સાથે ઇ૦ સ૦ ૧૪૧૯ વાલી નોંધમાં થાણે જવાની બીનાનું પણ કારણ કલ્પી શકાય. પ્રોફેસર હોડીવાલાએ પોતાના વિષય ઉપરથી સાર ખેંચતાં સેવટ જણાવ્યું કે, એ ઉપરથી ચાર ચોકસ નહી પણ અટકલી અનુમાનો નિકલે છે. અને ફરીથી ભાર મુકયો કે, એ અટકલો સાંમે કાઈ સબબો પાછલથી જણાશે તો તે છોડી દેવાને તેઓ પેહલાજ બાહેર પડશે. પેહલું અનુમાન તો એ કે ઇ૦ સ૦ ૧૪૧૯ માં આતશબેહરાંમ સાહેબને થાણે લેઇ ગયા તે સંજાણ પ્રગણામાં કાંઇ ફેસાદ કે ચઢાઇને લીધે હશે. બીજું, એ ફેસાદ-ફીટનાને ભોગલે સરદારોની ચલવલ સાથે કાંઇ સંબંધ હશે. ત્રીજું, એ ફીસાદ-ફીટનાનાં સંબંધમાં પાસી દસ્તુરો ઉપર કોઇ "કજાનો હોકમ" ઉતર્યો હતો, અને તેઓ ઉપર કોઇ જાતનો કહેર વરસ્યો હતો કે સેતમ ગુજર્યો હતો, કે ગુજરવાની વકી હતી. અને ચોથું, એ આફ્ટ ઘણું કરી કજાના હોકમ જેવી હતી, એટલે નહી ધારેલું અને ઓચીંતી આવી પડી હતી અને તેમાંથી બચવું હોય તો ત્યાંથી નહાસવા વિના કાંઇ બીજો છુટક હતો નહી.

બેઠક ૧૮ મી, તા૦ ૧૫ મી નવેમ્બર ૧૯૧૩.

મંડલીનો આવી પોંહચતો જ્યુબિલી અવસર કેવી રીતે ઉજવવો તે બાબદ વિચાર માટે રજુ થતાં શમસુલ-ઓલમા ડૉ. એર્વદ જીવનજી જ. મોદીએ નીચલી સૂચનાઓ રજુ કરી:—૧, એ અવસરની યાદમાં એક જ્યુબિલી વૉલ્યુમ બાહર પાડવું.—૨. જ્યુબિલીના દિવસે એક જશન, અને બને તો, જશન બાદ ખાણું કરવું.—૩. જ્યુબિલી વૉલ્યુમ માટે સર્વે સભાસદોની ભેગી સભી પડાવવી. એર્વદ ડૉ. મોદીએ જણાવ્યું કે, એ જ્યુબિલી વૉલ્યુમ કેવી પ્રકારના વિષયનું બનાવવું તે વિષે તેવણને મી૦ રૂ. પે. કર્કર્યાએ પોતાના તેવણ જોગાં તા૦ ૧૪ મી નવેમ્બર ૧૯૧૩ ના પત્રમાં કરેલી સૂચના તેવણને પસંદ પડે છે, અને મંડલીના સાહેબો હજુર તેવણ તે વિચાર માટે રજુ કરે છે; તે આ કે, આપણી કોમના આગલા જાણીતા દસ્તુરો, એર્વદો અને બીજા વિદ્વાંનો, જેઓએ કોઇ પુસ્તકો લખ્યાં હોય તેઓની જીંદગીનાં વૃત્તાંતો

જુદા જુદા ધણીઓ પાસે લખાવી તે એક વૉલમમાં સંગ્રહ રૂપે એકઠું કરવું. એ ઉપરથી શમ્સુલ-ઓલમા એર્વદ જીવનજીએ દરખાસ્ત કરી, તેને એર્વદ જ. દા. નાહરશાહે ટેકો આપ્યો કે, ઠરાવ—"(ક) આ સભાની આવી પોંહચતા જ્યુબિલીનાં અવસરની યાદમાં એક જ્યુબિલી વૉલ્યુમ બાહેર પાડવું. (ખ) તે જ્યુબિલી વૉલ્યુમમાં આપણી કોમનાં આજ સુધીમાં ગુજર પામેલા આગલા પારસી સ્કોલરો, યા કાબેલ લખનારાઓની જીંદગીનાં એહવાલો, તેઓએ સાહિત્ય સંબંધી કરેલાં કામો સાથે આપવાં. જુદા જુદા ધણીઓ માટેના અહેવાલો લખવાનું કામ હાથ ધરવા જુદા જુદા સાહેબોને એલ્તેમાસ કરવી.—(ગ) આ પુસ્તકના અધિપતી તરીકે શમ્સુલ-ઓલમા ડૉ. જીવનજી જ. મોદીની નેમણુંક કરવી."

મજકુર દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

બેઠક ૧૯ મી, તા૦ ૧૦ મી જાન્યુઆરી ૧૯૧૪.

મંડલીની સ્થાપનાની શરૂઆતના એક વિદ્વાન, ભલા અને બુજોર્ગ અધિકારી મર્હૂમ એર્વદ એદલજી કેરેશાસ્પજી આંટયાનાં દેલગીરીભરેલાં મરણથી મંડલીને ગયલી ભારે ખોટ તથા તે પ્રત્યેના દેલગીરીના ઠડાવની નોંધ મંડલીના દફતરમાં નીચે મુજેબ લેવામાં આવી હતી—જે આગમજ ઑ. મુનશીએ, શમ્સુલ-ઓલમા ડૉ. એર્વદ જીવનજી જ. મોદીએ આજની બેઠકમાં પોતાથી હાજેર નહી શકવા વિષે દેલગીરી જણાવી સભાનાં આજનાં કામ તરફ દરેક પ્રકારની દેલસોજી દર્શાવતાં, આજની તારીખના ઑ. મુનશી ભેગાં પત્રમાં પોતાની લાગણી નીચે મુજબ જણાવી હતી; જે પત્ર મુનશીએ અત્રે રજુ કર્યું હતું:—

આપણી જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીની આજની બેઠક, જેમાં મરહુમ એર્વદ એદલજી કેરશાસ્પજી આંતીઆના દલગીરીભર્યા મરણની નોંધ લેવામાં આવનાર છે તેમાં હાજર થવાને મારાથી બનશે નહી માટે દલગીર છુ. એવણુ સાહેબના મરણ માટેની મંડલીની દલગીરી અને તેવણુના કુટુંબ તરફ દીલસોજીમાં મારી હમશારીકી છે. હું ભુલતો નહીં હોવું તો આપણી મંડલીનાં કોઇપણ સભાસદ કરતાં હું મરનાર સાથે કામકાજમાં, અભ્યાસમાં અને મીત્રાચરીમાં વધારે સંબંધમાં આવ્યો હતો તેથી હું એવણુના સદગુણોની પીછાંણુમાં કહી શકું છું કે એવણુ જેવા ભલા, રાંક, મીઠા સ્વભાવનાં, શીરીન જબાંનના ભણેલા સભાસદ ખોહવાથી આપણી મંડલી અને એવણુનું મીત્ર મંડલ ગરીબ બને છે. ખુદા એવણુના રવાંનનો નેગેહબાંન થાય અને એવણુની ભલી યાદ આપણુને નેક પ્રેરણા આપી એવણુના સદગુણો અખત્યાર કરવાને શક્તિવાન કરે એવી દુઆઓ સાથ રહું છું"

સેવક જીવનજી જમશેદજી મોદી.

દલગીરીનો ઠરાવ :—"જરથોશ્તી દીનની ખોલ કરનારી મંડલી, એર્વદ એદલજી કેરેશાસ્પજી આંટયા જેઓ આ મંડલીના તેની સ્થાપનાથી એક સભાસદ હતા, તથા ૪૩) વર્ષ સુધી તેના એક ખજાનચી, તેમજ બે વર્ષ સુધી તેનાં નાયબે સરનશીન તરીકેનો ઓધ્ધો ભોગવ્યો હતો, તેવણુનાં ગયા રોજ ૧૭ મો, માહ ૪ થો, શેહનશાહી માહ ૫, મો કદમી સને ૧૨૮૩ ય. જ. તા૦ ૨૭ મી ડીસેમ્બર ૧૯૧૩ ઇસ્વી ને દિને ૭૦) વર્ષની બુજોર્ગ વયે નીપજેલાં મરણુની નોંધ આ સભા ઘણી દેલગીરીની લાગણી સાથે લે છે.

પુરાતન ઈરાંની ભાષાઓનાં એક અચ્છા અભ્યાસી તરીકે, તેમજ તેનાં એક ઉસ્તાદ તરીકે તથા કેટલાંક વિદ્દતાભર્યાં પુસ્તકોના કર્તા તરીકે તેમજ આ મંડલીનાં કામકાજમાં ચાલુ બાહોશી અને ઉલટથી જે ભાગ લીધો હતો તે માટે તેવણુની સેવાની આ મંડલી ખાસ કદરસનાશી કરે છે. તેવણુના મરણુથી અભ્યાસી મંડલને તેમજ આખી કોમને મ્હોટી ખોટ ગઇ છે એમ આ સભા માને છે. મહુર્મના મરણુથી તેવણુનાં કુટુંબ ઉપર આવી પડેલાં સંકટમાં આ સભા હમદરીક થાય છે અને આ ઠરાવની એક નકલ ઘટતા દેલાસા પત્ર સાથે તેમનાં કુટુંબની જાણુ માટે મહુર્મના ભાઇ શેઠ નવરોજજી કેરેશાસ્પજી આંટયા ઉપર મોકલી આપવાને જો. ઑ. સેક્રેટરીઓને એલતેમાસ કરવામાં આવે છે."

મજકુર ઠરાવ સભાએ તેને છાજતી ગંભીરાઇ સાથે પસાર કર્યો હતો.

મહુર્મ એદલજી કે. આંટયાની જગાએ જો. ત્રસ્તી તરીકે સરનશીન સાહેબ શેઠ મંચેરજી પેસ્તનજી ખરેઘાત, I. C. S. ને નેમવાની દરખાસ્ત એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહે મુકી અને તેને શેઠ મેહરજીભાઇ નોશેરવાનજી કુકાએ ટેકો આપવાથી, મત લેતાં તે સર્વાનુમતે બહાલ રેહી હતી.

એર્વદ જમશેદજી દા. નાદેરશાહે દરખાસ્ત કીધી તેને શેઠ રતનજી ફરેદુનજી ગોરવાલાએ ટેકો આપ્યો કે એર્વદ એદલજી કે. આંટયાજીની જગોએ એરવદ રૂસ્તમજી કા. મોદીની ખજાનચી તરીકે નેમણુંક કરવી.

મજકુર દરખાસ્ત ઉપર મત લેતાં તે સર્વાનુમતે પસાર થઇ હતી.

બેઠક ૨૦ મી, તા૦ ૧૪ મી ફેબ્રુઆરી ૧૯૧૪.

શમ્સુલ-ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ "જરથોસ્તીઓમાં ભણુવાની હારડીનો ઉપયોગ" વિષેનો એક નિબંધ વાંચ્યો હતો. જે હવે પછી તેવણુ છપાવી પ્રસિદ્ધ કરનાર છે, તે ઉપર કેટલોક વાદવિવાદ ચાલ્યો હતો.

શેઠ રતનજી ફ. ગોરવાલાએ દરખાસ્ત કીધી તેને એર્વદ કાવસજી પે. માંદને ટેકો આપ્યો, કે એર્વદ કએખુસ્રો માહ્યાર કુટાર, B.A., ને મંડલીના સ્થાનીક સભાસદ નેમવા.

મજકુર દરખાસ્ત ઉપર, કાયદા મુજબ, આવતી બેઠકમાં મત લેવામાં આવશે.

બેઠક ૨૧ મી, તા૦ ૭ મી માર્ચ ૧૯૧૪.

મંડલીની સ્થાપનાની શરૂઆતનાં એક સભાસદ તથા ખજાનચી સાહેબ મર્હૂમ એર્વદ એદલજી કે. આંટયાનાં દુઃખદાયક મરણુની બુટના સંબંધમાં મંડલીની દેલગીરીનો ઠરાવ એક ઘટતા દેલાસા પત્ર સાથે મર્હૂમ સાહેબના ભાઇ શેઠ નવરોજી કે. આંટયા ઉપર તેમના કુટુંબની જાણુ માટે મોકલી આપવામાં આવ્યો હતો, તેનો તેમની તરફનો તા૦ ૧૫-૧-૧૪ ઇસ્વીનો પત્ર, જેમાં મંડલીએ લીધેલી મર્હૂમના મરણુની દેલગીરીના ઠરાવ માટે, મંડલીનું એહશાન દર્શાવ્યું હતું, તે રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

મંડલીના એક સ્થાનીક સભાસદ શેઠ રૂસ્તમજી કા. પારેખે પોતાની બેઠકનું રાજીનામું મોકલ્યું હતું, તે રજુ થતાં બહાલ રાખવામાં આવ્યું હતું.

ગઇ વેળા એર્વદ કએખુસ્રો માહ્યાર કુટાર, B.A., ને મંડલીના સ્થાનીક સભાસદ કરવાની દરખાસ્ત ઉપર "બૅલત"થી મત લેતાં તે સરવાનુમતે બહાલ રહી હતી.

મંડલીની "જ્યુબિલી"નો અવસર ઉજવવા માટે વિચાર ચલાવતાં એવું ઠરાવવામાં આવ્યું કે, આવતી તા૦ ૫ મી એપ્રીલ ને રવીવારે પાછલા પોહરે એક જશન સાથનો મેલાવડો અંજુમનનાં આતશબેહરાંમ સાહેબનાં કંટ્રાકટરવાલા હૉલમાં કરવો, જે વેલા મંડલીના સભાસદો ઉપરાંત બીજા બાહેરનાં બાનુઓ તથા ગ્રહસ્થોને જાહેર આમંત્રણુ કરવા અને મંડલીએ અત્યાર સુધી બજાવેલા કામનો ટુંક ઇન્તેખાબ આપવો, અને સગવડ પડતાં દિવસે મંડલીનાં સર્વે સાહેબોનો ભેગો "ફોટો-ગ્રુપ" લેવો.

શમ્સુલ-ઓલમાં ડૉ. એર્વદ જીવનજી જ. મોદીએ મંડલીની જ્યુબિલીની યાદગારીમાં ૫૦) વર્ષ ઉપરની "પાર્સી સ્કોલર્શિપ" ઉપર જે મેમોર્યલ વૉલ્યુમ પોતાના અધિપતીપણાં નીચે પ્રગટ કરવા ધાર્યું છે, તેમાં તેવણે જણાવેલાં નામોની ટીપ ઉપરાંત નીચલાં નામોવાલા શખ્સોનો તેમનાં કામ સાથે સમાવેશ કરવો:—

નેર્યોસંગ ધવલ, અર્જો કામદીન, આજર કએવાંન, પેશોતન રાંમ, અર્દેશીર ફેરમાંની, ફરેદુન દારા. જા. આશા, કએખુસ્રો મહેરવાંન, એદલ દારા. જા. આશા, પેહલવી ટેક્સ્ટ લખનારા રૂસ્તમ મેહરબાન, ગોપતશાહ રૂસ્તમ બંદાર, આદરફરેનો બગ, માનુશચેહર, જાદસ્પરમ, મોટા ખુર્શેદજી તેહમુરજી દેશાઇ. એ ઉપરાત ઇરાંનના લખનારાઓની જે બાબત મલતી હોય તે એર્વદ માનેકજી રૂ. ઉનવાલાની મદદ લેઇ તેમાં સામેલ કરવી, એવી સૂચના શેઠ બેહરાંમગોરે

કીધી હતી. વલી તેમ કરતાં તેવણે જણાવ્યું કે તેમાંનાં કેટલાંક લખનારાઓ એવા હુતા કે જેઓ લખી જાણુતા, પણ વાંચી જાણુતા ન હુતા. શેઠ બેહરાંમ-ગોરની ધરાંનીઓનાં સંબંધની સૂચણા સરનશીન સાહેબ વગેરેને પસંદ પડવાથી, પ્રમૂખ સાહેબે એ બાબત શેઠ બેરાંમગોરને ઉપાડી લેવાને એલતેમાસ કીધી, જેવણે પોતાની બની શકતી કોશેષથી તે માંથ લેવા જણાવ્યું હુતું.

મંડલીની "જ્યુબિલી"નો મોહોત્સવ ઉજવવાના થયલા ઠરાવ મુજેબ તા૦ ૫ મી એપ્રીલ ને વાર રવીએ જરથોસ્તી અંજુમનનાં આતશબેહરામ સાહેબના કંટ્રાકટરવાલા હોલમાં જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થોની સારી સંખ્યા સમક્ષ શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદી અને મંડલીના એર્વદ સભાસદ સાહેબોની સામેલગીરી સાથે શોકગુજારીનું જશન કરવામાં આવ્યું હતું, જે બાદ ડૉ. મોદીએ મંડલીની ૫૦) વર્ષની તવારીખનો ટુંક ઇન્તેખાબ કહી સંભલાવી, મંડલીની બેઠકો જે હાલે બાઇ ભીખાઇજી બંગાલીવાલી કન્યાશાલાનાં દિવાન-ખાનામાં મલે છે તે માટે તેની માનવંત કમિટિનું એહસાંન માંની, હાજેર થયલાં સર્વે બાનુઓ તથા ગ્રહસ્થોએ તસ્દી લેઇ, હાજેર થઇ, મંડલીનાં કામ તરફ દેલશોજી દેખાડી તે માટે તેમનો આભાર માની, ચાશ્ની કર્યા બાદ મેળાવડો બરખાસ્ત થયો હતો.

મંડળીની જ્યુબીલી ઉજવવા માટેના મેલાવડાનો રીપોર્ટ.

"જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળીની ૫૦ વરસની જ્યુબીલીનો ઉત્સવ ગઇ કાલે પાળવામાં આવ્યો હતો. શરૂઆતમાં જશનની ક્રીયા કરવામાં આવી હતી, જે પછી ડૉ૦ જીવનજી જમશેદજી મોદીએ મંડળની તવારીખ અને તેના કામકાજની થોડીક નોંધ રજુ કરી હતી.

ડૉ. મોદીએ જણાવ્યું, કે આ મંડળીની ૫૦ વરસની જ્યુબીલીના આ અવસર ઉપર મંડળીની ટુંક તવારીખ રજુ કરવા પહેલાં આપણે અત્રે જશનની ક્રીયા કરી છે અને આ મંડળીના સ્થાપકને યાદ કીધા છે, તેમને એકવાર ફરીથી યાદ કરવાની રજા લઉં છું, કે તે ભલા નરના ફરોહર ખુશનુદ થાએ. આ મંડળીની ટુંક તવારીખ માટે મારી કમીની કલમ હાથ ધરતાં મને ખુશાલી ઉપજે છે. આજથી ૧૩ વરસ પર મારી "બુનદેહશનો તરજુમો" આ મંડળીને અર્પણ કરતાં, જે થોડાક શબ્દો મેં કહ્યા હતા તે આજે હું હર્ષ સાથે પાછા યાદ કરૂં છું. તે વખતે મેં કહ્યું હતું કે "ઘણાક સુંદર સંધયા કાળો તમો ભલા અને ભણેલા ભાઇઓની ભલી સંગતમાં આપણી પુરાણી દાદીશેઠની દરેહમેહેરના માળ ઉપર મેં ગુજારી છે, ત્યાં હું બોલ્યો છું અને મેં વાંચ્યું છે, તે કરતાં વધુ મેં મારા લાભ અર્થે સાંભળ્યું છે. માટે એ સઘળા માટેની એક નાની યાદ તરીકે અને તમો મહેરબાન ભાઇઓ માટેનાં માન અને મોહોબતની એક કમી ઇધાણી તરીકે મારૂં આ પુસ્તક તમો ભાઇઓને અર્પણ કરવાની રજા લઉં છું."

આ ૫૦ વરસમાં આ મંડળીએ અભ્યાસીઓની ત્રણ પેહડીઓ જોઇ છે. હું મને પોતાને એમાંથી બીજી યાને વચલી પેહેડીમાં જોઉં છું અને જ્યારે એક હાથ ઉપર હાલના નવા જવાન અભ્યાસીઓ તરફ મારો હાથ લંબાવું છું ત્યારે બીજા હાથ ઉપર પહેલી પેહડીના જુના જાણીતા સભાસદો, જેઓ તેના પુરાણા મજબુત જબરા અભ્યાસી સભાસદો કહેવાય, તેઓ તરફ લંબાવું છું. આ જાણીતા પુરાણા જબરાઓમાં વધુ જુના વખતના પુરાણા શીક્ષણ મુજબના અભ્યાસી સભાસદો તરીકે મહુંમ દસ્તુરો પેશોતન, જામાસ્પજી, હોશગજી, એરચજી, મનચેરજી જા. વાછા જેવાઓના અને નવી રૂઢી પ્રમાણે અભ્યાસ કરનારા સભાસદો તરીકે શેઠ ખરશેદજી રૂ. કામા, એર્વદો શેહેરીયારજી ભરૂચા, કાવસજી કાંગા, તેહેમુરસ અંકલેસરીઆ, એદલજી આંટીઆ, ખરશેદજી કતેલી, મનચેરજી શા. વાછા, કાવશ ન. કાંગા અને જમશેદજી નાદરશા જેવાઓનાં જાણીતાં નામો હું જોઉં છું.

મંડળીના ૨૦ માં વરસે હું જોડાયો તે વખતપર નજર ફેંકતા, દલગીરી સાથે હું જોઉં છું કે મારા આગમજની પેહેડીના સભાસદોમાંથી એર્વદ શેહરીઆરજી અને મી૦ જમશેદજી નાદરશા સીવાય સર્વેઓ શૅક્ષપીઅરના શબ્દોમાં "તે મુલકે મુસાફરીએ ગયા છે કે જ્યાંથી કોઇપણ મુસાફર પાછો ફરતો નથી." પહેલી પેહેડીના નવી રીતી મુજબની સ્કુલ અભ્યાસીઓની સુંદર ટુકડીના ઉપલા સાહેબોમાંથી પહેલા પાંચ, શેઠ ખરશેદજી રૂ. કામા, એરવદો શેહેરીઆરજી, કાવસજી કાંગા, તેહમુરસ અને એદલજી આંટીઆ સાથે હું વધુ સંબંધમાં આવ્યો હતો અને એ મારા સર્વ હમકારોને મારા જુદા જુદા પુસ્તકો અર્પણ કરવાનો મેં સંતોષ મેલવ્યો છે. પોતાની હસ્તીના પહેલા જમાનાના ઉપલા દસ્તુર સાહેબો શેઠ ખ. રૂ. કામા જેવણને મહુંમ પ્રોફેસર દારમસતેતે એક બેહદીન દસ્તુર ગણ્યા છે, તેવણને પણ તેમ ગણતા—અને એર્વદ સાહેબોમાંથી ઘણાંકોએ પોતાના પુસ્તકોમાં જે વીદ્વતા દેખાડી છે તે માટે આ મંડળી વાજબી મગરૂરી લઇ શકે. હાલના વખત સાથ સરખાવતાં, તે વખતે અભ્યાસ માટે જે થોડા સાધનો હતાં તે તરફ જોતાં, તેઓનાં નામ અને કામ આપણે માન અને મગરૂરી સાથે યાદ કર્યે છીએ. ખુદા બક્ષે કે તેઓના ભલાં કામની આપણી ભલી યાદ જ્યાં પણ તેઓ હોય ત્યાં તેઓનાં રૂહને યારી દેય અને આપણ જીવતાંઓને પણ તેઓના જેવા ઉલટભર્યાં ભલા અભ્યાસી કામો કરવાને યારી દે.

આજના મુબારક રોજે આપણે અહુરમઝદના શુકરાના કરીશું કે આ મંડળીની સ્થાપના વખતના પહેલા વર્ષના પહેલા સભાસદોમાંના એક આપણ વચ્ચે હૈયાત છે, જેવણ એર્વદ શેહેરીઆરજી છે. ખુદા તેવણને તન અને મનની દરૂસ્તી સાથે આપણ અભ્યાસી ભાઇઓના એક વડા તરીકે લાંબો વખત સુધી આપણા માથા ઉપર હઇયાત રાખે. એવણ આ મંડળીના પેહેલા સભાસદોમાંના એક હતા, એટલુંજ નહીં પણ મંડળી તરફથી માગવામાં આવેલાં ઇનામનાં રેસાલાઓમાં પહેલું ઇનામ મેળવનાર હતા. જે ઇનામ આદરબાદ મારેસપંદના પંદનામાના તરજુમાનું હતું. વળી મંડળીના બીજા સાલથી તેવણે વિષયો રજુ કરવા માંડયા હતા અને તે વરસો સુધી ચાલુ રાખ્યા હતા. મેં એક બીજે ઠેકાણે જણાવ્યું છે તેમ એર્વદ શેહેરીઆરજી એક જન્મેલા અભ્યાસી છે. મારૂં એક પુસ્તક એવણને અર્પણ કરતાં થોડાંક વરસ ઉપર મેં જે કહ્યું હતું તે આજે ખુશી

સાથે યાદ કરૂં છું કે "તમે અભ્યાસના ખરા આશક છો. સરસ્વતી માતાના ખરા પુજારી છો, અને તેવા ખરા પુજારી તરીકે તમો આ કેળવણીના મંદીરમાં પુજાએ આવ્યા હતા. એક ખરો પુજારી પોતાના પેટ માટેજ પુજા કરતો નથી, પણ પોતાની પુજામાં આજુબાજુના ઘણાકો માટે દુઆ ગુજારી તેઓને પોતાની પુજાનો લાભ આપે છે તેમ તમોએ પુજામાં પ્રાપ્ત કરેલાં જ્ઞાનનો ઘણાકોને લાભ આપ્યો છે." એવણે ઇરાની સાહીત્યના ખેતરમાં જેબી કાંઇ કર્યું છે તે માટે અને એ કામમાં પારસી પંચાયતના ત્રસ્ટીઓના એલતેમાસ ઉપરથી અવસ્તા અને પહેલવી-પાઝંદની પાઠમાળા અને આપણી કોમને લગતાં સંસ્કૃત લખાણોની માળાને હું ખાસ યાદ કરૂં છું. તે માટે, આજના મુબારક રોજે આપણે આ મંડળીના સર્વ સભાસદો આપણી મુબારકબાદી અને ભલી દુવાઓ એવણને પહોંચાડીશું (તાલીઓ).

મંડળીના શરૂઆતના ભણેલા સભાસદો બાબે થોડાક વીચારો જણાવી, મંડળીની સ્થાપના ઉપર આપણે આવ્યે છીએ તો જોઇયે છીએ કે મરહુમ શેઠ ખ. રૂ. કામા તેના સ્થાપક હતા. તેવણ ૧૮૫૫ માં વેપાર અર્થે ઇંગ્લંડ ગયા હતા, ત્યાંથી ૧૮૫૯ માં અત્રે પાછા ફરતાં ફ્રાંસ અને જર્મનીમાં થોડોક વખત પ્રોફેસરો મોહલ, ઓપેરટ અને સ્પીગલના હાથતલે આપણા ધર્મની ભાષાઓનો થોડોક અભ્યાસ કરી, અત્રે આવી, તે અભ્યાસ તેવણે ખાનગી અભ્યાસથી વધાર્યો. ૧૮૬૧ માં પોતાના અભ્યાસનો લાભ બીજાઓને આપવા કાજે જવાન મોબેદોનો તેવણે વર્ગ ઉઘાડયો. તે પછી તેવણને લાગ્યું કે એક મંડળ સ્થાપ્યું હોય તો બહેતર કે જેમાં આપણા ભણેલા દસતુરો, એવર્દો વીગેરે મલી, વાદવીવાદ કરી, કોઇ મતફેરની બાબતો બની શકે તો નક્કી કરે. તેવણની ખાસ મતલબ કે આવી હીલચાલમાં દસ્તુરોની દીલસોજી ખેંચવી કે કોઇક દસ્તુર કોઇ બાબતમાં એક મત આપે છે તો બીજા બીજુ મત આપે છે અને તેથી ગુંચવાડો થાય છે, તેથી તેવણે પોતાનું પહેલું સરકયુલર દસ્તુરો ઉપરજ કહાડયું અને પહેલવહેલાં તા૦ ૩૦ મી માર્ચ ૧૮૬૪ ને દીને એવણ સાથે દસ્તુરોજ એકલા ભેગા મળીયા, તે વખતે મુંબઇમાં દસ્તુરી દરજ્જો ભોગવતા આંઠ નવ દસ્તુરો હતા, તેઓમાંથી સાત જણાએ સરકયુલર ઉપર શેઠ કામાના કામ તરફ દીલસોજી દેખાડી, બીજા બે ત્રણ થોડા વખત પછી જોડાયા. ઉપલી તારીખે પાંચ દસ્તુરો એવણ સાથે ભેગા મલ્યા અને આ મંડળીનો પાયો નાખ્યો. દસ્તુર પેશોતન તેના પહેલા સરનશીન, દસ્તુર સોરાબજી મુલ્લાંફીરોઝ પહેલા ખજાનચી અને એવર્દ કાવસજી કાંગા પહેલા સેક્રેટરી નેમાયા. પહેલીજ બેઠકમાં એવર્દ શેહરીઆરજીને સભાસદ નેંમવાની દરખાસ્ત થઇ અને બીજી બેઠકમાં તેવણ ચુંટી કઢાયા. બીજી બેઠકમાં પુનેવાલા દસ્તુર હોશંગજી અને સાતમીમાં તેવણના ભાઇ દસ્તુર નોશીરવાનજી ખતપત્રી સભાસદો નેમાયા. બીજી બેઠકમાં એવર્દો રૂસ્તમજી ર. દાદાચાનજી, ખુરશેદજી કટેલી, મ. શા. વાછા અને એદલજી કે. આંટીઆ માટે અને ચોથીમાં એવર્દ તેહમુરસ્પ માટે દરખાસ્તો થઇ. ત્યારપછી બીજા ભણેલા બેહેદીનો શેઠો ધનજીશાહ ફ. પટેલ અને મી૦ હાસબરનાની નેમણુંક થઇ. બીજા બે દસ્તુરો સામેલ થયા. પણ પહેલાં વરસની સેવટમાંજ દસ્તુરો જામારપજી, પુનેવાલા નોશીરવાનજી, કદમી દસ્તુરો ખરશેદજી અને ફરામજી વીગેરેએ રાજીનામાં

આપ્યાં, જેનો ખરો સબબ માલમ પડતો નથી. રાજીનામાં બાદ કરતાં પહેલા વરસની સેવટે ૧૪ સભાસદો હતા. પહેલાં વરસમાં ૨૧ બેઠકો થઇ. સર્વથી પહેલી બાબત તકરાર માટે શેઠ ખ. રૂ. કામા તરફથી "રવાન"ની રજુ થઇ. આ પહેલા વરસમાં તા. ૮ મી અકટોબર ૧૮૬૪ ને દીને પુના કૉલેજવાળા ડા૦ હાઉગે જરથોસ્તી ધર્મ ઉપર એક ભાષણ આપ્યું, જે માટે રૂ. ૫ ની ટીકીટ કહાડી હતી. તેની આવક ડા૦ હાઉગને આપવા ધારી હતી, પણ તે તેવણે ઇરાની અભ્યાસ માટે વાપરવાની ખાહેશ જણાવવાથી તેના ઉપજેલા રૂ. ૧૧૦૦ શેઠ કામાએ એવા કામ માટે પારસી પંચાઅતને સપુરદ કરવા માંગયા, પણ ત્રસ્ટીઓએ કોઇક સબબોસર તે લેવાને ના પાડવાથી, તે મંડળીને સોંપવામાં આવ્યા, જેમાંથી આદરબાદ મારેસપંદનું "પંદનામુ" અને "દાદેસતાને દીની" એ બેનાં તરજુમા માગવામાં આવ્યા. પહેલા માટે એરવદ શેહેરીઆજીએ અને બીજા માટે એવણે અને એરવદ તેહમુરસ્પે સાથે મલી ઇનામો જીત્યાં. એ બેમાંથી પહેલો વિષય પંદનામુ છપાવવા કાજે શેઠ કામાએ મદેહનજર કહાડી તો તે શેર સટાના ઉછાલાનો વખત હોવાથી તેની પહેલે ૧૮૩૦ નકલો ભરાઇ, પણ તે છપાવવા મંડયા તેટલામાં તો તે સટાની ખરાબીનો વખત આવી પોંહચ્યો તેથી ફકત ૬૨૫ નકલો ખરી ભરેલી જણાઇ. આ પહેલાં વરસમાં ડા૦ હાઉગને ખતપત્રી સભાસદ નેમવાની સુચના થઇ પણ તે એક જુદ્દીન હોવાને લીધે બહાલ રહી નહીં. પણ ત્યારપછી ૨૨ વરસે મામલો ફેરવાયો અને પ્રો૦ દારમસતેતે જુદ્દીન હોવા છતાં મારી દરખાસ્ત ઉપરથી પહેલો ઓનરરી મેમ્બર નેમાયો.

મંડળીની વાર્ષીક ફી શરૂઆતમાં રૂપીઆ ૧૨ હતી, પણ દસ્તુરો પેશોતન અને સો. મુલ્લાંફીરોઝ રૂ. ૨૫ અને શેઠ કામા રૂ. ૫૦ આપતા હતા. પાછલા ગ્રહસ્થે તે છેવટ સુધી આપવા ચાલુ રાખ્યા હતા. પાછળથી વાર્ષીક ફી રૂ. ૬ અને હાલમાં રૂ. ૩ કીધી છે. એ મંડળીના હાલ સુધીના સરનશીનો નીચે મુજબ છે–દસ્તુરો પેશોતન (પાંચ વરસ) એરચજી મેહરજીરાણા (છ વરસ), જામાસ્પજી જેવણ પાછા જોડાયા હતા (૨૩ વરસ), શેઠ કામા (૧૧ વરસ) દસ્તુરજી દારાબજી સંજાણા (૧ વરસ) અને હાલમાં મી૦ મનચેરજી પે. ખરેઘાટ (એક વરસ), નાયબ સરનશીનનો અખતરો અજમાવવામાં આવ્યો હતો અને એરવદ જીવનજી જ. મોદી અને ડૉ. માણેકજી દાવરે એ ઓધ્ધો ભોગવ્યો હતો. ખજાનચી તરીકે નીચલા નામો જોઇયે છીયે:–દસ્તુરો સો. મુલ્લાંફીરોઝ, એરચજી મેહરજીરાણા, એરવદો રૂસ્તમજી દાદાચાનજી, એદલજી આંટીયા (૩૫ વરસની લાંબી મુદત સુધી મરણ તુલીક) અને રૂ. કે. મોદી. સેક્રેટરી તરીકે આપણે એરવદો કાવસજી એ. કાંગા (૧૪ વરસ), તેહમુરસ દી. અંકલેસરીઆ (૯ વરસ), જામાસ્પજી એ. દાદાચાનજી (મરણ સુધી ૯ વરસ) અને નોશીરવાનજી બ. દેસાઇ જેવણ ૧૮૯૫ થી હાલ સુધી ચાલુ છે અને જેવણની સેવાની પીછાણમાં મંડળીએ તેવણને એક ઘડીઆળ ભેટ આપ્યું છે, એવણ સાથે જોડાયલા જોડયા સેક્રેટરી તરીકે મી. રતનજી ફ. ગોરવાળા છે.

આજ સુધીમાં મંડળીએ પોતાના કામકાજના હેવાલના પાંચ નાના મોટા પુસ્તકો પ્રગટ કર્યાં છે.

મંડળી પહેલે મુલ્લાફીરોજ કેતાબખાનામાં, પછી દાદીશેઠની દરેમેહરમાં અને હાલમાં બાઇ ભીખાઇજીની બંગાલીની સ્કુલમાં મલે છે. એ સર્વ ખાતાંઓના કારોબારીઓને આ મહેરબાની માટે આપણે આભારી છીએ.

પહેલે મંડળી મહીનામાં એકવાર દર મારેસ્પંદ રોજે મલતી. આ રોજ પસંદ કરવાનો સબબ નથી, પણ કદાચ મંડળી ધર્મના "માંથ્ર" ની બાબદમાં શોધખોળ કરતી હોવાથી આ "માંથ્ર સ્પૅંત" નો દીવસ પસંદ કરવામાં આવ્યો હોય. પછી તે દાદાર અહુરમઝદના ચાર હમકારાના દીવસો અહુરમઝદ, દેપાદર, દેપમેહેર, દેપદીન ઉપર મલવા લાગી. હાલ ઘણીખરી દર શનીવારે મલે છે.

મંડળીએ ઇરાની સાહીત્યના ખેતરમાં કરેલી સેવાની તવારીખ ઉપરની ઉડતી નજરની નોંધ હું હવે પછી રજુ કરીશ.*

બાદ મીજલસ ચાસની કરી બરખાસ્ત થઇ હતી."

(અખબારે સોદાગર, તા૦ ૬-૪-૧૯૧૪ માંથી ઉતારો.)



---

* આ બાબેનું પુસ્તક ૨૦ મી અકટોબર ૧૯૨૨ ના દિવસે A Glimpse into the History and Work of the Zarthoshti din-ni Khol-karnari Mandli ના નામ હેઠલ ઇંગ્રેજી ભાષામાં પ્રગટ કરવામાં આવ્યું છે.

એકાવનમા વર્ષમાં ચાલેલી બાબતો.

---::o::---

એકાવનમા વર્ષમાં સઘલી મલી મંડળીની ૧૭ બેઠકો મલી હતી.

---:o:---

બેઠક ૨ જી, તા૦ ૧૮ મી એપ્રીલ ૧૯૧૪.

ગુજશ્તેહ સાલનો ટુંક ઇન્તેખાબ ઑનરરી મુનશીએ વાંચી સંભલાવ્યો, જેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

ચાલુ સાલ માટે નીચલા અધીકારીઓની 'બેલટ'થી ચુંટણી કરવામાં આવી હતી:—

શેઠ મંચેરજી પેસ્તનજી ખરેઘાત—સરનશીન,
એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદી—ખજાનચી,
એર્વદ નોશેરવાન બરજોરજી દેશાઇ તથા
શેઠ રતનજી ફરદુનજી ગોરવાલા—ઑ. ઑ. સેક્રેટરીઓ.

મંડલીની "જ્યુબિલી" ઉજવવાના દીવસે નવસારીથી એર્વદ સાહેબ નેર્યોસંગ શાહપુરજી દસ્તુર મેહરજીરાંણા, જેવણ આપણી મંડલીનાં એક જુના Corresponding Member છે, તેવણે મુબારકબાદી તથા ફતેહ ઇચ્છનારો પત્ર મોકલ્યો હતો, તે રજુ થતાં તેની નોંધ લેવામાં આવી હતી.

મંડલીની "જ્યુબિલી"ના મેળાવડા પ્રસંગે, મંડલીની સ્થાપનાનાં વખતનાં એકલા હયાત મેમ્બર એર્વદ સાહેબ શેહર્યારજી દાદાભાઇ ભરૂચાને મુબારકબાદી, તથા લાંબી તંદરોસ્તી સાથની ઉદયોગી તથા ઉપયોગી જીંદગી ગુજારવાની દોઆ ઇચ્છનારો પેગામ મોકલી આપવામાં આવતાં, તેનો તેવણ તરફથી મંડલીના સર્વે માનવંત, વિદ્વાન સભાસદોનું એહસાંન જાહેર કરનારો, તા૦ ૧૦ મી એપ્રીલનો શ્રી પુનેથી લખેલો પત્ર રજુ કરતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

શેઠ સોરાબજી નવરોજી કાંગાએ, "The Zoroastrian Doctrine of Dualism in Aristotle," ઉપર પોતાનો વિષય રજુ કર્યો હતો.*

---

* આ વિષય શમ્સુલ-ઓલમા દસ્તુર દારાબ મેમોરીયલ વોલ્યુમના પાનાં ૧૬૩-૧૭૦ ઉપર છપાયો છે.

બેઠક ૩ જી, તા૦ ૯ મી મે ૧૯૧૪.

શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ, "A principle of justice among the ancient Persians referred to by Herodotus"વાલી બાબદ ઉપર એક વિષય વાંચીયો હતો.

શમ્સુલ ઓલમા ડૉ૦ એર્વદ જીવનજી જ. મોદીએ પોતાનો વિષય રજુ કરતાં હીરોદોતસનો એક ફકરો ટાંકી જણાવ્યું કે તેમાં એમ આવેલું છે કે, અસલ ઇરાનમાં જેમ પાદશાહ તેમ દાનાવ ધણીઓ ઇનસાફ કરી કોઇને સજા કરતા તો તે વખતે તે ગુનેહગારના આગલાં ભલાં કામો ધ્યાનમાં લેતા. તેવણે જણાવ્યું કે હીરોદોતસે જણાવેલા નીયમનું મૂળ અવસ્તા અને પેહલવી પુસ્તકોમાં મલે છે.

ઑનરરિ મુનશીએ દરખાસ્ત કીધી તેને એર્વદ જમશેદજી દા. નાદેરશાહે ટેકો આપ્યો કે, શેઠ પાહલનજી બર્જોરજી દેશાઇને મંડલીના સ્થાનીક સભાસદ કરવા. એ દરખાસ્ત ઉપર કાયદા મુજેબ, આવતી બેઠકમાં "બૅલત"થી મત લેવામાં આવશે.

બેઠક ૧ લી, તા૦ ૨૮ મી માર્ચ ૧૯૧૪.

શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ પોતાની બાબત "કયાન્યાન વંશના પાદશાહોના સને" રજુ કરતાં જણાવ્યું કે, કયાનીઓનો જમાનો હખામનીઅનોનાં જમાનાનાં સંબંધમાં કયાં મેલવો તે એક મ્હોટો સવાલ છે, કે જે સવાલ સાથે પેગામ્બર સાહેબ જરથોશ્તનાં સનેનો સવાલ પણ જોડાયલો છે. મીનોખેર્દ અને દીનકર્દમાં શાહ લોહરાસ્પ, બોખ્તનશર (Nebuchednezzar) અને સાઇરસને એક જમાનામાં મેળવાના એશારાઓ મલે છે. એ એશારાઓને તબરી, માસુદી જેવા પુરાણું આરબ લખનારાઓથી ટેકો મલે છે, તે જોતાં આ વિચારને મજબુતી મલે છે કે, હખામનીઅનો અને કયાંનીઓ એક જમાનામાં (Contemporaries) હતા. એક વંશ પશ્ચીમે પારસ તરફ હકુમત કરતું; બીજું, પૂર્વમાં બલ્ખ તરફ. જે પેહલવી પુસ્તકો પેગામ્બર સાહેબ જરથોશ્તનો જમાનો જણાવે છે તેઓને આથી ટેકો મલે છે. આ સર્વ ઉપરથી એમ ધારી શકાય કે જરથોશ્ત નામના બે મહાન પુરૂષો યા પેગામ્બરો થઇ ગયા હોય.

શેઠ પાલનજી બર્જોરજી દેશાઇ, જેવણ એક પરોણા દાખલ હાજેર હતા, તેવણે જણાવ્યું કે, કયાંની પાદશાહોનો સને પેગાંમ્બર જરથોશ્તનાં સને ઉપર આધાર રાખે છે. બૅરોસસ નામે બૅબીલોન્યન તવારીખનવેશ મુજેબ, તેનાં વતનમાં આઠ મીદયન રાજાઓ રાજ્ય કરી ગયા હતા, જેમનો સને ઇ. સ. પૂર્વે ૨૪૪૮ થી ૨૨૨૪ સુધીનો ગણાયો છે. આ સઘલા રાજાઓનું નામ જરથોશ્ત હતું, એમ બૅરોસસ જણાવી જાય છે. તેમ જો હોય તો પેગાંમ્બર જરથોશ્તનો સને ઈ. સ. પૂ. ૩૦૦૦ વર્ષ યા તેથી પણ આગમજ મુકી શકાય. હાલ પુરાતન બૅબિલોન્યનોની તખ્તીઓ અને લેખોનાં ઉકલાંણ ચાલે છે, તેમાં જણાવ્યા પ્રમાણે તે મુલક ઇ. સ. પૂર્વે ૨૩૦૦ વર્ષ ઉપર 'કૅદુર નાન્ખુંદી' નામે એલામી રાજાએ ફતેહ કરીને ત્યાં પોતાનાં વંશની હકુમત ચાલુ કીધી હતી, કે જે શુમારે ૩૦૦ વર્ષ સુધી ચાલી હતી. આ "કૅદુર નાન્ખુંદી" નામને Sir Henry Rawlinson "જરથુશ્ત્ર" નામ સાથે સરખાવે છે અને કહે છે કે, "કૅદુર નાન્ખુંદી" એટલે "ઇશ્તર દેવીનો દાસ" અને "જરથુશ્ત્ર" (જીરૂ+ઇશ્તર) એટલે "ઇશ્તર દેવીનું બાલક." આ સરખામણી જબાનશનાશીને કાયદે બરાબર નથી, તોપણ બૅરોસસ જેમણે મીદીઅન રાજાઓ કહી ગયો છે તેજ જો એલામી રાજાઓ હોય તો, બૅબીલોનમાં ઇ. સ. પૂર્વે ૨૩૦૦ થી ૨૪૦૦ વર્ષ ઉપર ઇરાંની પાદશાહોનો અમલ હતો અને તે જરથોશ્તી પાદશાહો હતા એમ જણાય છે. એ ઉપરથી કયાંની પાદશાહોનો સને ઘણો જુનો સાબેત થાય છે.*

બેઠક ૪ થી, તા૦ ૨૭ મી જુન ૧૯૧૪.

શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ, પોતાની બાબત રજુ કરવા આગમજ જણાવ્યું કે, ટીબેટનોની કેટલીક રીતો અને ક્રિયાઓ વગેરેમાં જે જુદી જુદી ચીજો તથા રીતો વપરાય છે તેમાં એક, જેમ આપણી આફ્રીગાનની ક્રિયામાં ફુલ મુકાય છે અને તે 'આફ્રીનામિ-ખ્ષથ્રયાંન્' પઢતાં, હાથમાં લેઇ ઉંચે પકડી રાખે છે, તે બહેશ્ત અથવા અહુરમજદનો વિચાર દર્શાવે છે, તેમ ટીબેટનોની બાબતમાં, કર્નલ વૉડેલ કહે છે કે, તેઓ ટોપી કાઢી, ડાબા કાંણ તરફ વાંકા વલી, જીભ બાહેર કાઢે છે તે સલામ કરવાની નીશાની છે. મધ્ય એશ્યામાં બંધવાઓનાં ડાબા કાંણ વગેરે કાપી નાખવાનો રેવાજ છે, તે પણ તાબેદારીની નીશાંની છે. મો. બૉન્વૅલો કહે છે કે, એક ટોલી હાથનો અંગોઠો ઉંચો કરી સલામ કરે છે, અથવા તો બેઉ મુઠી

---

* એ બાબે જુવો "સ્ત્રીબોધ અને સંસાર સુધારો" (૧૯૦૮) પાના ૯૮-૧૧૨ ઉપર આવેલો શેઠ પાલનજી બ. દેશાઇનો રેસાલો.

વાલીને સલાંમ કરે છે. હાથની ન્હાની આંગલી તે જુદો વિચાર ધરાવવાની અથવા તો દુશ્મનીની નીશાંની છે, જેને આપણાં બાલકો "કટ્ટી" કહે છે. પોંચો અને જીભ સાથે કાઢવી એ વધારે માન આપવાની નીશાંની છે. વલી ગુંઠણે પડવાનીબી એક રીત છે. એર્વદ બોદાચાર દસ્તુર કહે છે કે, ઇરાંનમાં જશનનાં મેલાવડા પ્રસંગે સઘલા હાજેર થયલાંઓ ફુલને બદલે હાથનો અંગુઠો ઉંચો કરે છે.

શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીએ "(૧૫૦) વર્ષ ઉપર આપણી ગેહ સારવાની રીતી"ની બાબત રજુ કરતાં જણાવ્યું કે, વંદીદાદની પર્ગર્દ ૯ મી તથા ૧૦ મી માં 'બિષા-મ્રૂત', 'થ્રિષા-મ્રૂત' અને 'ચથ્રુષા-મ્રૂત' વાળા વાકયો પઢયા પછી ચોક્કસ અવસ્તા પઢવા જણાવે છે. હાલની આપણી રીતી ગેહસારવાની એ છે કે, પેહલે અર્ધી ગેહસાર્યા બાદ, યાને હા ૩૧ માંના ૪ થા ફકરા સુધી "યેઘ્યા વૅરૅદા વનએમા દ્રુજૅમ' સુધી ભણવા બાદ ગેહ સારનારા મોબેદો ફરી જઇ ઉભા રહે છે, તે અરસામાં નસાસાલારો સગદીદ કરાવવા બાદ લાશને લાદી ઉપરથી ઉઠાવી ગેહાંન ઉપર મેલે છે, ત્યારબાદ મોબદો બાકીની અર્ધી ગેહ સારી પુરી કરે છે; પણ ૧૫૦ વર્ષની વાત ઉપર પેહલે ઘરમાં ઉપલીજ અર્ધી ગેહસાર્યા પછી, યાને ૩૧ માં હાના ૪ થા ફકરા સુધી પઢયા પછી, લાશને ગેહાંન ઉપર મુકી તેને અવલમજલ પોંહચાડવાની જગોએ લેઇ જતાં, બાકીની અર્ધી ગેહ સારણી રસ્તે ચાલતાં પઢીને પુરી કરવામાં આવતી અને ઍંકવીટીલનાં વખતમાં સુરતમાં એજ રીત ચાલતી હતી. "યશ્તે ગેહાંન," યાને ગેહસારવાનો રેવાજ કેરમાંનમાંબી ઍંકવીટીલનાં વખતમાં એજ મુજેબ હતો.

શમ્સુલ-ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદીએ વંદીદાદની ક્રિયામાં "સંગરીજે"ના ઉપયોગની બાબત રજુ કરતાં જણાવ્યું કે ૧૯ મી પર્ગર્દમાં ૧૦૦) 'અષૅમ્' અને ૨૦૦) 'અહુનવર' પઢવા કહેલું છે તે ગણવા માટે એનો ઉપયોગ હશે; પણ નેરંગદીનની ક્રિયા કરતાં ૯ સફેદ "સંગરીજે" વપડાય છે, તેમાં ૩ આવના ઘડામાં અને ૬ નેરંગનાં ઘડામાં ચોક્કસ પદો પઢતાં જોઈને નાંખવા ફરમાવેલું છે. ક્રિસ્ચનોમાં ચોક્કસ કલાંમ પઢતાં ૩૦૦ કાંકડા રાખી એકેક પદ પઢતાં તે ૩૦૦ કાંકડા નાખવા જણાવેલું છે. વલી જોખવાની રીતમાંબી પત્થરનો ઉપયોગ થાય છે.

બેઠક ૫ મી, તા૦ ૧૧ મી જુલાઇ ૧૯૧૪.

શેઠ શાપુરજી કા. હોડીવાલાએ પોતાની બાબત "Was it enjoined by our religion to preserve the bones of the dead" રજુ કરતાં જણાવ્યું કે અસ્તોદાંનની બાબત વંદી. પર્ગ. ૫, §§ ૪–૫ તથા પર્ગ. ૬, §§ ૪૯–૫૦ માં, તેમજ પેહલવી "દાદસ્તાને–દીની" માં ગુજરેલાંઓનાં હાડકાંઓની કેવી રીતે વ્યવસ્થા કરવી તે વિષેનું લખાંણ આવે છે, અને વંદીદાદમાં તેને માટે [illegible] શબ્દ આવે છે, કે જેનો હજીસુધી કાંઇ ચોક્કસ અર્થ થઇ શકતો નથી. એ શબ્દને તેવણ [illegible]=સં. વૃત્ ઉપરથી નિકલેલો ગણી નારીજાતીનું રૂપ થઇ [illegible] પ્રત્યમ લાગી બનેલો ધારે છે. પણ તેવણ અસ્તોદાંનની મતલબ બરાબર સીદ્ધ કરી શકયા નથી અને જે અનુમાન તેવણ ખેંચવા માંગતા તે ખાત્રીપૂર્વક ન હોતું.

એ વિષે, શમ્સુલ-ઓલમા એર્વદ ડૉ. મોદીએ જણાવ્યું કે, ઇજીપ્શયનોમાં એવો વિચાર છે કે, જયાંસુધી શરીરમાં મવાદ જેવી ચીજ રહે છે ત્યાંસુધી તેને સુખી માનવામાં આવે છે; તેમજ ટીબેટનોમાં જેમ જીવ શરીરથી જલદી છુટો પડે તેમ તેને વધારે સુખી માનવામાં આવે છે વગેરે.

બેઠક ૬ ઠ્ઠી, તા૦ ૧ લી ઑગસ્ટ ૧૯૧૪.

શેઠ શાપુરજી કા. હોડીવાલાએ પોતાની પેહલી બાબત "Dr. Justi on Crematoriam," રજુ કરતાં જણાવ્યું કે, ઇ. સ. ૧૯૦૫ માં મારબર્ગવાલા ડો૦ યૂસ્તી ઉપર લખી એ વિષે તેવણનું લેખીત મત પુછાવ્યું હતું, તેના જવાબમાં તેવણે બે પત્રો લખ્યાં હતાં. તેવણે જણાવ્યું કે:—

"અવસ્તા પ્રમાણે ગુજરેલાંની લાશને દખમામાં ઉઘાડી મેલવાનું ફરમાન છે. અને તે ફરમાંન સાસાન્યાંન જમાનામાં ઘણીજ ઓસ્તવારીથી પાલવામાં આવતું હતું. દાખલા તરીકે શાહાનશાહ કોબાદનાં વખતમાં સીઓસીસે પોતાની ધણીઆંણીને દટાવી તે પાપનું કાંમ ગણવામાં આવ્યું હતું. ગ્રીક તથા રોમન લખનારાઓએ, ગુજરેલાંને ઠેકાંણે પાડવાની બાબતમાં જે લખ્યું છે તેના જુદા જુદા ફકરાઓ Brisson નાં de Regio Persarum Principatu II. 249–250 માં તથા ડૉ૦ રૂપના Journal of the German Oriental Society માં આપેલા છે. તબરી પ્રમાણે ખુસ્રો બીજો કબરમાં દતાયો હતો; તેજ પ્રમાણે યજગર્દ ૩ જા ને પણ દાટવામાં આવ્યો હતો. સાઇરસે હોકમ કીધો હતો કે તેનાં મરણ બાદ તેની

લાશને દાટવી. જો કે હીરોદોટસ તથા જસ્તીન્યસ લખે છે કે ઇરાંનીઓ લાશને પક્ષી તથા કુત્રાં પાસે ખવડાવી દેતા હતા, છતાં તે રેવાજ ફકટ માજીઓનો હતો એમ દીશે છે. આ ઉપરથી દીશે છે કે ઇરાંનીઓ મ્હોટે ભાગે વંદીદાદનું ફરમાંન એક કોરે મેલી ગુજરેલાંની લાશને દાટતા હતા. "ક્રીમેટોર્યમ" માં સબ અથવા લાશ આતશનાં સંબંધમાં આવતી નથી, પણ ઘણીજ ગરમ હવાથી તેની રાખ થઇ જાય છે, માટે ક્રીમેટોર્યમના ઉપયોગથી વંદીદાદનું ફરમાંન તુટતું નથી."

મીં૦ હોડીવાલા આ વિચાર સાથે મલતા થયા ન હતા.

શેઠ શાપુરજી કા. હોડીવાલાએ બીજી બાબત, Disposal of the dead among the ancient Hindus." રજુ કરતાં જણાવ્યું કે વેદિક જમાનાના હિંદુઓ ગુજરેલાંઓને બાલતા હતા તેમજ દાટતા હતા, તેના દાખલા ઋગ્વેદ ૧૦–૧૬ તથા ૧૦–૧૮–૧૦ ઉપરથી આપણને મલે છે. તેમજ અથર્વવેદ ૫–૩૦–૧૪ તથા ૧૮–૨–૫૨ ઉપરથી મલે છે. અથર્વવેદ ૧૮–૨–૩૪ ઉપરથી બીજા બે રેવાજોનો ઇશારો મલે છે. તેમાં એક परोप्त હતો, જેમાં જીવતાં પણ નાતવાંન દર્દીઓને જંગલમાં મેલી મરણ પામવા દેતા હતા. અને બીજો उद्धित હતો, જેમાં શબને ખોલ્લું મુકવામાં આવતું હતું. વલી અથર્વવેદ ૧૮–૩–૭૦ તથા ૧૮–૨–૨૫ ઉપરથી જણાય છે કે, મુરદાંને પેટીમાં મુકી દાટતા હતા. અલ્બીરૂનીના India Vol. II સફા. ૧૬૭ ઉપરથી દીસે છે કે, વેદીક લોકો અસલમાં શબને ખુલ્લાં મુકતાં હતાં, અને પાછલથી બાલવાનો રેવાજ બરપા થયો. ઋગ્વેદ ૧૦–૧૬–૭ ઉપરથી જણાય છે કે મુરદાંને બાલવા અગાઉ તેને ચરબી લગાડવામાં આવતી હતી. વલી ઋગ્વેદ ૧૦–૧૬–૪ તથા અથર્વવેદ ૧૨–૨–૪૮ ઉપરથી જણાય છે કે મુરદાં સાથે ગાય અથવા ગોસ્પંદને બાલવામાં આવતાં હતાં. એ રેવાજ વિષે એવો એતેકાદ હતો કે, ઢોર ઉપર બેસીને આત્મા બહેશ્તમાં જતો હતો. થોડા વખ્ત સુધી આપણાંમાંબી એવો રેવાજ હતો કે, ચાહરૂમને દહાડે બકરૂં કાપીને તેની ચરબ આતશ ઉપર મેલવામાં આવતી હતી.

બેઠક ૭ મી, તા૦ ૨૪ મી ઑકટોબર ૧૯૧૪.

એરવદ નોશેરવાંન બર્જોજી દેશાઇએ "આતશકદેહોને તખ્તનશીન કરતાં તેમજ તેની હરેક સાલગીરેહનાં જશનનાં આફ્રીન્‌ગાંનના કર્દા" ની બાબત વિષે વિવેચન કરતાં જણાવ્યું કે, આ બાબત ઉપર આપણે ફકટ ધર્મઅભ્યાસીની નજરેજ જોવાનું છે કે, હાલમાં જે રીતે એના સંબંધમાં કર્દાનું ભણતર

જાહેર જશ્નોમાં થાય છે તે બરવખ્ત તથા બરમહેલનું છે કે નહિ. ચાલતા આવેલા રેવાજ અને તરીકાની વચ્ચે આવવાની આ બાબતમાં કાંઇ નેમ રાખી નથી. રેવાજ અથવા તરીકતો ફેરવાયાજ કરે છે. દાખલા તરીકે કેટલાક ભગરસાથવાલા સાહેબો આગલ ફરેસ્તાનાં આફ્રીન્ગાનમાં 'તાઑ અહ્નિ-માને'નો કર્દો પઢતા હતા, પણ હાલ તેઓએ મ્હોટે ભાગે તેમાં ફેરફાર કરી, 'યાઑ-વીસાત્' નો કર્દો પઢવા માંડયું છે, તો જો કે તેમાંથી કેટલાકો જુદા પડે છે. પણ બીજા પંથકવાલા સાહેબો તો ઘણે મ્હોટે ભાગે ફરેસ્તાનાં આફ્રીન્ગાંનમાં 'તાઑ અહ્નિ-માને'નોજ કર્દો પઢે છે. એ વગેરે બીજી ક્રિયાઓમાંથી જુદા જુદા પંથકમાં અમુક ફેરફારે ક્રિયાઓ થાય છે. આ બાબતનાં સંબંધમાં એવું કહેવામાં આવે છે કે, જે દિવસે આતશબેહરાંમ સાહેબ, આદરાંન સાહેબ, કે દાદગાહ સાહેબને પરથવામાં આવે છે તે દિવસે તેમજ તેની દરેક સાલગીરેહ ઉજવવાનાં પ્રસંગે જશનમાં પેહલાં તે રોજનો કર્દો પઢી, પછી રાબેતા મુજેબ દહમ અને સરોશનો કર્દો પઢવામાં આવે છે, જેમકે આતશબેહરાંમો તથા આદરાંનોની સાલગીરેહ સરોશ રોજે પડે છે તો પેહલે સરોશનાં પેહલા ૩) કર્દા સાથનું આફ્રીન્ગાંન કરી, પછી ઉપર જણાવ્યા મુજેબનાં બે કર્દા પઢવામાં આવે છે, પણ ત્યારે પેહલો અને છેલ્લો કર્દો, કાઇબી ફેરફાર વિના એકસરખો છે તો તેમાંથી કાંઇ સાર્થક સરતું નથી. અત્રેના જરથોશ્તી અંજુમનનાં આતશબેહરાંમ સાહેબની સાલગીરેહ અર્દિબેહશ્ત મહિનો ને અર્દિબહેશ્ત રોજે પડે છે તો તેનાં જશનમાંબી સરોશ, દહમ અને સરોશનો કર્દોજ પઢવામાં આવે છે અને તેને માટે એવું જણાવવામાં આવે છે કે અર્દિબહેશ્ત રોજનો કર્દો કરવામાં આવે તો ભગરસાથવાલા સાહેબો, તેમાં 'તાઑ અહ્નિ-માને' નો કર્દો પઢે નહી તેથી સરોશનો કર્દો રાખ્યો છે. પણ એ વિષેનો ખોલાસો આપણે ઉપર જોઇ ગયા. કેટલાંક પુસ્તકોમાં ક્રિયાની બાબત જુદી રીતે જણાવી છે, પણ તેનો અમલ જુદીજ રીતે થાય છે. વલી પુસ્તકોમાં જણાવવા મુજેબ કરવામાં આવે છે તો તે ઘણું કરી અસલ મતલબ, પ્રસંગ અને મહેલમાં બરાબર હોતું નથી. મીરકીને એ બાબતમાં ઘણા સાહેબો તરફથી વાકેફી મેલવી જે સમજ મેલવી છે તે પછી સેવકનાં નાકેશ વિચાર મુજેબ તો એ પ્રસંગે જે કર્દા થવા જોઇએ તે આ મુજેબ હોવા જોઇએ કે, આતશબેહરાંમ સાહેબની પરથના તેમજ તેની દરેક સાલગીરેહ ઉજવવાનાં પ્રસંગે આદર, બેહરાંમ, દહમ અને સરોશનાં કર્દા સાથનું ભણતર વખ્તને અનુસરતું અને બરમહેલ થઇ પડે તેમજ આદરાંન તથા દાદગાહની પરથનાં તેમજ સાલગીરેહનાં પ્રસંગે આદર, દહમ અને સરોશની આરાધણા અનુકુલ થઇ પડે.

એ ઉપર વાદવિવાદ થતા એર્વદ માણેકજી રૂ. ઉનવાલાએ જણાવ્યું કે, ઉરનની

અગ્યારીનાં દાદગાહને પરથવા તથા બોએ દેવાની ક્રિયા તેવણુની આગેવાંની હેઠલ આઠ દિવસ સુધી ચાલી હતી, તે ઉપરથી એર્વદ બજાંએ પુછયું કે તે ક્રિયા તમારા વિચાર મુજેબ થઇ હશે, જેનાં ખોલાસામાં તેવણે જણાવ્યું કે, કેટલીક પુસ્તકો પ્રમાણે અને કેટલીક તેવણુનાં પોતાનાં વિચાર મુજેબ થઇ હતી. તેવણે જણાવ્યું કે જયાંસુધી ઉદવાડાનાં આતશબેહરાંમ સાહેબ નવસારીમાં હતા ત્યાંસુધી તેની સાલગીરેહનાં જશનમાં આદર, દહુમ અને સરોશના કર્દા સાથનું જશન કરવામાં આવતું હતું અને નવસારીથી તે આતશબેહરાંમ સાહેબને વલસાડ લેઇ ગયા પછીથી આજ દિન સુધી તેનાં સાલગીરેહનાં જશનની ક્રિયા ઉપર મુજેબ અઇવિસ્રૂથ્રેમ્ ગેહમાં થાય છે. તેવણે જણાવ્યું કે દસ્તુર દારાબ હોરમજદયારનાં વડવાને હાથની ક્રિયાની લખેલી નકલ જે યજદગર્દી ૧૦૮૪ માં થઇ હતી તેમાં આફ્રીનગાંનનાં દરેક કદામાં 'યાઓ-વીસાત્' નો કર્દો લખેલો છે, પણ તેનીજ ઉપરથી પાછલથી વલસાડના રહીશ ફરેદુન ફરાંમ સંજાણાએ જે નકલ કીધી છે તેમાં તેણે સદંતર ફેરફાર કરી 'તાઓ અહ્મિન્માને'નો કર્દો પઢવા લખ્યું છે.

એર્વદ જમશેદજી દા. નાદેરશાહે જણાવ્યું કે, નીરંગસ્તાનમાં 'દો દહુમ' કરવા જણાવેલું છે. તે 'તાઓ અહ્મિન્માને' ના કર્દાનું છે. કદમીઓમાં ફરેસ્તાનાં આફ્રીનગાંનમાં, મુલ્લાં ફીરોજજી અને તેવણુની સાથના દાદીશેઠનાં આતશબહેરાંમ સાહેબવાલાઓ બધાં કર્દા એક સરખી રીતે 'દો-દહુમ'નાંજ કરે છે, જયારે ફરાંમજી કાવસજી આતશબેહરાંમનાં તથા બીજા સાહેબો દરેક ફરેસ્તાની ખશ્નુમનથી કરે છે.

એર્વદ માણેકજી ઉનવાલાએ જણાવ્યું કે, સુરતનાં કદમી વકીલનાં આતશબેહરાંમની બોયની ક્રિયા આપણી મુઆફેક દે છે. જયારે દાદીશેઠ તથા બનાજીનાં આતશબેહરાંમની બોયની ક્રિયા જુદી રીતે થાય છે, તેવણે વધુ જણાવ્યું કે ક્રિયાઓમાં હિંદુસ્તાંનમાં દરેક ઠેકાણે શું શું ફેર છે તેના તેવણે દરેક ઠેકાણે જઇ, જાતે તપાસ કરી, એક રેસાલો મર્હૂમ શેઠ. અરદેશર સો૦ દસ્તુર કામદીનની સૂચણુા તેમજ ઇનામની ગોઠવણ ઉપરથી તૈયાર કર્યો છે, પણ તે તેવણુનાં મરણથી જાહેરમાં આવી શકયો નથી.

મંડલીએ એ રેસાલો તેવણુને અત્રે લાવી વાંચવાને એલતેમાશ કરી હતી.

બેઠક ૮ મી, તા૦ ૩૧ મી ઓકટોબર ૧૯૧૪.

જુનાગઢની બાહુદ્દીન કૉલેજવાલા પ્રોફેસર શાહપુરશાહ હોરમજજી હોડીવાલા, M. A. એ **"મેહરવૈદ કુટુંબની પુરાંણી જાગીરનાં દસ્તાવેજો"**ની બાબત રજુ કરતાં જણાવ્યું કે, ૧૮ વર્ષ ઉપર, નવસારીના દસ્તુર મહેરજી-રાંણા, પાદશાહ અકબરની દરબારમાં દીલ્હી ગયા હતા કે નહી, તે વિષેની જે જોશભર જીકર ચાલી હતી તેમાં તેવણેબી પોતે ભાગ લઇ, કેટલાક પુરાણાં દસ્તાવેજો એકઠા કરી, તે ઉપર પોતાના વિચાર જણાવ્યો હતો, જેનો એક પુસ્તકના આકારમાં સંગ્રહ કરી છપાવવાનો એરાદો હતો; પણ નાસાજ તબીઅત અને બીજી કેટલીક નધારેલી હરકતોને લીધે તે મોકુફ રાખવો પડયો હતો. જે અરસામાં શમ્સ-ઉલ-ઓલમાં, એર્વદ ડૉ૦ જીવનજી જ૦ મોદીએ પોતા તરફથી એ બાબતને લગતું વિવેચન પુસ્તકના આકારમાં પ્રસીદ્ધ કરવાનું જણાતાં તેવણે (પ્રો૦ હોડીવાલાએ) પોતાની પાસેનાં સર્વે પુરાંણાં દસ્તાવેજો વગેરે ડૉ૦ મોદીને સેપોર્દ કીધા હતા. અને તે "ફોટો-જીન્કો" સાથના પુસ્તકમાં છપાયલા છે. એ દસ્તાવેજોની સંખ્યા લગભગ ૪૦૦)ની છે, તેમાંથી મેં ૧૦-૧૫ તારવી કાઢયા છે. કમનસીબે આપણી પાસે તવારીખ જેવું કશું નથી. નેહાવંદ અને કદશ્યાની વખ્તની તવારીખતો તે વખ્તનીજ ખતમ થઇ છે. મારી પાસેના દસ્તાવેજો અસલ નથી પણ તે નકલ છે, યાતો સરકાર-દરબારમાં કાજીઓ-અને મહોતસબોની તે ઉપર મોહરો થયલી છે. એ દસ્તાવેજો ખુદ નવસારીના હોવાથી તે સર્વે મેહરજીરાણાં કેતાબખાનાનાં ઑનરરિ સૅક્રેટરિ એર્વદ રૂ૦ કે૦ મોદીને, તેમાં જાલવી રાખવા માટે સેપોર્દ કર્યા છે; તેમ આ બાબતનાં દસ્તાવેજો પણ ત્યાંજ જાલવી રાખવા મુકવામાં આવશે. **"પાર્સી પ્રકાશ"**માં મેહરવૈદનું નાંમ કે તેને લગતો કોઇબી દસ્તાવેજ નથી, પણ નવસારીનાં લોકો એ કુટુંબની બાબત વિષે સારી રીતે માહીતગાર છે. એમાં વળી મુલ્લા જામાસ્પનોબી એક દસ્તાવેજ છે. એ મુલ્લાં જામાસ્પ તે આપણા "હિંદના દાદા" બુઝોર્ગ શેઠ દાદાભાઇ નવરોજી નાં વડીલ છે, જેવણ દોરડીની અટક ધરાવે છે. એ મુલ્લાં જામાસ્પ, ચાંદજી કામદીનનાં વંશનો હતો. એવું કેહવામાં આવે છે કે, તે વેલા નવસારી અત્તર બનાવવા માટે મશહુર હતું, અને નવસારીનું એ અત્તર દીલ્હીમાં પાદશાહને નજર કરવાને મોકલ્યું હતું. તેની બનાવતથી ખુશ થઇ, પાદશાહે ઇનાંમમાં તેને (મુલ્લા જામાસ્પને) કેટલાંક વીંઘા જમીન ભેટ આપી હતી. હવે એ જાગીર બે રીતે અપાતી હતી-એક બક્ષેશ તરીકે અને બીજી નોકરી અર્થે-નવસારીનાં પોલ્યા દેશાઇનાં એક વડીલને ૪૨૫ વીંઘા જમીન આપવામાં આવી હતી તે નોકરી અર્થે હતી; જ્યારે મેહરવૈદને જે જાગીર બક્ષી હતી, તે પાદશાહનાં રાજ્ય અને હકમાં ભલી દોઆ કરવા માટે આપવામાં આવી હતી. મેહરવૈદનાં કુટુંબને ૫૦) વીંઘા જમીન બક્ષવામાં આવી હતી. શાહાનશાહ અકબરે હીજરી ૯૮૦-૮૧=ઇ.સ. ૧૫૭૨-

૭૩ માં ગુજરાત જીત્યું હતું અને સુરતને ઘેરો ઘાલ્યો હતો. આગળાં મોગલાઇ રાજ્યોમાં એવો રવૈયો હતો કે, દરવેશો, ફકીરો, હકીમો, વિદ્વાનો, સાલેકો વગેરેને દરરોજ તેમનાં ગુજરાંણ અર્થે ચોકસ લવાજમ અપાતું હતું જેને "યોમીઅ" તરીકે ઓલખવામાં આવે છે. એ "યોમીઅ" તે "યુમ"=રોજ દહાડા ઉપરથી નિકલ્યો છે, એટલેકે દરરોજને લગતું. જુનાગઢમાં આજે પણ એવો રવૈયો ચાલુ છે કે મજકુર વર્ગનાં કેટલાંક માણસોને, વિદ્યાર્થીઓને વટીક, દરરોજનું લવાજમ એક રૂપ્યો કે બે રૂપ્યા અક્ષેશ દાખલ આપવામાં આવે છે અને તેની નેમ એ કે તે લોકો પાદશાહી વંશ અને તેનાં રાજ્યની બરકરારી માટે ખોદાતાલા હજુર ભલી દોઆ ગુજારતા રેહે. મેહરવૈદને જે જાગીર અક્ષેશ કરવામાં આવી હતી તેની નેમ એ કે, તે ગરીબ-ગુરબાં, મુફલેશ અને દરવેશ તથા ફકીરો વગેરેની દવા-દારૂ મુફત કરતો હતો. ૧૫૫૦-૭૫ ની કાઉસ-કામદીનની રેવાયતમાં મેહરવૈદ તથા તેનાં ભાઈનું નાંમ આ રીતે મલે છે:- "મેહર સાગર તબીબ અને ધયાં સાગર તબીબ." મેહરવૈદનાં બાપ કામદીન-આશાએ હીજરી ૯૫૨ માં "સોધલ" નામનાં હિંન્દુ પાસે ૭૦૦) ફદયાં કર્જે લીધાં હતાં, જેનું ૧૫૦) ફદયાં વ્યાજ થયું હતું, તેનો દાવો માંડયો હતો અને કાજીએ તેની પટાવત કીધી હતી, તેને લગતો કાજીની મોહર સાથનો કર્જ ખાતાંનો દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો.

અસ્પંદયાર સોહરાબની રેવાયત જે ૧૫૧૬-૨૭ ની છે, તેમાં જે નામો આવે છે તે બીજે કેહેબી આવેલાં નથી; તેમાં માણેક ચાંગા દેશાઇનું નામ આવે છે. ચાંગા આશા વિષે એક નિબંધ ગયે વર્ષે આ મંડળી હજુર મેં વાંચી તેમાં એવું સીધ્ધ કર્યું હતું કે, એ મહાન નામીચો પુરૂષ ઇ૦ સ૦ ૧૫૧૭ માં ગુજર પામ્યો હતો; પણ અગરજો એવું ઠડે કે ચાંગા આશા ૧૫૧૭ માં ગુજરી ગયા હુતા નહી, તો પછી માણેક ચાંગાને તેની ગાદી મલે નહી.

રાણા જેસંગને જાગીર આપેલી તેનાં હીજરી ૯૨૩=ઇ૦સ૦ ૧૫૧૭ તથા ૯૪૧ નાં દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા. વલી એજ સાલમાં કામદીન આશા-વૈદ પાસેબી ઇનામની જાગીર હતી તેનો દસ્તાવેજબી છે. અત્રે એક દસ્તાવેજ રજુ કરતાં તેવણે જણાવ્યું કે, એમાં એક શબ્દ શેકસ્તેહ રીતે લખેલો છે તેનું વાંચણુ બરાબર સીધ્ધ થતું નથી, પણ એ જમીનની માપણીનાં કોઇ ભાગનું નામ છે એમ તેની મતલબ ઉપરથી સ્પષ્ટ જણાય છે. એ શબ્દનો છેલ્લો ભાગ 'વાર' અથવા 'અવાર' ઘણો ખોલ્લી રીતે વાંચી શકાય છે. એમાં એક બીના એમ છે કે. "તે જમીન શેહદાર-આમેલાંન=કારભારી 'ચક' બાંધીને આપે" યાને તેની ચારે દિશા નક્કી કરી આપે. એ હીજરી ૯૮૨=ઇ૦સ૦ ૧૫૭૪ નો દસ્તાવેજ છે. એક બીજો દસ્તાવેજ હીજરી ૯૮૯ નો છે, જે પાદશાહો તરફથી મુસ્તહક યાને દરવેશો, ઉસ્તાદો, આલમાઓ વગેરે લાયકાતવાલાઓને તેમના ગુજરાંણને માટે તલાતી-કાનુંનગુયો (કાંગા) "Land revenue Code"

મારફતે જાગીર અને વજીફાનો કરી આપવામાં આવતો હતો. આપણામાં જે કાંગા ઓખર છે તે એ 'કાનુનગુઈ' ઉપરથી હશે, તેમજ હિંદુઓમાં 'કાંનુગા'ની અટકબી ઉપલાજ ઉપરથી પડી હોય. હવે એ જાગીર તથા વજીફા આપવામાં આવતા તેની નેમ એ હતી કે તે મેલવનારાઓ પાદશાહ, તેનાં વંશ તથા તેના રાજ્ય ઉપર કાંઇબી બલા અથવા આફ્ટ આવી પડવાની હોય તો, તે જાગીર અથવા વજીફા બક્ષેશ મેલવનારાઓની રાત-દિવસની ચાલુ દોઆથી સદા દૂર રહે. જેહાંગીરશાહે પોતાનાં રાજ્યનાં ૨૧ માં વર્ષમાં ૫૦ વીંઘા જમીન બક્ષેશ આપવાનું ફરમાન કરી આપ્યું છે તે કાજીની મોહર સાથનું થયલું છે.

વલી હીજરી ૧૦૫૩ નો બીજો દસ્તાવેજ છે, જે ઉપરથી ૧૫૪૩ અને ૧૬૪૩ માં તે પાછા નવેસરથી કરી આપ્યા હતા. હીંદુઓને આપેલી જાગીરો તેમની કાંઇક કસુરને લીધે પાદશાહે જપ્ત કીધી હતી તેમાં કેટલાક પાર્સીઓનીબી હતી. તે એવું સમજીને જપ્ત કીધી હતી કે તેઓબી હિંદુઓજ છે, પણ જ્યારે દીલ્હી દરબારમાં પાદશાહની હજુર મેહરજીરાંણાં, મેહરવેદ અને મુલ્લાં જામાસ્પવાલાઓએ જઇ ખાત્રી કરી આપી કે તેઓ હિંદુ નથી પણ 'મજુસ' યાને જરથોશ્તીઓ છે, ત્યારે તેઓની જપ્ત કીધેલી જાગીર પાછી બક્ષી તેનાં પરવાના ફરીથી કરી આપ્યા હતા. મેહરવેદનાં બાપ-બપાવા વંશ પરમપરાથી હકીમુ કરતા હતા. મેરહવેદનાં વંશે એ ગરીબ-ગુરબાં, ફકીર, દરવેશ અને લાચારોની મુફ્ત દવા-દારૂ, માહફેજત અને સારવાર કીધી હોય તે જાણનારાઓની પોતાની શાક્ષી સાથની સાખનો દસ્તાવેજ સરકાર-દરબારમાં રજુ કરવાનો રેવાજ હતો, કે જે રજુ કરવાથીજ તેઓને રાજ તરફનું લવાજમ મલતું હતું. એક દસ્તાવેજ તા૦ ૨૫ મી જીલહજ ૯૯૧ હીજરીનો છે, જેમાં અસલ તરીકા મુજેબ, મેહર તબીબને ૧૩) દોકડાની રકમ દરરોજ મલે અને તેની પાસેથી તે રકમની પોંહોંચ (receipt તરીકે) લખી લેવામાં આવતી હતી. હીજરી ૯૯૫ નો બીજો દસ્તાવેજ ૧૩ દોકડામાંથી ૫ મોરાદી દોકડાનો છે. તે એમ જણાય છે કે જ્યારે અકબર ગાદીએ આવ્યો ત્યારે તેણે પોતાના રાજ્યનાં ચલણના સીક્કામાં કાંઇ ફેર કર્યો તેને લગતો એ છે. મેહરવેદને લગતાં એ મુજેબનાં ફાર્સી ૪૦ કાગજો છે, ત્યારે બીજાં ગુજરાતીમાં છે તે રેવાયતોમાં તથા બીજે ઠેકાણેબી આવે છે.

મેહરવાન કએખુસ્રોનુ કોલોફોન.

યજદગર્દિ સને તથા પાર્સી સને વચ્ચે ૨૦ વર્ષનો તફાવત છે તે વિષે થોડાં વર્ષની વાત ઉપર મર્હૂમ કાબેલ એર્વદ તેહમુરસ દીનશાહ અંકલેશ્વર્યાએ રેવાયતનાં સને તે પાર્સી સને છે અને યજદગર્દિ નથી તે વિષે આ મંડલીમાં એક બાબત લાવ્યા હતા, પણ કેટલીક સારી શહાદતોનાં અનુમાન ઉપરથી મને એમ જણાય છે કે રેવાયતમાં જણાવેલા સને તે યજદગર્દિ છે, શેઠ હોડી-

વાલાએ પોતાનો વિષય ખતમ કરતા જણાવ્યું કે, આ બાબત અત્રે રજુ કરવાની મારી મૂલ નેમ એ છે કે, એ દસ્તાવેજો પરાગદેહુ ન થાય, પણ તેની ઉપર કોઇબી રીતે રોશની પડી અંધારામાં રહેલી બીનાનો ખોલાસો થાય. મારો દાવો એવો નથી કે મારી તપાસ, અવલોકણ, અભ્યાસ અને અજમાયશ ખરી અને નિઃશંસ્ય છે. કદાચ મારીબી કાંઈ ભૂલચુક, ગફલતી અને ગેરસમજુતી હશે; જેનો એવાં વીદ્વાન મંડલથી ખોલાસો થઇ શકશે.

સર્નશીન સાહેબે પ્રોફેસર હોડીવાલાનો મંડલી તરફથી ઉપકાર માનતાં જણાવ્યું કે, એકવાર ફરીથી તેવણે આપણી વચ્ચે હાજેર થઇ જે રસીલું, પુરાંણી બાબતોનું, તેને લગતા અસલ દસ્તાવેજો વાંચી દેખાડી, તે ઉપર સરલતાથી અસરકારક રીતે વિવેચન કીધું છે અને તેને માટે જે તકલીફ અને જેહામત ઉઠાવી છે તે ખરેજ તેવણુને ધન્યવાદ આપનારી છે, અને આજનાં તેવણનાં વિષય ઉપરથી આપણને ઘણું જાણવા તથા અનુભવવા બની આવ્યું છે, માટે એકવાર ફરી તેમનો આભાર માનવામાં આવે છે.

બેઠક ૯ મી, તા૦ ૭ મી નવેમ્બર ૧૯૧૪.

જુનાગઢની બાહુદીન કૉલેજના પ્રોફેસર શાપુરશાહ હો. હોડીવાલા, M.A. એ "ઇ. સ. ૧૬ મી સદીના નામીચા પારસીઓને લગતાં અસલ દસ્તાવેજો"ની બાબત રજુ કરી હતી, જેમ કરતાં તેવણે લગભગ ૮-૧૦ દસ્તાવેજો જગા, ઘર, ભાગ-હીસ્સા વગેરેની લગતી બીના ઉપર પોતા તરફનું કેટલુંક જાણવાજોગ વર્ણન રજુ કર્યું હતું.

મંડલીના એક સ્થાનીક સભાસદ, શેઠ પેસ્તનજી કાવસજી કોટવાલ, B.A., LL.B. તરફનો તા૦ ૨૪-૧૦-૧૪ નો પત્ર, જેમાં તેવણે મંડલીના સભાસદ તરીકેનો સંબંધ તા૦ ૧-૧૧-૧૪ થી છુટો કરવાનું જણાવ્યું હતું તે રજુ કરવામાં આવતાં તે બહાલ રાખી તેની નોંધ લેવાનું ઠેરવ્યું હતું.

શેઠ પાલનજી બર્જોરજી દેશાઇને મંડલીના સ્થાનીક સભાસદ કરવા માટેનો તેવણ તરફનો મંડલીનો ઉપકાર માનનારો તા૦ ૯-૧૧-૧૪ નો પત્ર, જેમાં તેવણે પોતાના "ફરોહર" વિષેનો વિષય આંખની અડચણના સબબે વાંચી ન શકવાને લીધે ભાષણ રૂપે રજુ કરવા દેવાની બહાલી માંગી હતી, જે મોટી ખુશી સાથે મંડલીએ સ્વીકારી હતી.

બેઠક ૧૦ મી, તા૦ ૧૪ મી નવેમ્બર ૧૯૧૪.

એર્વદ જમશેદજી દા૦ નાદેરશાહે, મર્હૂમ એર્વદ તેહમુરસે ૨૮ માં વર્ષની ૧૬ મી અને ૩૦ માં વર્ષની ૨ જી બેઠકમાં પાર્સી સને તથા યજદગર્દિ સને વિષેની બાબત લાવ્યા હતા, ત વિષે પ્રોફેસર હોડીવાલાએ વિવેચન

કરતાં મર્હૂમ એર્વદ તેહમુરસની કાંઇ ગેરસમજુતી વિષે જણાવ્યું હતું. તે ઉપરથી, એરવદ નાદેરશાહે કહ્યું કે તેહમુરસનું કેહવું બરાબર હતું. તે ઉપરથી પ્રોફેસર હોડીવાલાએ કેટલોક વધુ ખોલાસો કરતાં જણાવ્યું કે એ બાબતનો એક વિષય તેવણે દાખલા દલીલો સાથે તૈયાર કર્યો છે તે તેવણ બીજી કોઇ જોગવાઇએ આ મંડલીમાં રજુ કરશે, ત્યારે તે ઉપર લંબાણથી વાદવિવાદ કરવાની તક મલશે; માટે એ ઉપરથી. હાલતુરત એ વિષેનો વાદવિવાદ મોકુફ કરવામાં આવ્યો હતો.

તે પછી પ્રોફેસર હોડીવાલાએ ઇ૦ સ૦ ૧૬, ૧૭, તથા ૧૮ મી સદીનાં કેટલાક પુરાણાં દસ્તાવેજો રજુ કરી તે ઉપર પોતા તરફનું રસીલું અને વિધ્યતાભર્યું વિવેચન કર્યું હતું. જેમ કરતાં, તે વખ્તે વપરાતાં ચલણનાં સીક્કાઓ તેમજ તે વખ્તની કેટલીક બોલાતી એસ્તેલાહ અને બીજી બાબતો ઉપર લંબાંણથી ખોલાસો કર્યો હતો.

બેઠક ૧૧ મી, તા૦ ૫ મી ડીસેમ્બર ૧૯૧૪.

મંડલીની જ્યુબિલીના મેમોરીયલ વોલ્યુમના પ્રગર્તાવનાર શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી જ. મોદી તરફનો તા૦ ૧-૧૨-૧૪ નો પત્ર, જેમાં તેવણે એ મેમોરીયલ વૉલમ પ્રગટ નહી થઇ શકવાનાં સંબંધમાં લંબાણથી ખોલાસા રૂપે જણાવ્યું હતું, અને ભવિષ્યમા તેવણની જીંદગીની યારીએ પોતે પ્રગટ કરવા વિષે જણાવ્યું હતું, તે સાથે એનાં સંબંધનો શરૂઆતનો કેટલોક ખર્ચ થયો હતો જેની રકમ રૂ. ૧૧-૪-૬ ની છે તે પગાર કરવા માટેનો આવ્યો હતો તે રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવા તથા ખર્ચની મજકુર રકમ પગાર કરવા માટે જોડયા મુનશીને ફરમાશ થઇ હતી.

જુનાગઢની બાહુદ્દીન કૉલેજનાં પ્રિન્સીપાલ શાહપુરશાહ હો. હોડીવાલાએ પોતાની "The Greek philosopher said to have been converted by Zoroaster," ની બાબત વિષેનો પોતાનો લંબાણ વિદ્દતાભર્યો વિષય અંગ્રેજીમાં રજુ કરતાં જણાવ્યું કે, મારે શરૂઆતમાંજ જણાવવું જોઇએ કે, આ બાબત અતિષ્ય મુશકેલ અને ગુચવાડાવાલી હોવાથી, તેનાં સંબંધમાં કાંઇપણ અમુક સત્તાથી બોલી, કોઇપણ નિર્ણય ઉપર આવી શકાય નહી. પેગામ્બર સાહેબ જરથોશ્તે શહાનશાહ ગુશ્તાસ્પનાં વખ્તમાં પોતાનો બરહક ધર્મ ફેલાવ્યો તે વેલા તેવણની પોતાની દીન કબુલ કરવા આગમજ, એ દીનની ફીલસુફીની કસોટી કરવા માટે તેવણ હજુર એક યુનાની ફીલ્સુફને મોકલવામાં આવ્યો હતો. તેણે પેગામ્બર સાહેબની પવિત્ર નુરાણી અથવા ખોરેહ જોઇને, તેવણના ચેહરાની પ્રભાક્ષરથી તુરતજ જણાવ્યું કે. આ પ્રકાશિત પુરૂષ કદીબી જુઠું

બોલશે નહી. તે ગ્રીક વિદ્વાંને પેગામ્બર સાહેબનો જન્મ કયે વખ્તે થયો હતો તે વિષે પુછતાં તેનાં જવાબમાં તે ફીલસુફે કહ્યું કે, જે માહન નર આવો સુંદર તપકો ધરાવે તે કદીપણ ખોટું ડોલ ઘાલનાર હોય નહી. તે ફીલસુફને માટે એવું કહે છે કે, તેણે પેગામ્બર જરથોશ્તનું શિક્ષણ સ્વીકાર્યું હતું. એ ફીલસુફને માટે વિદ્વાંનોમાં જુદા જુદા મતો છે. એ ઇરાનીઓમાં જણાયલો ચંદ્રહગાચ, જેને માટે શેકંદ ગુમાનીક વીજાર, ફીર્દુસીના શાહનામાનો Warnerનો તર્જુમો, જરથોશ્ત બેહરાંમ પજ્દુનું જરથોશ્તનામું, દકીકી શાયર, ડૉ૦ વેસ્ત, પ્રોફેસર જેકસન, ડૉ૦ સ્પીગલ વગેરેની દલીલો ટાંકી બતાવી હતી. એ ગ્રીક ફીલસુફ તે એપોલોનીઅશ જેને બલીનાશ કહે છે તે હોવો જોઇએ. અથવા તો બીજાઓ જેને ન્યાતુશ કહે છે, જેને દસાતીરમાં તીત્યાનુશને નામે જણાવેલો છે. એ બલીનાશનું મસુદીએ પોતાની કેતાબમાં ૨૦) સફાનું લંબાંણ દાસ્તાંન આપ્યું છે. ઉપર જે ચંદ્રહઘાચ વિષે જણાવ્યું, તે સંસ્કૃતનો સંકર આકાશ છે. જે ઉપરથી સંકરાચાર્ય નામ પડયું છે. અને એને વિષે હિંદુ પંડીતો કહે છે કે તે ઇ૦ સ૦ પૂર્વે ૮) મી સદીમા થઇ ગયો હતો. વલી હિંદુઓમાં એને માટે એવો વિચાર છે કે એ બુધની આગમજ ઇ૦ સ૦ પૂર્વે ૫ મી યા ૬ ઠ્ઠી સદીમાં થઇ ગયો છે. વલી ઘણાંક અસલી હિંદુ પંડીતો તો તેને હજારો વર્ષ આગમજ થઇ ગયલા તરીકે જણાવે છે.

પ્રોફેસર હોડીવાલાએ જણાવ્યું કે, દસાતીર અને દબેસ્તાંન કેતાબોમાં સ્પિતમ જરથુશ્ત્ર વિષે જે લંબાંણ એહવાલો આવેલા છે તેમાં લખ્યું છે કે, હિંદુ ધર્મના બે આગેવાનો, ચંદ્રહઘાચ અને બીઆસ, તે સાહેબની પરિક્ષા કરવા અને તેમને હંફાવવાની ઉમેદમાં આવ્યા હતા. પણ પોતેજ તકરારમાં માહત થઇને તે શાહેબના શાગેર્દ બન્યા હતા. વલી એજ મીસાલે ગ્રીક લોકોએ પણ પોતાના એક નામીચા હકીમ તીઆનુશ, નીઆતુસ અથવા તુતીઆનુશને પણ તેઓ પાસે મોકલ્યો હતો, પણ તે કોઇપણ સવાલો રજુ કરે તે આગમજ અહુરમજ્દ તરફથી થયલી આગાહીની બરકતથી તે સવાલોનો આગમજથી તૈયાર કરેલા જવાબો તેને સંભલાવીને તેને અચરત કરી નાંખ્યો હતો, અને તેણે પણ જરથુશ્ત્રની નવી દીન કબુલ કીધી હતી. હવે આ તીઆનુશ, તુતીઆનુશ કોણ છે તે વિષે ઘણીક તર્કો રજુ થઇ છે, ત્રોપર અને રોજનબર્ગ તેને પીથાગોરસ સમજે છે. જૅકસન તેને પ્લેટો ધારે છે અને એર્વદ શેહર્યારજી તેને કોઇ ફ્રોકીઓન માને છે. પણ આ સઘલાં નામો વચ્ચે અને તીઆનુશ નામ વચ્ચે કાંઇપણ મલતાપણું નથી, અને એ સઘલી તર્કો ઘણી અસંતોષકારક છે. પ્રોફેસર હોડીવાલાએ પોતાની એક અટકલ રજુ કરી કહ્યું કે તે એપોલોનીસ તાએનીઅસ હોય એમ લાગે છે. પછી એપોલોનીઅસના આચાર-વિચાર દસાતીરના લખનારાઓનાં આચાર-વિચારો સાથે કેટલા બધા એકસરખા હતા તે બએમાન અને જેલર અને જોવેતનાં લખાંણો ઉપરથી

બતાવ્યું હતું. ત્યાર પછી વળી મસુદી, અલ્બીરૂની, યાકુટ, અબુલફ્જલ, મીરખોંદ, ખોંદગીર, કજવીની વગેરે અરબી અને ફાસીં તવારીખનવેશોમાંથી "બલીનાસ હકીમનાં" નામ હેઠલ એપોલોનીઅસનાં જે બયાંનો મલે છે તે ટાંકી બતાવ્યાં હતા અને ઉમેર્યું હતું કે એ બલીનાસ હકીમના સંબંધમાંજ મનમાંનાં વિચારો જાણી લેવાની શક્તિનો એક ચમત્કારિક પ્રયોગની કહાંણી મળે છે, જે દસાતીરવાળી આ વાતને ઘણેક દરજ્જે મલતી આવે છે. અને એ કહાંણી થોડા ઘણાં ફેરફારો સાથે પ્રીદુંસી, મસુદી, અથથાલબી, નીજામી અને અબુલફ્જલનાં લખાંણોમાં મલે છે. વલી ફાસીં અને અરબી લખનાર જાણતા હતા કે, એપોલોનીઅસ કેપેડોશ્યાનાં એક શેહર 'ટાએના'માં જન્મયો હતો, અને તેથી તેઓએ જન્મભૂમી ઉપરથી જાણીતા લખનારાઓને એલકાબો આપવાનો એક ઘણોજ સાધારણ રેવાજ (જેનાં તેઓએ સંખ્યાબંધ દાખલા આપ્યા હતા) ઉપરથી તીઆનુસનું નામ બતાવીને તે નામ હેઠલ તેને દસાતીરમાં દાખેલ કરેલો છે. હવે જરથોશ્ત સાહેબ અને એપોલોનીઅસના જમાના વચ્ચે ઘણો ફરક છે તે વાત ખરી છે, પણ એમતો ચંઘ્રહઘાચ (શંકરાચાર્ય) અને વીઆસ (વેદ વ્યાસ અથવા વ્યાસ બાદરાયણ) અને આપણા પેગામ્બર સાહેબનાં જમાના પણ મલતા છે એમ કોઇપણ કેહતું નથી. તોપણ સઘલાઓ કબૂલ રાખે છે કે, ચંઘ્રહઘાચ તે શંકરાચાર્ય છે અને બીઆસ તે વ્યાસજ છે. એનો ખોલાસો એજ છે કે, ઉગમણ તરફનાં વિદ્વાંનો Ancient Chronology વિષે ઘણાજ બેદરકાર તેમજ બેખબર હતા અને તેઓ તો એટલુંજ જાણતા હતા કે, જરથુશ્ત્ર તથા એપોલોનીઅસ-વ્યાસ અને શંકરાચાર્ય કોઇ પુરાણાં જમાનામાં થઇ ગયલા હતા અને તેથી તેઓને એકમેકનાં contemporaries તરીકે જણાવવામાં તેઓને કાંઇપણ મુશકેલી પડી હુતી નહી. આ સિધ્ધાંતનાં ટેકામાં યુનાની ફીલસુફોનાં ભુલભરેલા એહવાલો જે અરબી અને ફાસીં લખાંણોમાં આવે છે તેમાંથી પુશ્કળ દાખલાઓ આપ્યા હતા.

બેઠક ૧૨ મી, તા૦ ૧૨ મી ડીસેમ્બર ૧૯૧૪.

જુનાગઢની બાહુદ્દીન કૉલેજવાલા પ્રોફેસર શાહપુરશાહ હોરમજજી હોડીવાલાએ "દીનપનાહ," તથા "મેહરવાન કએખુસ્રો"નાં "કોલોફોન"ની બાબતનું વિવેચન રજુ કરતાં જણાવ્યું કે, ગયે વર્ષે જ્યારે પેલા "શ્રી આતશબેહરાંમ થાનક પધાર્યા"ના હવે જાણીતા થયલા ફકરાનો એક નવો અર્થ સુચવ્યો હતો ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે બીજે કોઇપણ ઠેકાણે હાલનાં થાણાં કસબાનું નામ "થાનક" તરીકે લખેલું મલતું નથી અને પ્રાકૃત વ્યાકરણના કહેવાતા કાયદાઓ પ્રમાણે થાણાંનું "થાનક" કદી થઇજ શકે નહી, એમ તરેહવાર ફટવાઓ આપવામાં આવ્યા હતા; પણ ત્યાર પછી તેઓએ "અભીલાશ તારથ ચીંતામણી" નામના એક સંસ્કૃત ગ્રંથમાં 'થાણા'ને 'થાનક'ગ્નું

નામ આપેલું છે તેનો દાખલો ટાંકી દેખાડયો હતો અને આજે તેઓ કહેવા સામર્થવાંન છે કે તેથી પણ વધુ સાબેત પુરાવા આપણાં પોતાના પહેલવી MS માંથી મલે છે. એ દાખલા મહૂંમ દસ્તુર જામાસ્પજી મીનોચેહરજીનાં પેહુ-લવી ટૅકસ્ટસ, જે હાલે થોડા મહિના ઉપર મી० બેહરાંમગોર તેહમુરસ અંકલે-સરીઆની કલમથી લખાયલા એક દિબાચા સાથે બાહેર પડયા છે તેમાં મલે છે. આ પરચુરણ પહેલવી લખાંણોનું મેહરવાંન કએખુસ્રોને હાથે ઇ० સ० ૧૩૨૧-૨૨માં લખાયલું એક પુરાંણું MS દસ્તુર જામાસ્પજીનાં કેતાબખાનાંમાં મોજુદ છે અને તેમાં બે પેહલવી અને એક સંસ્કૃત "કોલોફોન" મલે છે. પેહલામાં મેહરવાંન કએખુસ્રો કહે છે કે, તેણે એ ભાગ રોજ ખુર્શેદ, માહ શેહરેવર યજ-દગર્દિ ૬૯૧ ને દિને એક શેહર, જેનું નાંમ, પેહલવીની કક્કોડી બારાખડી પ્રમાણે અંહી તામોક અથવા તામોહ અથવા તામનક અથવા તામનહ વંચાઇ શકે છે અને જે "દર્યાના જજીરા" ઉપર આવ્યું છે ત્યાં લખેલું હતું. ત્યાર પછી એજ MS. માં સમાવેલાં એક બીજાં લખાંણને છેડે એજ મેહરવાંન લખે છે કે, તેણે તે તાનક અથવા તાનહ શેહરનાં આતશ કદેહ (અગ્યારી) માં સને ૬૯૧ યજદગર્દિનાં આદર માહના ફ્રવર્દિન રોજે લખ્યું હતું. હવે આપણી પાસે જો આ બે પેહલવી "કોલોફોનો" સિવાય બીજું કાંઇ નહી હતે તો, આ તાનક અથવા તાનહ, હાલનું "થાણું"જ છે કે નહી તે વિષે કાંઇ શંકા રેહતે ખરી, પણ સુભાગ્યે એજ કેતાબનાં એક પાછલા સફા ઉપર બીજા નંબરનાં પેહલવી "કોલોફૉન"નીજ મતલબનો બલકે તેનો એક free (છુટો) તર્જુમો કરનારો સંસ્કૃત "કોલોફૉન" રહી ગયો છે, જેથી સઘલી તેહકીક થાય છે અને આપણાં મનની સર્વે શંકા અને વસવસા દૂર થાય છે; તેમાં જણાવ્યું છે કે, સંવત ૧૩૭૭ નાં કર્તિક શુદી ૧૪ બુધે, પાર્સી સને ૬૯૦ માહ આદર રોજ ફ્રવર્દિન 'થાણા' વેલાકુલેમાં જ્યારે સુલતાંન ગ્યાસુદ્દીન રાજ્ય કરતો હતો ત્યારે પાર્સી આચાર્ય મેહરવાંને આ પુસ્તક લખ્યું હતું. વયવ સાંગણ સુત વયવ ચાહીલે ઇરાંન જમીનથી એક ઘણુંજ માનપૂર્વક પત્ર લખીને બોલાવ્યો હતો, અને લખામણીના પૈસા આપ્યા હતા. હવે હ્યાં પેહલવીનાં 'તાનક' અથવા 'તામનક'ને બદલે 'થાણા' શબ્દ એટલોતો ખોલ્લી રીતે લખેલો છે કે, "તાનક" 'થાણાં'જ છે તે વિષે કાંઇબી શક રેહતો નથી.. તે આ ઉપરથીબી જણાય છે કે ઇ० સ० ૧૩૨૧-૨૨ માં હાલનાં થાણા શેહરમાં થોડી-ઘણી પાર્સી વસ્તી પણ હતી. અને તેઓએ એક આતશકદેહ (અગ્યારી) પણ બાંધી હતી. વલી એ ઉપરથી એવું ધારી શકાય છે કે, ઇ० સ० ૧૪૧૯ (સંવત ૧૪૭૫)માં જો સંજાણના મોબદોને કોઇ નહી જણાયલી આફત અથવા બીજા સબબસર "ઇરાંનશાહ" આતેશબેહરાંમ સાહેબને બીજે ઠેકે ખસેડવાની જરૂર પડી હોય, તો તેઓએ તે નુરી કેબલાને નજદીકનીજ થાંણાંની અગ્યારીમાં થોડો વખ્ત પધરાવ્યા હોવા જોઇએ. હ્યાં થાંણા સાથે વેલાકુલ શબ્દ જોડયો છે, તે ઘણો

અસાધારણ હોવાથી મી૦ બેહરામગોર સમજી શકયા નથી અને પોતાના તર્જુમામાં તે મુકી દીધો છે. એ વિષે પ્રોફેસર ભડકમકર અને બરોડા કોલેજનાં શાસ્ત્રી વેંકટાચાર્ય વગેરે સંસ્કૃત વિદ્વાંનોને પુછતાં તેઓ કેહવાને શક્તિવાન છે કે, એનો અર્થ "સમુદ્રને કીનારે" થાય છે, અને તે પેહલવીનાં "જજીરે જરાએ"ને બરાબર મલતો છે. એનાં સંબંધમાં તેવણે વધુ કહ્યું કે, 'જજીરે'નો અર્થ અરબી-ફારસી વગેરેમાં કાંઇ "બેટ-દ્વીપ (island)" નોજ થતો નથી, પણ તે ઘણો loosely વપડાય છે. અને "મેસોપોટેમ્યા"ને "અલ્જજીરે"નું નામ સાધારણ રીતે આપવામાં આવે છે, અને ઘણીકવાર એકું બે બાજુએ પાણીથી ઘેરાયલા મુલકને "જજીરે" કહે છે, અને તે હાલનાં થાણાંને બરાબર લાગુ પડે છે. "કોલોફૉન"માં વલી જણાવ્યું છે કે, મેહરવાંને આ કેતાબ બ્યવ સાંગણ સુત બ્યવ ચાહીલને સારૂં લખી હતી, અને તેનો અર્થ એમ કરવામાં આવ્યો છે કે, તે મર્હૂમ (late) સાંગણ તે મર્હૂમ ચાહીલનાં પુત્ર સારૂં લખી છે. તેવણે જણાવ્યું કે એ કોલોફૉન કેટલીક જગ્યાએ અશુદ્ધ અને બેકાયદ્દ છે અને તે કેથે કેથે સમજવું મુશ્કેલ છે, પણ આમાં તો શક નથી કે, એ કેતાબનો લખનાર ચાહીલનો બેટો સાંગણ નહી, પણ સાંગણનો બેટો ચાહીલ હતો. હ્યાં કેટલાંક શબ્દોને એક શબ્દ ગણીને વીભક્તિનો પ્રત્યય લાગુ કીધો નથી. તેને લગતો સંસ્કૃત વ્યાકરણના કાયદાનો હવાલો આપી કહ્યું કે, એ સંસ્કૃત "કોલોફૉન" પ્રમાણે પણ એ કેતાબનો લખાવનાર ચાહીલજ હતો અને તેનો તેવોજ અર્થ થવો જોઇએ. હ્યાં તેઓએ વધાર્યું કે, ત્યાર પછીનાં વર્ષમાં. સંવત ૧૩૭૮ માં એજ મેહરવાન કએખુસ્રોએ નવસારીમાં એક પેહલવી વંદીદાદ લખ્યો હતો, તેના "કોલોફૉન"ના કફોડા સંસ્કૃતને લીધે ત્યાંપણ એવીજ ગેરસમજ થઇ છે અને તે "કોલોફૉન"નાં દસ્તુર દારાબ પેશોતનનાં તર્જુમાંમાં કએખુસ્રો તે મેહરવાંનનો બાપ નહી પણ દીકરો બન્યો છે. જેમ હ્યાં ચાહીલ તે સાંગણનો દીકરો નહી પણ બાપ બને છે. હવે એ બેહુ "કોલોફાનો"માં ચાહીલ તેમજ સાંગણનાં નામ આગલ એક શબ્દ મુકયો છે, જે કેટલાક સ્કૉલરો "યવ" વાંચે છે. પણ તેનો અર્થ કરતા નથી, કેમકે એવો શબ્દ સંસ્કૃત ફરહંગોમાં મલતો નથી, પણ પેહલવીના આપણા પેહલે દરજ્જેના ઉસ્તાદ મર્હૂમ એર્વદ તેહમુરસે તેને "વયવ" વાંચ્યો હતો. અને તેમના કાબેલ સપુતે તેમને પગલે ચાલી તેનો અર્થ "મરહુમ (late)" કર્યો છે. આ વાંચણ "યવ" કરતાં વધારે દરોબસ્ત લાગે છે, અને તે મર્હૂમ એર્વદ તેહમુરસનાં જુના હસ્તલેખો (Mss) વાંચવાની કમાલ્યતનો એક અચ્છો નમુનો છે. પણ આ અર્થ ખરો હોઇ શકે નહી, કેમકે એ પ્રમાણે તો ચાહીલ, જેને માટે મેહરવાંન કહે છે કે, તેણે એક કેતાબ લખી હતી તે સંવત ૧૩૭૭ માં ગુજરી ગયલો હોવો જોઇએ. હવે એક ગુજરી ગયલો માણસ એક કેતાબ લખવા ફરમાવે તેનું અસંભવિતપણું બાજુએ

મુકતાં, આ અનુમાન બીજી તરફથી વગર શકે ખોટું પડે છે, કેમકે આપણે જાણ્યે છીએ કે, સંવત ૧૩૭૭ પછી પણ ૧૩૭૮ અને ૧૩૭૯ (યજદગર્દિ ૬૯૨-૯૩)માં એજ મેહરવાંનને એજ ચાહીલને સારૂ બીજી કેતાબો પણ લખી હતી, જે હજુ મોજુદ છે. વલી "વ્યવ"નો અર્થ સંસ્કૃતમાં કેથેપણ '(late) મર્હૂમ' થતો હોવાનો પ્રોફેસર ભાડકમકર અને બીજા પંડીતો પણ ના પાડે છે, અને કોઇપણ સંસ્કૃત શબ્દકોષમાંથી કે બીજાં લખાંણોમાંથી એવો દાખલો ટાંકી શકાતો નથી. હવે ત્યારે "વ્યવ ચાહીલ સુત વ્યવ સાંગણ"નો અર્થ શું? પ્રોફેસર હોડીવાલાએ કહ્યું કે તેમના હિંદુ મિત્રો કહે છે કે તે તેઓ સમજી શકતા નથી. પણ તેઓને પોતાતે (મી૦ હોડીવાલાને) એક ખાલી અટકલ કરવાની લાલચ થાય છે કે તે "વ્યવહારી" (વેપારી)નો "ટુંકો આકાર" (abbreviation) હોય. આ ફકટ અટકલજ છે અને તેને તેઓ પોતે ઘણું વજન આપતા નથી. કેમકે તેને માટે પુરાવો નથી અને એ તેમને સુજ પડી છે તેનું કાણકર એજ કે સોલમી સદીનાં દસ્તાવેજો વગેરેમાં ઘણા પાર્સીઓ પોતાને "વોરા" લખે છે, અથવા "વોરા"ને બદલે ખાલી "વો"જ લખે છે, જે ઉપરથી સમજાય છે કે તેઓ કોઇ જાતની દુકાંનદારી કે વેપાર કરતા હતા. આપણે જાણ્યે છીએ કે ચાહીલ સાંગણ ખંબાતનો એક માતબર પાર્સી રહીશ હતો અને તેણે મેહરવાંનને પૈસાની સારી રકમો (લિખામન) આપીને ઓછાંમાં ઓછાં પાંચ જંદ-પેહલવી પુસ્તકો લખાવ્યાં હતાં. હવે ૧૪ મી સદીમાં એવું કાંઇપણ કરવાની શક્તિ ધરાવનારો માણસ પૈસાવાલો હોવો જોઇએ. અને ખંબાત જેવા તે વખતનાં વેપારમાં મ્હોટાં ધાંમમાં એ માતબર જરથોશ્તી વેપારી હોય અને તેનાં નામ આગલ પાછલા વખતના "વોરા" શબ્દનો અસલ સંસ્કૃત આકાર વયવ(હારીક) મુકાયો હોય તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. ત્યાર પછી, તેવણે 'ચાહીલ' અને 'સાંગણ'નાં અસાધારણ નામોને મલતા હિંદુ આકારો હિંદુસ્તાનની તવારીખના પોતાનાં અભ્યાસ ઉપરથી ટાંકી બતાવ્યા હતા અને ચાહીલનાં કુટુંબનાં નામ ગ્રહણ ઉપરથી નિકળતી કેટલીક બારીક વીગતો દેખાડી આપી હતી. એ પછી એજ પેહલવી ટેક્ષ્ટનાં એક બીજાં જુનાં Ms. J. J. ના એક સફા ઉપર જુની ગુજરાતીમાં એક વાકય મલે છે અને જેના બે શબ્દનો ખરો અર્થ હજુ કરવામાં આવ્યો નથી તે ઉપર કેટલુંક વિવેચન કર્યું હતું. એ વાકય આ રીતે છે:— "એ અસલ ઉફરાટી ઉફરદ લખેલું હતું તેની નકલ લખી છે." પ્રોફેસર હોડીવાલાએ કહ્યું કે, એ બે શબ્દોનું ખરૂં વાંચણ "ઉફરાટીઉં ફરદ" થવું જોઇએ. "ઉફરાટીઉં એટલે "ઉલટું"" (Reverse, on the other side); "ઉફરાટવું" એટલે "બીજી બાજુપર ફેરવવું," જેમકે સુપડામાના દાણાં "ઉફરાટ સુફરાટ" ઉલટું સુલટું, એમજ મરાઠીમાં પણ વપડાય છે (જુઓ Molesworth's Dictionary). "ફરદ" એટલે ફાર્સીમાં "એક નંગ," તેમજ એક "વરક" (leaf), "પૃષ્ટ" થાય છે. એ બધાના દાખલાઓ આપી,

તેઓએ "દીનપનાંહુ"નાં મુશ્કેલ અને ગુંચવાડા ભરેલા "કોલોફ઼ૉનો" જે એજ પેહલવી તૅક્સ્ટસમાં આપેલા છે તેની બારીક તપાસ શરૂ કરી હતી.*

બેઠક ૧૩ મી, તા૦ ૧૯ મી ડીસેમ્બર ૧૯૧૪.

શેઠ શાપુરજી હો૦ હોડીવાલાએ ગઇ વેલાથી અધુરૂં રહેલું "દીનપનાહુનાં કોલોફ઼ૉન"ને લગતું પોતાનું વિવેચન આગલ રજુ કરતાં જણાવ્યું કે, મર્હૂમ દસ્તુર જામાસ્પજી મીં૦ જામાસ્પઆશાનાં કેતાબખાનામાં કેટલાક પરચુટણ પેહલવી લખાંણોનું ઇ. સ. ૧૩૨૧-૨૨ માં મેહરવાંન કએખુસ્રોને હાથે લખેલું એક ઘણું પુરાંણું Ms. હજુ મોજુદ છે. આ પુરાંણી ચોપડીમાંથી કેટલાંક પાના ગેરવલે ગયા છે અને વલી બીજાં ઘણાં ફાટી-ટુટી તથા કીડા-ઉંધઇથી ખવાઇ ગયલી હાલતમાં છે, પણ તે ઉપરથી ગયાં દોઢસો વર્ષમાં થયલી બીજી કેટલીક નકલો બીજે કેટલેક ઠેકાંણે પણ મલે છે. એવી પાંચ છ નકલો એકઠી કરીને અને તેની સરખાંમણી કરીને તે છાપવાનું કાંમ મર્હૂમ દસ્તુરજીએ માથે લીધું હતું અને લાંબી મુદત ગુજરવા બાદ, ચાલતાં સાલની શરૂઆતમાં એ તમાંમ પુસ્તક મીં૦ બેહરામગોર અંકલેસરીઆએ લખેલા એક દિબાચા સાથે બાહેર પડયું છે. આ પુસ્તકમાં જુદે જુદે ઠેકાંણે જુદાં જુદા પાનાંઓ ઉપર એવા કેટલાક "કોલોફ઼ૉનો" નજરે પડે છે, જેમાંનો એક સંસ્કૃતમાં અને બાકીના પાંચ પેહલવીમાં છે એમાંના ત્રણ-બે પેહલવી અને એક સંસ્કૃત-"કોલોફ઼ૉન" માંથી "થાણાં" (થાનક) કસબાની (ઇ૦ સ૦) ચોદમી સદીની પાર્સી વસ્તી વગેરે વિષે જે જાણવાજોગ હકીકતો મલે છે, તે ઉપર ગઇ વેલા કેટલુંક વિવેચન કરવા બાદ હાલે બાકીના બે-ત્રણ "કોલોફ઼ૉનો", જે ઘણા ગુચવણભરેલા અને ઘોંટાલો ઉપજાવનારા છે તે વિષે જણાવ્યું કે તે તપાસતાં માલમ પડે છે કે, એ "કોલોફ઼ૉનો"ની ખરી મતલબ સમજવામાં આવી નથી, તેનું એક કારણ એ છે કે, તેમ કરવા સારૂ તે સઘલા સામટી રીતે લેઇને તેમનું એકમેક સાથનું Logical તેમજ Chronological connection ધ્યાંનમાં લેવામાં આવ્યું નથી. તેઓએ જણાવ્યું કે, જુના જંદ-પેહલવી લખાંણોની નકલ કરનારાઓમાં એક અફસોસકારક તબેહ એ હતી કે, જ્યારે એક જુનાં પુસ્તક ઉપરથી તેઓ ઉતારો કરતા હતા ત્યારે પોતાની આંખ આગલ પડેલા જુના પુસ્તકનાં "કોલોફ઼ૉન" પણ સદાબરો ઉતારી લેતા હતા, પણ ઘણીવાર એ પાછલી નકલ કોણે કીધી અને કયારે કીધી તે અગત્યની બીના, અને એ "કોલોફ઼ૉન" પાછલી નકલ કરનારનો પોતાનો નહી પણ તેણે જે પુસ્તકમાંથી ઉતારો કીધો હતો તેનો છે તે જણાવવાની દરકાર કરતા હતા નહી, અથવા અખાડા કરતા હતા, અને તેથી કોઇ ચોકસ નકલમાં કોઇ પુરાંણી તારીખવાલો "કોલોફ઼ૉન" હોય તેથીજ કાંઈ ખાતેરીથી કહેવાઇ શકાય

---

* એ કોલોફોન બાબે જુવો દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પઆશાની Pahlavi Texts પાના ૧૬૭-૧૬૯ અને મી૦ બેહરામગોર તે૦ અંકલેસરીઆનો દીબાચો પાનું ૭.

નહી કે તે નકલ પણ તેજ વર્ષમાં લખાયલી હતી. હવે મહૂર્મ દસ્તુર જામાસ્પજીનાં આ પેહલવી ટેક્સ્ટસના MS. માં ત્રણ "કોલોફોનો" બેશક મેહરવાંન કએખુસ્રોએ પોતે જોડેલા છે, અને તેમાં આપણને તે જણાવી ગયો છે કે, એ પુસ્તક તેણે ૬૯૧ યજદગર્દિ (ઇ૦ સ૦ ૧૩૨૧-૨૨)નાં થાણા (તાનક) કસબામાં લખ્યું હતું. પણ એનાં બીજાં પાનાંઓ ઉપર બીજાબી ત્રણ પેહલવી "કોલોફોનો" છે, જે દેખઈતી રીતે મેહરવાંનને પોતે જોડેલા નહી પણ તેણે જે નકલમાંથી ઉતારો કીધો તેમાંથી બોલેબોલ, જેમના તેમ, ટપકાવી દીધા છે. સોલમાં અને સત્તરમાં* પાનાં ઉપર આવેલા એક ફકરામાં કહે છે કે કોઇ દીનપનાહ એ "યાદગારીઓ" લખી ગયો હતો અને તેણે તે શાહજાત તે શાતના દીકરાને માટે લખી હતી, અને ત્યાં એવી દોઆ ગુજારવામાં આવી છે કે, શાતનો એ દીકરો ખુશી-ખુર્રમીમાં રહે, અને એ લખાંણો ઘણાં વર્ષો સુધી જાલવી રાખે અને ખોદા કરેને તેનું કુટુંબ અને ઘર હમેશ સુધી જાહોજલાલી ભોગવે! એ પછીનાં વાકયમાં લખ્યું છે કે, રૂસ્તમ મેહરવાંને એ લખાણોની એક નકલ કરી છે. એટલું થયા પછી મેહરવાંન કએખુસ્રો (પ્રથમ પુરૂષ-એકવચનમાં) પોતાને માટે લખી જાય છે કે તેણે (મેહરવાંન કએખુસ્રોએ) રૂસ્તમ મેહરવાંને કીધેલી એ નકલ ઉપરથી બીજી નકલ (ચાહેલ સાંગણને સારૂં) બનાવી હતી. હવે આ "કોલોફોન"માં દેખઇતી રીતે બે ભાગ છે. છેલ્લોજ ભાગ મેહરવાંન કએખુસ્રોનો જોડેલો છે, પણ તેની આગળની સેતરો રૂસ્તમ મેહરવાને પોતા તરફથી જોડલી અને શાહજાત ઉપર ગુજારેલી દોઆઓ રૂસ્તમ મેહરવાંનનીજ છે; અને તે ઉપરથી સાર એ નિકલે છે કે, શાહજાત રૂસ્તમ મેહરવાનનાં વખ્તમાંજ, એટલે ઇ૦ સ૦ ૧૩ મી સદીમાં થઇ ગયલો હોવો જોઇએ. તે પછી ૮૩ માં સફે બીજો એક "કોલોફોન" છે, જેમાં લખ્યું છે કે એ "યાદગારીઓ" દેર જીવાત (ઘણું જીવો) દીનપનાહ, તે અએત્રપાએ (તે) દીનપનાહનાં દીકરાએ દેરજીવાત (ઘણું જીવો) શાહજાત (તે) શાત (તે) ફરખો હોરમજના દીકરા સારૂ એક (અચોકસ) યજદગર્દિ સાલમાં રોજ દએપઆદર, માહ બહમનને દિને લખી હતી અને તે ભરૂચનાં આતશકદેહ (અગ્યારી) માં હતી. હવે આ યજદગર્દિ સાલ કયું છે, તે વિષે ઘણોક ગુચવાડો છે. મેહરવાંન કએખુસ્રોનું અસલ MS., જે હજુ મોજુદ છે, તેમાં એને લગતા વર્ષનો આખો ભાગ લગભગ ખવાઇ ગયલો છે અને તે ઉપર "ચાર" સિવાય બીજું કશું વંચાઇ શકાતું નથી. એ અસલ પુસ્તક મંડલી આગલ પ્રોફેસર હોડીવાલાએ રજુ કીધું હતું. (અને એ આખા ફકરામાં આવેલા જેટલા શબ્દો વંચાઇ શકાય છે તેની હુબહુ નકલ મંડલીના મુનશી પાસે ત્યાંની ત્યાં કરાવવામાં આવી કે તે મંડલીનાં દફતરમાં જલવાઇ રહે. વલી એ કીમતી MS. કાંઇપણ આંચકી વગર તો શું પણ વખાણવાં લાયક વિવેકથી નાયબે-દસ્તુર મીનોચેહર જામાસ્પજીએ તેમને ધીર્યું ત માટે તેમનો ઉપકાર માન્યો હતો. હવે યજદગર્દિ ૧૧૩૬(ઇ૦ સ૦ ૧૭૭૭) માં

* જુવો Pahlavi Texts દીબાચો પાનું ૪-૫.

એટલે મેહરવાંન કએખુસ્રોનું અસલ MS. લખાયા પછી ૪૪૫ વર્ષે, અને જ્યારે તેનાં કેટલાંક (આઠ) પાના ગુમાઇ ગયલાં હતાં અને વીસ પાનાં ઉંધાં–ચત્તાં અને વગર સમજે બંધાઇ ગયલાં હતાં, અને વલી બીજાં થોડાંઘણાં ફાટાં–તુટાં થયલાં હતાં, ત્યારે દસ્તુર જમશેદ જામાસ્પેએ જુની કેતાબની એક નકલ કીધી હતી. તે પાછલા વખતની નકલમાં એ યજદગર્દિ સાલ ૩૨૪ (ત્રણસે ચોવીસ)માં લખેલું મલે છે. ઘ્યાં ડૉકટર વેસ્ટે ખોલ્લે ખોલ્લું જણાવ્યું છે કે એ ૩૨૪ હોઇ શકે નહી. અને ખરો આંકડો ૬૨૪ (છસો ચોવીસ) હોવો જોઇએ. પેહલવીમાં છગડાને સારૂ એક જુદી નીશાંની નથી અને 'છ'નો આંક લખવો હોય તો તે બે વખત '૩' (ત્રગડો) લખે છે, અને 'પાંચ' લખવો હોય તો એક ત્રગડો અને બીજો બગડો (૩,૨.) એમ લખવામાં આવે છે. એટલે કે, જ્યારે દસ્તુર જમશેદ જામાસ્પે છેક ઇ૦ સ૦ ૧૭૭૭ માં, એટલે મેહરવાંન કએ-ખુસ્રોની પછી ૪૪૫ વર્ષે (અને જ્યારે પણ તે અસલ MS. થોડું ઘણું તો ખવાઇ ગયલું હતુંજ ત્યારે) પોતાની નકલ કીધી ત્યારે અસલમાં પેહલો ત્રગડો ગેપ થઇ ગયલો હોવાથી, તેણે ૬૨૪ને બદલે ૩૨૪ એટલે તેને જેટલું દેખાયું તેટલું લખી લીધું છે, અને તેની પછીનાં નકલ કરનારાઓએ તેને પગલે ચાલીને પોતે પણ '૩૨૪' જ લખી ગયા છે અને એ બધો ગડબડ–ઘોટાલો વધારી મુકયો છે. હવે કેટલાક સાહેબોનું કહેવું છે કે જમશેદ જામાસ્પનાં MS. માં ૩૨૪ છે તેથી તેજ આંકડો ખરો હોવો જોઇએ, અને તેઓ ધારી લે છે કે મેહરવાંન કએખુસ્રોની અસલ કેતાબમાં ઇ૦ સ૦ ૧૭૭૭ માં '૩૨૪' નોજ આંકડો ખોલ્લો દેખાતો હશે. આ બધી કલ્પના અને ધારણાઓનો આધાર લેઇ તેઓ માને છે કે યજદગર્દિ ૩૨૪ (ઇ૦ સ૦ ૯૫૫) માં ભરૂચ શેહરમાં મ્હોટી પાર્સી વસ્તી હતી, અને ત્યાં એક અગ્યારી પણ બંધાઇ હતી. તેવણે કહ્યું કે, ભરૂચ શેહરમાં ઇ૦ સ૦ ની દસમી સદીમાં જરથોશ્તીઓનો એક મ્હોટો ટોલો આબાદ હોવાનાં કાંઇપણ સંગીન પુરાવા જડે તો તેવી નવી હકીકતને પાર્સી તવારીખનાં આપણાં જ્ઞાનમાં એક ઘણાજ આવકારદાયક થયલા વધારા તરીકે ગણવાને તેઓ પોતે તૈયાર છે. પણ હાલ એક લોથપોઠ થઇ ગયલા અને ફાટાંતુટાં MS.માં એક શકભરેલો આંકડો લગભગ દોઢસો વર્ષ ઉપર દેખાતો હશે એવી કલ્પના અથવા ધારણા (Supposition) કદીપણ સંગીન પુરાવો ગણાઇ શકે નહી, અને તેને તેવા પુરાવા તરીકે રજુ કરવામાં કાંઇપણ ફાયદો કે સાર નથી, વલી ખુદ એ "કોલોફૉન"માંથીજ મલતી અંદરની ગવાહી (Internal evidence) તપાસ્યે તો તેમાંથી જે અનુમાન નિકલે છે તે એ કે ઘણું કરીને '૩૨૪' નહી પણ '૬૨૪' નુંજ વાંચણ ખરૂં છે, અને એ બે મતમાંથી કોઇ એકને ટેકો મલતો હોય તો તે '૩૨૪' વાલાને નહી પણ '૬૨૪' વાલાનેજ મલે છે. ત્યાર પછી "કોલોફૉનો"ની ભાષાની બારીક તપાસનો તેઓએ સાર ખેંચ્યો કે ૧૬ માં તથા ૧૭ માં સફા ઉપર આવેલા "કોલોફૉન"માં બે જુદા

જુદા ધણીઓનાં લખાંણો ભેલી નાખવામાં આવ્યા છે. પેહલો ભાગ રૂસ્તમ મેહરવાને તસ્નીફ (જોડેલો) કરેલો છે, અને બીજો ભાગજ મેહરવાંન કએખુસ્રોની પોતાની તરફનો છે. રૂસ્તમ મેહરવાંનની નકલ ઉપરથી મેહરવાંન કએખુસ્રોએ પોતાની નકલ કીધી હતી એમાં તો કાંઇજ શક નથી. હવે ૮૩ માં સફા ઉપર જે 'કોલોફૉન" છે તે રૂસ્તમ મેહરવાંને પેહલાં દાનપનાહની નકલ ઉપરથી, જેમનો તેમ, પોતાની તરફની કાંઇપણ નોંધ વિના ટપકાવી લીધો હતો, અને રૂસ્તમ મેહરવાંન ઉપરથી વલી પાછો મેહરવાંન કએખુસ્રોએ પણ જેમનો તેમ અને બોલે બોલ ચીતરી કાઢયો છે. હવે ૧૬ માં સફા ઉપર આવેલા રૂસ્તમ મેહરવાંને પોતે જોડેલા "કોલોફૉન"ની ભાષા ઉપરથી માલૂમ પડે છે કે જે શાહજાતને માટે દીનપનાહે આ યાદગારીઓ પેહલી લખી હતી તે રૂસ્તમના પોતાના વખ્તમાં પણ જીવતો હતો, કારણ કે તેની ઉપર જે દોઆઓ ગુજારવામા આવી છે તે એક હયાત માણસ ઉપર અને નહી કે મુવેલાં માણસ ઉપર ગુજારાઇ શકે તેવીજ છે. વલી એજ લખાંણ ઉપરથી માનવાને કાંઇ કારણ છે કે જયારે રૂસ્તમે એ નકલ કીધી ત્યારે જો કે શાહજાત જીવતો હતો તોપણ દીનપનાહ પોતે ગુજર પાંમ્યો હતો. હવે બીજી તરફથી જણાય છે કે રૂસ્તમ મેહરવાંન હિંદુસ્તાનમાં ઇ૦ સ૦ ૧૨૬૯ અને ૧૨૭૮ ની વચમાંનાં કોઇ સાલમાં આવ્યો હતો, ત્યારે તેણે ત્યાં એક 'એર્દાવીરાફ નામુ' નકલ કીધું હતું, અને ઇ૦ સ૦ ૧૨૭૮ માં અંકલેસરમાં તેણે એક 'વીસ્પરદ' લખી હતી. હવે આ પેહલવી ટૅક્સ્ટસમાં એક લગ્નનાં કોલ અથવા એકરાર નામાનો 'ફૉર્મ' છે અને તેમાં જે તારીખ નાખી છે તે રોજ દએ-પ-મેહર, માહ બહમન ૬૨૭ પાર્સી, (૬૪૭ યજદગર્દિ), ૧૨૭૮ ઇસ્વી છે. એટલે સાબેત થાય છે કે રૂસ્તમ મેહરવાને આ નકલ ઇ૦ સ૦ ૧૨૭૮ ની આસપાસ લખેલી હોવી જોઇએ, અને જયારે શાહજાત જીવતો હતો, અને દીનપનાહે શાહજાતને માટેજ લખ્યું હતું, તેથી શાહજાત અને દીનપનાહ બંને ઇ૦ સ૦ ૧૩ મી સદીની અર્ધવચમાંજ થઇ ગયલા હોવા જોઇએ, અને તેથી દીનપનાહની પોતાની ખરી તારીખ (date) ૬૨૪ યજદગર્દિ (૧૨૫૫ ઇસ્વી)જ ઠરે છે અને નહીકે ૩૨૪ યજદગર્દિ (૯૫૫ ઇસ્વી). તેવણે વધુ ખોલાસો કીધો કે, બીજી કેટલીક નકલોમાં દીનપનાહનો એજ "કોલોફૉન" કેટલાક ફેરફારો સાથે મલે છે. કોઇમાં યજદગર્દિ સનેને બદલે, "રોજ ગોશ, માહ અર્દિબહેશ્ત સને ૭૭ હિંદુસ્થાનીક" મલે છે, અને એકમાં "રોજ ગોશ, માહ અર્દિબહેશ્ત ૧૦૭૭ હિંદુસ્તાનીક" લખેલો છે. હવે કોઇનું એવું માનવું છે કે, એ '૧૦' પાછલથી કોઇ બીજે હાથે ઉમેરેલો છે. મી. બેહરામગોર તેને ૧૦૭૭ વીક્રમ સંવત સમજે છે, જે ૧૦૨૧ ઇસ્વીને મલતું હોવાનું માને છે, પણ તેવણે હ્યાં પાછી ગણત્રી કરી દેખાડયું કે એ તો શક સંવત છે. અને કોઇબી શક સંવત '૭૭' તે હમેશે કોઇપણ યજદગર્દિ '૨૪' ના સાલ સાથે બંધ બેસતું આવવુંજ જોઇએ. અને એ શક સંવત (૭૭) તે દીન-

પનાહના (૬)૨૪ નોજ બીજો આકાર છે. આ બધી બારીક તપાસ ઉપરથી તેમને જે અનુમાનો સંભવીત (probable) લાગે છે તે એ છે કે:—

(૧) યજદગર્દિ ૬૨૪ (ઇ૦ સ૦ ૧૨૫૫, કદાચ ૧૨૭૫ માં) દીનપનાહે એ યાદગારીઓ ભરૂચની અગ્યારીમા લખી હતી.

(૨) એની એક બીજી નકલ અથવા એનોજ કોઇ બીજો ભાગ તેણે એટલે દીનપનાહેજ ભરૂચની મકતબ (નિશાલ)માં રોજ ગોશ, માહ અર્દિબહેશ્ત શક ૧૦૭૭ ને દિને લખી હતી.

(૩) દીનપનાહના એમાનાં ઘણુ કરીને પેહલાં લખાણુ ઉપરથી રૂસ્તમ મેહરવાને પાર્સી સને ૬૨૭ (યજદગર્દિ ૬૪૭) માં રોજ દએ-પ-મેહર, માહ બહમન અથવા તેની આસપાસ (ઇસ્વી ૧૨૭૮) એક નકલ કીધી હતી.

(૪) રૂસ્તમ મેહરવાંનની એ નકલ ઉપરથી વલી પાછી બીજી એક નકલ મેહરવાંન કએખુસ્રોએ થાણા (તાનક) કસબામાં રોજ ફ્રવર્દિન, માહ આદર (વહીજકીક), યજદગર્દિ ૬૯૧ (ઇ૦ સ૦ ૧૩૨૨) અને તેની આસપાસ ચાહેલ સાંગણને સારૂ કીધી હતી. એ નકલ હાલે મરહુમ દસ્તુર જામસ્પજી મીનોચેરજી જામાસ્પઆસાના કેતાબખાનામાં હસ્તી ધરાવે છે.

નાયબે દસ્તુર મીનોચેહર પાસેની મજકુર અસલ નકલ, જે પ્રોફેસર હોડીવાલા મંડલીમાં લાવ્યા હતા તે ઉપરથી નીચલી સેતરો હુબહુ આજની બેઠકમાં-(૧૯૨૬)-ઉતારવામાં આવી છે એ વેલા અસલ MS. ની હાલત ઘણીજ ખવાઇ ગયલા રૂપમાં હતી:—

વરક ૭૩-બની છેલ્લી સેતર:- (ખવાયલું) [illegible]

વરક ૭૪-ફ:— . . . . [illegible] 1

. . . . [illegible] 2

. . . . [illegible] 3

[illegible] (ખવાયલું) [illegible] 4

[illegible] (ખવાયલું) [illegible] 5

[illegible] (ખવાયલું) [illegible] 6

બેઠક ૧૪ મી, તા૦ ૧૬ મી જાન્યુઆરી ૧૯૧૫.

એર્વદ નોશેરવાન બર્જોરજી દેશાઇએ દરખાસ્ત કીધી અને તેને શેઠ સોહરાબજી ન. કાંગાએ ટેકો આપ્યો કે, "શેઠ જમશેદજી કાવસજી તારાપોરવાલા, M.A., ને આપણી મંડલીનાં સ્થાનીક સભાસદ નેમવા." એ દરખાસ્ત ઉપર આવતી બેઠક વેલા કાયદા મુજબ "બેલત"થી મત લેવામાં આવશે.

શેઠ સોરાબજી ન. કાંગાએ પોતાનો નીચલો વિષય રજુ કર્યો હતો:

I. "Good and Evil and that which is neither good nor evil in Plato and in the Gathas. Interdependence of good and evil."

"There are two theories in vogue with regard to the ideas of good and evil as found in the Zoroastrian writings—one, that good and evil are relative terms interdependent upon one another for their explanation and the other, that they are not so and that there is no point of connection between the two. Favouring the former view, I try to find a parallel to it, in Plato's Dialogue called Lysis." (Cary's Translation Vol. I, p. 482). As a general rule, it must be remembered, that Plato does not come to any dogmatic conclusions on many of the points that he raises in his Dialogues. He points out to us various aspects of a question, takes us from one alternative to another, and, like a wise man, refrains from finding a solution where there can be none. It is in the above light that we are to regard his dissertation on Friendship (Lysis) and the points mentioned therein with regard to good and evil and that which is neither good nor evil.

Plato, or Socrates as in the text, tries to show, but not to prove, that good cannot be explained or appreciated but for the presence of what we call evil and that, that which is neither good nor evil is more akin (or friendly as in the text) to good rather than to evil. For it is said that as soon as this third quality becomes friendly to evil then it loses its distinctive character, its property of being neither wholly good nor wholly evil, and at once becomes evil. And says Socrates, that, as in practical life, there can be no affinity between good and evil, therefore, it necessarily follows that, that which is neither good nor evil, cannot

but be inclined towards good. He gives an instance (para 31): "A body, so far as it is a body, is neither good nor evil, for a body can be both healthy and sick. And a body is compelled on account of disease to embrace and love the medicinal art, which is good." Socrates, therefore, states that, "that which is neither good nor evil (our body as in the present instance) becomes friendly to the good on account of the presence of evil." He then makes an important statement. He says: "it is evident that, that which is neither good nor evil becomes friendly to the good, prior to its becoming evil through the evil which it contains; for when it has once become evil, it will no longer desire the good, and be friendly to it: for we have said that it is impossible for the evil to be friendly to the good." This is an important statement, for, to my mind, it goes to show that Socrates did not consider any one thing wholly evil, for, otherwise, there would be no chance for it left to rise higher in the scale of evolution, and also to show that those things in this world which were neither wholly good nor evil, could always aspire (or be friendly as in the text) to the good, and finally become good themselves. Later on, Socrates again emphasises this point when he says, "For we say, that with respect to the soul and with respect to the body and everything else, that which is neither evil nor good, is friendly to the good on account of the presence of evil."

This is where Socrates leaves us in his dissertation on good and evil and that which is neither good nor evil. Socrates himself is "dizzy with the perplexity of the argument"; but he says: "it appears, however, according to the ancient proverb, that the beautiful is friendly".

Zoroastrianism in its short and succinct account of such ideas in the Gathas, leaves us somewhere near to the point where Socrates has left us in his accounts. It would be easy to draw a parallel, in their meaning, between the two accounts. It is not, however, necessary to enter into detail with the Zoroastrian ideas on the subject for they are well known to us in this assembly.

As I have said above, Socrates would leave us at this particular point in the argument, namely that, that which is neither good nor evil is friendly to the good on account of the presence of evil. But, lest one would think from the above argument, that we love the good on account of evil, Socrates goes on to say that good and evil are not so inextricably interwoven with one another, as that if evil were to be done away with, good would be of no use to us and we would not love it. " Is the good, then, loved on account of evil?", asks Socrates. And again, if " evil were to depart altogether and not come in contact with anything, either with body or soul, or any other of these things which, we say, in themselves are neither evil nor good, in that case would not good be of no use to us, but become useless ?". In different terms he again asks " Is this, then, the nature of good and is it loved on account of evil, by us who are placed between evil and good and is it of no use itself, for the sake of itself ?" Socrates answers that it is not so, that even if evil were wholly removed, desires would remain, desires that are the causes of friendship for the good. He asks " if evil were to be destroyed, would there no longer be any hunger or thirst, or anything else of the kind? " He then goes on to say: "it is possible that one who thirsts, or is affected by any other desire, may sometimes be affected by it beautifully and sometimes harmfully and sometimes neither." It therefore follows that even if evil were destroyed, desires that are beneficial or harmful or of a mixed nature will not necessarily be destroyed. It also follows that even " when evils are destroyed, there will remain, certain friendly things "—meaning, for instance, desires that are good and also those desires which are neither good nor evil. Socrates thus tries to show that with the abolition of evil, good also is not removed ; further that good is not dependent for its existence on evil ; for, even when evil is destroyed certain desires remain that look up for their maintenance towards good, are friendly towards good. Good thus remains, whatever happens to evil. This shows that good has a permanence of its own, which is wanting in evil. Evil is not

substantial. Evil is, at least, a negation of good, and has its own value in so far as it enables us to understand and appreciate good. This seems to be the standpoint of Zoroastrianism on the doctrine of good and evil as stated in the Gathas. It is this doctrine which enables us to understand the meaning of the final consummation of the world when evil will be no more and the world will have entered a stage of perfection, of which we can now form no idea.

Jowett in his Introduction to Lysis is unable to understand. this Socratic standpoint, which is also the standpoint of the Gathas, when he says ; "the sense of the interdependence of good and evil and the allusion to the possibility of the non-existence of evil are very curious." This is not surprising when we remember that the West has for long ages been reared on the idea that evil is a thing by itself and has a substance of its own, which can never be wholly destroyed by man except with outside extraneous help. It is fortunate that Zoroastrianism has been wholly free from such an unreasoning attitude.

Perhaps Jowett would have been able to understand the meaning of the interdependance of good and evil, if he had understood that the Socratic and also the Gathic terms good and evil represent merely the two aspects of a thinking human mind and that thus the evil aspect has nothing substantial about it, but can be removed by the prevalence of good over it.

II. The Six Divine Attributes in the Gathas to be found in Plato—A comparison.

From Plato's Dialogue called "Protagoras or the Sophists," vide Cary's Translation, Vol. I, pp. 249-251.

In answer to the question by Socrates whether virtue can be taught, Protagoras, the Sophist, has recourse to a fable—the myth of Creation.

" There was once a time when gods were, but mortal races were not ". But when the proper time came, " the gods fashioned them within the earth, composing them of earth and fire, and such

things as are mingled with fire and earth." They then commanded Prometheus and Epimetheus to distribute various faculties among them. The latter with the consent of the former did so. Epimetheus however "was not very wise" and "he ignorantly exhausted all the faculties at his disposal on irrational animals. The human race therefore still remained unadorned and he was in doubt what to do". Prometheus thus found "man naked and unshod, unbedded and unarmed". It may be noted that it is the object of Plato to state that the faculties given to the animals were of a quite different order from those supplied to men later on, and that thus there is, according to him, a difference in kind between animals and men, which can never be done away with. The fable goes on to state that "Prometheus, therefore, had to steal the artificial wisdom of Vulcan and Minerva (Vohumana), together with fire, (Atar, Asha, Ardibehest), for it was impossible that it could be acquired or used by any one without fire, and accordingly he had to present it to man". We thus see that just as in the Gathas Vohumana and Asha go together, here also Minerva, the goddess of wisdom and Vulcan, the god of fire go together. "Thus man became possessed of the wisdom pertaining to life; but he had not however political wisdom, for that was with Jupiter (Ahuramazda).........and the guards of Jupiter were terrible". "Prometheus, therefore,..........stole the fiery art of Vulcan (Asha) and the other that belonged to Minerva (Vohuman) and gave them to man, and from this man derives the means of sustenance. When man had thus become partaker of a divine condition, first of all through this relationship to deity, he above all animals acknowledged gods and set about building altars and statues of gods: next by art, he soon devised...food from the earth."......"Thus provided at first men lived dispersed: for cities were not; wherefore they were destroyed by wild beasts......The mechanical art was inadequate to the war with wild beasts...... They, therefore, collected themselves together and tried to preserve themselves by building cities. When, however, they were thus collected, they injured one another, from not possessing the

political art; so that, being again dispersed, they were destroyed. Jupiter fearing for our race, lest it should entirely perish, sent Hermes to carry shame and justice (Jowett's translation has reverence and justice) to men, that they might be ornaments of cities, and bonds to cement friendship". Hermes asked Jupiter whether he should dispense reverence and justice among men, or distribute them to all. " To all ", said Jupiter, " and let all partake of them : for there would be no cities, if a few only were to partake of them, as of other arts. Moreover enact a law in my name, that whosoever is unable to partake of reverence and justice shall be put to death as a pest of a city."..." For when men proceed to a consultation respecting political excellence, which ought to depend entirely on justice and temperance, they very properly allow every man to speak, because it is the duty of every one to partake of this excellence, otherwise there can be no cities." The fable practically ends here.

Zoroastrianism talks of six attributes or qualities in men, which are to be found in their highest perfection in the Almighty. They are Vohumana, Asha, Khshathra, Armaiti, Haurvatāt and Ameretāt. I try to see a delineation of these six faculties in the above extract from Plato, in the order in which they have been related above and as is found in the Gathas. The comparison is not quite perfect and I do not wish to lay any undue stress upon it. But the sequence is very striking. We find that after man was created—and Plato talks of creation as in Zoroastrianism—the first things given to him were the "artificial wisdom of Vulcan and Minerva and fire "; and these two always go together. These remind us of Vohumana and Asha, in a general way. Asha, Asha Vahishta, is Ardibehest and is associated with fire. These two, wisdom and fire as in Plato, which correspond to Vohumana and Asha of the Gathas, constitute, as in the text, wisdom " pertaining to life ". But, says Plato, political wisdom was yet wanting. Man had to live in the midst of the surroundings in which he was placed. He still wanted the means of sustenance. These were supplied to him in the shape of the fiery art of Vulcan

and the other that belonged to Minerva, namely wisdom, and from these, as the text has it, man derived the means of sustenance. In addition to wisdom and fire (Vohumana and Asha) man now became possessed of political wisdom, that is, of power. The political wisdom or power might be compared to Khshathra of the Gathas. It may be noted that the third attribute, power, comes to a man from the combination of 'wisdom and fire' proceeding from Vulcan and Minerva or to speak in Gathic terms from a combination of Vohumana and Asha. This goes to show that there is some point of connection among the above three attributes or virtues. And it is one of the aims of Plato in this and in the other Dialogues to show that virtue is one and not many and that what is predicated of one virtue may be predicated of the other virtues. And we know that Zoroastrianism inculcates the same idea when it that the Amesha-Spentas are all of the same thought, the same word and the same action and that the ravān of any one of them always sees the ravāns of the rest. For this see Fravardin Yasht, 23rd Karda.

We have so far seen from Plato that men had at first three attributes—corresponding to Vohumana, Asha and Khshathra. But according to Plato these were not enough and as stated above, men were first destroyed by animals, and later by quarrels among themselves. Ordinary wisdom they had, bnt political wisdom they still had not, and no state can exist without this political wisdom. The 'cities' of Plato (the Gaethās of the Gatha) could not well subsist with the above three virtues only. Something more and that of a higher order was wanted. This was given to men from above. The fourth attribute could not be had from the workshops of Vulcan and Minerva, but had to be supplied by Jupiter Himself. This great gift was given to men by Hermes as orderded by Jupiter in the shape of "shame and justice" or "reverence and justice" as Jowett translates the words in the text. This was to be given to each and all, for, said Jupiter, "whoever is unable to partake of 'reverence and justice' shall be put to death as a pest of a city." With the gift of this 'reverence and justice' to men,

the Political State was complete—the "Cities (Gaethas)" became self-sustaining. This fourth gift of 'reverence and justice' given by Jupiter, that is, by God, corresponds to the gift of Aramaiti given by Ahura Himself. Aramaiti is Ahuramazda's own daughter —the spirit of reverence and justice among men. It was through this spirit of 'reverence and justice' that the political wisdom of Plato was given to men and it is this same spirit of reverence and justice—this Aramaiti—"that causes the imperishable Kingdom to advance," according to the Gathas. "O (thou Divine) Righteousness (Asha) and the Benevolent Mind (Vohumana)! I will worship you and Ahura Mazda the first, for all of whom the Pious ready mind (within us) (Aramaiti) is causing the imperishable Kingdom (Khshathra) to advance. (And while I thus utter my supplications to You) Come Ye to my calls to help." (Yasna 28, 4. Mills). It will be seen that in this para the four virtues have been named together in one place.

We thus get, in their natural order, the above four attributes, which together go to make life worth living, both in Plato and in the Gathas. Two more remain but which are mere corollaries to the above four. The fable of Protagoras here comes to an end. The "Political Wisdom" has been attained as a result of the above mentioned four divine attributes. Political life has been achieved by men. The Gathic "Gaethas" have been settled on a lasting basis. And it is understood that the resulting benefits have been taken for granted by Plato. These have not been named in this particular dialogue. But in other Dialogues, for instance, in the Symposium, the two have been mentioned as 'friendship with God' and 'immortality', which correspond with the Gathic Haurvatāt and Ameretāt meaning, wholesomeness and immortality. The world has truly entered a state of progress tending towards Ahuramazda's final aim. The imperishable Kingdom begins to advance.

બેઠક ૧૫ મી, તા૦ ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૧૫.

એ પછી શેઠ સોહરાબજી ન. કાંગાએ નીચલો વિષય રજુ કર્યો હતો:—

III. "Pleasure and Pain."—The two inseparables—in Plato and in Zoroastrianism.

In the article on "God and Evil, and that which is neither good nor evil," we have tried to explain the standpoint of Plato, which is also that of the Gathas, namely, that of the interdependence of good and evil. We find a similar view taken by Plato of pleasure and pain which may perhaps be compared in a lesser way with good and evil. It would be enough to quote the passage in Plato's Dialogue called the Phaedo without comments. The passage would speak for itself. Cary's Translation Vol. I. p. 57.

"What an unaccountable thing, my friends, that seems to be, which men call pleasure; and how wonderfully is it related towards that which appears to be its contrary, pain; in that they will not both be present to a man at the same time, yet, if any one pursues and attains the one, he is almost always compelled to receive the other as if they were both united together from one head. And it seems to me that if Aesop had observed this he would have made a fable from it, how the deity wishing to reconcile these warring principles, when he could not do so, united their heads together and from hence whomsoever the one visits the other attends immediately after: as appears to be the case with me, since I suffered pain in my leg before from the chain, but now pleasure seems to have succeeded."

The points to be noted are (1) that these two pleasure and pain are contraries ; (2) that in a world constituted as this is, men have to taste of both pleasure as well as pain; (3) that they are two (as Jowett puts it) and yet they grow together out of a head or stem ; (4) that they are warring principles; (5) that the Deity could not, or perhaps would not, reconcile these warring principles ; (6) and that therefore the Deity allowed them free scope, taking care, however, that neither of them should go off, at a tangent. He consequently bound them together—to remind us, as it were, of their common source.

These points at once remind us of the Gathic ideas on the twin-

mainyu in Yasna 30, how even when they appear as two, they are in reality merely—"a pair," how "they come together at the first to give gaya and a-jyātim meaning life, light or spiritual illumination and its opposite, mental darkness, how the twin-mainyu will operate in a thinking human mind uptil the time of renovation, Frasho-Kereti, frashem-kerenaun ahum, and how, we may take it, when the time of renovation arrives, these two will again be properly bundled together and set at rest in the source from which they originally started.

શેઠ જમશેદ કા. તારાપોરવાલા, M.A., ને મંડલીના સ્થાનીક સંભાસદ કરવાની થયલી દરખાસ્ત ઉપર હાજર થયલા સાહેબોના "બેલત"થી મત લેવામાં આવતાં તે સર્વાનુમતે બહાલ રહી હતી.

"જરથોસ્તી કૉન્ફરન્સ"ની પાંચમાં વર્ષની બેઠકો જે આવતા માર્ચ માસની તા૦ ૨૫, ૨૭, અને ૨૮ મીનાં દિવસોએ મુંબઇમાં મલનાર છે, તેમાં આપણી મંડલીના સભાસદોનાં ૧૫) ટકાની પ્રતિનિધિઓ ચુંટી કહાડી તેઓનાં નામ તથા ઠેકાણા સાથે જરથોસ્તી કૉન્ફરન્સ ઉપર મોકલી આપવા, તેના જોડયા સેક્રેટરી શેઠ પેસ્તનજી અર્દેશીર વહાડીયા, M.A., નો તા૦ ૨૭–૧–૧૫ નો આવેલો પત્ર રજુ કરવામાં આવતાં, તે ઉપર કેટલોક વિચાર ચલાવવા બાદ, શેઠ મેહરજીભાઇ નોશેરવાન કુકાએ દરખાસ્ત કરી અને તેને શેઠ સોહરાબ ન. કાંગાએ ટેકો આપ્યો કે, નીચલા સાહેબોની જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીનાં પ્રતિનિધિઓ તરીકેની નેમણુંક જરથોસ્તી કૉન્ફરન્સની આવતી બેઠકોમાં હાજરી આપવા માટે કરવી, અને એ સાહેબોનાં નામ તથા ઠેકાણા સાથની વીગત કૉન્ફરન્સનાં જોડયા સેક્રેટરી શેઠ પે. અ. વહાડીયા ઉપર જો. ઑ. સેક્રેટરીઓએ લખી મોકલવી.

પ્રતિનિધિઓના નામ.

નાયબ દસ્તુર મીનોચેહર જા. જામાસ્પઆશા
એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહ
" બહમનજી નોશેરવાનજી ધાભર
" રૂસ્તમજી કેઆશજી મોદી
" માણેકશાહ નવરોજજી દસ્તુર જા. આશા
એર્વદ ખોદાયાર દસ્તુર શેહર્યાર ઇરાની
એર્વદ રૂસ્તમજી મેહરનોશજી મસાંની.
" નોશેરવાન બર્જોરજી દેશાઇ
પ્રોફેસર દીનશાહ દોરાબજી કાપડયા
શેઠ મીનોચેહર બેહરાંમજી સંજાણું
" પાહલનજી બર્જોરજી દેશાઇ

મજકુર દરખાસ્ત ઉપર સરનશીન સાહેબે મત લેતાં તે વગર વિરૂદ્ધતાએ (nem con) પસાર થઇ હતી.

બેઠક ૧૬ **મી** તથા ૧૭ **મી**, તા૦ ૨૦ મી ફેબ્રુઆરી તથા ૧૩ મી માર્ચ ૧૯૧૫.

શેઠ સોહરાબજી નવરોજી કાંગાએ પોતાનો "Heaven and Hell—in Plato and in Zoroastrianism" નો વિષય રજુ કર્યો હતો.*



---

* આ વિષય ગાથા સોસાઇટીના 'પબ્લીકેશન' નં. ૬ તરીકે પ્રગટ થયો છે.

બાવનમા વર્ષમાં ચાલેલી બાબતો.

——:o:——

બાવનમા વર્ષમાં સઘલી મલી મંડળીની ૭ બેઠકો મળી હતી.

——:o:——

બેઠક ૧ લી, તા૦ ૧૭ મી એપ્રિલ ૧૯૧૫.

હાજર થયલાં સભાસદોનાં "બૅલટ"થી ૫૨ માં વર્ષ માટે નીચલા અધિકારીઓની વધુ મતે નેમણુંક કરવામાં આવી હતી:—

શેઠ મનચેરજી પેસ્તનજી ખરેઘાત, I.C.S. (Retired)—સરનશીન.
એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદી—ખજાનચી.
એર્વદ નોશેરવાન બરજોરજી દેશાઇ } જો. ઑ. સેક્રેટરી.
શેઠ રતનજી ફરેદુનજી ગોરવાલા, M.A. } જો. ઑ. સેક્રેટરી.

ઑનરરી મુનશીએ ગુજશ્તેહ સાલનો ટુંક ઇન્તેખાબ વાંચી સંભળાવ્યા બાદ, શેઠ શાહપુરજી કાવસજી હોડીવાલાની દરખાસ્તને એર્વદ મીનોચેહર કાવસજી કામદીને ટેકો આપ્યો કે, "જે એહવાલ અત્રે વાંચી સંભળાવ્યો છે તે બહાલ રાખવો, અને ગુજશ્તેહ સાલનાં અધિકારી સાહેબોએ તસ્દી લેઇ પોતાના ઓહ્દાનું કામ ચાલાકીથી બજાવ્યું છે તે માટે તે સર્વે સાહેબોનું એહશાન માનવું. મજકુર દરખાસ્ત સર્વાનુમતે બહાલ રહી હતી. તે પછી ઑનરરી મુનશીએ જણાવ્યું કે, મંડલીની આવક-જાવકનો હીસાબ કેટલીક અડચણને સબબે ખજાનચી સાહેબથી તૈયાર થયલો ન હોવાથી, તે કોઇ બીજી વેલા રજુ કરવામાં આવશેજી.

એર્વદ નોશેરવાન બરજોરજી દેશાઈની દરખાસ્તને ડૉ. માણેકજી બ. દાવરે ટેકો આપ્યો કે "શેઠ દીનશાહ મેહરવાંન ઇરાની, જેવણ આગલા વર્ષો ઉપર આપણી મંડળીનાં Extra Member હતા, તેવણે આપણી મંડળીના ફંડમાં રૂપ્યા એકસોનું donation આપવાની ખાહેશ દર્શાવી છે તે બહાલ રાખી તેમને આપણી મંડલીના કાયદા મુજેબ Extra-Life-Member કરવાં". મત લેતાં એ નેમણુંક મંડલીના નીયમ પ્રમાણે ત્યાર પછીની બેઠક સુધી મુલતવી રહી હતી.

શેઠ શાપુરજી કા. હોડીવાલાએ પોતાની [illegible] ૯૯ = "ચેમ-એ કુસ્તીક બસ્તન"ની બાબત રજુ કરતાં જણાવ્યું કે, એ બાબત એર્વદ મા. રૂ. ઉનવાલા પાસેના ૪૦૦) વર્ષના જુના MS. તેમજ ડૉ. હાઉગના MH.૨૨,

તથા TD.3, માં આવેલી છે. તેવણે મર્હૂમ એર્વદ તેહમુરસના બાહેર પડેલાં મીનોખેરદના પેહલવી, પાજંદ તથા સંસ્કૃતનાં ટેક્ષ્ટ ઉપરથી એ વિષય રજુ કરતાં, શરૂઆતમાં કેટલાક મુશ્કેલ વાકયો ઉપર વિવેચન કર્યું હતું.

બેઠક ૨ જી, તા૦ ૧ લી, મે ૧૯૧૫.

એર્વદ નોશેરવાન બરજોરજી દેસાઇએ દરખાસ્ત કીધી અને તેને એર્વદ જમશેદજી દા. નાદેરશાહે ટેકો આપ્યો કે, "શેઠ દીનશાહ મેહરવાંન ઇરાનીને મંડલીનાં Extra Member કરવા". એ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ દરખાસ્ત કીધી તેને ડૉ. માણેકજી બ. દાવરે ટેકો આપ્યો કે, શેઠ દીનશાહ મેહરવાંન ઇરાનીને મંડલીનાં Extra-Life Member કરવા. એ દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

પારસી પંચાયતના ધુંધી સેક્રેટરી, શમ્સ-ઉલ-ઓલમા, એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદી તરફનો સને ૧૯૧૫ નાં નંબર ૬૦૫ નો તા૦ ૪-૫-૧૫ નો પત્ર આવ્યો હતો તેમાં જણાવવામાં આવ્યું હતું કે, "જર્મનોને હાથે Louvain નાં પુરાણાં શહેરનો નાશ થયો છે, તેમાં કેટલાકોએ પોતાનું સર્વસ્વ ખોહયું છે, તેમાં એક Prof. A. Carnoy, જેવણ મર્હૂમ પ્રોફેસર હાર્લે તથા રેવરન્ડ ડૉ. કાસરટેલીના ઇરાન્યન સાહિત્યના ચેલા છે, તેવણે પોતાનું કેટલુંક પુસ્તકખાનું ગુમાવ્યું છે. તેવણ માટે અમેરિકાવાલા ડૉ. ગ્રેએ ભલામણ કરવાથી, ટ્રસ્ટી સાહેબોએ પોતા પાસેનાં પુસ્તકોમાંથી ફાલતુ પડી શકતી ચોપડીઓ તેવણનાં અભ્યાસમાં મદદ કરવા મોકલવાનો ઠેડાવ કીધો છે, પણ તેમાં K. R. Cama Memorial Volume અને Spiegel Memorial Volume ન હોવાથી મેહરબાની કરી, મંડલી તરફથી ભેટ મોકલવા માટે તે પેહલી જોગવાઇએ મોકલી આપશોજી".

મજકુર પત્રમાં જણાવ્યા મુજેબ, તેજ દિવસે મજકુર ચોપડીઓ એર્વદ જીવનજી જમશેદજી મોદી ઉપર મોકલી આપવામાં આવી હતી.

શેઠ દીનશાહ મેહરવાંન ઇરાનીને મંડલીના Extra-Life-Member કીધા તેનો ઉપકાર માનનારો પત્ર તથા તે સાથે મંડલીનાં ફંડમાં ભરેલા રૂપ્યા એકસોની રકમનો ચૅક, તા૦ ૧૪-૫-૧૫ નાં રૂકા સાથે મોકલી આપ્યો હતો.

દસ્તુર જામાસ્પજીએ પ્રગટ કીધેલી "Pahlavi Texts"નાં સફે ૮૩ માં આવેલા દીન પનાહ અએત્રપાએના લખાનનીં નોંધ (Colophon) નાં સનેની તકરારનાં સંબંધમાં દસ્તુર જામાસ્પજીનાં કેતાબખાનાને લગતા MK. તથા JJ. વાલા હસ્તલેખો (MSS.) મંડલી આગલ રજુ કરી, એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહે જણાવ્યું કે, મજકુર નોંધની આગમજ આવેલાં પહેલવી લખાણોનાં પુસ્તકની જુદે જુદે વખતે અને જુદે જુદે ઠેકાણે દીન પનાહે બે નકલો કીધેલી માલમ પડે છે. એમાંની એક જે તેમણે શાહઝાદ નામનો શખ્સ જ્યારે તે ભરૂચની અગ્યારીમાં હતો ત્યારે તેને માટે કીધી હતી, તેની ઉપરથી ઉતારો કીધેલી MK. વાલી નકલ હાલ નાયબે-દસ્તુર મીનોચેહરનાં અખત્યારમાં છે. એ નકલ ઘણી ખવાઇ ગયલી હાલતમાં છે. MK. ઉપરથી ઉતરી આવેલી JJ. વાલી નકલ હાલ દસ્તુર કએખુસ્રોને હસ્તક છે. બીજી નકલ દીનપનાહે મજકુર શાહજાદ જ્યારે તે નિશાલમાં હતો ત્યારે તેને માટે કીધી હતી. ઉપલી પેહલી કહેલી નકલનો સને જાણવા માટે MK. તથા JJ. અને ત્યારપછી જણાવેલી નકલનો સને જાણવા માટે TD. તથા JE. વાલી નકલોમાં આપેલી એ સનેને લગતી લખાંનની નોંધ ઉપયોગી છે.

પેહલી નકલ ઉપરથી મેહરવાંન કએખુસ્રોએ યજદગર્દિ સને ૬૯૧ માં ઉતારો કીધો હતો, જે MK. છે, અને બીજી ઉપરથી એર્વદ કામદીન તે ભરૂચવાલા ઉસ્તાદ પેશોતન રામના બપાવાએ નકલ કીધી હતી, પણ તે કયા વર્ષમાં તે જણાવ્યું નથી. એ નકલ હાલ હયાત હોય એવું જણાતું નથી. પણ એની ઉપરથી TD. તથા JE. ઉતરી આવેલી છે. મજકુર પેશોતન રામે યજદગર્દિ સને ૭૬૬ માં 'ગોઇશ્ત-ફ્રીઆંન' (ગોશ્ત ફ્રીઆંન) ની નકલ કીધી હતી, એમ ડૉ. હાઉગનાં છપાવેલાં અર્દાએ વીરાફ ઇત્યાદિ પુસ્તકોના સફા ૨૪૬ માં આવેલી લખાંનની નોંધ ઉપરથી માલુમ પડે છે.

JE. ના લખાંનની નોંધમાં હિંદુસ્તાની સને ૭૭ નો આંક છે, તે શાકે ૮૭૭ હોય એમ લાગે છે, કારણ કે JJ. માં આપેલા યજદગર્દિ સને ૩૨૪ ની મુકાબેલનો એ સને છે. એર્વદ માણેકજી રૂ. ઉનવાલાએ મને જણાવવા મુજેબ તેમની પાસે એ કેતાબની એક બીજી નકલ છે, તેમાં એ લખાંનની નોંધમાં ફકટ ૭૭ નોજ સને લખેલો છે; પણ TD. વાલી નકલની એ લખાંનની નોંધમાં એ સને ૧૦૭૭ લખેલો છે, કે જેમાં તેનાં નકલ કરનારે પોતાની તરફથી અટકલ કરી સદીનો ૧૦) નો આંકડો ઉમેરેલો જણાય છે.

MK. ની એ લખાનની નોંધમાં કમનસીબે સનેના આંકડાવાલો ભાગ ખવાઇ ગયલો છે, પણ તેની ઉપરથી ઉતરી આવેલી JJ. વાલી નકલની લખાંનની નોંધમાં તે ૩૨૪ નો સને જણાવેલો છે. એને ડૉ. વેસ્ટ ૬૨૪ ધારે છે, પણ એ અટકલ ખરી લાગતી નથી. MK. વાલા હસ્તલેખની એ લખાં-

નની નોંધવાલા સફા ૭૪ a પરની આખી લાઇન ૪) ઇંચની લંબાઇની છે, અને તેની સોથી પેહલી લાઇન જેમાંથી મજ્કુર સનેનો આંકડો નીકલી ગયો છે, તેમાંનો ખવાઈ ગયા વગરનો ભાગ ૨ ઇંચની લંબાઇનો છે, અને બાકીનો ભાગ જે ખવાઇ ગયલો છે તેમાં JJ. પ્રમાણે ... શબ્દો નીકલી ગયલા જણાય છે. ઉપલાજ સફા ઉપર નીચે ૯ મી લાઇનને છેડે આપેલી બીજી લખાંનની નોંધ જે મેહરવાંન કએખુસ્રોની છે તેમાં ... મલે છે તેનું માપ બરાબર ૧।। ઇંચ છે. જો પેહલી લખાંનની નોંધમાં મજ્કુર સનેની ખવાઇ ગયેલી જગામાં ... લેઇએ તો ... શબ્દને માટે તેમાં કાંઇ જગા રહેતી નથી. પણ એ જગાએ ... લેઇએ તો JJ. હસ્તલેખમાં આપેલો મજ્કુર ... શબ્દ અંદર સમાઇ શકે છે, જે ઉપરથી માલુમ પડે છે કે આ સને ૬૨૪ નહી પણ ૩૨૪ જ હોવો જોઇએ.

મેહરવાંન કએખુસ્રોએ MK. વાલી નકલ પેહલાં પોતાને માટે યજદગર્દિ ૬૯૧ માં કીધી હતી, એમ એના સફા ૭૪ a તથા સફા ૧૬૦ a પર આપેલી લખાંનની નોંધ ઉપરથી જણાય છે. પણ તુરતજ એણે એ લખાંન ચહાલને વેચેલું માલમ પડે છે, જેથી સફે ૧૬૦ b ઉપર છેડે લખે છે કે, એ લખાંન તેણે ચહાલને માટે કીધું છે.

ઉપલા ૭૪ a વાલા સફા ઉપરની લખાંનની નોંધમાં એ લખાંનની જગા ... (તામનક) શેહર તરીકે જણાવેલી છે, પણ ૧૬૦ a વાલા સફા ઉપરની લખાંનની નોંધમાં એ જગાનું નામ ... (તાનક) શહેર લખેલું છે.

MK. કાંઇ એક શખ્સની બનાવેલી આખી ચોપડી નથી, પણ જુદાં જુદાં લખાંનોનો કીધેલો એક સંગ્રહ છે.

મહેરવાંન કએખુસ્રોએ યજદગર્દિ સને ૬૯૨ નાં બહમન મહિનાના ફ્રવર્દિન રોજે દસ્તુર જામાસ્પજીવાલી પેહલવી તર્જુમા સાથની યજશ્ન પોતાને માટે લખી પુરી કીધી હતી, અને તેબી એણે પછવાડેથી ચહાલને વેચેલી માલુમ પડે છે, કારણ કે એ પાછલની નોંધમાંબી ૬૯૨ નો સને આપ્યો છે, અને તેમાં રોજ–માહ જણાવેલો નથી. JJ. ની પેહલી સંસ્કૃત લખાંનની નોંધમાં જણાવવા મુજેબ, મેહરવાંન કએખુસ્રો પારસી સને (યજદગર્દિ સને) ૬૯૦ ના આદર મહિનાના ફ્રવર્દિન રોજ મુતાબેકે સંવંત ૧૩૭૭ નાં કાર્તક માસની સુદી ૧૪ ને દીને ઇરાંન દેશથી હિંદુસ્તાન આવ્યો હતો.

JJ. વિષે ખોલાસો કરતાં એર્વદ નાદેરશાહે જણાવ્યું કે MK. ની અસલ નકલમાંથી પાછળથી ઠેકાણે ઠેકાણેથી વરકો (પાનાં) પડી ગયાં છે અને કેટલાંક ગઠલમઠલ મુકાયલાં છે, જે વિષે મી. બેહરાંમગોરે પોતાના દિબાચાના સફા ૧ ઉપર નોટ કીધેલી છે. ચોપડીનાં વરકોમાં રેકાબ (catch-word) નહી

હોવાથી, તેની ઉપરથી કોઇ નકલ કરનાર, જેમ MK. માં તેના વખ્તમાં પાનાં (વરક) હતાં તેમજ નકલ કરી ગયો છે. એ અસલ લખનાર કોણ હતો તે આપણને જણાયલો નથી. એ નહી જણાયલા શખ્સની નકલ ઉપરથી JJ. નો ઉતારો થયલો માલમ પડે છે, નહી કે પાધરો MK. ઉપરથી. આ ઉપરથી જણાય છે કે અસલ MK. માં તો [illegible] [illegible] વાલા વાકયના પેહલવી તર્જુમાવાલા ફકરા પછી લખેલી બે પેહલવી લાઇનો પર છેકો મારી, ચહાલને કીધેલાં વેચાંણની નોંધ તથા દોઆવાલા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઇત્યાદિ ફકરા પછી, રોજનામું ([illegible] [illegible]) લખેલું છે. આ છેલ્લું રોજનામું અથવા નામગ્રહણ JJ. માં નથી. વલી JJ. માં જે સંસ્કૃત લખાંનો છેડે આપેલાં છે તે MK. માં નથી; પણ ચહાલને કીધેલાં વેચાંણની ઉપલી નોંધ તથા પેહલી દોઆ સંસ્કૃત લખાંનની નોંધની પછી આપેલી છે, અને એ વેચાંણ નોંધ તથા દોઆની જગોએ દસ્તુર જમશેદની ફારસી લખાંનની નોંધ આપેલી છે. JJ. માંની સૌથી છેલ્લી બાલબોધ અક્ષરની લખાંનની નોંધમાં યજદગર્દિ સને ૭૫૨ લખેલો છે તે ઉપરથી માલુમ પડે છે કે, જે મજકુર નકલ ઉપરથી JJ. નો ઉતારો થયલો છે, તેનાં લખાંનનો એ સને હોવો જોઇએ.

વરક ૧૧૧ ખ અને તેનીજ સામેનો વરક ૧૧૨ ક એ બે વરક MK. માં કોરા છે, જે દેખાડે છે કે, એ જગાના જુજો મહેરવાંન કએખુસ્રે એ MK. વાલી નકલ કીધી ત્યારે તેને મલ્યાં હતાં નહી. તેમજ વલી MK. માં વરક ૧૪૧ ક કોરો છે. આ પાછલો JJ. નાં અસલ લખનારને નહી મલેલો હોવાથી JJ. માં ફારસીમાં નોટ કીધેલી મલે છે કે, ત્યાંથી અસલમાં એક વરક ગુમ થયલો છે, પણ મજકુર પેહલાં ગેપનાં વરક મલેલાં હોવાથી, કાંઇપણ જણાવ્યા વગર તેને લેઇને વચ્ચેનો ગાલો પુરી નાંખ્યો છે. દસ્તુર જમશેદ દસ્તુર જામાસ્પ બીન આશાએ યજદગર્દી સને ૧૧૩૬ મુતાબેક સંવત ૧૮૨૩ માં JJ. લખેલી છે.

બેઠક ૩ જી, તા. ૨૯ મી મે ૧૯૧૫.

એર્વદ જમશેદજી દા. નાદેરશાહે જણાવ્યું કે, ગઇ બેઠકમાં તેવણે દસ્તુર જામાસ્પજીવાલી પેહલવી ટૅક્ષ્ટો (Pahlavi Texts) ના પેહલા ભાગની નકલ, જે અસલ દીનપનાહ અએત્રપાએ ભરૂચમાં કીધી હતી, તેના સનેની તકરારનાં સંબંધમાં મેહરવાંન કએખુસ્રોવાલી દસ્તુર જામાસ્પજી પાસેની અસલ નકલ જે MK. તરીકે ઓલખાય છે તે રજુ કીધી હતી, એના સંબંધમાં એવણે, ડૉ. વેસ્ટે પોતાની પાસેની MK. ઉપરથી ઉતારેલી નકલનો ચોકસ ભાગનો ઉતારો, મજકુર પેહલવી ટૅક્ષ્ટોને પ્રગટ કરવામાં મદદ કરવા ખાતેર, મર્હૂમ એર્વદ તેહમુરસ અંકલેસરીઆ ઉપર મોકલી આપ્યો હતો તે રજુ કીધો હતો, એ નકલ રજુ કરવાની એર્વદ નાદેરશાહની મકસદ એ

હતી કે એની ઉપરથી જોવાને બની આવે કે મજકુર ટૅક્ષ્ટોનો સને યઝદેગર્દિ ૩૨૪ ને બદલે ૬૨૪, જે ડૉ. વેસ્ટે કલ્પ્યો છે, તેના સંબંધમાં અસલ MK. ની નકલ કરતી વખ્તે તેમાં હાલનાં કરતાં કાંઇ વધુ લખાંણ એ કલ્પનાના ટેકામાં તેમને મલ્યું હતું કે? એ નકલની શરૂઆતમાં ડૉ. વેસ્ટે નીચે મુજેબ દિબાચો કીધો છે.

"The following Pahlavi text is transcribed from a copy of Dastur Jâmâspji's old MS. (called Vishtâsp-shâh-nâmak etc.) made in 1875. The letters written in *blue* ink are eaten away in the old MS. and were supplied by guess in the copy of 1875, but have since been confirmed by comparison with a copy of a transcript made by Jamshed Jâmâsp Asâ in 1721, and belonging to Mânekji Limji of Tehrân. The letters interlined in *red* ink are given from the copy of the transcript of 1721, where they could not be guessed in 1875 or where that copy differs from the guess then made. All variations of the copy of the transcript of 1721 from the *legible* portion of the old MS. are neglected, as being manifestly errors or emendations of the copyists.

Miinchen March 1890
(Sd.) E. W. West"

એ નકલના સફા ૬૫મામાં મજકુર સનેવાલી લખાંણની નોંધ (colophon) આવેલી છે, તેમાં જોતાં માલુમ પડે છે કે ડૉ. વેસ્ટે જ્યારે MK. ઉપરથી ૧૮૭૫ માં નકલ કીધી ત્યારે પણ એ સનેનો જેટલો ભાગ હાલ ખવાઇ ગયો છે તેટલોજ ભાગ ખવાઇ ગયલો હતો. આ સબબથી, (જેમ ઉપલા દિબાચામાં જણાવ્યું છે તેમ [9] [illegible] એટલો ભાગ લાલ સાહીમાં ઉતાર્યો છે, કારણ કે એ ખાલી એમની અટકલથી લખેલો છે. અને ૧૭૨૧ ની JJ. વાલી નકલનાં લખાંણથી તે જુદો પડે છે. એની ઉપર ડૉ. વેસ્ટે જે ૯) નંબરવાલી નોટ આપી છે તે આ પ્રમાણે છે:—"JJ. has only [illegible] but this is impossible."

એર્વદ નાદેરશાહે જણાવ્યું કે, ડૉ. વેસ્ટવાલી નકલ આગલી બેઠક સુધી તેમને મલી હતી નહી, પણ શેઠ બેહરામગોર અંકલેસરીઆએ મહેનત કરી શોધી કહાડી, ત્યારપછી તેવણ (એર્વદ નાદેરશાહ) ઉપર મોકલી આપી હતી. એવણે કહ્યું કે, હવે આપણે જોઇએ છીએ કે, વેસ્ટે સને ૩૨૪ ને બદલે જે ૬૨૪ ધાર્યો છે તે એક ખાલી તેમની કલ્પના છે, જેને માટે તેમની પાસે કાંઇ આધાર નથી. પણ તેને માટે "કિસ્સે સંજાણ" આભારી હોય એમ લાગે

છે. કારણ કે તેમાં જણાવવા પ્રમાણે, પાર્સીઓ ઇરાંનથી સંજાણ આવ્યા પછી પહેલ વહેલા ૩૦૦) વર્ષ રહીને, એટલે કે યજદગર્દનું રાજ્ય ગયા પછી આશરે ૪૩૪ વર્ષે ભરૂચ અને હિંદુસ્તાનનાં બીજાં શહેરોમાં વીખરાઇ ગયા હતા. એ જો ખરૂં હતે તો, ડાં. વેસ્ટે લખ્યું છે તેમ યજદગર્દિ સને ૩૨૪ માં આ નકલ ભરૂચમાં થઇ શકતે નહી. પણ "કિસ્સે સંજાણ" એક ખરી તવારીખ હોય તે વિષે અત્યાર આગમજ ઘણો શક પેદા થઇ ચુકયો છે.

બીજું એર્વદ નાદેરશાહે જણાવ્યું કે, આ પેહલવી ટૅક્ષ્ટોમાં આવેલી "અઇબાદગારે જરીરાંન"ની પછી, મેહેરવાંન કએખુસ્રોએ આપેલી લખાંણની નોંધ (Colophon) પરથી માલમ પડે છે કે, એ પુસ્તકની દીનપનાહ અએત્રપા તેમજ રૂસ્તમ મેહરવાંને પણ નકલ કીધેલી છે. (જુવો પેહલવી ટૅક્ષ્ટોનો દિબાચો, સફે ૪). એ રૂસ્તમ મેહરવાંન ય. સ. ૬૨૭ માં ભરૂચની પાસે આવેલાં અંકલેશ્વર શહેરમાં વીસ્પરદ ગાહાંમ્બારની નકલ કીધી હતી. (જુઓ વૅસ્ટગાર્ડના દિબાચાનો સફે ૧૩). તેમજ એણે પારસી સને ૬૧૮ માં, એટલે કે ય. સ. ૬૩૮ માં ગોશ્તે ફ્રીઆનની નકલ કીધી હતી. (જુવો દસ્તુર હોશંગજીનું અર્દાવીરાફ ઇત્યાદિ=The Book of Arda Viraf etc. સ. ૨૪૫). આપણે પેહલવી ટૅક્ષ્ટોનાં સફા ૧૪૧, પર લગ્નનાં પએમાન (કબાલા) નો ખરડો જોઇએ છીએ. એમાં ૬૨૭ નો પારસી સને આપેલો છે જે ખરડો પણ આ રૂસ્તમ મેહરબાને લખ્યો હોય એમ લાગે છે. એમાં એવું માલમ પડે છે કે, અસલ પારસીઓમાં લગ્નનું સાટું કરતી વખ્તે ખાવીંદે તેની ધણીઆણી અને તેનાં છોકરાંની સંભાલ લેવા માટે, અને જો તે લગ્નનો કોલ તોડે તો તે માટે મ્હોટો દંડ ભરવાનું લખત કરી આપવાનો રેવાજ હતો. આ દંડ ભરવાની કબુલાત આપવાની રસમ હાલ પણ ચાલુ હોય એવી રીતે આશિર્વાદ દેતી વખ્તે શરૂઆતમાં મોબદ જાહેર કરે છે, પણ તે થોડાજ સમજે છે.

એ પછી શેઠ શાપુરજી કાવશજી હોડીવાલાએ, ગઇ વેલાથી અધુરી રહેલી પોતાની "ચેમ એ કુસ્તીક બસ્તન"ની બાબત આગળ ચલાવતા તે ઉપર કેટલોક વાદવિવાદ ચાલવા બાદ, વખ્ત થઇ જવાથી, સભા બીજી બેઠક સુધી મુલતવી રહી હતી.

બેઠક ૪ થી, તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૧૫.

એર્વદ નોશેરવાન બર્જોજી દેશાઇએ દરખાસ્ત કીધી કે શેઠ બર્જોરજી ફરાંમર્જ રૂસ્તમજી જોશી, B.A. ને મંડલીનાં સ્થાનીક સભાસદ નેમવા. એ દરખાસ્તને શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ ટેકો આપ્યો હતો. એ દરખાસ્ત ઉપર આ પછીની બેઠકમાં કાયદા મુજબ, 'બૅલત' થી મત લેઇ ચુંટણી કરવામાં આવશે.

એર્વદ જમશેદજી દાદાભાઈ નાદેરશાહે જણાવ્યું કે પેહલવી ટૅક્સ્ટ, ભાગ ૨ જામાં J.J. ઉપરથી જે નકલ થઇ છે, તેમાં સંસ્કૃત વગેરે Colophons નો જે અનુક્રમ આપ્યો છે તે, તે છપાયલા ટૅક્સ્ટ ઍડીટ કરનાર શેઠ બેહરામગોરે પોતાના દિબાચામાં અસલ મુજેબ જાલવેલો જોવામાં આવતો નથી, તેમજ તેને માટે ખોલાસારૂપે કાંઇ જણાવ્યું નથી. વલી તેવણે સંસ્કૃત-માંજ બધા Colophon આપ્યા છે, પણ અસલ ઉપરથી નકલ કીધેલી MS. માં સંસ્કૃતમાં નહી પણ કેટલોક ભાગ બાલબોધ લીપીમાં અને કેટલોક ભાગ અસલ ગુજરાતી લીપીમાં આપેલો છે. વરક (Fol.) 171a માં ફારસી Colophon બરાબર છે, એની નીચેનો બીજો સંવત ૧૮૨૩ વાલો હિન્દી Colophon છે, જેનો નીચલો ભાગ ખાલી છે. વરક સફે ૧૬૧ B ના મથાલા ઉપરનો Colophon સંસ્કૃતમાં લખેલો છે અને તેની પછીની જગા ખાલી છે. પેહલવી અને ફારસીના 'કોલોફોન' બરાબર છે, પણ તેની પછીનામાં ફેર આવે છે. અસલમાં વરક ૧૬૨a માં સંવત ૧૩૭૭ વાલો પેહલો હિન્દી Colophon છે (જે મી. બેહરામગોરે સર્વથી પેહલે લીધો છે). તે અસલમાં ૧૭૨a ની નીચે છે, તેની નીચે ફારસી colophon (જેની નોટ ફારસીમાં આપી છે) તે વરક ૧૭૨a ની નીચે છે. MK. માં પેહલવી કોલોફોન છે તેમાં રોજ઼-માહ લખીને પછી સેવટ આવે છે. એની પછી સફે ૩૪૪, યાને વરક ૧૭૨b અસલમાં છે, તેની પછી [illegible] વગેરે લખાણ છે અને તેની પછી ૧૪૨-૩ વાલો હિંદી બાબતનો લેખ છે. અસલમાં જે ગુજરાતી હુરૂફો છે તેને શેઠ બેહરામગોરે બાલબોધ અથવા સંસ્કૃત લીપીમાં આપ્યો છે.

તે પછી શેઠ શાપુરજી કાવશજી હોડીવાલાએ પોતાની આગલી અધુરી રહેલી [illegible] ની બાબત ઉપરનું વિવેચન આગલ ચલાવી સમાપ્ત કીધું હતું. જે ઉપર કેટલોક વાદવિવાદ ચાલ્યો હતો.

શેઠ હોડીવાલાનો અંગ્રેજી વિષય.

The reason for wearing the Kushti according to the good religion.

(Translation of the Pazend and Sanskrit passages printed at the end of the late Ervad Tehmuras Dinshahji Anklesaria's Minô-Kherd).

In his Essay on "Pahlavi Literature," given in Grundriss der Iranischen Philologie (Vol. II, p. 115.) Dr. E. W. West says :—

"**A Father instructing his Son** is a text of about 600 words, clearly Pahlavi in idiom, found in a Pazend version in $MH._{22}$, fols. 62-69, divided into 72 numbered sentences ; and Tehmuras

has an old Pazend-Sanskrit copy, following a Mainyô-i- Khard. It begins with words that express the Pahlavi phrase *Pursit pus-i dānišno-Kām*, a son desiring knowledge asked for an explanation of the reasons for wearing the Kushti, or Sacred thread-girdle. The father, who loved wisdom (*dānāi dost*) begins by explaining that for the guidance of knowledge it is necessary to understand, but for the guidance of conduct, only faith is requisite; he also compares the position of the girdle on the waist, between the superior and inferior parts of the body, to the position of the earth between heaven and hell."

(1) The son desirous of knowledge asked (2) thus: tell me the reason why moving without tying round the Kushti is, as we know, a great sin. (3) And what is the reason of one's tying the Kushti. (4) His father, who was the friend of knowledge, said: (5) Know with goodness and discern with intellect. (6) That there are chiefly two functions of the religion in the world. (7) Above is the showing (teaching) of knowledge about that which it is possible to know. (8) And one is the showing of the path about that which it is not possible to know by knowledge, and which it is proper to take on faith, (9) and (the cause for tying Kushti) which is substantial (real) should be accepted with (established by) truth and made known. (10) And if it (the cause) is not contrary to the statements of people, prove it by two methods-*viz.*: by knowledge and faith. (11) What is presence of knowledge (existence of reasoning method) is manifest and well-known. (12-13) What is for the same reason non-existence of faith is not clear, since it (absence of faith) is not inimical to (= is consistent with) the source of knowledge, and (it is) unlike other (things), the source of knowledge of which is non-manifest by knowledge and presence.* (14) The faith which is inimical to the source of

*When there is want of faith, there is no clearness; for example, if we have no faith in the efficacy of Nirangs, which we recited against the Daevas and Drujas, we have no clear idea about these; and this absence of clear idea differs from those things about which we have no knowledge; in other words, we have a *hazy* idea about the Devas and Drujas, but they are not like those things about which we have no knowledge.

The writer means to say that where there is knowledge there is clearness. In § 22 an instance is given, namely, that if we know a disease, its remedy is known.

knowledge, with its object not manifest (*i.e.* blind faith), from that there is destruction to the world. (15) As I have written above, (16) that which is the source of religion is always consistent with intelligent knowledge. (17) If then we cannot see the real cause from this (knowledge), how is it (possible to know the same) by the faith of the path (we must pursue) in order to uphold the dictates of religion. (18) The faith which should be with it (religion) is indeed manifest in the question. (19) If that which is very visible is not perfect in showing complete knowledge, (then) this is this rule to do the act properly, that there should be protection of the religion by good action. (20) And that which is (to be taken on) faith is the invisible Nirang, which is connected with that, which is to be known (*i.e.* the knowledge) (reason) (21) Thus the destruction of those (things), which are invisible to our sight in the crushing fight with the Devas, sinners and criminals, is by invisible Nirang, as the cause is non-manifest to us. (22) An instance is the disease of the body; for that, the reason and cause of which are manifest, the medicine is all manifest. (23) The medicine for that (disease), which is invisible, is Nirang, incantation and (mystic) words (in fact) (for) everything the cause of which is not manifest. (24) Therefore, verily, the answer to the questions is not even slightly (not at all) different, but all faith, that is consistent with reason, is right on account of the indication of the cause, (25) as it is clear to persons, who have deep knowledge. (26) We write, that is the cause (of) the badge (*viz.*) Kushti. (27) Kushti is chiefly the sign indicating the boundary which is in the middle of the two halves (of the body). (28) Because that which is in the body of man (is called) by the learned, the small world (microcosm).* (29) Those splendid parts, which are in the upper half (of the body), are guests (*i.e.* are welcome as) of the superior order. (30) (For example) the eyes, which see distinctly. (31) Intelligence, which perceives. (32) Memory, which supports. (33) Talent, which discriminates. (34) Thinking, which is far-

---

* In the following paras the author explains the reasons.

seeing. (35) Since the habitat of these is in the brain of the head. (36) The tongue, which gives instruction. (37) And the ears, which hear instruction. (38) And the nose, which perceives the smell. (39) For this reason the head is the chief. (40-41) And it (head) internally obtains at no great distance a seat of greatness with dignity. For example, seeing, hearing, speaking, rejoicing. That is to say, the head obtains control over the nearer organ of sense, such as eye, ear, tongue, etc. in an invisible manner and perceives the phenomena of seeing, hearing, speaking etc. (42) The place of all good appearance and lustre and knowledge is chiefly (pre-eminently) in the head, and is like the place in heaven of great lustre. (43) Similarly the desired place of fruit and other things of the trees, is on account of these good appearance, dustlessness, fearlessness (because of there being no thorns) and lustre, pre-eminently in the branches of twigs. (44) And that which is the place of fæces and urine in the lower part (of the body) is like hell. (45) And that which is in the middle of the belly, reminds one of the mixture (*i.e.* of purity and impurity) of the world, and is a fascinator, protector, amuser and supporter of strength (or life). (46) It is like the earth mixed up (*i.e.* pure and dirty). (47) In order to show the two parts (of the body) the Kushti is put on in the middle. (48) The Kushti by resemblance (*i.e.* as it were) shows and manifests the sign of the dual pair (two parts above referred) on its going round (परिवर्तने) on one's body. (49) The Kushti is tied on the middle of the body, in order to show the sign of devotedness to the angels in the prayers. (50) The putting on of the Kushti in the middle bears (with it) the great sign of humility by resemblance (*or*, as it were). (51) To several persons there is (this) firm belief on account of it, that it is the sign of humility. (52) Just as it is clear from worship, that it is the showing (of humility) by the bowing down of the head. (53) And from its own name, it is the indication of prayer. (54) And in the actions of wise men it especially bears the distinctive lustre(?) (55) The putting on of the Kushti by the Zoroastrians is on

account of its showing the distinction of custom and dress. (56) And it is a sign peculiar to (our) religion. (57) [For says the Zoroastrian] I am a discriminator (believer) not a non-discriminator (non-believer). (58) Since it is known to me that, that which is the highest place is abode of the shinning. (59) And that which is the lowest place is abode of the darkness. (60) And that which is in the middle is the abode of the mixture (of light and darkness) and of the changes (of these).* (61) And secondly, there is this (namely) that because the worship of the Creator by the created beings with mental prayer is the indicator of devotedness and obedience and open deeds and submission; (therefore) the girdle is put on in the middle. (62) (with this thought) as I am devoted to the Omniscient Creator, so I put on the bond (Kushti) and am not without bond. (63) As the Kushti is put on by me in the middle of the body, with the heart, which is the house of the mind, so my mind should be known as restrained from all sins and diviations from the commandments of God. (64) So when the Kushti is not worn, let not (wrong) arguement (or thought) proceed from me into (my) mind, from (my) mind into (my) speech, from (my) speech into (my) action. (65) There should always be the putting on of this badge (with the thought) I am devoted, (restrained) not un-devoted (unrestrained) (to God). (66) (And) the very name *Bandage* comes from *Banda.* (67) Since my devotion is for another† not for myself. (68) The name of the ખુદા implies submission to Himself, not to others. (69) Thus the putting on of the Kushti is a badge of devotedness, which is for Another, who is Himself the very Wise Lord. (70) The great reason for the dress of the religion is (thus) made manifest by learned Zoroastrian leaders, showing the auspicious badge, clearness of intellect and knowledge of caste (faith). (71) It is proper for every one to uphold the commandment. (72) Not upholding it (is improper) on account of impropriety, great sin and diviation from (religious) precepts.

---

* Light and darkness are prominent alternately.

† For God, as will be seen in § 60.

(73) Because the hight of sin, is the not-doing of what is proper, and the doing of what is improper. (74) For this reason if I move even one step without putting on (Kushti) in opposition to the (religious) commandments, it is a great sin. (75) Because (then) my own body is beyond control. (76) (and) I (as it were) banish the control of the mind, speech and action.

બેઠક ૫ મી તા. ૨૧ મી ઑગસ્ટ ૧૯૧૫.

શેઠ બર્જોરજી ફરામરોજ રૂસ્તમજી જોશી, B.A. ને સ્થાનીક સભાસદ કરવાની દરખાસ્ત ઉપર 'બૅલટ'થી મત લેતાં સર્વાનુમતે તે બહાલ રહી હતી.

શ. ઓ. એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીનાં તા. ૧૬-૯-૧૫ નાં પત્રમાં ડૉ. સ્પુનર ઉપર ભેટ મોકલવા માટે Cama Memorial Volumeની એક નકલ તથા ડૉ. સ્પીગલ મેમોર્યલ વૉલ્યુમની એક નકલ મોકલી આપવા માંગણી કરી હતી તે મુજબ ઉપલી બંધે ચોપડી મોકલી આપવામાં આવી હતી.

શેઠ શાપુરજી કા. હોડીવાલાએ પોતાની "પાંચસો વર્ષ ઉપર એક હિંદુએ પારસી અધ્વર્યુના બેટાના લાભાર્થે લખેલું સંસ્કૃત પુસ્તક" ની બાબત રજુ કરતાં જણાવ્યું કે, આજથી નજદીક પાંચસો વર્ષ ઉપર એક પારસી મોબેદના છોકરાને સારૂં એક બ્રાહ્મણે વેદાંનાં એક પુસ્તકની નકલ કીધી હતી. આ વિષેની નોંધ સર રામકૃષ્ણ ગોપાલ ભંડારકરે પોતાનાં પુસ્તક નામે "Report on the search for Sanstrit Mss. in the Bombay Presidency during the year 1882-83" નાં ૩૬ માં તથા ૨૨૧ માં સફા ઉપર આપેલી છે. આ પુસ્તકનું નામ अष्टांग योग हृदय છે, કે જેને સર ભંડારકરે ૩૬૩ મો નંબર આપ્યો છે. તે અપૂર્ણ હાલતમાં છે, અને તેનાં ૨૪૯ સફા છે. તેનો લખનાર वाग्भट નામનો બ્રાહ્મણ હતો. આ પુસ્તકનું Colophon ૨૫ b સફા ઉપર આ રીતે છે:—"संवत् १४८६ वर्षे माघ वदि १ गुरावद्येह श्री भृगुक्षेत्रे पारसीकवंशप्रवीण–आध्यारू–श्री अर्द्धसेर सुतस्याध्ययनाय कल्प सिद्धि स्थानमलीलिखत्॥"

અર્થ:—"સંવત ૧૪૮૬ વર્ષે માઘ વદ ૧ આજે ગુરૂવારે અહીંઆ શ્રી ભૃગુક્ષેત્રમાં (ભરૂચમાં) શ્રી અર્ધ્યેશેર (અર્દેશર) (નામના) પારસી લોકોમાં મખ્યાત અંધ્યારૂના બેટાના અભ્યાસ માટે (આ પુસ્તકનું) સમાપ્તિસ્થાન (Colophon?) લખ્યું છે."

આ પુસ્તક વિષે સર ભંડારકર કહે છે કે:—

"In the class of works on Hindu Medicine we have......a copy of Vágbhata's important work, the Ashtāng-yoga-hridaya, which

howevr is incomplete. The last manuseript was caused to be translated in the Samvat year 1486 or 1430 A. D. at Bhriyukh-shetra or Bharoch by Ardhasira (Ardeshir), who was a learned Adhyaru or priest of the Parsika race for his son to study. This shows that about 450 years ago Parsi priests valued and cultured the study of Sanskrit lore."

ઉપલા ફકરામા ભરૂચનું નામ 'ભૃગુક્ષેત્ર' (યાને 'ભૃગુનું ખેતર') છે. એજ વખતનાં પેહલવી હુસ્તલેખોમાં તે નામ બરૂગચ મલે છે કે, જે સંસ્કૃત भृगुकच्छ (યાને 'ભૃગુનો કિનારો') નો બીગડેલો આકાર છે.

આજે મોબેદોને આપણે અંધ્યારૂ કહીએ છીએ કે જેના પરથી નામ પાછલ દારૂ શબ્દ મેલવામાં આવે છે, જેમ સોહરાબ અંધ્યારૂને બદલે આપણે સોહરાબ દારૂ બોલ્યે છીએ. આ અંધ્યારૂ શબ્દ સંસ્કૃત अध्वर्यु છે. ઇ. સ. ૧૪૩૦ ના સાલમાં પણ આધ્યારૂ શબ્દ સાધારણ હતો.

જેમ આપણે આજે જોઇએ છીએ કે, પરકોમવાલાઓ આપણાં નામોને પોતાની ભાષાને લગતાં હોય એમ ગણીને ઉચ્ચારે છે તથા બોલે છે તેમ અસલમાં પણ હુતું. દાખલા તરીકે ઇંગ્રેજો "Cur-set-ji, Bow-man-ji" લખે છે તથા બોલે છે તેમ ઉપલા લખનારે "अर्द्ध-सेर" લખ્યું છે.

શેઠ હોડીવાલાએ પોતાની બીજી બાબત "*Rulers of Constellations.*" રજુ કરતાં જણાવ્યું કે, "In my book,* there is a paper on *Zoroastrian Calendar*, at the 40th page whereof I have given a Diagram showing how our months are named after the planets. The planets are the rulers of the Constellation according to the following rule, which is given in the *Brihatagâtaka* of Varâhamihira (Chap. I § 6):—

क्षितिज', सित्,' ज्ञ' चंद्र,' रवि,' सौम्य,' सिता,' वनिज : । सुरगुरू,' प्रन्द' सौरि,' गुरवश्च गृहां शकपा : ॥ "Mars, Venus, Mercury, the Moon, the Sun, Mercury, Venus, Mars, Jupiter, Saturn, Saturn, Jupiter are (successively) the rulers of the (twelve) houses. (Mesha, Vrishabha, Mithuna etc.) as well as (their several) parts (i. e. the Navāmsas and Dvâdasâmsus)". (Sacred Books of the Hindus Vol. 12).

Now looking at the Diagram, it would be seen that if Farvardin was the first month, the Piscis must have ushered in the Spring equinox. This contradicts the statement in Bundahishna (Chap. VII), according to which at the time of the Great Deluge the

* "Zarathushtra and His Contemporaries in the Rigveda."

month Tishtar belonged to Cancer, or in other words the month Farvardin corresponded with Aries.

Now we have another rule in the *Bribatajátaka,* to which I call attention this day. It is as under :—

केचित्तु होरां प्रथमां भपस्य वांछंति लाभाधिपते र्द्वितीयां ।
द्रेष्काण संज्ञाप्रपि वर्णयंति स्व,' द्वादशै का दश राशि पानां ॥ (Chap. I, § 12)

"Some (astrologers) take the first half of a sign under its own, lord and the second half of that sign under the lord of the eleventh house. (from that sign). *They also take the Decanates to be under the rulers of its own, twelfth and eleventh houses (respectively.)*"

It follows from the above rule that the middle one-third part of Aries is the house of Jupiter. Our calendar-Maker took the whole of Aries to be the house of Jupiter, and so on with regard to other constellations.

શેઠ હોડીવાલાની બંધે બાબત ઉપર લંબાણથી વાદવિવાદ ચાલ્યો હતો.

બેઠક ૬ ઠી, તા૦ ૨૫ મી સપ્ટેમ્બર ૧૯૧૫.

મંડલીની સ્થાપનાની શરૂઆતનાં એક ભલા, સાદેદેલ, વિદ્વાન સભાસદ એર્વદ સાહેબ શેહ્રયારજી દાદાભાઇનાં દુ:ખદાયક મરણથી આ મંડલીએ પોતાનો એક ચુનંદો હમશરીક ગુમાવ્યો છે તેની દેલગીરી ભરી નોંધ લેવાની દરખાસ્ત એર્વદ જમશેદજી દા. નાદેરશાહે મુકી અને તેને શેઠ મેહેરજીભાઇ નોશેરવાંનજી કુકાએ ટેકો આપ્યો કે :—

ઠરાવ—"જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીની સ્થાપનાની શરૂઆતના "એક બાહોશ, ચુનંદા, સાદેદેલ અને કાબેલ અધિકારી, એર્વદ સાહેબ શેહર્યારજી "દાદાભાઇ ભરૂચા, જેવણુ આ ફાની જેહાંનથી રોજ ૨૫, માહ ૧૨, શેહનશાહી "રોજ ૨૦, માહ ૧, કદમી સને ૧૨૮૪–૮૫ યજદગદિ; ફસલી રોજ ૧૫, માહ ૬; "તા. ૧ લી સપ્ટેમ્બર સને ૧૯૧૫ ઇસ્વીને વાર બુધે, ૭૩ વર્ષની ઉમરે રેહલત "પામ્યા છે. તેવણુનાં મરણથી મંડલીને નહી પુરાય એવી ખોટ ગઇ છે; તેની નોંધ "તે પોતાનાં દફતરમાં ભારે દેલગીરીની લાગણી સાથે લે છે.

"મર્હૂમ વિદ્વાન એર્વદ સાહેબ શેહર્યારજી આજ લાંબો સમય થયાં પોતાની "નાસાજ તબીયત વગેરેનાં સબબથી, કમનસીબે પોતાની હાજેરી તેની બેઠકો વેલા

"આપી શકતા ન હતા, તે છતાં તેવણ સાહેબ આ મંડલી પ્રત્યે ઘણાં માન અને હેતની "લાગણીથી જોતા હતા. મંડલીની શરૂઆતના ઐયામમાં તેવણ સાહેબ ઘણી ઉલટ અને "ઉમંગથી ભાગ લેતા રહી, તેની બેઠકોમાં તરેહવાર ધર્મ, તવારીખ તથા સાહિત્યની "બાબતો વિવેચન માટે રજુ કરતા અને તેની બેઠકો વેલા તેનાં વાદવિવાદમાં ઘણી "ખંતથી આગેવાનીભર્યો ભાગ લેઇ પોતાના અભ્યાસનો અચુક લાભ આપતા હતા.

"આપણી મંડલી તરફથી તેવણ સાહેબે આદરબાદ મારેસ્પંદનાં પંદનામાનો "પેહલવી ટૅક્સ્ટ, તેનું જુદી જુદી રીતનું વાંચણ, ગુજરાતી તર્જુમો તથા તેમાં "આવેલા કઠણ શબ્દોની કાબેલ્યતવાલી ફરહંગ તૈયાર કરી તેનું મહૂર્મ ડૉ. હાઉગને "નામનું ૩૦૦ નું ઇનામ મેલવ્યું હતુ, જે મંડલીએ પાછલથી પુસ્તકના આકારમાં "છાપી પ્રગટ કર્યું હતું, તેમજ પાછલથી એજ વિદ્વાન ગૃહસ્થને નામનું રૂ. ૧૦૦૦નું ઇનામ મેલવ્યું હતું, જે ઇનામ પેહલવી 'દાદસ્તાને-દીની' નામની નામીચી "કેતાબનો સર્વથી પેહલાં, મહૂર્મ કાબેલ એર્વદ સાહેબ તેહમુરસ દીનશાહજી "અંકલેસરીઆની સાથે મલી, ગુજરાતી તર્જુમો કરી, તથા તેની સંપૂર્ણ ફરહંગ "બનાવવા માટે આપવામાં આવ્યું હતું.

"એવણ સાહેબે પોતાની આખી જીંદગી તમામ ધર્મઅભ્યાસ પાછલજ ગુજારી "હતી. તેવણ એક નમુનેદાર "સ્કૉલર" હતા. અને કોઇબી બાબતને તરેહવાર રીતે "જોઇ તેની ઉપર નવું અજવાલું પાડતા હતા.

"એવણનાં મરણથી આ મંડલીએ બધી રીતે, જરથોસ્તી ધર્મ, તવારીખ, "સાહિત્ય વગેરેની દરેક શાખામાં, પ્રવીણ અને ઉંચી કાબેલ્યત ધરાવનારા એક "માનવંત રાંક અને કાબેલ હમશરીક ખોયો છે; તેમજ જરથોસ્તી કોમે પોતાનો "એક ચુનંદો અભ્યાસી ગુમાવ્યો છે.

"મહૂર્મનાં કુટુંબને તેમનાં મરણથી જે ખોટ ગઇ છે, તેમાં મંડલી ઘણી "દિલસોજીથી ભાગ લે છે, અને ઠરાવ કરે છે કે, ઉપલા ઠરાવની એક નકલ ઘટતા "દિલાસાપત્ર સાથે તેમનાં કુટુંબની વાકેફી માટે, તેવણના વડા બેટા ઉપર જોઇન્ત- "ઑનરરી સેક્રેટરીઓએ મોકલી આપવી."

મજકુર દરખાસ્ત તેની છાજતી ગંભીરાઇ સાથે પસાર થઇ હતી.

મંડલીના એક બીજા સ્થાનિક સભાસદ મહૂર્મ એર્વદ સાહેબ માણેકજી દોરાબજી આદરાંનવાલાનાં શોકજનક મરણથી મંડલીને જે ખોટ ગઇ છે તે વિષેની દિલગીરીની નોંધ મંડલીનાં દફતરમાં લેવા માટે એર્વદ નોશેરવાન બર્જોરજી દેશાઇએ દરખાસ્ત કીધી, તેને શેઠ શાહપુરજી કાવસજી હોડીવાલાએ ટેકો આપ્યો કે,

ઠરાવ—"જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળીના એક જુના, ભલા, "કાબેલ અને રાંક સભાસદ એર્વદ સાહેબ માણેકજી દોરાબજી આદરાનવાલા, જેવણ "રોજ ૨૧, માહ ૧૨, શેહનશાહી; રોજ ૧૬, માહ ૧, કદમી સને ૧૨૮૪-૮૫ "યજદગર્દિ-ફસલી રોજ ૧૧; તા. ૨૮ મી ઑગસ્ટ સને ૧૯૧૫ ઇસ્વી ને રોજે "દિને ૭૦ વર્ષની ઉમરે ગુજર પામ્યા છે. તેવણ શરૂઆતમાં આ મંડલીની

"બેઠકોમાં ચાલુ હાજરી આપી, તેમાં ચાલતી બાબતોમાં ઘણી ઉલટથી ભાગ લેઇ,
"પોતાના વિચારો મુસ્તકીમપણે જાહેર કરતા હતા; પણ આજ કેટલોક સમય થયો
"પોતાની નાસાજ તબીઅત અને એકમારગી ખવાસને લીધે ભાગ લેવાથી મોકુફ
"રેહતા હતા, તે છતાં સેવટની ઘડી સુધી મંડળીની દરેક હીલચાલમાં પુર ઉલટ
"અને લાગણી દર્શાવતા હતા. એવા એક ભલા, સાલેશ અને રાંક હમશરીકનાં મરણ
"માટે મંડળી પોતાની ખેદની લાગણી જાહેર કરે છે, અને તેની નોંધ પોતાનાં દફતરમાં
"ઘણી દેલગીરી સાથે લે છે, અને ઠરાવ કરે છે કે મજકુર નોંધની એક નકલ ઘટતા
"દેલાસા પત્ર સાથે તેમનાં કુટુંબની વાકેફી માટે તેમના વડા બેરાદર ખાન સાહેબ
"પેશતનજી દોરાબજી આદરાંનવાલા-ડ્રાઇવર ઉપર મોકલી આપવાને જોઇન્ત-ઑનરરિ
"સેક્રેટરીઓને એલતેમાસ કરે છે."

મજકુર દરખાસ્ત તેને છાજતી ગંભીરાઇ સાથે પસાર થઇ હતી.

બેઠક ૭ મી, તા૦ ૧૬ મી ઑકટોબર ૧૯૧૫.

મંડળીની સ્થાપનાની શરૂઆતનાં એક માનવંત, વિદ્વાન સભાસદ મર્હૂમ એર્વદ સાહેબ શેહેર્યારજી દાદાભાઇ ભરૂચાનાં દેલગીરીભરેલાં મરણની નોંધનો ઠરાવ, એક ઘટતા દેલાશાપત્ર સાથે તેમનાં કુટુંબની વાકેફી માટે તેમના વડા બેટા, ડૉ૦ એરચ શેહેર્યારજી ભરૂચા ઉપર મોકલવામાં આવ્યો હતો, તેનો, તેમની તરફથી મંડળીનો ઉપકાર માનનારો શ્રી પુનાથી તા૦ ૪-૧૦-૧૫ નો લખેલો પત્ર રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

મંડળીનાં એક બીજા સ્થાનિક સભાસદ, મર્હૂમ એર્વદ સાહેબ માણેકજી દોરાબજી આદરાંનવાલાનાં મરણની દેલગીરીભરી નોંધનો ઠરાવ, ઘટતા દેલાશા-પત્ર સાથે તેમનાં કુટુંબની વાકેફી માટે તેમના વડા ભાઇ, ખાનસાહેબ પેશતનજી દોરાબજી આદરાંનવાલા ઉપર મોકલવામાં આવ્યો હતો, તેનો તેમની તરફથી મંડળીનો એહુસાન માનનારો તા૦ ૨-૧૦-૧૫ નો પત્ર રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

મંડળીની પુંજીનો આવક-જાવકનો સને ૧૯૧૨-૧૩-૧૪ નાં વર્ષોનો ખજાનચી સાહેબે તૈયાર કરી ઑનરરિ-ઑડીટરોએ તપાસેલો એહુસાબ રજુ કરવામાં આવતાં તેમાંની એકાદ બાબત વિષે વધુ ખોલાસા માટે તે ઉપર વિચાર ચલાવવાનું મુલતવી રાખવામાં આવ્યું હતું.

મી૰ ગુશતાસ્પ કએખુસ્રો નરીમાન તરફનો "A note on two Pahlavi Mss." નો કાબેલ્યત ભરેલો વિષય, શ. ઓ. એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીએ વાંચી સંભળાવ્યો હતો, જે ઉપર કેટલોક વાદવિવાદ ચાલવા બાદ, એ વિષય રજુ કરવા માટે તેનાં વિદ્વાન લેખકનો ઉપકાર માનવામાં આવ્યો હતો.



ત્રેપનમાં વર્ષમાં ચાલેલી બાબતો.

—:o:—

ત્રેપનમાં* વર્ષમાં સઘલી મલી મંડળીની ૧૪ બેઠકો મલી હતી.

—:o:—

બેઠક ૧ લી, તા. ૧૫ મી એપ્રીલ ૧૯૧૬.

ઑનરરિ મુનશીએ ગુજશ્તેહ સાલની બેઠકોનો ટુંક ઇન્તેખાબ રજુ કર્યો હતો. ચાલુ સાલ માટે, કાયદા મુજેબ સર્નશીન, ખજાનચી તથા બે જૉઇન્ત ઑનરરિ સેક્રેટરીઓની નેમણુંક હાજેર થયલા સાહેબોનાં "બૅલત"થી મત લઇ નીચે મુજબ કરવામાં આવી હતી:—

શેઠ મનચેરજી પેશતનજી ખરેઘાત, I.C.S. Retired—સર્નશીન.
એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદી F.I.A.—ખજાનચી.
" નોરશેવાંન બર્જોરજી દેશાઇ } જોઇન્ત ઑનરરિ સેક્રેટરિઓ.
શેઠ રતનજી ફરેદુનજી ગોરવાલા, M.A. } જોઇન્ત ઑનરરિ સેક્રેટરિઓ.

ઑનરરિ મુનશીએ દરખાસ્ત કીધી અને તેને એર્વદ મીનોચેહર કાવસજી કામદીને ટેકો આપ્યો કે ગુજશ્તેહ તેમજ હવે પછીનાં સાલો માટે એર્વદ સાહેબો પાહુલનજી દોરાબજી પાવડી, B.A., તથા રૂસ્તમજી મેહરનોશજી મસાનીની ઑનરરિ-ઑડીટરો તરીકે નેમણુક કરવી. મજકુર દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.

શેઠ જેહાંગીર નોશેરવાનજી પાલીશવાલાએ દરખાસ્ત કીધી અને તેને શેઠ પાહુલનજી બર્જોરજી દેશાઇએ ટેકો આપ્યો કે, ગુજશ્તેહ સાલનો મંડળીનો વહિવત, માનવંત સર્નશીન સાહેબ ખજાનચી સાહેબ, તથા જોઇન્ત-ઑનરિ-સેક્રેટરિઓએ તસ્દી લેઇ ખંત અને ઉલતથી ચલાવ્યો તે માટે તથા ગુજશ્તેહ સાલના એહવાલનો ટુંક ઇન્તેખાબ રજુ કરવા માટે, મંડલી તે સાહેબોનું મ્હોટું એહસાન માને છે.

એર્વદ મીનોચેહર કાવસજી કામદીને દરખાસ્ત કીધી અને તેને શેઠ જેહાંગીર નોશેરવાજી પાલીશવાલાએ ટેકો આપ્યો કે, ગુજશ્તેહ સાલમાં મંડળીના બે ખત-પત્રી મજલસીઓ (Corresponding-Members)— મર્હૂમ દસ્તુર રૂસ્તમજી જમશેદજી સુરતવાલા પોતાની જન્મ-ભૂમી સુરતમા, રોજ ૨૬, માહ ૨, શેહનશાહી, માહ ૩, કદમી સને ૧૨૮૫ યજદગર્દિ; તા૦ ૬ ઠી નવેમ્બર સને ૧૯૧૫ ઇસ્વીને દિને, તથા મર્હૂમ એર્વદ

* મીનીટ બુકમાં 'ચોપન'નું વર્ષ લખવામાં આવ્યું છે તે ખરું જોતાં 'ત્રેપન'મું હોવું જોઇએ અને તે મુજબ અત્રે સુધારવામાં આવ્યું છે. એ સૂધારો હવે પછીના દરેક સાલના રીપોર્ટમાં ચાલુ રાખવામાં આવશે.

નેર્યોસંગ શાહપુરજી દસ્તુર મેહરજીરાંણા, શ્રી નવસારી ખાતે રોજ ૧ લો, માહ ૩ જો શેહેનશાહી, માહ ૪ થો કદમી સને ૧૨૮૫ યજદગર્દિ; તા૦ ૧૧ મી નવેમ્બર સને ૧૯૧૫ ઇસ્વીને દિને ગુજર—પામ્યા છે તેથી આ મંડળીને ઘણી દેલગીરી પેદા થાય છે, એ સાહેબો મંડળીનાં કામ તરફ પુરતી દેલસોજી ધરાવતા હતા અને શરૂઆતનાં વર્ષોમાં તેની બેઠકોમાં હાજેર રહી પુર ઉમંગથી ભાગ લેતા હતા, મંડળી તેથી પોતાનાં દફતરમાં તેમનાં મરણની ઘણી દેલગીરીભરી નોંધ લે છે."

મજકુર દરખાસ્ત ઘણી ગંભીરાઇ સાથે સર્વાનુમતે પસાર થઇ હતી.

શ. ઑ. એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીનો તા. ૧૪–૪–૧૬ નો પત્ર આવ્યો હતો, જેમાં તેવણે, ડૉ. સર રામકૃષ્ણ ગોપાલ ભંડારકરની ૮૦ માં વર્ષની જ્યુબીલીની યાદમાં તેવણના હિંદુ શિષ્યો અને વખાણનારાઓ એક યાદગારી ગ્રંથ બાહેર પાડવા માંગે છે, તેમની રેહબરી માટે Cama Memorial Volume તથા Spiegel Memorial Volume ની એકેક નકલ ભેટ મોકલવાની માંગણી કીધી હતી; તે મુજેબ તે બંધે ચોપડીઓની એકેક નકલ તા. ૧૭–૪–૧૮ ને દિને મોકલી આપવામાં આવી હતી.

બેઠક ૨ જી તા. ૨૨ મી જુલાઈ ૧૯૧૬.

આ મંડળીના એક જુના સ્થાનિક સભાસદ મર્હૂમ દસ્તુર કએખુસ્રો જામાસ્પજી દસ્તુર જામાસ્પઆશાનાં દુ:ખદાયક મરણનાં સંબંધમાં, મંડલીની દેલગીરી દર્શાવનારા ઠરાવની નોંધ નીચે મુજેબ લેવામાં આવી હતી :—

એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહે દરખાસ્ત કીધી અને તેને એર્વદ રૂસ્તમજી કેઆશજી મોદીએ ટેકો આપ્યો કે :—

ઠરાવ.

"જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળીનાં એક માનવંત સ્થાનીક સભા-
"સદ દસ્તુર કએખુસ્રો જામાસ્પજી દસ્તુર જામાસ્પઆશાનાં, J.P., નું
"દુ:ખદાયક મરણ રોજ ૧૫, માહ ૧૦, શેહનશાહી, માહ ૧૧, કદમી સને
"૧૨૮૫ યજદગર્દિ; તા. ૨૨ મી જુન સને ૧૯૧૬ ઇસ્વી ને શુક્રને દિને ૫૦) વર્ષની
"જવાન ઉમરે નિપજ્યું છે તેથી આ મંડળીને ઘણીજ દેલગીરી ઉપજે છે. મર્હૂમ
"આ મંડળીનાં કામ તરફ સંપૂર્ણ દેલસોજીથી જોતા હતા. એવા એક ખેરખાહ
"હમશેરીકનાં મરણથી આ મંડળીને તેમજ તેમનાં કુટુંબને જે નહિં વર્ણવી શકાય
"એવી ખોટ ગઇ છે તે માટે મંડળી પોતાની ઉંડી દેલસોજીની લાગણી જાહેર કરે
"છે, અને ઠરાવ કરે છે કે, આ ઠરાવની એક નકલ મર્હૂમનાં વિધવા તથા એક
"પુરા બેટા નાયબે દસ્તુર મીનોચેહર ઉપર તથા તેમનાં ન્હાના ભાઇ દસ્તુરજી મીનો-

"ચેહરજી જામાસ્પજી ઉપર તેમની જાણ માટે ઘટતા દેલાસાપત્ર સાથે જોઇન્ત "ઑનરરિ સેક્રેટરીઓએ મોકલવી."

મજકુર દરખાસ્ત તેને છાજતી ગંભીરાઇ સાથે પસાર કરવામાં આવી હતી.

ઑનરરી મુનશીએ દરખાસ્ત કીધી કે, "આપણી મંડળીના સ્થાનિક સભાસદ તરીકે શેઠ બેહુરાંમજી ભીમજીભાઇ ઇચ્છાપોર્યા, M.A. ની નેમણુંક કરવી" એ દરખાસ્તને શેઠ મેહુરજીભાઇ નોશેરવાંનજી કુકાએ ટેકો આપ્યો હતો.

મજકુર દરખાસ્ત ઉપર, કાયદા મુજેબ, આવતી બેઠકમાં "ઍલત"થી મત લેઇ ચુંટણી કરવામાં આવશે.

"સ્પીગલ મૅમોર્યલ વૉલ્યુમ"ની બાંધ્યા વિનાની રહેલી નજદીક ૮૦) ચોપડીઓ બાંધવા સંબંધમાં વાદવિવાદ થતાં એવું ઠરાવવામાં આવ્યું કે, હાલ તુરત તેની પાંચ નકલો Cloth-bound કરાવી અસલ કિંમતે વેચવી.

શેઠ મેહુરજીભાઈ નોશેરવાનજી કુકાએ "The date equations in the Colophons of Mihirâpân Kaikhusro & the Calendar followed by him," ઉપરનો પોતાનો વિષય નીચે મુજેબ રજુ કર્યો હતો :—

"The Date Equations in the Colophons of Mihirapan Kaikhushro and the Calendar followed by him."

Professor Shapurshah H. Hodiwalla read before our Society, some months ago, a paper subsequently published in the Journal of the Iranian Association, on the colophons of Mihirâpân Kaikhusro. This first drew my attention to the date equations given in his Sanskrit Colophons, wherein are given the Parsi Roz-Mâhs side by side with the Hindu dates. The rôz-mâhs do not correspond to those of the Parsis in India, and it is therefore interesting to ascertain what calendar was followed by Mihirâpân.

The date equation as copied in the Codex JJ is as under :—

"Samvat 1377, Kartik Sud 14, Wednesday=Roz 19, Month Adar A. Y. 690." There is further information given that Sultan Ghayasuddin was then "establishing his sway."

The equation in codex Pt. 2 is :—

Samvat 1378, Aswin Sud 14, Saturday=Roz 6, Mâh Âbân A. Y. 692. Now Samvat 1377, Kartik Sud 14, Wednesday, corresponds to *15th October 1320* (old style). In fact, on 15th

October the tithi should be 13, but our learned president, Mr. M. P. Khareghat, assures me that the mistake of one tithi is not uncommon in Hindu dates ; in such cases, the week day given is conclusive, and furnishes a reliable basis to go upon.

Samvat 1378, Asvin Sud 14, Saturday, correspounds to *25th September 1322.*

On 15th October 1320, our Shehenshahi Rôz-Mâh was 24th of Adar A. Y. 689, and Kadimi was 24 of Dae A. Y. 689. On 25th September 1322 our Shenhenshahi roz was 4th of Mâh Âdar ; and Kadimi 4th of Mâh Dae, A. Y. 691. None of these rôz-mâhs correspond to those given in the colophons. There is, besides, a glaring discrepancy. If on the 15th October 1320 was roz 19th of Month Âdar, then on the 25th September 1322 the roz should be 29th of Abân, or the 4th Gatha, accordingly as the Gatha days are placed after Aspendad Mâh, or after Âbân Mâh as was the custom of the Persians, according to Albiruni.

There is therefore evidently some mistake in the date equations, either in both or at least in one of them. My calculation given further on, shows that the mistake is in the Colophon of Pt. 2 and not in that of JJ. According to Albiruni, the Persians placed the Gatha days after Âbân Mâh and on 16th June 632 when Yazdagard ascended the throne, the Persian date was the 1st of Farvardin; the Sogdians and the Khwarezmians placed the Gatha days after Aspendad Mâh and on the 16th of June 632 their rôz was the 1st Gatha, their Naoroz falling on the 21st June. By calculation, it will be found that on the 15th October 632 the Persian day was the 2nd of Amerdad, and the Sogdiani the 27th of Tir. On the 15th of October 1320, *i.e.*, after 688 years in which there were 172 leap years, these roz-mâhs would advance by 172 days but if we assume that the people of Iran had made an intercalation of one month, as we Shehenshahis believe the advance would be of 142 days. On adding these 142 days to the 2nd of Amerdad of the Persians, and placing the Gathas after Âbân mâh, we get the 19th of Âdar, thus:—

28	days	of	Amerdad
30	„	„	Sheriver
30	„	„	Meher
30	„	„	Âban
5	„	„	theGathas
19	„	„	Âdar
142			

On similarly adding the 142 days to the 27th of Tir of the Sogdians and placing the Gathas after Aspendad mah, we get the same roz, the 19th of Âdar, thus:-

3	days of Tir
120	days from Amerdad 1 to Aban 30
19	days of Adar
142	

Thus by both systems we arrive at the same day, the 19th of Adar given by Mihirâpân.

Now remains the question of the anno Yazdagardi. If in 632 A. C. began the first year of this era, the A. Y. year in October 1320 should be 689 and not 690. But this apparent anomaly is capable of explanation. The first year of the reign of a Sassanian King extended only to the day of the Naoroz—it mattered little what the length of the year was—and the second year of the reign began with the Navroz. On this basis as Yezdegerd came to the throne on 16th June, (or, if we take the date given by Firdausi, the 25th of Aspendad, five days earlier), the second year of his reign, according to the Sogdian system of reckoning, would commence on 21st June 632, the Sogdian Navroz; and calculating from these premises we arrive at 690, A. Y. as current in October 1320.

Similarly, if we assume that the Persians, who placed the Gathas after Âbân mâh, consider the first of Âdar as their Navroz for ecclesiastical purposes, the second year of the reign of Yezdegerd would, on the Persian ecclesiastical reckoning, commence on the 16th of February 633 ; and on this basis, the year current in October 1320, would again be 690 A. Y., the latter having begun on the 27th, September 1320. But we have no evidence that the era-year changed with Farvardin and not with Âdar. We are, therefore, forced upon the conclusion that the one month's intercalation was made by some of the provinces, some

time previously to Yezdegerd's accession, in which case the first of Farvardin of the adjusted Persian calendar would fall on the 16th July 632 and of the adjusted Sogdian calendar on 21st July 632.

The second year of Yezdegerd would therefore commence according to the Persian adjusted Calendar on the 16th July 632, the first one being only of a month's duration.

So far we have seen that by both systems, the Persian and the Sogdian (or Khwarezmian), we arrive at the 19th of Âdar A. Y. 690 on 15th October 1320. But in order to determine which of these was followed by Mihirâpân, we have to apply still another test, that of the days of the week in the two Colophons.

From the 19th of Âdar A. Y. 690 to the 6th of Âbân A. Y. 692 there are 682 days according to the Persian reckoning, *i. e.*, putting the Gatha days after Âban mâh but changing the year on 1st Farvardin ;

11 days of Âdar 690
90 „ from 1st Dae to 30th Aspandad 690
365 „ of the year 691
216 „ from 1st Farvardin to 6th Âban 692.

Dividing 682 days by 7 we get as remainder 3. Adding the 3 days to Wednesday, we get Saturday, *i. e.*, the same day of the week that is mentioned in the other Colophon.

Now let us see whether we get the same day by the Sogdian system.

The interval is of 687 days. 11 days of Adar 690 95 days from 1st Dae to 5th Gatha 690 365 days of 691 216 days from 1st Farvardin to 6th Aban 692 ——— 687	687 divided by 7 leaves 1, which added to Wednesday gives Thursday and not Saturday.

We thus see that the Sogdian Calendar was not the one used by Mihirâpân, and we are forced to adopt the alternative that he

followed the Persian Calendar in which the Gatha days were put after Âbân Mâh and that in this Calender one month's intercalation had been made some time previously to the beginning of Yezdegerd's reign.

The calendar of Indian Parsis is not identical either with the Persian or the Sogdian, as will be seen from the following table:—

Indian Parsis	*Persians*	*Sogdians*
1st Farvardin	1st Farvardin	1st Gatha
1st Âdar	1st Gatha	26th Âban
6th Âdar	1st Âdar	1st Âdar
1st Gatha	26th Aspendad	26th Aspendad

The Parsis, who came to India, must have intercalated one month in their calendar *after* June 632 and hence the added month has not affected the era-reckoning, their second year not having commenced earlier than 16th June 633.

There still remains one item to be verified. Mihirâpân speaks of Sultan Gayasuddin as 'establishing his sway', at the time *i. e.* in October 1320. Now the date of accession of Sultan Gayasuddin Taghlakh is given by Elphinstone, Medows Taylor and Beale as August 1321 and the Encyclopaedia Britannica also gives 1321. This, if correct, would be fatal to the theory above advanced, but some recent books give an earlier date and I am indebted to our learned President, Mr. M. P. Khareghat, for bringing this to my notice. The latest Imperial Gazetteer of India, Vol. II (p. 363) gives October 1320 and Lane-Poole's 'Muhammadan Dynasties' also gives 1320. There does not, therefore, seem to be any objection to the theory, on historical grounds.

The colophon in Pt. 2 is not quite correct. We have seen that the interval between 19th Adar A. Y. 690 and 6th Abân A. Y. 692 is 682 days or one year and 317 days. Adding these days to 15th October 1320, we get 28th August 1322, on which day the Hindu tithi was Bhâdrapad, Vad 1, and not Ashwin Sud 14. There is a difference of 28 days, which cannot be

accounted for and there is no doubt that some mistake has been made in the Hindu date.

શેઠ કુકાના વિષય ઉપર વાદવિવાદ થતાં એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહે જણાવ્યું કે, કએખુસ્રો મેહરવાને અસલમાં હિંદુ તિથી બીલકુલ લખીજ નથી; પણ પાછલથી નકલ-નવેશોએ પોતાની તરફથી તેમાં હિંદુ તિથી દાખેલ કરી છે.

MSS. નાં નામો અને નંબરોનાં સંબંધમાં તેને ઓલખાવવા માટે, જુદા જુદા લખનારાઓએ જુદી જુદી રીતે તેની નોંધ આપી છે તેથી તેમાં વારે ઘડીએ તે MSS. નકી કરવા માટે ગુંચવાડો નડે છે, તેનાં સંબંધમાં માનવંત સર્નશીન સાહેબે એલતેમાશ કીધી કે, નામીચા યૂરોપ્યન ઓલમાઓ એક સરખી રીત MSS. ઓલખાવવા માટે વાપરે છે તેજ સર્વથી શ્રેષ્ઠ છે, અને તેને અનુસરી ચાલવાથી સવલતા થઇ પડે છે.

બેઠક ૩ જી, તા૦ ૧૯ મી ઑગસ્ટ ૧૯૧૬.

આગળી બેઠકમાં શેઠ બેહરામજી ભીમજીભાઇ તારાપોરવાલા, M.A. ને સ્થાનિક સભાસદ કરવાની દરખાસ્ત ઉપર 'બૅલ્લત'થી મત લેતાં તે સર્વાનુમતે પસાર થઇ હતી.

મંડળીના મર્હૂમ સભાસદ દસ્તુર કએખુસ્રો જામાસ્પજીનાં વીધવા; એકપુરા બેટા નાયબે-દસ્તુર મીનોચેહર, તથા ભાઇ દસ્તુર મીનોચેહર ઉપર મંડળીની દેલગીરી દર્શાવનારા મોકલેલા ઠરાવ માટે મંડલીનું અહેસાન માનનારાં પત્રો રજુ થતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

મંડળીનાં પુસ્તકખાનાંની કબતો, તથા બેઠકો હવે પછી મર્હૂમ શેઠ ખુરશેદ રૂસ્તમજી કામા ઇન્સ્ટીટયુટમાં, હોર્નબી રોડ, ફોટ, મર્હૂમ શેઠ દામોદરદાસ સુખડવાલા બીલ્ડીંગમાં ત્રીજે માળે કરવા વિષેનો, તેનાં સેક્રેટરિ શ. ઑ. એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીનો પત્ર, તથા ચોપડીઓ રાખવા બીજી કબતો ખરીદવા માટેનો વિચાર ચલાવવામાં આવતાં, એવું ઠરાવવામાં આવ્યું કે, એ ઇન્સ્ટીટયુટમાં આપણી મંડળીની બેઠકો કરવા તથા કબતો રાખવા વગેરેની કેવી સ્થીતી છે તે વિષેનો ખોલાસો અને ત્રસ્ટ-ડીડમાં શું બંદોબસ્તો કરવામાં આવ્યા છે તે જાણવા માટે ત્રસ્ત ડીડની નકલ મોકલી આપવા તેમનાં સેક્રેટરી સાહેબ ઉપર પત્ર લખવો.

શ્રી કરાંચીના એક જરથોશ્તી ગૃહસ્થ શેઠ જમશેદજી તેહમુરસ કૉન્સ્તેબલ તરફનો કબીસા વિષેનો આવેલો એક ટુંક નિબંધ રજુ કરવામાં આવતા, મંડળીની કાયદા મુજેબ બહારનાં આવેલા વિષયો ઉપર વાદવિવાદ

કરવાનો શરેસ્તો નહિ હોવાથી-પણ મંડળીનો કોઈ સભાસદ પોતા તરફથી તે આવેલા વિષય ઉપર વિચાર ચલાવવા માંગવા હોય તો તેવણ પોતા તરફથી રજુ કરી શકે એમ હોવાથી, એર્વદ નોશેરવાન બરજોરજી દેશાઇએ એ વિષય પોતા તરફથી રજુ કરવાની બહાલી માંગતાં તે આપવામાં આવી હતી.

મંડલીનાં સને ૧૯૧૩-૧૫ માં વર્ષ સુધીની આવક-જાવકનો ખજાનચી સાહેબે તૈયાર કરી, ઑનરરિ ઑડીટરો એર્વદ સાહેબો રૂસ્તમજી મેહરનોશજી મસાની તથા પાહુલનજી હોરાબજી પાવરી, B.A. એ તપાસી સહી કરેલો અહેસાબ રજુ થતાં, કેટલોક વાદવિવાદ ચાલવા બાદ, શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાની દરખાસ્તને શેઠ અર્દેશર ખુર્શેદજી વેસાવેવાલાએ ટેકો આપવાથી તે સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યો હતો, તેમજ એને માટે ખજાનચી તેમજ ઑનરરિ-ઑડીટર સાહેબોનો ઉપકાર માનવામાં આવ્યો હતો.

મંડળીનાં પોસ્ત-ઑફીસ સેવીંગ્સ બૅંકમાં ખાતું પાડી મુકેલાં નાણાંની પુંજી અત્યાર સુધીનાં રૂ. ૧૫૫૮-૮-૭ની થઇ છે, તેમાંથી રૂપ્યા પંદરસોની પોસ્ત-ઑફીસ મારફતે, સાહુડા ત્રણ ટકાની સરકારી નોટ લેવાની એર્વદ જમશેદજી દાદાભાઈ નાદરશાહે સૂચના કરવાથી તે બહાલ રાખવામાં આવી હતી.

શેઠ ધનજીશાહ મેહરજીભાઇ માદન હુસ્તક છપાયલાં મંડળીનાં દીનકર્દનાં પેહલવી ટૅક્સ્ટનાં પુસ્તકોની નકલો, તેવણ સાહેબ જાથુકને માટે મુંબાઇથી બાહેર જતા હોવાથી, એ પુસ્તકો મંડળીને સ્વાધીન કરવાનો પત્ર મોકલ્યો હતો.

શમસુલ ઓલમા એર્વદ ડૉ૦ જીવનજી જમશેદજી મોદી તરફથી ધી ભંડારકર ઓરિયનટલ ઇન્સ્ટીટયુટ માટે, કામા તથા સ્પીગલ મેમોર્યલ વૉલમની એકેક નકલ ભેટ કરવાની માંગણી થતાં તે મોકલી આપવામાં આવ્યાથી તે માટે આભાર માનનારો તે ઇન્સ્ટીટયુટનાં સેક્રેટરિ Prof. S. K. Belvalkar M.A., Ph.D. તરફનો તા૦ ૧૮-૮-૧૬નો, એર્વદ મોદીનાં તા૦ ૧૯-૮-૧૬ નાં પત્ર સાથે રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

બેઠક ૪ થી, તા. ૩૦ **મી સપ્ટેમ્બર ૧૯૧૬.**

મંડળીની બેઠકો હવે પછી "કે. આર. કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટ"માં સુખડવાલા બિલ્ડિંગને ત્રીજે મજલે કરવા તથા મંડળીની કબતો વગેરેની વ્યવસ્થા કરવા માટે "કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટ"ના ઑનરરિ-સેક્રેટરિ શમ્સુલ-ઑલમાં એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદી પર લખેલાં પત્રનો જવાબ તથા "ત્રસ્ત-દીડ"ની આવેલી નકલ ઉપર વિચાર ચલાવતાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે, વિદ્વાન સર્નશીન સાહેબ એ ત્રસ્ત દીડની નકલ વાંચીને

તે ઉપર આવતી વખતે જે વિચાર જણાવે તે ઉપર વાદવિવાદ ચલાવવો તેટલાં ઓનરરિ સેક્રેટરિએ મંડળીની કબતો રાખવા માટે, તેમજ એ ઇન્સ્ટીટ્યુટની કમિટિમાં આપણી મંડળી તરફના સર્નશીન સાહેબ સાથે બીજા ત્રણ–ચાર સભાસદોને સામેલ કરવા કે તેઓ મંડળીની કોઇ બાબત ઉપર વાદવિવાદ થતાં તેઓ મંડળી તરફનો વિચાર રજુ કરે, તે માટેની ગોઠવણ શમ્સુલ–ઑલમાં એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદી તથા કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટના ઓનરરિ સેક્રેટરિ શેઠ રૂસ્તમ પેસ્તનજી મસાંનીને મલી કરવી અને મંડળીની આવતી બેઠકમાં તે રજુ કરવી.

ઑનરરિ સેક્રેટરીની અર્જ ઉપરથી શેઠો મનચેરશા ફ્રામજી ખાન તથા દીનશાહ મેહરવાંન ઇરાનીએ અનુક્રમે બે અને ત્રણ કબતો સુંદર પ્રકારની મંડળીને ભેટ આપવાની ખુશી દર્શાવનારાં પત્રો રજુ થતાં મંડળીએ એ બંને દેલસોજ, ઉદાર વૃત્તિનાં સાહેબોનું એહસાન માનનારો પત્ર મોકલી આપવાને જોઇન્ત ઑનરરિ સેક્રેટરીઓને ફરમાશ કીધી હતી.

મંડળીની જ્યુબિલ પ્રસંગે શમ્સુલ–ઑલમાં એર્વદ ડૉ. જીવનજી જમશેદજી મોદીએ વાંચેલા મંડળીની તવારીખના નિબંધનો હસ્તલેખ છપાવવા માટેનો તેવણ તરફનો પત્ર રજુ કરતાં મંડલીએ એવું ઠેરવ્યું કે, હાલમાં કાગજ વગેરેની સર્વે સામગ્રીની બેહદ મોઘવારીને સબબે, એ વિષય જુદો છપાવવા માટે, નાણાંની જોગવાઇ થઇ શકતી ન હોવાથી ભવિષ્યમાં મંડળીના એહવાલો છપાતી વેલા વિચાર કરવામાં આવશે.

બેઠક ૫ મી, તા૦ ૪ થી નવેમ્બર ૧૯૧૬.

જરથોશ્તી કૉન્ફરન્સની એક બેઠક જે દીસેમ્બર માસની તા. ૧૬ તથા ૧૭ મીને દિને મલનાર હતી, તેમાં આપણી મંડલીના સભાસદોની સંખ્યાના ૧૫ ટકા જેટલા 'ડેલીગેટો'ની ચુંટણી કરી મોકલવા માટેનો શેઠો પેસ્તનજી અર્દેશર વાહડયા, ડૉ. નાનાભાઇ નવરોજી કાત્રક તથા સોહરાબ કાવસજી પીટીટની સહી સાથનો છાપેલો સર્ક્યુલર તથા શેઠ પેસ્તનજી અર્દેશર વાહડયાનો તા. ૩–૧૦–૧૬ નો પત્ર રજુ કરવામાં આવતાં, તે ઉપર વિચાર કરી નીચલા સાહેબોને મંડળી તરફનાં 'ડેલીગેટો' તરીકે ચુંટી કાઢવાની એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહની દરખાસ્તને એર્વદ નોશેરવાનજી બર્જોરજી દેશાઈએ ટેકો આપવાથી અને તે nem-con પસાર થવાથી, તે નામો તેમના ઠેકાણા સાથે કૉન્ફરન્સનાં સેક્રેટરિઓ ઉપર મોકલી આપવાને જોઇન્ત સેક્રેટરીઓને એલતેમાસ કરવામાં આવી હતી:—

૧ દસ્તુર મીનોચેહર જામાસ્પજી જામાસ્પઆશા, ૨ એર્વદ જમશેદજી દાદાભાઈ નાદેરશાહ, L.C.E., ૩ એર્વદ બહ્મનજી નોશેરવાંનજી ધાભર, M.A.,

૪ એર્વદ માણેકશાહ નવરોજજી દસ્તુર જામાસ્પઆશા, M.A., ૫ એર્વદ રૂસ્તમજી મેહરનોશજી મસાંની, ૬ એર્વદ બર્જોજી એરચજી બજાં, ૭ શેઠ પાહુલનજી બર્જોજી દેશાઇ, ૮ શેઠ જમશેદજી કાવસજી તારાપોરવાળા, M.A., ૯ શેઠ અર્દેશર ખુર્શેદજી વેસાવેવાલા, B.A. તથા એર્વદ નોશેરવાન બર્જોજી દેશાઈ.

બેઠક ૮ મી, તા૦ ૨૫ મી નવેમ્બર ૧૯૧૬.

શેઠ દીનશાહ મેહરવાંન ઇરાનીએ મંડળીને બે કબત ભેટ આપવા કહી હતી, તેનાં સબંધમાં તેવણે તા. ૧૪–૧૧–૧૬ નાં પોતાનાં પત્રમાં તે કબતો મંડળીએ સમરાવી પૉલીશ કરી લેવા વિષે લખ્યું હતું, તે રજુ કરવામાં આવતાં, મંડળીએ તે પત્રની નોંધ લેવા તથા ઉપલી કબતો મંડળીના ખર્ચે દરૂસ્ત કરી લેવાની બહાલી આપી હતી.

શેઠ કએખુસ્રો કાવસજી મુલ્લાં, B.A. એ મંડલીના સ્થાનીક સભાસદ તરીકેનાં આપેલાં રાજીનામાનો તા. ૧૯–૧૧–૧૬ નો પોસ્તકાર્ડ રજુ કરતાં તેની નોંધ લેવા તથા રાજીનામુ બહાલ રાખવાનો ઠરાવ થયો હતો.

બેઠક ૯ મી, તા. ૧૩ મી જાન્યુઆરી ૧૯૧૭.

આપણી મંડળીની બેઠકો અત્યાર સુધી મહૂર્મ બાઇ ભીખાઇજી શાહપુરજી બંગાલીવાલી, કોટની કન્યાશાળાનાં દિવાનખાનામાં, તેના કારોબારી સાહેબોની માયાલુ મેહરબાનીથી, સને ૧૯૦૦ થી ૧૯૧૬ ઇસ્વી સુધીની ૧૬ વર્ષની લાંબી મુદત સુધી મલતી રેહી હતી, અને તેને માટે તેઓએ પુરતી દેલસોજીથી સર્વે પ્રકારની સગવડ કરી આપી હતી તે માટે તેના માનવંત કારોબારી સાહેબોનું મ્હોટું એહસાન જાહેર કરવા તથા તેની એક નકલ તે સાહબોની વાકેફી માટે મોકલી આપવા, અને પોતાના દફતરમાં તે વિષેની નોંધ લેવાનો નીચે મુજેબ ઠરાવ કરવામાં આવ્યો હતો :—

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ દરખાસ્ત કીધી અને તેને એર્વદ મીનોચેહર કાવસજી કામદીને ટેકો આપ્યો કે :—

ઠરાવ.

"જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળીની બેઠકો સને ૧૯૦૦ થી સને "૧૯૧૬ ઇસ્વી સુધીની ૧૬ વર્ષની લાંબી મુદત સુધી મહૂર્મ બાઇ ભીખાઇજી "શાહપુરજી બંગાલીવાલી કન્યાશાલાનાં કારોબારી સાહેબોએ પોતાના કુશાદે દિવાન-"ખાનામાં મેહરબાની કરી મલવા દીધી હતી અને પુરતી દેલસોજીથી સર્વે પ્રકારની "સગવડ અને સવલતા આપી હતી, તે માટે આ મંડળી તે સાહેબોનું મ્હોટું "એહસાન માને છે અને તેની નોંધ મ્હોટી ખુશી સાથે પોતાના દફતરમાં લેઇ,

"તેની એક નકલ ઘટતા પત્ર સાથે કારોબારી સાહેબો ઉપર મોકલી આપવા પોતાના "જોઇન્ત ઑનરરિ સેક્રેટરીઓને ફરમાસ કરે છે."

મજકુર ઠરાવવાલી દરખાસ્ત ઉપર મત લેતાં તે સર્વાનુમતે પસાર થઇ હતી.

બેઠક ૧૦ મી, તા. ૩ જી ફેબ્રુઆરી ૧૯૧૭.

મંડળીની બેઠકો **મર્હૂમ** બાઈ ભીખાઇજી શા. બંગાલીવાલી કન્યાશાલાનાં દિવાનખાનામાં સોલ વર્ષની લાંબી મુદત સુધી તેની કારોબારી કમિટિના સાહેબોની દેલસોજ કૃપાથી મલતી રેહી હતી તે માટે તેઓનું એહસાન માનનારો જે ઠરાવ ઘટતા પત્ર સાથે તે ખાતાનો ધુંધી ઑનરરિ સેક્રેટરિ શેઠ રૂસ્તમ પેસ્તનજી મસાની ઉપર મોકલી આપવામાં આવ્યો હતો તેનો તા. ૬૯-૧-૧૭ નો મજકુર ઑનરરિ સેક્રેટરિ તરફનો પોહોંચ સ્વિકારનારો તથા તે સાથે મંડ-લીનું એહસાન માનનારો પત્ર રજુ કરવામાં અવતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

મંડળીની બેઠકો હવેથી ધી. કે. આર. કામા ઓર્યન્ટલ ઇન્સ્ટીટયુટનાં દિવાનખાનામાં ત્રીજે માલે મલતી હોવાથી સભાસદ સાહેબોની સગવડ માટે lift નો ઉપયોગ કરવો પડતો હોવાથી, lift નાં માણસને તેનાં મોજદ તરીકે દર બેઠકે રૂપ્યો અરધો આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

બેઠક ૧૧ મી, તા. ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૧૭.

એર્વદ મેહરજીભાઇ પા. માંદને મંડળીએ છપાવેલી દીનકર્દનાં પેહલવી ટૅક્ષ્ટની ચોપડીઓ પોતાને ત્યાં વધુ વાર રાખવાની સગવડ ન હોવાથી તે મંગાવી લેવાને જણાવતાં ઑનરરિ મુનશીએ જણાવ્યું કે હવે થોડા દિવસમાં મંડળીની કબાટો પૉલીશ વગેરેથી દુરસ્ત થતાં તે અત્રે તુરત મંગાવી લેવામાં આવશે.

બેઠક ૧૩ મી, તા૦ ૧૦ મી માર્ચ ૧૯૧૭.

મંડળીનાં નાણાંની પુંજી જે પાર્સી પંચાએતનાં નામદાર ટ્રસ્તી સાહે-બોનાં સ્વાધીનમાં વ્યાજ આપવા ઇત્યાદિની શર્તે રાખી છે, તેનું ઇ. સ. ૧૯૧૬ નાં ગુજશ્તેહ સાલનાં રૂપ્યા ૧૭૧ નાં વ્યાજની રકમ તેમનાં સેક્રેટરિનાં તા૦ ૧-૩-૧૭ નાં પત્ર સાથે મલી હતી, તે રજુ થતાં તેની નોંધ લેવાનો ઠરાવ થયો હતો.

બેઠક ૧૪ મી, તા૦ ૧૭ મી માર્ચ ૧૯૧૭.

શમ્સુલ ઓલમા એર્વદ ડૉ. જીવનજી મોદીએ "અવસ્તા-પેહલવી પુસ્તકોમાં મલતી હુન તાયફાની હકીકત," ઉપરનો પોતાનો વિષય રજુ કરતાં જણાવ્યું કે, "અવસ્તામાં હુન તાયફાવાલાઓને હુન કહ્યા છે અને તેઓના એશારા નીચલે ઠેકાણે મલે છે:—૧. આવાં યશ્ત, ફ્રા. ૫૩-૫૫; ૫૭-૫૯. ઘણા ખરા તર્જુમો કરનારાઓ એ ફકરાઓ બાબે એકમત છે કે, એમાં આવતા "હુન" શબ્દ "હુન" લોકો માટે છે.—૨. મેહર યશ્ત, ફ્રા. ૧૧૩. એ ફકરા માટે દાર્મેસ્તેતે, હાઉગ, હાર્લે, સ્પીગલ, કામા વગેરે "હુન" શબ્દને "છોકરા"ને અર્થે લે છે; પણ એર્વદ જીવનજી "હુન" તાયફા માટે લે છે.—૩. જમ્યાદ યશ્ત, ફ્રા. ૪૧, માંનાં "હુન" શબ્દને હાઉગ, દાર્મેસ્તેતે, સ્પીગલ સામાન્ય નામ તરીકે લે છે, પણ વૅસ્ત અને હાર્લે જ્યાં બે જગાએ "હુન" શબ્દ આવે છે તેમાંથી પેહલી જગ્યાએ એ શબ્દોનો "હુન" લોકો માટે, વિશેષનાંમ તરીકે અને બીજી જગ્યાએ સામાન્ય નામ તરીકે લે છે; પણ એર્વદ જીવનજી બંને જગ્યાએ વિશેષનામ લે છે, અને તેના ટેકામાં કૅરશાસ્પને માટેની પેહલવી વાર્તા લે છે. (S.B.E., Vol. XVIII. pp. 370-71—૪. ફર્વર્દિન યશ્ત, ફ્રા. ૧૦૦, અને જમ્યાદ યશ્ત, ફ્રા. ૮૬. દાર્મેસ્તેતે, સ્પીગલ, હાર્લે, હાઉગ એઓ "હુન" શબ્દને વિશેષનાંમ એટલે તાયફા માટે લે છે. એ સર્વે ફકરાઓ પ્રમાણે "હુન" તાયફાવાલાઓ ઇરાનીઓનાં વેરી હતા. ધર્મે, ઇરાનીઓની મુઆફેક કેટલીક બાબતોમાં એઓ માજ્દયસ્ની હતા એમ દીસે છે; એનાં ટેકામાં નીચલી બાબતો દીસે છે:—

(ક) આવાં યશ્ત પ્રમાણે ઇરાનીઓની અને એઓની બંદગીની ક્રિયા એકજ હતી.

(ખ) અર્જાસ્પે વીશ્તાસ્પ સાથે ધર્મ કાજે લડાઇ ઉઠાવી, સબબ કે વીશ્તાસ્પે બાપદાદાઓનો ધર્મ છોડી જરથોશ્તનો ધર્મ અખત્યાર કર્યો. અર્જાસ્પને એમ કરવાનો સબબ શું? તે સબબ આ દીસે છે કે, બન્નેની દીનનાં કેટલાંક તત્વો સામાન્ય માજ્દયસ્ની હતાં, તે છોડી હવે વીશ્તાસ્પે જરથોશ્તની નવી સુધરેલી દીન અખત્યાર કીધી.

(ગ) પેહલવી બુન્દહેશ્ન પ્રમાણે બન્ને ઇરાનીઓ અને તુરાંનીઓ બાપેદાદે એક તોખમના હતા તેથી તેઓનાં ધર્મનાં તત્વો સામાન્ય હોય.

એ ઉપર વાદવિવાદ ચાલતાં પ્રમૂખ સાહેબે જણાવ્યું કે, "આવાં યશ્તના ફ્રા. ૫૪ અને ૫૮ માં, મેહર યશ્તના ફ્રા. ૧૧૩ માં અને જમ્યાદ યશ્તના ફ્રા. ૪૧ માં "હુનુ" શબ્દનો અર્થ એર્વદ કાવસજી કાંગાએ તેમજ દાર્મેસ્તેતેએ "છોકરા" તથા "ઓલાદ" કરીને કીધો છે, અને હું ધારૂં છું કે તે બરાબર છે. તે ફકરાઓમાં એ શબ્દ સંસ્કૃત सूनु ની બરાબરનો છે. ફકત બેજ ફકરામાં "હુનુ" શબ્દ કોઇ તાયફાવાલાઓને માટે વપડાયો હોય એમ લાગે છે,

અને તે ફકરા ફ્રવર્દિન યશ્તનો ૧૦૦ મો, અને જમ્યાદ યશ્તનો ૮૬ મો છે. પણ ફક્ત શબ્દનાં મલતાપણાંને લીધે, બીજા પુરાવા વગર, એ છેક વીશ્તાસ્પની વખતનાં "હુનુ" અને ઘણા પાછલથી જણાયલા "હુન" લોકો એકજ હતા એમ માનવું કઠણ છે. ઈ. સ. પછીથી જણાયલા "હુન" પણ સર્વે એક તાયફાના હતા તે વિષે શક છે, અને તે વિષે હું "Huns" અને Eppthalites" વિષયો પર Encyclopædia Brittanica (10th Edition) ની આર્ટિકલોનો હવાલો આપીશ. બીજું, મીહીરકુલ એક ઘણોજ ખરાબ અને ક્રૂર માણસ હતો, અને તે જો જરથોશ્તી હતે તો આપણને મગરૂરી લેવાનું નહિ પણ શરમાવાનું કારણ થતે; પણ તે જરથોશ્તી હતો એવું માનવાને હું કાંઇ પણ કારણ જોઇ શકતો નથી. તેનાં નામનો પેહલો ભાગ કદાચીત ફારસી مهر="મેહર" શબ્દપરથી નિકલ્યો હોય, પણ તેથી તેનાં ધર્મ વિષે કાંઇપણ અનુમાન નિકલી શકે નહિ; તેમજ મુવેલી લાશોને જાનવરો પાસે ખવડાવવાના રેવાજ પરથી કાંઇપણ અનુમાન નિકલી શકે નહિ; કારણ કે તે રેવાજ તો મધ્ય એશ્યાના ઘણાક લોકોમાં જાયજ હતો, અને આજે પણ ટીબેટનોમાં છે. તે "અહુરમજદ"ની સેતાયશ કરનારો હતો એમ પણ માનવાને કાંઇ કારણ નથી."

શેઠ બેહરામગોરે પોતાના વિચાર દર્શાવતાં કહ્યું કે, એક હંગેર્યન બાનુ સાથના પત્ર-વ્યવહારથી મને માલૂમ પડયું છે કે, હંગેર્યન ભાષામાં ઘણા ઇરાની શબ્દોનો સમાવેશ થયો છે અને તે બાનુએ તેના સંબંધમાં મને એવો ખોલાસો કર્યો હતો કે, હમે યુરોપમાં આવીને વસ્યા તેની આગમચ હમે ઇરાનમાં ભટકતી હાલતમાં રહેનાર હોવાથી હમારી ભાષામાં ઇરાની શબ્દોનો મ્હોટો સમાવેશ છે, અને હમારી ભાષાનું વ્યાકરણ Mongolese ભાષાને મલતું છે.

બેઠક ૩ જી, તથા ૪ થી તા. ૧૯ મી ઑગસ્ટ તથા ૨૦ મી સપ્ટેમ્બેર ૧૯૧૬.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ "જુદદીન વિષેનાં ફકરાઓની થોડીક તપાસ"નો પોતાનો વિષય રજુ કર્યો હતો, જે ઉપર વાદવિવાદ થતાં, શેઠ બેહરામગોરે જણાવ્યું કે, જરથોશ્તી દીન વિષે 'દીનકર્દ'નાં ૭ માં દફતરમાં એમ જણાવ્યું છે કે, એ દીન time અને space સાથે પેદા કીધી છે. વળી, પેગામ્બરોના સંબંધમાં 'દાદેસ્તાને-દીની'ની ચોથી કે પાંચમી પુર્સેશમાં ત્રણ મ્હોટા પેગામ્બરોનાં નામ સાથનો ઇશારો છે જેઓ ગયોમર્દ, જરથોશ્ત અને સોશ્યોશ છે, પણ તેમાં જમશેદ તેમજ બીજા કોઇબી વિષે કશું જણાવ્યું નથી. વળી, અથર્વ વેદમાં કોઇ ઠેકાણે આસુર્યન લોકો જરથોશ્તની આગમચ વસ્તા હતા એવો ઇસારો છે.

બેઠક ૫ મી, તા૦ ૪ થી નવેમ્બર ૧૯૧૬.

શેઠ શાહપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેલાથી અધુરી રહેલી પોતાની બાબત "જુદદીન સવાલને લગતા થોડાક ફકરાઓની તપાસ" આગલ રજુ કરતાં જણાવ્યું કે, જે ફકરાઓ તેમણે રજુ કર્યા છે તેમાંથી મ્હોટા ભાગમાં જુદદીનને જરથોશ્તી ધર્મમાં લેવાની બાબત મલતી નથી. મજ્દયસ્ની દીન જરથોશ્તની આગમજની હતી, જે પેહલવી ઉપરથી જણાવ્યું, છે તે બાબતમાં ડૅા. વેસ્ત, ગાઇગર વગેરેબી તેવણના મતને મલતા આવે છે. તેવણના જણાવ્યા મુજબ જરથોશ્તની આગમજ પોઇર્યોત્કેશી અથવા મજ્દયસ્ની દીન જાયજ હતી અને તેની ઉપર જરથોશ્ત સાહેબે સુધારો કર્યો હતો, અને તેને માટે ફ્રવર્દિન યશ્તનો ફ. ૮૭ તથા ૧૦૦ મો તથા યજશ્ને હા ૩૩ ફ. ૪ થો ટાંકી બતાવ્યો હતો.

એ વગેરે બીજું કેટલુંક વિવેચન કરવા બાદ તે ઉપર વાદવિવાદ થતાં એર્વદ જમશેદજી નાદેરશાહે જણાવ્યું કે, વંદીદાદની પર્ગર્દ ૨ જીમાં જણાવ્યું છે કે, અહુરમજ્દે સર્વથી પેહલે જમશેદને પોતાની દીન ફેલાવવાનું કામ સોંપ્યું હતું, પણ જમશેદે તે બાબે પોતાની અશક્તિ જણાવતાં, તેને બદલે તેની પાદશાહીની મારફતે દુન્યાને આબાદ કરવાને કહ્યું હતું અને તેમ તેણે દુન્યાને આબાદ કીધી હતી.

Weber (p. 253) says, that "according to later tradition (that of Jnâna Bhâskara for instance), this Maya is distinctly assigned to Romaka-pura in the West." I have not got the Jnâna Bhâskara, which appears to be a work on medicine but we find the same tradition in some copies of the Surya Siddhânta. In some of them (one of which copies was seen by Dikshit and two by Burjess) the 7th Sloka of the 1st Adhyâya is:—

तस्मात् त्वं स्वां पुरीं गच्छ तत्र ज्ञानं ददामिते । रोमके नगरे ब्रह्मशापात् म्लेच्छावतार धृक् ॥ (The Sun says to Maya after his penance): " Thereafter do you go to your native city ; I will give you the knowledge there in the Romaka city, while I am (or perhaps, you are) holding the Avatâra of a Mlechha owing to the curse of Brahmâ ".

Dikshit thinks the Sloka to be a late interpolation, and Whitney thinks, it is a part of the original book. However that may be, it seems, that the Hindus themselves had the traditions of Maya being a Greek long before the time of the modern European scholars.

The tradition is also supported by a statement of Al-Biruni in his work on India (chap. XIV, p. 157, of Sachau's translation Vol. I), that one of the authors of a Jâtaka work was Man, the Greek; this seems to be a transcription of मय यवन। He is mentioned in connection with Parâsâra, Satya and Manittha, so that there can be little doubt, that he is the same as the Maya of the Hindu writers; and thus the tradition seems to be at least as old as 1030 A.D.

That Maya's name became known to the Hindus at a late stage may also be inferred from the fact, that it does not occur in the old Vedic literature or even in the Brahmanas, or even in Pânini (so far as I know). This name is not quoted by Macdonell in his Vedic Mythology or Index. He is therefore not an ancient Asura, but a foreigner, who had been, according to the custom of the Hindus, called a Daitya, Dânava or Asura.

It may be noted, that Maya's name is also quoted in connection with the building of houses (Vâstu Adhyâya and Vajralepa Adhyâya) in Varâha's Brihat-Samhitâ, and four times his work is also quoted by the commentator Utpala. This work may have been a special one on architecture, or a general one like Varâha's Samhita. One can easily understand, how to such a writer came to be ascribed the building of the Sabhâ Mandapa in the Mahâbhârata.

Of course, as I said at the meeting, the fact that Maya was a foreigner does not by any means justify his identification with Mazda. Neither the position ascribed to him, nor the acts done by him, as was pointed out by you, bear any resemblance to those of Ahura Mazda; his position as well as his acts are those of a man, cleverer than ordinary but still a man. At the time the epithet Maya came to be applied to him, the Hindus did not certainly use the word to mean a god but just the reverse.

I may remark, that the Hindus may have pillared halls long before the Maurya dynasty, as pointed out by you, but it seems probable that those pillars were of wood. Of course one cannot be sure in the matter. But the absence of the remains of any stone structures of times preceding the Mauryas, as well as the testimony of Megasthenes about the wooden architecture of Patliputra seem to point to this conclusion."

With reference to Mr. Khareghat's remark in the last para, I take the liberty to point out, that Major General Cunningham holds a different opinion. He says :—" I have long held the opinion, that the Hindus knew and practised the art of stone-cutting at least two centuries before the time of Asoka· Indeed

the very name Taxila or Takushashila *Nagar* 'the city of cut-stone-buildings' proves, that the art was known and used long before the time of Alexander." (Cunningham's Archæological Reports, XXII, Intro. p. IV.)

સરનશીન સાહેબે અસુરમયની બાબતમા એક ફકરો ટાંકયો હતો, તે વિષે તેવણને એક પત્ર લખતા તેનાં જવાબમાં એક લંબાણ ખોલાસાવાર પત્ર, જે એક ન્હાનો પણ અતિ વિદ્વતાવાલો રેસાલો હતો તે, વાંચવા તથા મારાં લખાણમાં આમેજ કરવાની મેં રજા મેળવી છે. મી. ખરેઘાતે વરાહમીરનાં પુસ્તકમાંથી એક ફકરો ટાંકયો હતો, જેમાં મયનું નામ બીજા પુરૂષોની સાથે ખુલ્લી રીતે આવેલું છે. મય અસુર વિષે, વેબરે, દીક્ષીતે, બર્જેસે તથા ડૅાસને લખાણો કરેલાં છે. સુર્ય સિદ્ધાંત નામના પુસ્તકની કેટલીક નકલોમાં એક ફકરો મળે છે, તેમાં કહે છે કે, "ઓ મય અસુર! તું તારા પોતાના રોમક દેશમાં (ગ્રીસમાં) જા." આ ફકરાને દિક્ષીત પાછળથી ઘુસાડેલો ગણે છે, જ્યારે વ્હીટની તેમ ગણતો નથી. અલ્બીરૂની (ઇ. સ. ૧૦૩૦)ના હિંદુસ્તાન બાબેનાં પુસ્તકમાં આપણે જોઇએ છીએ કે, જાતક નામના પુસ્તકો ઘણાંક લેખકોએ લખ્યાં છે તેમાં એક નામ મય અસુરનું છે. આ ઉપરથી દિસે છે કે, ઘણાં વર્ષો આગમચ હિંદુઓમાં એવી દંતકથાઓ હતી કે આ અસુરમય એક ગ્રીક શખ્સ હતો. વળી વરાહ મીહીરનાં બૃહિત સંહિતા નામના પુસ્તક-માં મયને ઘરના બાંધકામ સંબંધી યાદ કરેલો છે, માટે મહાભારતમાં તેનો સભા યાને રાજાનો મેહલ બાંધનાર કાં ગણ્યો છે તે સેહજે સમજી શકાય છે. અલબતે તેને અહુરમજદ તરીકે ગણવું ભુલભરેલું છે. તેની હાલત તથા તેનાં કામો માણસોના જેવાં છે. હિંદુઓએ ઘણાં પુરાતન કાળમાં મ્હોટાં થાંભલાવાલા મેહલો બાંધ્યા હોય એ સંભવિત દિસે છે; પણ તે થાંભલાઓ પત્થરનાં નહિં પણ લાકડાંના હોય એમ દિસે છે, અને આ અનુમાનને મેગે-સથેનાસથી ટેકો મળે છે. છેલ્લી બાબત વિષે મી. હોડીવાલાએ જણાવ્યું કે જનરલ કનીંગહામના મત પ્રમાણે હિંદુઓ સિકંદરના વખ્ત અગાઉ પત્થરનો ઉપયોગ ઘરોમાં કરતા હતા અને ટકશિલા જે પંજાબમાં એક જાણીતું શેહર હતું તેનું નામજ કહી આપે છે કે પત્થરનાં ઘરોનું તે શેહર હતું. અલબતાં આજસુધી એ બાબતની મુસ્તકીમ શાહદત જડી નથી.

ડૅાકટર સ્પુનરની દલીલ પ્રમાણે મૌર્ય વંશનો રાજા ચંદ્રગુપ્ત તેમજ તેનો પ્રધાન બ્રાહ્મણ ચાણકય જરથોશ્તી હતા એટલુંજ નહીં પણ ગૌતમ બુદ્ધ પણ જરથોશ્તી હતો.

મૌર્ય નામ કેમ પડયું?

મૌર્ય નામને માટે એક દંતકથા આવે છે કે, મગધ દેશના નંદ રાજાઓ-માંના છેલ્લા રાજા ધનનંદને મુરા નામની એક સુંદર સ્ત્રી સાથે નેકા કીધા હતા

અને તેણીને પેટ ચંદ્રગુપ્ત જન્મ્યો હતો. આ કથા ડૉ. સ્પુનર માનતા નથી, પણ જસ્ટીન નામનો 'કલાસીકલ' લેખક તેને હલકી ઓલાદથી ઉતરી આવેલી તરીકે ઓળખે છે, કે જે મજકુર ડૉકટરની માન્યતા વિરૂદ્ધ જાય છે. બીજી એક દંતકથા એવી છે (અને તે સ્પુનરે આપી નથી) કે ચંદ્રગુપ્તનો બાપ હિમાલય પર્વતની એક ખીણમાં ન્હાના રાજ્યનો રાજા હતો, અને ત્યાં ઘણાંક 'મયુર' (યાને મોરો) હોવાથી તેનું નામ માઉર્ય પડયું હતું. દુશ્મનોએ તેને મારી નાખ્યો ત્યારે તેની રાણી પાટલીપુત્ર તરફ ન્હાસી ગઇ, કે જ્યાં તેણીએ ચંદ્રગુપ્તને જન્મ આપ્યો. તેણીએ તેને જાનવરનાં તબેલા આગળ નાખી દીધો. ચંદ્ર નામના એક ગોધાએ તેનો બચાવ કીધો, તેથી તેનું નામ ચંદ્રગુપ્ત પડયું. તે વખતે ચાણુકય નામનો કીનાખોર બ્રાહ્મણ ધનનંદનથી છુટો પડયો અને કીનો લેવા તેણે ચંદ્રગુપ્તને મ્હોટો કરી તેને પાટલીપુત્રમાં ગાદીએ બેસાડયો. આ ચાણુકયને કેટલાંક પુસ્તકોમાં ખોલ્લે ખોલ્લી રીતે બ્રાહ્મણ કહ્યો છે. તેણે માથે ચોટલી રાખી હતી. તે બીના પણ નોંધાયલી છે. ડૉ. સ્પુનર માઉર્યને હાલના મર્વ (યાને ઇરાનમાનાં મર્વદશ્ત) તરીકે ગણે છે. એક ડગલું આગળ વધી તે મર્વને હિંદુઓના "મેરૂ" પર્વત સાથે સરખાવે છે. પણ રામાયણ, મહાભારત, વિષ્ણુ પુરાણ વિગેરે પુસ્તકો ઉપરથી દિસે છે કે, આ પર્વત હિમાલયની ઉત્તરે હતો, ઇરાનમાં નહિ. આ "મેરૂ" પર્વતને માટે કહે છે કે ત્યાં ૩૩ દેવો રહેતા હતા. આ આંકડા ઉપરથી સ્પુનર કહે છે કે તે જરથોશ્તીઓમા ખાસ જાણીતો આંકડો હતો. પણ આપણને કહેવું પડે છે કે તે આંકડો હિંદુઓમાંબી ઘણોજ જાણીતો હતો. ડૉ. સ્પુનર કહે છે કે આ મેરૂ પહાડની ઉંચાઇ ૮૪૦૦૦ યોજન હતી. હવે ૮૪ નાં અંક ૭ ને ૧૨ થી ગુણવાથી આવે છે. અને આ બન્ને આંક ખાસ જરથોશ્તીઓના છે. મી. હોડીવાલાએ કહ્યું કે આ દલીલ પણ આપણુ કબૂલ રાખી શકતાં નથી. ખુદ ઋગ્વેદમાં ૭ સૂર્યના ઘોડા, ૭ બ્રાહ્મણો, ૭ દ્વીપો, ૭ ઋષિઓ, ૭ નદીઓ તથા બીજી ઘણી ૭ ચીજો છે. તેજ પ્રમાણે ૧૨ દહાડા, ૧૨ ચંદ્ર, ૧૨ દીત્યો વિગેરે છે.

માઉર્યવંશી રાજાઓ જરથોશ્તી હતા તેની કહેવાતી શહાદતો.

માઉર્યાઓ જરથોશ્તી હતા તેની ચાર શહાદતો ડૉ. સ્પુનરે ટાંકી છે. (૧) સીક્કાઓની શહાદત (૨) પતંજલી નામના લખનારનું લખાણ (૩) માઉર્ય વંશને માટે ધિક્કાર તથા (૪) ઇરાની લશ્કરની મદદ. આ સઘળી દલીલો ઉપર લંબાણથી વિવેચન કરી મી. હોડીવાલાએ જણાવ્યું કે, કોઇ પણ શહાદત ઉપરથી એવો સાર નિકળતો નથી કે માઉર્યાઓ જરથોશ્તી હતા. "પંચ" કીધેલા સીક્કાઓ ઘણા પુરાતન ગણવામાં આવેલા છે. તેઓની ઉપર સૂર્ય, જાડ, બળદ તથા "ચૈત્ય"ની નીશાનીઓ છે. ડૉ. સ્પુનર જાડને હોમ સમજે છે. બળદને મિથ્રીક બળદ ગણે છે તથા ચૈત્યને ઇરાનનો "મેરૂ"

પર્વત કહે છે. મી. હોડીવાલાએ કહ્યું કે, આ દલીલોનો જવાબ મી. ઈ. તોમસના પુરાતન સીક્કાઓ નામના પુસ્તક ઉપરથી મળી આવે છે. સૂર્યની ભક્તિ વેદીક હિંદુઓ પણ કરતા હતા. તુલસી ઝાડની પુજા આજે પણ હિંદુઓમાં થાય છે. આ સીક્કાઓ ઉપર બળદની તસ્વીરજ નહિં પણ બીજાં પ્રાણીઓની સબી પણ મળે છે. "ચૈત્ય" નામવાલી નીશાની સાધારણ રીતે બે અર્ધાં વર્તુળ (Circle)ની ઉપર એક વર્તુળ મુકીને બતાવેલી છે. બુદ્ધની પણ આગમજની આ નીશાની છે.

પતંજલી નામના લખનારના સંસ્કૃત ફકરા વિષે તેવણે કહ્યું કે, એ ફકરો ઘણોજ અઘરો છે. ગોલ્ડસ્તુકર, પીટર્સન, નાગોજી ભટ, સર ભંડારકર વિગેરે વિદ્વાનોએ તે સમજાવવાની કોશેશ કરી છે. ડૉ૦ સ્પુનર પ્રમાણે તે ફકરા ઉપરથી આ સાર નિકળે છે કે માઉર્ય લોકો દેવોની મુર્તિઓ બનાવતા નહિ હતા, પણ ફકત પુતળાંઓ બનાવતા હતા. આ ખુલાસો વાજબી દિસે છે. પણ જ્યારે ડૉ૦ સ્પુનર કહે છે કે, જરથોશ્તીઓ મુર્તિપુજક હતા નહિ, અને માઉર્યાઓ પણ હતા નહિ, માટે માઉર્યાઓ જરથોશ્તી હતા. ત્યારે આ દલીલ સ્વીકારી શકાતી નથી. ઋગ્વેદનાં વખતમાં હિંદુઓ મુર્તિપુજક હતા નહિ પણ ગૌતમબુદ્ધના વખતમાં મુર્તિપુજા શરૂ થઈ હતી, તેનો શહાદત પાલી પુસ્તકો ઉપરથી મળે છે. લલીત વીસ્તર નામના પુસ્તક ઉપરથી દિસે છે કે, ગૌતમના બાપે શીવ વગેરે દેવતાઓની મુર્તિપુજા કરી હતી. મનુસ્મૃતિના લખનારના વખત ઉપર આવતાં માલૂમ પડે છે કે, તેણે એ પુજા ધિક્કારી કહાડી છે. આ લખાણનો વખત માઉર્યાઓનાં વખતને લગભગ મળી રહે છે; માટે તે વખતે કેટલાક હિંદુઓ મુર્તિપુજક હતા નહિ એવો સાર નિકળે છે, અને માઉર્યાઓ મુર્તિપુજક હતા નહિ માટે તેઓ જરથોશ્તીજ હતા, એમ કહેવું વાજબી નથી. તેવણે કહ્યું કે, મી. આર. ચંદાના મત મુજબ અશોકની ચોથી તખ્તી પ્રમાણે તે વખતે દેવોની મુર્તિઓનું સરઘસ કહાડવામાં આવતું હતું એમ દિસે છે, પણ તે મત શકમંદ લાગે છે. ત્યારબાદ, ત્રીજી બાબત ઉપર આવતાં તેવણે કહ્યું કે, માઉર્યાઓને ધિક્કારવામાં કાં આવતા હતા, તે સમજી શકાય તેવું છે. ચંદ્રગુપ્તે ખરા રાજાઓનું રાજ્ય છીણવી લીધું હતું અને તેમાં તેના બ્રાહ્મણ વજીર ચાણક્યનો હાથ હતો. બીજું કારણ આ હતું કે, અશોક બુદ્ધિસ્ત ધર્મ પાળનારો હતો. તેના બાપાવા ચંદ્રગુપ્તને બુદ્ધિસ્ત પુસ્તકોમાં ખુબ વખાણેલો છે. હવે બુદ્ધિસ્તો હિંદુ ધર્મમાંથી વીખુટા પડયા હતા,—જેની શહાદત હવે પછી આવશે,—માટે હિંદુઓ તેઓને ધિક્કારતા હતા. ચોથી બાબત આ છે કે, ચંદ્રગુપ્તને પાર્સીઓએ લડવામાં મદદ કરી હતી. આ બીનાની સચ્ચાઇ મુદ્રા રાક્ષસ નામના સંસ્કૃત પુસ્તકમાંથી મળે છે. પણ પાર્સીઓએ ચંદ્રગુપ્તને મદદ કરી હતી, તેથી એવું અનુમાન નિકળતું નથી કે તે પોતે પણ પાર્સી યા જરથોશ્તી હતો. એમ તો તેને યુનાનીઓ, કીરાતો વગેરે લોકોએ પણ મદદ કરી હતી.

શું નંદ રાજાઓ જરથોશ્તી હતા?

ડૉ. સ્પુનર કહે છે કે, ચંદ્રગુપ્તનો સંબંધ "નવ" નંદાઓ સાથે હતો યાને ૯ નહિ પણ નવા અથવા છેલ્લા નંદોની સાથે હતો. આ નંદ રાજાઓએ ક્ષત્રી લોકોનો નાશ કીધો હતો, માટે તેઓ પોતે ક્ષત્રીઓ હોય એ બીના ધ્યાનમાં ઉતરતી નથી, પણ જો જરથોશ્તીઓ હોય તો તે સેહજે સમજ પડે છે. વિષ્ણુપુરાણ ઉપરથી માલૂમ પડે છે કે, નંદાઓનો વડો એક સુંદર સ્રીને પેટે જન્મ્યો હતો. એને ભવિષ્યપુરાણથીબી કાંઇક ટેકો મળે છે. માટે શુદ્ર રાજાઓ ક્ષત્રીઓનો નાશ કરે એ સમજી શકાય એવું છે.

શું ચાણુકય જરથોશ્તી હતો?

ડૉ. સ્પુનર કહે છે કે, ચાણુકય અસલી વિચારવાલો બ્રાહ્મણ હતો નહિ. તે મેજાઇ પ્રધાન હતો. તે એક વેદ તથા જ્યોતિષ હતો, અને વૈદું હિંદુઓમાં માનને લાયક ગણાયું નથી. તેમજ જ્યોતિષશાસ્ત્રમાં ઇરાનીઓ પ્રવીણ હતા. મી. હોડીવાલાએ કહ્યું કે આ વાત ખરી છે કે બ્રાહ્મણોએ વેદોનું કામ કરવું નહિ એવાં લખાણ મળે છે, પણ પ્રોફેસર બ્લુમફીલ્ડ વાજબી રીતે કહે છે કે, જ્યારે વેદીક લોકો વેદાં વિષે શાન્ત મને વિચાર કરતા હતા ત્યારે તેની કીંમત સંપૂર્ણ રીતે સમજતા હતા. ખુદ બ્રાહ્મણો એવી તો દવા બનાવતા હતા કે જેથી જીંદગી બચી જવા પામતી હતી, એટલુંજ નહિ પણ લોકો સો વર્ષની હયાતી ભોગવે એવાં અમૃતો તેઓ બનાવી શકતા હતા. ઋગ્વેદમાં ફકરા મળે છે કે જેમાં લખનાર ઋષિ વડાઇ લઇને કહે છે કે મારો બાપ વેદ છે. વેદાંની ઉપર મવક્કલ ચોક્કસ દેવતાઓ હતા. આ તો ઇતિહાસીક બીના છે કે, સિકંદરે હિંદુ ડાકટરોને બોલાવ્યા હતા, કે જેઓ ગ્રીક વેદોથી ચઢયાતા હતા. આ દેખાડે છે કે હિંદુઓ વેદાંને ધિક્કારતા ન હતા.

જ્યોતિષશાસ્ત્રને કેટલાક હિંદુ પુસ્તકોમાં માનની નજરે જોવામાં આવ્યું નથી, તેનું કારણ આ છે કે, તેને અથર્વવેદ સાથે સંબંધ હતો. અથર્વવેદને ચાણુકય બ્રાહ્મણે વેદોની ઉપર સરસાઇ આપી છે, તે ઉપરથી ડૉ. સ્પુનર કહે છે કે કોઇ પણ પુરાતન વિચારવાલો હિંદુ આ પ્રમાણે કરે નહિ. આ દલીલ વાજબી છે; પણ તેથી તે મેજાઇ હતો એમ કહેવું બરાબર નથી ચાણુકયનાં પુસ્તકમાં યોગશાસ્ત્રની બીના છે. યોગીઓને ભવિષ્યની જીંદગીમાંથી મુક્તિ મેળવવા સમાધી, ધ્યાન વિગેરે કરવું પડતું હતું, પણ જરથોશ્તી ધર્મમાં તેવું કશું નથી.

અથર્વવેદ.

આ વેદને માટે ખુદ કેટલાંક પુરાણોમાં કહ્યું છે કે તે મગ (યાને મગુ, મેજાઇ) લોકોનું વેદ છે. આ વેદમાં જાદુનાં ઘણાંક મંત્રો છે તેથી ડૉ. સ્પુનર

ધારે છે કે, તેમાં મગુ લોકોના વિચારો આમેજ થયલા છે. મી. હોડીવાલાએ કહ્યું કે આ દલીલ કબૂલ રાખી શકાતી નથી. અથર્વવેદના બે ભાગ છે. એકને "અથર્વન" કહે છે, કે જેમાં સારી બાબતો છે. બીજાને "અંગીરસ" કહ્યો છે, કે જેમાં જાદુની બાબતો છે. આ બાબતમાં પ્રોફેસર બ્લુમ્ફીલ્ડે ઘણું સરસ વિવેચન કીધું છે અને તેનાં મત પ્રમાણે પેહલા ભાગને સર્વે હિંદુ લેખકોએ વખાણ્યો છે. બીજા ભાગને જાદુની સાથે સંબંધ હોવાથી કેટલાકોએ ધિક્કારેલો છે, પણ ઘણાંક લખાણો ઉપરથી દિસે છે કે, અસલના જમાનામાં જાદુનાં મંત્રો ધર્મક્રિયાઓ સાથે ભેળાયલાં હતાં, છતાં પાછલા વખતમાં કેટલાક હિંદુઓએ જાદુને ધિક્કારી કહાડયું છે; પણ તેથી આ અનુમાન નિકળતું નથી કે આ વેદ ઉપર મેજાઇ લોકોએ અસર કરી હોય. કુટુંબી બ્રાહ્મણો અથર્વવેદ જાણનારા હતા, અને ચાણુકયએ પોતાનાં પુસ્તકમાં આવા બ્રાહ્મણોના તાબામાં રાજાઓએ રેહેવું એમ કહ્યું છે, તેનું કારણ મૅક્ષમ્યુલરે બરાબર જણાવ્યું છે કે આવા બ્રાહ્મણો ત્રણે વેદો સારી રીતે જાણતા હતા અને ક્રિયાની ભુલભાલ સુધારતા હતા.

લાશને ખુલ્લી મેલવાનો રેવાજ.

અથર્વવેદના એક ફકરા ઉપરથી દિસે છે કે, તેમાં લાશને ખુલ્લી મેલવાના રેવાજની વાત છે. તે ઉપરથી ડૉ. સ્પુનર આ રેવાજને પાર્સીઓનો રેવાજ ગણે છે; પણ મી. હોડીવાલાએ કહ્યું કે, અલ્બીરૂનીએ ખુલ્લું કહ્યું છે કે અસલનાં વખતમાં હિંદુઓ લાશને ખુલ્લી મુકતા હતા અને પાછળથી બાળી નાખવાનો રેવાજ નિકળ્યો હતો. મહાભારતમાં પણ એવી ચાલનો ઇશારો છે. મી. વીન્સૅન્ત સ્મીથ કહે છે કે પટના પાસે લીછાવી લોકોમાં એ ચાલ હતો, તથા જાવાના હિંદુઓમાં પણ હતો. પાર્સીઓ તથા હિંદુઓ અસલનાં વખતમાં એકજ હતા, માટે તેઓના કયા કયા રેવાજો સાધારણ હતા તે શોધી કહાડવાની અભ્યાસીઓની ફર્જ છે, જો કે તે ઘણુંજ મુશ્કેલ કામ છે. તેવણે જણાવ્યું કે આજની બાબત બહુજ technical તથા કઠણ હતી, પણ આવતી વેળા કાંઇ રસીલી બાબતો આવશે. શક લોકો, માગ્યા લોકો તથા યવન લોકો કોણ હતા, તે બાબત, તદન નજ઼દીકનાં બેશીઓ સાથે પાર્સીઓમાં તથા બુદ્ધિસ્તોમાં લગ્નો થતાં હતાં તેમ હિંદુઓમાં પણ હતું તે બાબત તથા બુદ્ધિસ્ત ધર્મ ઉપર હિંદુ ધર્મે તેમજ જરથોશ્તી ધર્મે કેટલે દરજ્જે અસર કરી હતી તે રજુ કરવામાં આવશે.

સરનશીન સાહેબે એ ઉપર પોતાના વિચારો દર્શાવતાં જણાવ્યું કે, ચંદ્રગુપ્તનાં પ્રધાન ચાણુકયએ વૈદ્યશાસ્ત્રનો અભ્યાસ કીધેલો જણાય છે, અને કેટલાંક હિંદુ પુસ્તકોમાં બ્રાહ્મણોએ એ શાસ્ત્રનો અભ્યાસ નહિ કરવો એમ લખ્યું છે; પણ તે ઉપરથી એમ અનુમાન કહાડવું કે, ચાણુકય એક બ્રાહ્મણ નહિ હતો એ મને વ્યાજબી લાગતું નથી, અગત્ય કરીને જ્યારે સર્વ

હિંદુ લખનારાઓ સાફ લખી ગયા છે કે, તે એક બ્રાહ્મણ હતો. જેમ બીજી પ્રજાઓમાં તેમજ હિંદુઓમાં પણ ઘણી બાબતોમાં મતફેર હતો અને છે. એક વેદવાલા બીજા વેદવાલા વિષે હલકા વિચારો દર્શાવે છે. મનુએ લખ્યું છે કે, અભ્યાસીએ ઇતિહાસ (એટલે કે મહાભારત રામાયણ વિગેરે) તથા પુરાણ વાંચવાં નહિ. અને આજે તો પુરાણો તથા મહાભારત અને રામાયણ પણ ધર્મના પુસ્તકો તરીકે ગણાય છે. ધારો કે ચાણક્યના વખતમાં સર્વે હિંદુઓનું મત એમ હતું કે, બ્રાહ્મણોએ વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો નહિ (જે વિષે કાંઇ પણ પાકકો પુરાવો નથી), તે છતાં તેને કીધો તો તેથી કાંઇ તે બ્રાહ્મણ નહિ હતો એમ કેમ કહેવાય; ઘણી ચીજો જે કરવી નહિ જોઇએ તે લોકો કરે છે, અને ચાણક્ય તો સર્વ વર્ણન પ્રમાણે તેવો આપમતીજ માણસ હતો કે તેમ કરે. વળી કોઇ પણ લખનાર હિંદુ કે યુનાનીએ જણાવ્યું નથી કે ચંદ્રગુપ્ત કે ચાણક્ય ઈરાની તોખમના હતા, પણ ઉલટું સાફ એમ જણાવેલું છે કે, ચાણક્ય બ્રાહ્મણ હતો અને ચંદ્રગુપ્ત શૂદ્ર (એટલે હલકી વર્ણનો પણ હિંદુ) હતો. જો તેઓ ઇરાની તોખમનાં હતે તો ખચીત તે વાત જાણીતી હતે. હિંદુ નહિ તો યુનાની ગ્રંથકારોએ તો તેની નોંધ લીધીજ હતે. અલબતે તેઓએ યુનાની તેમજ ઇરાનીઓની મદદ લીધી હોય, અને કંઇક અંશે એ બે પ્રજાઓનાં હુન્નર, કલા તથા આચાર વિચારોએ તેઓ પર અસર કીધી હોય, પણ તેથી તેઓ ઇરાની તોખમના હતા એમ માનવાને તો કાંઈપણ કારણ દીસતું નથી.

બેઠક ૯ મી, તા૦ ૨૩ મી જુન ૧૯૧૭.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "Parsis of Ancient India. Excavations at Patliputra. Dr. Spooner's arguments criticised" આગળ ચલાવતાં જણાવ્યું કે, ડૉ. સ્પુનરે માગધ લોકોને મગધ દેશના પારસી લડવૈયાઓ તરીકે જણાવ્યા છે, જો કે માગધ શબ્દનો બીજો અર્થ "half cast" પણ થાય છે. ખરૂં છે કે, મનુ-સ્મૃતિ તથા બીજાં પુસ્તકો ઉપરથી જણાય છે કે મગધ લોકો વૈશ્ય બાપ તથા ક્ષત્રી માતાના છોકરાઓ તરીકે ઓળખાયલા છે, 'ઇંડયન ગેજેટીયર'ના લખનાર પ્રમાણે તથા હિંદુ લખનારાઓ પ્રમાણે આ માગધ લોકોનું પુરાતન નામ કીકેટ હતું, કે જેઓ વિષે ઋગ્વેદમાં પણ લખાણ આવેલું છે. આ લોકો અનઆર્યા હતા તે બીના પ્રોફેસર ગ્રીફીથે જણાવી છે તથા તેને યાસક નામના પુરાતન સંસ્કૃત લેખકનો ટેકો છે. માગધ લોકોને મગ (કહેવાતા મગુ) સાથે ભેળી નાખવું દરૂસ્ત નથી. વિષ્ણુપુરાણમાં મગની સાથે માગધોની બીના છે, પણ મહાભારતમાં તો મશકોની વાત છે, માટે વિષ્ણુપુરાણની ભૂલ છે; છતાં એક વખતે પારસી લોકો ઉત્તર હિંદુસ્તાનમાં વસતા હતા તે બીનાની

સચ્ચાઈ ના પાડી શકાય એમ નથી. તે બાબતની કેટલીક દલીલો સંસ્કૃત પુસ્તકો વિગેરે ઉપરથી હવે પછી જોઈશું.

શાકદ્વીપ.

ભવિષ્યપુરાણમાં કહ્યું છે કે, શાકદ્વીપમાંથી મગ લોકોને લાવવામાં આવ્યા હતા. આ શાકદ્વીપને ડૉ. સ્પુનર ઈરાનનો કોઈ ભાગ ગણે છે. વળી મગ લોકોને ગરૂડ ઉપર બેસાડીને લાવવામાં આવ્યા હતા એમ કહેલું છે, તે ઉપરથી ડૉ. સ્પુનર અનુમાન કરે છે કે, આ ગરૂડને 'ગરોનમાન' સાથે સંબંધ છે. મી. હોડીવાલાએ કહ્યું કે, તેવો કશો સંબંધ નથી; છતાં મગ લોકો હિંદુઓ સાથે ભેળાયલા મેજાઈ હતા તે બીના ખરી છે. પુરાણોનો જમાનો ઈ. સ. ચોથી સદીની પછીનો છે, માટે મગ અથવા મેજાઇ લોકોનો જમાનો ઘણો પાછળનો દિસે છે.

યવન શબ્દનો અર્થ.

યવન લોકો જરથોશ્તી હતા અને ઈ. સ. પૂર્વે ૫૩૮–૩૦૦ સુધીમાં બે વાર જે યવનોએ ઓરીસા ઉપર હુમલો કીધો હતો તે આ જરથોશ્તીઓ હતા, એમ ડૉ. સ્પુનર માને છે. મી. હોડીવાલાએ કહ્યું કે, અશોકની એક તખ્તી ઉપરથી માલુમ પડે છે કે, યવન શબ્દ ગ્રીકને માટે વાપરેલો છે તથા રૂદ્રદામાન નામના શાહાનશાહ (ઈ. સ. ૧૫૦) ની તખ્તી ઉપરથી જણાય છે કે તેમાં તુશાસ્પ નામના એક જરથોશ્તીને યવન કહ્યો છે. આ ઉપરથી દિસે છે કે અશોકના જમાનાની ચાર સદીઓ પછી યવનનો અર્થ 'પરદેશી'ઓ થતો હતો; અને તેથી તે શબ્દ જરથોશ્તી ગૃહસ્થને માટે પણ વપરાયલો છે; પણ અશોકની આગળ યવન શબ્દ જરથોશ્તી માટે વપરાતો ન હતો. આ દલીલના ટેકામાં ડૉ સ્પુનર ભગદત્ત નામના યવન રાજાની દંતકથા રજુ કરે છે. પણ આ રાજાને માટે મહાભારતમાં કહ્યું છે કે તે ઇંદ્રનો મિત્ર હતો. જરથોશ્તીઓ ઇંદ્રને ધિક્કારતા હતા, માટે આ રાજા જરથોશ્તી હોઇ શકે નહિ.

શક લોકો કોણ હતા?

હીરોડોટસ, ફ્લીટ, મૅક્ષમ્યુલર વિગેરે શક લોકોને સીથીઅન કહે છે. શક એક જંગલી ટોળો હતો, કે જે મધ્ય એશિયામાં જકજાર્તીસ નદીની પાસે રહેતો હતો. ઈ. સ. પૂર્વે ૧૬૦ માં તેઓ નીચે ઉતરી આવ્યા અને ઈરાનમાં સીસ્તાન (શકસ્તાન) માં વસવાટ કીધો, પછી તેઓ પંજાબ ગયા અને ઈરાની રાજ્યના આશ્રીત તરીકે રહ્યા. પાછળથી તેઓએ રાજ્ય સ્થાપ્યું, કે જે રાજ્ય ઈ. સ. ૩૯૫ માં ખતમ થયું. આ શક લોકોની ઉપરથી શક નામનો સને ચાલુ થયો છે, એમ મર્હૂમ ઑ. મી. જસ્તીસ કાશીનાથ ત્રીમ્બક તેલંગ જણાવે છે. બેશક હિંદુસ્તાનમાં આવેલા શક લોકોની ઉપર જરથોશ્તી ધર્મે અસર કરી હતી, એટલુંજ નહિ પણ તેઓ ઈરાનના પહેલવી (અથવા પાર્થી-

અન) રાજાઓની સાથે ઘાડા સંબંધથી જોડાયા હતા; પણ આ શક બુદ્ધના જમાનામાં જરથોશ્તી હતા નહી, એ બીના જાણવાની જરૂર છે. આ શક લોકોની સાથે શાકય (અથવા ગૌતમ બુદ્ધના વડવાઓ) ને સંબંધ હતો એમ ડૉ. સ્પુનર જણાવે છે તે માનવા યોગ્ય નથી, ખાસ કરીને એટલા માટે કે પુરાતન શક લોકો મધ્ય એશિયામાં જકજાર્તીસ નદીની પાસે રહેતા હતા, જ્યારે શાકયાઓનો મુલક તો નેપાલની તળેટીમાં હતો.

નજદીકનાં સગાંઓમાં લગ્ન.

ઉપલા શાકયાઓ જરથોશ્તી હતા તે બહલના પુરાવા તરીકે ડૉકટર સ્પુનર પુરાણની દંતકથાને ઉપયોગમાં લે છે. તેમાં કહ્યું છે કે એક અંબઠ નામના રાજાએ પોતાના છોકરાઓને હાંકી કહાડયા ત્યારે આ છોકરાઓ પોતાની બ્હેનોને પણ લેતા ગયા, ત્યાં પેલા ભાઈઓ પોતાની બ્હેનો સાથે પરણ્યા. આથી રાજા ખુશી થઈ બોલ્યો કે "शकीयावत भो : राजकुमारा : " (વાહ! આ રાજકુમારો તો ઘણા હુશ્યાર છે!) આ સંસ્કૃત ફકરામાં 'શકય' શબ્દ છે તેનાં બે અર્થો થાય છે, માટે અત્રે શાકયાઓનો ઇશારો છે. હવે આ રસમ મેજાઇઓમાં હતી. માટે તેઓ મેજાઇ હતા એમ ડૉ. સ્પુનરે માની લીધું છે, અને તેથી બુદ્ધ પણ જરથોશ્તી હતો એમ અનુમાન કહાડયું છે. મી. હોડીવાલાએ કહ્યું કે, આપણા તેમજ હિંદુ પુસ્તકોમાં દંતકથાઓ જેવી વાર્તાઓ મળે છે કે જેમાં લખ્યું છે કે ભાઈ–બ્હેનો તથા નજદીકનાં સગાં પરણતા હતાં; દાખલા તરીકે, દીનકર્દમાં કહ્યું છે કે, અહુરમજદે સ્પેન્દાર્મદ જમીનને પેદા કીધી, માટે તે તેની પુત્રી થઈ. અહુરમજદે સ્પેન્દાર્મદ સાથે ખેશ્કારી કીધી અને તેથી ગયોમર્દ જન્મ્યો. ગયોમર્દે સ્પેન્દાર્મદ સાથે ખેશ્કારી કીધી અને મશી અને મશ્યાની જન્મ્યાં અને તેઓથી કુલ આદમ જાત પેદા થઇ. અત્રે માણસ જાતની પેદાયશનું અલંકારિક બયાન છે અને તેનો સાર આ છે કે, માણસ મીટ્ટીનું બનેલું છે અને તેમાં ખોદાઇ અંશ આમેજ થયો છે. આ અલંકારિક વાર્તાને કેટલાક ઇરાની શાહાનશાહોએ પોતાના ખરાબ કાર્ય સારૂં ઉપયોગમાં લીધી છે, એમ દિસે છે, અને તેઓને પગલે બીજા કેટલાક ચાલ્યા પણ હોય. હિંદુઓમાં પણ એવી કથાઓ મળે છે. દાખલા તરીકે, પ્રજાપતી નામના દેવને પોતાની પુત્રીની સાથે લગ્ન કરતો જણાવ્યો છે. હવે આ પ્રજાપતી તે કોઈજ નહિ પણ સૂર્યદેવતા છે અને તેની બેટી તે સહવાર=dawn અથવા પરોઢીયું છે; માટે જ્યારે પ્રજાપતીને પોતાની પુત્રીની પુઠે દોડતો જણાવ્યો છે ત્યારે તેનો અર્થ આ થાય છે કે સૂર્યને સહવાર સાથે ઘાડો સંબંધ છે. એજ પ્રમાણે પુશન (યાને સૂર્યને) પોતાની બ્હેન સહવાર તથા પોતાની માતા સૂર્યા (યાને સૂર્ય પ્રકાશ) સાથે નેકા કરતો જણાવ્યો છે. આ સર્વે અલંકારિક વાર્તાઓ છે. ખુદ હિંદુઓમાં ઉત્તર કુરૂ લોકો તથા ગાન્ધારો માંહેમાંહે લગ્ન કરતા હતા તેની શહાદતોનું વિવેચન હવે પછીની બેઠકમાં હાથ ધરવાનું

તેવણે જણાવ્યું હતું. જરથોશ્તી અથવા મેજાઇઓ એવા પ્રકારના લગ્ન કરતા હતા તે બીના ગ્રાક લેખકો લખી ગયા છે; પણ તેવણે કહ્યું કે તેવું કશું ધાર્મિક ફર્માન હતું નહિ.

શેઠ મેહરજીભાઇ નોશેરવાનજી કુકાએ ખએત્વદથના સંબંધમાં જણાવ્યું કે આપણાં પેહલવી સાહિત્યમાં "Next of Kin Marriage"ની ભલામણ કીધી છે એમ ડૉ. વૅસ્તનાં S. B. E. Series માંનાં Pahlavi Text ઉપરથી માલુમ પડે છે. હુખામન્યન શાહાનશાહતનાં જમાનામાં એવાં લગ્નો થયલા એમ ગ્રીક લખનારાઓ જણાવી જાય છે; પણ પેહલવી લખાણો સાસાન્યાંન જમાનાનાં છે, અને સાસાની જમાનામાંબી એવાં લગ્નો થતાં હશે. ફેઅબાઇસીસે પણ તેમ કર્યું હતું. તે આપણને એક ચીના ગ્રંથકારનાં લખાણ ઉપરથી મળી આવે છે; જે લખાણનો તર્જુમો જેપાનીસ Dr. Kentok Hori એ Spiegel Memorial Volume માં કર્યો છે.

શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસર્યાએ જણાવ્યું કે પેહલવી ભાષાના નામાંકિત વિદ્વાન ડૉ. વૅસ્તે "S. B. E. Vol. XVIII, Pahlavi Text, Part II, (Dadistān) નાં તર્જુમાના એક Appendix રૂપે 'ખએત્વોદથ'ને લગતા ફકરાઓનો તર્જુમો અને શરેહ આપી છે. એ જગે 'ખએત્વોદથ' શબ્દનો અર્થ "Next of Kin Marriage" કરી કીધો છે જે ગેરવાજબી છે. 'ખએત્વોદથ' શબ્દ અવસ્તા ભાષામાં જ્યાં આવ્યો છે ત્યાં તે શબ્દ "Next of Kin Marriage" ને અર્થે લઇ શકાતો નથી, અને જ્યાં પેહલવી સાહિત્યમાં એ શબ્દ મળે છે ત્યાં એ શબ્દનો અર્થ 'લગ્ન' થાય છે અને નહિ કે "નજદીકનાં ખેશીઓમાં લગ્ન." દીનકર્દ કેતાબના બીજા વૉલ્યુમમાં જે 'ખએત્વોદથ'ની બાબત આવી છે ત્યાં એક યાહુદીએ પુછેલા સવાલના જવાબમાં એક અએર્યત પરકોમ સાથે પરણવાનું ગેરવાજબીપણું અને પોતાના પિત્રાઇઓમાં તથા પોતાની કોમમાં પરણવાના ફાયદા વિષે વિવેચન કરે છે. તે વિવેચન કરતાં સૌથી પેહલે 'ખએત્વોદથ' કોણે કર્યું હતું તેનું વર્ણન આપતાં અહુરમજદ પિતા અને સ્પેન્દાર્મત દુખ્તર, સ્પેન્દાર્મત માદર અને ગયોમર્દ પેસર, તેમજ મશ્યા મશ્યોઇ ભાઇ બ્હેન વચ્ચે થયલાં 'ખએત્વોદથ'નું વર્ણન કરે છે. તે ઉપરથી 'ખએત્વોદથ' શબ્દનો ખાસ અર્થ "બાપ-દીકરી, મા-દીકરા, ભાઇ-બ્હેન, જેવાં નજદીકનાં ખેશીઓ વચ્ચેનો લગ્નનો સંબંધ" એવો લેવાની ઉતાવળ કરવામાં આવે છે. દીનકર્દ કેતાબનાં નવમાં વૉલ્યુમમાં 'ખએત્વોદથ'નું એક પ્રકરણ છે ત્યાં અને ઉપલા ફકરામાં એ શબ્દનો અર્થ માત્ર 'લગ્ન'થી વધુ થતો નથી. દંતકથાઓ ઉપરથી ધર્મનાં ફર્માનોનાં અનુમાન કહાડવાં, તેમજ એકાદ અપવાદ ઉપરથી ધર્મનું ફર્માન પુરવાર થતું નથી. સાસાન્યાંન તવારીખમાં અને ઍકીમિન્યન તવારીખમાં જે એકેક દાખલો મળ્યો છે, તે ઉપરથી પુરવાર થતું નથી કે, જરથોશ્તી દીન કે દીની સાહિત્યમાં નજદીકના ખેશીઓ સાથે લગ્નનો સંબંધ કરવાનું ફર્માન મળે છે.

મી. હોડીવાલાએ કહ્યું કે, આવતી વખતે હિંદુઓની કેટલીક જાતો એવાં લગ્નો કરતી હતી તેના બે દાખલા રજુ થશે. ત્યાર પછી બુદ્ધિસ્ત ધર્મ ઉપર હિંદુ ધર્મે અસર કરી છે કે જરથોશ્તી ધર્મે, તેની જે ઘણીક શહાદતો રજુ કરવામાં આવી છે તેની તપાસ લેવામાં આવશે; તથા ડૉ. સ્પુનરે 'બંગાલી' વર્તમાન પત્રમાં એક કાગજ લખી પોતાની દલીલોને જે નરમ રૂપ આપ્યું છે તેની ઉપરનું વિવેચન રજુ કરવામાં આવશે.

બેઠક ૧૦ મી, તા. ૩૦ મી જુન ૧૯૧૭.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "Parsis of Ancient India. Excavations at Patliputra. Dr. Spooner's arguments criticised" આગળ ચલાવતાં જણાવ્યું કે, આપણે હિંદુઓ તેમજ જરથોશ્તીઓની માંહોમાંહેની લગ્નોની દંતકથાઓ અથવા અલંકારિક વાર્તાઓ ગઇ વેળા જોઇ ગયા હતા. મેજાઇઓમાં આ રેવાજ હતો તે બાબે ગ્રીક લેખકો લખી ગયા છે, તેમજ બુદ્ધિસ્તોમાં આ રેવાજ આજેબી જાયજ છે તે ઉપરથી ડૉ. સ્પુનરે અનુમાન કીધું છે કે, આ રેવાજ બુદ્ધિસ્તોએ મેજાઇ કનેથી લીધો હતો. એવો ખોટો રેવાજ આપણા ધર્મે શિખાડયો નથી. જો કોઇક પાદશાહે તેમ કીધું હોય તો તેણે બુરી નિષ્ઠાથી કીધું હશે. બીજા હાથ ઉપર હલકા હિંદુ વર્ગમાં આ રેવાજ હતો તેની શહાદતો આપણુને મળે છે.

હિંદુઓમાં માંહોમાંહેનાં લગ્નનો રેવાજ.

"રાજતરંગીણી" નામના પુસ્તક ઉપરથી દિસે છે કે, ગાંધાર નામના લોકો જેઓ હિંદની પશ્ચિમે રહેતા હતા તેઓમાં એવાં લગ્નનો ચાલ હતો. આ ગાંધાર લોકો હિંદુઓ હતા તેની કેટલીક શહાદતો તેવણે રજુ કરી હતી. આ લોકો માગધો હતા એમ "બૉમ્બે ગેઝેટીયર" નો લખનાર સમજે છે તે વિષે તેવણે કહ્યું કે, તે તેની ભૂલ દિસે છે, સબબ કે "અથર્વ" વેદમાં એક ફકરો મળે છે, જે ઉપરથી ખુલ્લું દિસે છે કે માગધો પૂર્વે વસતા હતા, જ્યારે ગાંધારો તો પશ્ચિમે રહેતા હતા. ગંધાર (કંધાર) પંજાબની પશ્ચિમે તથા મગધ બીહારમાં આવેલું હતું. આપણુને બીજો દાખલો મળે છે તે ઉત્તર કુરૂના લોકોનો છે અને તેની બીના મહાભારતમાં આવેલી છે. આ દેશ હિમાલયની ઉત્તરે હતો. તે લોકો માંહોમાંહેનાં લગ્નો કરતાં હતાં એટલુંજ નહિં પણ મુવેલાંની લાશોને ખોલ્લી મેલતા હતા. આ ઉપરથી કદાચ તેઓને જરથોશ્તી ગણવાની કોશેશ થાય એ બનવા યોગ્ય છે; પણ આ લોકો હિંદુઓની એક જાત છે તેની શહાદત "ઐતર્ય બ્રાહ્મણ" નામના પુસ્તક ઉપરથી મળે છે, વળી આ લોકોની સ્ત્રીઓમાં સતી થવાનો ચાલ હતો, એમ માલૂમ પડે છે. તેઓને બહુજ માનની નજરથી જોવામાં આવ્યા છે. હિંદુઓના

એવા ચાલથી આપણને અજાયબી લાગતી નથી. બાહીક નામના લોકોની સ્ત્રીઓમાં ઘણાંક ધિક્કારવાજોગ ચાલો હતા.

બીજી પ્રજાઓમાં માંહોમાંહેનાં લગ્નનો ચાલ.

બીજી પ્રજાઓમાં પણ એવી દુષ્ટ રૂઢી હતી. ઇજીપ્શ્યનોમાં સગા ભાઇઓ સગી બ્હેનોને પરણતા હતા, અને વળી તે લોકો આ ચાલની હીમાયત કરતા હતા; તેનું કારણ આ દિસે છે કે, અસલના વખ્તમાં કુટુંબી મીલકત સ્ત્રીઓને મળતી હતી. એવી મીલકત પારકા પુરૂષોનાં હાથમાં ન જાય માટે બ્હેનો સાથે પરણવાનું દરૂસ્ત ગણાતું હતું. સ્પાર્ટનોમાં એક ભાઈ પોતાની માતાથી અવતરેલી બ્હેન સાથે પરણતો હતો, પણ બાપથી અવતરેલી બ્હેન સાથે પરણાતું હતું નહિં. ઍથન્સમાં સ્પાર્ટનોથી ઉલટો રેવાજ હતો. જ્યુ લોકોમા પણ લગભગ એવોજ રેવાજ હતો તેની શહાદત બાઇબલમાં "જેનીસીસ" ૧૧–૨૯ તથા ૨૦–૧૨, તથા "એકસોડસ" ૬–૨૦ ઉપરથી મળે છે. એબ્રાહામે પોતાના બાપથી અવતરેલી બ્હેન સાથે નેકા કીધા હતા, નેહોરે ભત્રીજી સાથે લગ્ન કીધાં હતાં. તથા મોજિજનો બાપ ફુઈ સાથે પરણ્યો હતો. આ ઉપરથી દિસે છે કે, બુદ્ધિસ્તોએ કદાચ આ રેવાજ હિંદુઓ પાસેથી લીધો હોય.

બુદ્ધનું પવિત્ર શેહર ગાયા.

બુદ્ધનું પવિત્ર શેહર 'ગાયા' હતું. ફારસી હએસ્તાન કેતાબનો લખનાર કહે છે કે ત્યાં પાર્સીઓનું આતશકદેહ હતું. આ ઉપરથી ડૉ. સ્પુનર ધારે છે કે, ત્યાં બુદ્ધ પોતાના જરથોશ્તી ભાઇઓને મળવા ગયો હતો. મી. હોડીવાલાએ આ દલીલને વજુદ વિનાની ગણી હતી. "ગાયા" માં આતશકદેહ હતું, તે ઉપરથી બુદ્ધનાં જરથોશ્તી હોવાનું કાંઇપણ અનુમાન કહાડવું વાજબી નથી.

બુદ્ધિસ્ત તથા જરથોશ્તી ધર્મની સરખામણી.

ડૉ. સ્પુનરે બુદ્ધિસ્ત તથા આપણા ધર્મની સરખામણી નીચે પ્રમાણે કરી છે. એવીજ કેટલીક સરખામણી ડૉ. સ્પુનરની અગાઉ આપણા વિદ્વાન મિત્ર મી. જી. કે. નરીમાને પોતાનાં પુસ્તકમાં કરી હતી તે યાદ રાખવું જોઇએ.—૧, આપણો ખુરેહનો વિચાર બુદ્ધિસ્ત ચક્રવર્તી વિચારને મળતો છે. ૨, જરથોશ્તનાં જન્મની ઘણો વખ્ત આગમજ તેવણની ફ્રવષીને 'ગેઉશૂઉર્વને' જોઇ હતી, તેમજ ગોતમનો આત્મા તેના જન્મની આગમચ બહેશ્તમાં હતો. ૩, બન્ને ધર્મોમાં બહેશ્તને સદાકાલની રોશ્નીના મુલ્કનું નામ આપેલું છે. ૪, બન્નેમાં ભવિષ્યનાં પેગામ્બરોની બીના છે. ૫, બન્નેમાં ૩૩ ફરેસ્તાઓ અથવા દેવોની બીના છે. ૬, જ્યારે જરથોશ્ત જન્મ્યા ત્યારે તેવણની ફ્રવષાને તેવણનાં માતાનાં પેટમાં બહ્મન તથા અર્દિબહેશ્ત અમેશાસ્પંદો લઇ ગયા હતા. એજ પ્રમાણે ગોતમનાં બાબમાં બ્રહ્મા તથા ઇંદ્રએ કીધું હતું.

૭, બન્ને પેગામ્બરોનાં જન્મ વખ્તે કુલ કુદરતે ખુશાલી જાહેર કરી હતી. ૮, બન્નેને પાપી દુર્જ્જાએ ફસાવવાની તજવીજ કરી હતી વગેરે. આ સઘળી દલીલો ઉપરથી ડૉ. સ્પુનરે મત બાંધ્યું હતું કે, બુદ્ધિસ્ત ધર્મ જરથોશ્તી ધર્મ ઉપરથી નિકળ્યો હતો.

બુદ્ધિસ્ત ધર્મ હિંદુ ધર્મમાંથી નિકળ્યો છે.

મી૦ હોડીવાલાએ કહ્યું કે ઘણાંક વિદ્વાનોએ સાબેત કર્યું છે કે બુદ્ધિસ્ત ધર્મ હિંદુ ધર્મમાંથી જન્મ પામ્યો છે, તે વિષે મૅક્ષમ્યુલર, ગંગાપ્રસાદ, દત્ત, રાઇસ ડેવીડ, ચંદા વગેરે ગૃહસ્થોએ પુશ્કળ દલીલો રજુ કરી છે. એ બાબતનું સાહિત્ય વાંચયે એટલું થોડું. બુદ્ધિસ્ત ધર્મનાં ચાર મૂખ્ય સિદ્ધાંતો તથા પાંચ ફર્માનો હિંદુ ધર્મમાં ઘણેક ઠેકાણે મળે છે. અનેક પાલી પુસ્તકો ઉપરથી માલૂમ પડે છે કે, બુદ્ધ હિંદુ તરીકે જન્મ્યો હતો. તેનો બાપ હિંદુ હતો. તેણે શીવની તથા બીજા ઘણાં હિંદુ દેવતાઓની ભક્તિ કરી હતી.

સરખામણીની તપાસ.

તેવણે કહ્યું કે જરથોશ્તી ધર્મે બુદ્ધના ધર્મ ઉપર અસર કરી હોય એ બનવા યોગ્ય છે. દાખલા તરીકે જરથોશ્તને દુર્જ્જાએ ફસાવવાની કોશેશ કરી હતી, તે બીના કદાચ બુદ્ધિસ્તોએ પોતાનાં પુસ્તકોમાં આમેજ કરી હોય એમ ડૉ. સ્પીગલ માને છે તે વાજબી હોય. તેજ પ્રમાણે મરણ બાદ માણસોનાં કામો કેર્દાર રૂપે સામે મળવા આવે છે, એ બાબત પણ કદાચ બુદ્ધિસ્તોએ દાખલ કરી હોય. એવો કોઇપણ ધર્મ નથી કે જેણે પોતાની પાછળનાં બીજા ધર્મો ઉપર અસર કરી નથી, પણ તેથી પાછલો ધર્મ આગલા ધર્મ ઉપરથી નિકળ્યો એમ કહેવું વાજબી નથી. "ખોરેહ"ના વિચાર માટે કહીશું કે, તે હિંદુઓનાં "શ્રી"ના અથવા "લક્ષ્મી"ના વિચારને મળતો છે. હિંદુઓમાં ૩૩ દેવોની બીના ઋગ્વેદમાંજ નહિં પણ પાછળના સઘળા વેદોમાં તથા બીજા ઘણાંક લખાણોમાં આવે છે. ભવિષ્યમાં જન્મ પામનાર પેગામ્બરની બીના વિષ્ણુના "કલંકી" નામના અવતાર ઉપરથી મળી આવે છે. જેમ જરથોશ્તના તથા બુદ્ધના જન્મ વખ્તે કુલ પેદાયશે ખુશ્હાલી જાહેર કરી હતી, તેમ રામના જન્મ વખ્તે પણ બન્યું હતું. બન્ને વસંત ઋતુની શરૂઆતમાં જન્મ પામ્યા હતા. છઠ્ઠી સરખામણી વિષે તેવણે કહ્યું કે, બહુમન તથા અર્દિબેહસ્તને બ્રહ્મા તથા ઇંદ્ર સાથે સરખાવી શકાય નહિં. અત્રે તો સરખામણી ખોટી થઇ પડે છે. જેમ જરથોશ્તનાં ફરોહરનાં સંબંધમાં દંતકથા છે કે તેવણનાં જન્મ આગમચ તેવણનું ફરોહર બહેસ્તમાં જોવામાં આવ્યું હતું તેને કાંઇક દરજ્જે મળતી આવતી દંતકથા રામનાં બાબમાં મળે છે.

ગોતમ જરથોશ્તી હતો એ દલીલ બહુજ ચોંકાવનારી છે. કેટલાકો એમ ધારે છે કે (જો કે તે આપણે કબુલ રાખીશું નહિં) ફર્વર્દીન યશ્તમાં

ગૌતમની જે હકીકત છે તે બુદ્ધની બીના છે. અગર જો તેમ હોય તો અનુમાન નિકળે છે કે જરથોશ્તી હોવા છતાં તે ધર્મ તજી દઇ તેણે નવો ધર્મ શોધી કહાડયો હતો, અને તે બીના આપણાં પુસ્તકોમાં સ્પષ્ટ રીતે નોંધાઇ રહેવી જોઇતી હતી. વગી બુદ્ધે પૂર્ણજન્મ અથવા કર્મના કાયદાઓની બીના રજુ કરી છે તે જરથોશ્તી ધર્મમાં બીલકુલ નથી. ફકત તેને લગતો ઋગ્વેદમા એક ઇશારો છે, પણ તે લખાણ પાછલા વખતનું છે. 'બ્રાહ્મણો' નામના પુસ્તકોમાં આ કાયદાઓની બીના આવે છે તે ઉપરથી બુદ્ધિસ્તોએ તે લીધી હોય એ બનવા યોગ્ય છે. મી. નરીમાને જણાવ્યું કે હુમત, હૂખ્ત, હુવર્શ્તના કાયદાઓની બાબત તથા ઝેરી અને વ્હેશી પ્રાણીઓની નાશ કરવાની બાબત આપણાં ધર્મપુસ્તકોમાં આવી છે, તે ઉપરથી બુદ્ધિસ્તોએ એવીજ બાબતો ગ્રહણ કરી છે. તેવણે કહ્યું કે એ બન્ને બાબતો હિંદુ ધર્મ પુસ્તકોમાં પણ આવેલી છે, માટે મી. નરીમાનની માન્યતા ટકી શકતી નથી.

ઉપકારનાં શબ્દો.

મી. હોડીવાલાએ જણાવ્યું કે ડૉ. સ્પૂનરે પોતાની દલીલોને નરમ રૂપ આપીને જે લખાણ કીધું છે તેનું વિવેચન મુલતવી રાખી કેહવું જોઇએ છે કે ડૉ. સ્પુનરના આપણે જરથોશ્તીઓ મ્હોટા આભારી થયા છેએ. ચંદ્રગુપ્ત, ચાણક્ય, નંદીઓ, મઉર્યાઓ, ગૌતમબુદ્ધ વિગેરે જરથોશ્તી હતા, એ દલીલ પડતી મેલ્યે તથા બીજી કેટલીક ન્હાની દલીલો પડતી મેલ્યે તો પણ આપણે કબુલ કરીશું કે ડૉ. સ્પુનરનાં લખાણથી આપણને ઘણુંક જાણવાનું બન્યું છે. દાખલા તરીકે, સકો, યવનો, મગ લોકો વિગેરેની બાબતો જે અંધકારમાં પડી લગભગ વીસરાઇ ગઇ હતી તે, એ વિદ્વાન રોશ્નીમાં લાવ્યા છે, તેથી આપણે તેનો ઉપકાર માનવો ઘટે છે. પાટલીપુત્રનો મેહલ એ પર્સીપોલીસના મેહલની નકલ હતી અને તે ઇરાનીઓને હાથે બંધાયલો હતો, તે નવી બીના એ વિદ્વાન ડૉકટરે જાહેર કરી તે એક મ્હોટી શોધ ગણાવી જોઇએ છે. ત્યારબાદ તેવણે જણાવ્યું કે આ બાબતની તપાસ સંપૂર્ણ રીતે હાથ ધરવામાં મી. રૂસ્તમજી નોશેરવાનજી મુનશી, મી. જમશેદજી એદલજી સકલાતવાલા તથા મી. એરચશા અર્દેશીર પારેખે ઘણાંક પુસ્તકો વિગેરે મેળવી આપી, મને સવળતા કરી આપી તે માટે તે મિત્રોનો આભાર માનવો ઘટે છે. આવતી વેળા સંસ્કૃત પુસ્તકોમાં હિંદના પુરાતન પારસીઓને માટે શું ફકરાઓ મળે છે તથા તખ્તીઓ વિગેરે ઉપરથી શું રોશની મળે છે તે બાબત રજુ કરવામા આવશે.

સરનશીન સાહેબનું વિવેચન.

સરનશીન સાહેબ શેઠ મનચેરજી પેશતનજી ખરેઘાતે મી. હોડીવાલાનો ઉપકાર માનતાં જણાવ્યું કે, સાધારણ બે શખ્સો ગમે તેવા જુદા પ્રકારનાં હોવા છતાં તેઓમાં ઘણીક કીસમની સરખામણી તુરત દેખાઈ આવે છે. પેગામ્બરોની

બાબતમાં તો સરખામણી બહુજ ઘાડી હોવી જોઇએ, એ સહેજ સમજી શકાય એમ છે. હરેક ધર્મમાં ચોરી નહિ કરવા વિષે, જુઠું નહિ બોલવા વિષે, દયા-માયા-રેહમથી વર્ત્તવા વિષે તથા બીજી ઘણીએક બાબતો વિષે ફર્માનો મળે છે, પણ તેવાં ફર્માનોની સરખામણી ઉપરથી એમ કહેવું કે એક ધર્મે બીજા ઉપરથી લીધું તો તે વાજબી ગણાય નહિં. હેવદરૂજે પેગામ્બરોને આડે માર્ગે દોરવવામાં આવે છે, એવી દંતકથાઓ તો હરેક ધર્મમાં મળે છે. આ દુન્યામાં જેવી કરણી કરીશું તેવું તેનું ફળ હવે પછી મળશે, એ સિદ્ધાંત પણ સઘળા ધર્મોમાં છે, પણ તેથી એમ ઠરતું નથી કે એક ધર્મ બીજાને આભારી છે. માણસનાં મરણ પછી તેનાં સારા-નરસાં કામો, તેને સામે લેવા આવે એ વિચાર એટલો તો સાધારણ છે કે તે ઘણાંક ધર્મોમાં હોય તેથી એક ધર્મે બીજા ઉપર અસર કરી એમ કહેવું ખોટું છે. દંતકથાઓની બાબત વિષે વિદ્વાન પ્રમૂખ સાહેબે જણાવ્યું કે, ઘણાક પેગામ્બરોની બાબતમાં દંતકથાઓ આપણે વાંચ્યે છેએ. આ દંતકથાઓ તે પેગામ્બરોની હયાતી બાદ સદીઓનાં અંતરે દાખલ થયલી હોય છે. એવી કેટલીક કથાઓ બુદ્ધિસ્ત ધર્મવાલાઓએ જરથોશ્તી ધર્મ ઉપરથી લીધી હોય એ બનવા યોગ્ય છે, તે વિષે કાંઇપણ નક્કી અનુમાન કહાડવું દરૂસ્ત નથી. ડૉ. સ્પુનરે આપણી કેટલીક સારી સેવા બજાવી છે તે આપણે ઉપકાર સાથે કબુલ કરીશું, પણ તેવણે જે 'rash theories' (ઉતાવળાં સિદ્ધાંતો) રજુ કીધાં છે તેની અસર લાંબો વખત સુધી નાબુદ થવાની નથી, એ દલગીરીભર્યું છે. લેખકોએ અને અવશ્યે અભ્યાસીઓએ પોતાનાં મતો બહુ કાળજીથી રજુ કરવાં જોઇએ છે; કારણ કે ગેરવાજબી દલીલો આમવર્ગને ખોટે રસ્તે દોરવે છે. ચંદ્રગુપ્ત, ચાણક્ય અથવા ગૌતમ જરથોશ્તી હતા નહિં તે બાબેની મી. હોડીવાલાની દલીલ સાથે સરનશીન સાહેબે પોતાનું મળતાપણું બતાવ્યું હતું.

સરનશીન સાહેબે વધુમાં જણાવ્યું કે જરથોશ્ત અને બુદ્ધનાં કેટલાંક મતો મળતા આવે તે પરથી એક બીજાની નકલ કીધી હશે એવું અનુમાન કહાડવા આગમજ બહુ સાવચેત રેહવું જોઇએ. જેમ માણસજાત એકબીજાને શરીર અને તેના ભાગોમાં હજારો રીતે મળતાં આવે છે, તેમજ લાગણીમાં અને વિચારોમાં મળતાં આવે છે. સાચ્ચું બોલવું, પ્રમાણીકપણે વર્તવું, ફોકટ બીજાને ઇજા નહિં કરવી, વડાંઓને માન આપવું વિગેરે સદ્‌ગુણોને સર્વ પ્રજાઓમાં માન્ય રાખવામાં આવે છે અને તે એક પેગામ્બરે અથવા પ્રજાએ બીજી પ્રજા પાસેથી શિખ્યાં છે એમ માનવાને કારણ નથી. તેમજ દુન્યાંની લાલચોથી લલચાવું નહિ, અને બુરાઇથી ડરવું નહિ, એ તો હરેક માણસ જે નીતિના માર્ગમાં આગળ વધવા માંગે છે તેનું કર્તવ્ય છે અને તેમ તે કરે છે, તેથી જરથોશ્ત અને અહેરેમનની વાત, અને બુદ્ધ અને મારની વાત એકબીજામાંથી નકલ થઇ છે એમ માનવાને કારણ નથી; તે સ્વભાવીક અનુભવને લીધે બન્ને ઠેકાણે જુદી જુદી ઉત્પન્ન થઇ હોય એમ બનવા યોગ્ય છે.

અલબત્તે પેગામ્બરો વિષે કેટલીક દંતકથાઓ એવી હોય છે, જે સ્વભાવીક રીતે ઉત્પન્ન નહિં થાય, અને તે એક બીજા ઉપરથી નકલ થઈ હોય, પણ તેવી જરથોશ્ત અને બુદ્ધને લગતી સામાન્ય દંતકથાઓ તેઓની ઘણા વખત પછી પાછળ આવનારાઓએ કીધી છે. તે પાછળ આવનારાઓએ એક બીજાની નકલ કીધી હોય એ સંભવીત છે; પણ તે પરથી તે પેગામ્બરોએ એક બીજાની નકલ કીધી એમ અનુમાન કહાડી શકાય નહિ.

અભ્યાસીઓની ફર્જ છે કે નવા અનુમાનો કહાડે તે તપાસ લઇને બરાબર પાયા પરથી કહાડે. જે બાબતમાં ફકત એક અટકળજ હોય, તો તે રજુ કરતી વખ્તે સાફ કહેવું જોઇએ કે તે અટકળ છે, અને નહિં કે તે ખાતરીલાયક અનુમાન છે.

બેઠક ૧૧ મી, તા૦ ૭ મી જુલાઇ ૧૯૧૭.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ ગઈ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "Parsis of Ancient India–Sanskrit passages, Inscriptions etc." આગળ ચલાવતાં જણાવ્યું કે ડૉ. સ્પુનરે પોતાની દલીલોને પાછળથી નરમ રૂપ આપ્યું છે. તેણે જણાવ્યું છે કે ચંદ્રગુપ્ત તથા બુદ્ધને હું પારસી તરીકે ઓળખું છું; પણ આ પારસી શબ્દ હાલનાં અર્થે લેવાનો નથી. વેદીક હિંદુઓ તથા ઇરાનીઓમાં ધર્મ સંબંધી મતફેર પડયા પછી પેહલવેહલાં જે આર્યનો હિંદમાં આવ્યા તેઓ મધેનાં આ સાહેબો હતા. આગળ ચાલતાં ડૉ. સ્પુનર કહે છે કે હાલમાં ઉત્તર હિંદુસ્તાનમાં આર્યન ભાષા બે વર્ગની છે તે ઉપરથી, તથા પાટલીપુત્રમાં પર્સીપોલીસનાં જેવોજ મેહલ હતો તે ઉપરથી, તથા મગધ દેશમાં પરદેશીઓ વસતા હતા તે ઉપરથી, તથા બહારમાં શાકદ્વીપીન બ્રાહ્મણો છે તે ઉપરથી પુરવાર થાય છે કે ઇતિહાસીક જમાના આગમચ આ દેશમાં ઇરાનીઓ વસતા હતા.

મી. હોડીવાલાએ કહ્યું કે ડૉ. સ્પુનરે ઉપલું જે અનુમાન કહાડયું છે તે વિષે આપણને કશો વાંધો નથી; પણ ઉત્તર હિંદુસ્તાનમાં આર્યન ભાષા બે વર્ગની છે, તેના ઉપરથી બે ત્રણ હજાર વર્ષ ઉપરની બાબત વિષે અનુમાન કહાડવું એ, ડૉ. કીથ કહે છે તેમ, બહુ વિચિત્ર છે. પાટલીપુત્રમા ઇરાની કડયાઓએ તથા મીસ્ત્રીઓએ મેહલ બાંધ્યો હતો, માટે તે વખ્તે તેઓ ત્યાં રાજ્ય કરતા હતા, એ દલીલ ટકી શકે એવી નથી. બીજી દલીલો તદન દમ વિનાની છે, પણ આટલું તો ખરૂં છે કે પુરાતન જમાનાથી પારસીઓ હિંદમાં વસતા હતા. ડૉ. સ્પુનરે માત્ર તેટલુંજ કહ્યું હતે તો આપણને વાંધો રહેતે નહિં. પ્રોફેસર સ્પીગલ કહે છે કે, ઇરાનીઓ પોતાના હિંદુ ભાઇઓ સાથે મધ્ય એશિયામાંથી પંજાબમાં આવી વસ્યા હતા. મૅક્ષમ્યુલરના મત પ્રમાણે, ઇરાનીઓ ઇરાનમાં ગયા તેની આગમજ હિંદમાં વસ્યા હતા. પ્રોફેસરો ભાગ્વત

તથા આપ્તેનાં મત પ્રમાણે, ઋગ્વેદમાં પારસીઓની બીના આવેલી છે. મી. હોડી-વાલાએ કહ્યું કે ઋગ્વેદમાં 'દસ્યુ' લોકોની વાત કેટલેક ઠેકાણે મળે છે. હવે આ 'દસ્યુ' લોકોમાં કેટલાકો 'પહેલવો' યાને પહેલવી અથવા પાર્થ્યન લોકો હતા, માટે પાર્થ્યન લોકો ઋગ્વેદનાં વખતમાં હિંદમાં હોય એ બનવા યોગ્ય છે.

સંસ્કૃત પુસ્તકોના દાખલા.

પુરાતન હિંદના પારસીઓ માટેનાં સંસ્કૃત લખાણોના ફકરા તે પછી તેવણે રજુ કીધા હતા. 'મહાભારત'ના 'શાંતિપર્વ' તથા 'ભિષ્મપર્વ'માં પારસીઓ તથા પહલવોની બીના આવે છે, અને હિંદુસ્તાનમાં વસતી જુદી જુદી પ્રજાઓનાં નામોમાં આ નામો પણ આવેલાં છે. 'વિષ્ણુ પુરાણ'માં પારસીઓને હિંદમાં વસતા જણાવ્યા છે. 'મુદ્રા રાક્ષસ' નામના ગ્રંથની શહા-દત વધુ મુસ્તકીમ છે. ત્યાં કહ્યું છે કે ચંદ્રગુપ્તને મદદ કરવાને શકો, યવનો, કીરાતો, પારસીઓ ાવગેરેનું લશ્કર ઉભું કરવામાં આવ્યું હતું. એજ પુસ્તક પ્રમાણે 'મેઘનાદ' અથવા 'મેઘ' નામનો પારસી રાજા હતો, તેણે ચંદ્રગુપ્તને મદદ કરી હતી. દેખઈતી રીતે આ 'મેઘ' (મગ) હિંદમાં કોઇ ન્હાના દેશનો રાજા અથવા હાકમ હતો. 'મનુસ્મૃતિ' નામનું પુસ્તક, કે જે ઇ. સ. પૂર્વે બીજી સદીને સુમારેનું છે, તેમાં પણ પહલવોની બીના આવેલી છે. 'કાલીદાસ' નામનો મશહુર લખનાર અને કવી (ઈ. સ. છઠી સદી) પોતાના પુસ્તક 'રઘુવંશ'માં રામના બપાવાના બાવા વિષે લખતાં કહે છે કે તેણે પંજાબમાં પારસી લોકો ઉપર ચઢાઇ કરી હતી. "કથા સરીત સાગર" પ્રમાણે 'ઉદયન' નામના રાજાએ પારસીઓના એક ખરાબ રાજાનું ડોકું કાપી નાખ્યું હતું. આ પારસી રાજા કોણ હશે તે માલુમ પડતું નથી. અલ્બીરૂની 'વાયુ પુરાણ' તથા વરાહમીહીરનાં 'સંહિતા' નામના પુસ્તકોને આધારે હિંદુસ્તાનમાં વસતા પારસીઓ માટેની હકીકત રજુ કરે છે. 'હરીવંશ' નામના પુસ્તકમાં કહ્યું છે કે ઋગ્વેદવાલા 'વિશ્વામિત્ર' નામનો રાજાનો બપાવો પહલવોની સાથે મ્હોટો થયો હતો. આ એક દંતકથા છે અને તેની ઉપરથી દિસે છે કે ઘણા પુરા-તન જમાનામાં પહલવો હિંદમાં વસતા હોવા જોઇએ. પેહલવી લોકો માટે એક બીજી કથા મહાભારતમાં છે, તે ઉપરથી દિસે છે કે એક દિવસે વિશ્વા-મિત્ર પોતાના હરીફ વશિષ્ટ ઋષિને ત્યાં ગયો. વશિષ્ટે દુશ્મનાઇ ભુલી જઇ તેનો આદરસત્કાર કર્યો, અને પોતાની હેરતભરી એક ગાય હતી તેણીએ આપેલાં એક અતી કીંમતી ઘરેણાં વિશ્વામિત્રને આપ્યા. આ ઉપરથી આ પરોણાની દયાનત બીગડી, તેણે પેલી ગાય માંગી. તે જ્યારે તેને આપવામાં આવી નહીં ત્યારે તેણે પોતાના બળનો ઉપયોગ કરવા માંડયો. આ ઉપરથી પેલી ગાય ગુસ્સે થઇ વિશ્વામિત્રને તથા તેને લશ્કરને હંફાવવા શકો, યવનો, કીરાતો, પહલવો વિગેરે પ્રજાઓને પોતાનાં શરીરમાંથી પેદા કીધાં. આ દંતકથાનો સાર એ છે કે બ્રાહ્મણોએ ક્ષત્રીઓનો જુલમાટ તોડવા પરદેશી પ્રજાઓને

મદદ સારૂ બોલાવી હતી. પહલવો તે કોઇજ નહિં પણ પેહલવી ઇરાની લોકો છે, તે વિષે વિદ્વાનો એકમત છે.

તખ્તીઓની શહાદતો.

ત્યારબાદ તેવણે કેટલીક તખ્તીઓની શહાદતો રજુ કરી હતી. તેવણે કહ્યું કે સર જે. માર્શલને ઇ. સ. પૂ. ૫૦૦ ની અરમાઇક ભાષાની એક તખ્તી મળી છે, તેમાં તેવણે 'વોહુવર્દ' નામના કોઇક ઇરાની હાકેમનું નામ વાચ્યું છે. કાઠીયાવાડમાં ગીર્નાર પાસે 'રૂદ્રદામન' નામના રાજાનો પુલ છે તેની એક તખ્તીમાં 'નુશાસ્પ' નામના ઇરાની રાજા અથવા સરદારનું નામ છે. આ હાકેમને 'યવન રાજા' કહ્યો છે, પણ અત્રે 'યવન'નો અર્થ 'યુનાની' નહિ પણ પરદેશી થાય છે. ગીર્નાર નજદીક એક સરોવર છે, તેનું બાંધકામ કરનાર 'સુવીશાખ' નામનો ઇરાની હતો એમ ડૉ. ભાઉ દાજી કહે છે. આ 'સુવીશાખ' કદાચ 'સ્યાવક્ષ'નું બગડેલું રૂપ હોય. કાર્લાના ગોફામાં એક ઠેકાણે 'હરફારન' નામ છે. આ નામ તદન ઇરાની છે. 'હર' તે 'અરાસ્પીસ' નામનો પેહલો શબ્દ છે. તથા 'ફારન' એ 'ફારનદાતીસ' નામનો પેહલો શબ્દ છે. રાવલપીંડી નજદીકનાં "માનીકીઆલા"માં એક તખ્તી મળી છે તે ઘણી અગત્યની છે. તેમાં લખ્યું છે કે 'પુરૂઅસ્પ' નામના પાર્સીએ એક બુદ્ધિસ્ત સાથે મળી લોકોને વખ્ત જાણવા એક યંત્ર ઉભું કર્યું હતું. આ તખ્તીમાં 'કરપ', 'સ્પેન્ત' વિગેરે અવસ્તા શબ્દો છે. ઉપલા 'પુરૂઅસ્પ'ને કુશાંન વંશનો વંશજ જણાવ્યો છે.

આવતી વેળા હિંદી (પાર્થ્યન) રાજાઓની હકીકત, કુશાંન વંશના રાજાઓના સીક્કા ઉપરથી મળતી તેઓનાં ધર્મ સંબંધી શહાદતો તથા સાસાન્યાન પાદશાહોના હિંદની સાથનાં સંબંધ વિષે જણાવવામાં આવશે અને ત્યાર પછી "ભવિષ્ય પુરાણ"માં 'મગ' અથવા 'મગુ' યાને મેજાઇઓ વિષે આવેલી જે બાબતનો તર્જુમો થયો નથી તેની લંબાણ હકીકત આપવામાં આવશે.

સરનશીનનાં ટીકા.

એ ઉપર સરનશીન સાહેબે ટીકા કરતાં જણાવ્યું કે, સંસ્કૃત પુસ્તકોના કેટલાક ફકરાઓ મી. હોડીવાલાએ ટાંકયા છે તે પાછલા જમાનામાં (ઇ. સ. ની આઠમી સદીમાં યા તે પછી) ઘુસાડી દીધેલા હોય, તોપણ કાલીદાસના રઘુવંશનો દાખલો અગત્યનો છે. આ કવી ઇ. સ. ૬ ઠી સદીનો છે. તખ્તીના દાખલાઓ વધારે મુસ્તકીમ છે અને તે ઉપર આધાર રાખવા યોગ્ય છે. ઇ. સ. ની પૂર્વેની પહેલી અથવા બીજી સદીથી તે ઇ. સ. પાછળની ચોથી અથવા પાંચમી સદી સુધીમાં, ઘણી પરદેશી પ્રજાઓ હિંદુસ્તાનમાં આવી હતી અને તે વખ્તે મિથ્રીક ધર્મની અસર થઇ હતી. આ ધર્મવાલાઓ મિથ્ર યાને સૂર્યની પુજા કરતા હતા.

બેઠક ૧૨ મી, તા. ૨૮ મી જુલાઇ ૧૯૧૭.

એર્વદ મેહરજીભાઇ પાહુલનજી માદને દરખાસ્ત કીધી તેને એર્વદ જમશેદજી દાદાભાઇ નાદેરશાહે ટેકો આપ્યો કે: –

ઠરાવ.

"જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળી, "હિંદના મહાન દાદા" શેઠ દાદાભાઇ "નવરોજજી, LL. D. નાં મરણની ખબરની નોંધ ભારે દલગીરી સાથે લે છે. "મહૂંમ શેઠે જેમ બીજી બાબતોમાં તેમ ધર્મને લગતા સવાલોમાં પણ આગેવાની-"ભર્યો ભાગ લીધો હતો; અને જરથોસ્તી ધર્મ અને સાહિત્યને લગતી તપાસ કરાવવા-"માં તેઓએ મ્હોટો હિસ્સો આપ્યો હતો; તેનું એક અગત્યનું પરિણામ જરથોશ્તી "દીનની ખોલ કરનારી મંડળીની સ્થાપનામાં આવ્યું હતું."

દસમી બેઠકમાં, મી. હોડીવાલાની બાબત ઉપર પ્રમુખ સાહેબે પોતાના જે વિચાર દર્શાવ્યા હતા તેના સંબંધમાં એર્વદ મેહરજીભાઇ પાહુલનજી માદને પોતાના નીચલા વિચારો જણાવ્યા હતા :—"આ બીના જાણીતી છે કે, ખ્રિસ્તિ અને ઇસ્લામીઓ યાહુદીઓનાં પેગામ્બરોને અને ઇસ્લામીઓ ખ્રિસ્તિઓનાં પેગામ્બરને પોતાનાજ તરીકે લખે છે, અને તેઓએ આપેલા મજહબને પોતાના મજહબના મૂળ પાયા તરીકે ગણે છે. હવે આ બીના જાણીતી છે કે, યાહુદીઓના ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદી આગમજ સુધીનાં ધાર્મિક સાહિત્યોમાં જે ધાર્મિક ફરમાનો મળે છે તે ઇ. સ. પૂર્વે ની છઠ્ઠી સદી પછીનાં તેમાં મળતાં ફર્માનોથી બહુ જુદાં પડે છે. દાખલા તરીકે પ્રથમ ફર્માનોમાં અનેક ખોદાની માન્યતા અને માણસ મીટ્ટી છે તે સેવટે મીટ્ટીમાં મળી જશે એવું શીક્ષણ જોવામાં આવે છે. પણ ઇ. સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં ઇરાનીઓએ બેબીલોન ખાતેના બંદીખાનામાંથી યાહુદીઓનો છુટકો કર્યો અને તે યાહુદીઓ ઇરાનીઓના સમાગમમાં આવ્યા તે પછી તેમના ધાર્મિક વિચારોમાં બોહળો ફર્ક પડી ગયો હતો. તેઓનાં "સૉલ્ટર" નામનાં ભજનોમાં પેહલીજવાર એકજ ખોદાની માન્યતા અને રવાનની અમર્ગી તથા ભવિષ્યની જીંદગીનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ઇરાનીઓ સાથનો સમાગમ તેમને ધાર્મિક શીક્ષણમાં એટલો તો લાભકારી થયો હતો કે તેઓએ ખાસ કરીને હખામની વંશના પાદશાહ કુરૂસને ખોદા તરફના પએગામ્બર "એનોઇન્ટેદ ઑફ ધી લૉર્ડ" તરીકે પોતાનાં ભજનમાં ઓળખાવ્યો છે, અને તેને તથા પાદશાહ દારયવુશને તેઓ પોતાનાં ભજનમાં ખાસ આરાધે છે. ખ્રિસ્તિ ધર્મના નામીચા વિદ્વાનો, અને વિદ્વાન ખ્રિસ્તિ ધર્મગુરૂઓ તે બીનાનો સ્વિકાર કરે છે અને તેઓ જણાવે છે કે ખ્રિસ્તિ ધર્મ-સાહિત્ય વધારે સારી રીતે સમજવા માટે ખ્રિસ્તિઓએ જરથોશ્તી સાહિત્યોનો અને ખાસ કરીને તેમના પવિત્ર ગાથાનો અભ્યાસ કરવો ઘટે છે, કેમકે એક ખોદા અને રવાનની અમર્ગી તથા ભવિષ્યની

જીંદગી જેવા ધર્મના પાયા સમાન મોતેબર ફર્માનોનો ખ્યાલ જરથોશ્તીઓનોજ પેહલવેહલો હતો, અને તેમની સાથના સહવાસમાં જતાં યાહુદીઓએ તેમની પાસેથી તે મેળવ્યો હતો, અને તેઓએ મેળવેલું તે નવું શીક્ષણ ખ્રિસ્તિ ધર્મે પણ સ્વિકાર્યું તેમજ ખીલવ્યું હતું."

મી. શાપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "Parsis of Ancient India, Sanskrit passages, Inscriptions etc." આગળ ચલાવતાં જણાવ્યું કે, હિંદી–પાર્થ્યન વંશના શાહાનશાહો વિષે મિથ્રિદાતીસ પહેલાના (ઇ. સ. પૂ. ૧૩૬) મરણ પછી એક પાર્થ્યન સરદાર જેનું નામ મોઅ (=માહ) હતું તે પંજાબમાં તક્ષીલામાં રાજા થયો હતો, તેના સીક્કાઓ હાથ લાગ્યા છે. આ મોઅની પછી આજીસ (અય) ગાદીએ આવ્યો હતો. આજીસની પછી અઇલીસ તથા તેની પછી અઇલીસ બીજો, અને પછી ઇ. સ. ૨૦ માં ગોન્દો ફાર્નિસ (ગદફર્સ અથવા ગદ્દમન્ હુવર્ન) ગાદીએ આવ્યો હતો. આ છેલ્લા પાદશાહનું નામ ઇરાની તરીકે સેહલાઇથી ઓળખાઇ આવે છે. તે પાર્થ્યન વૉલોનીસનો નજદીકનો સગો થતો હતો. વૉલોનીસ સીસ્તાનના કંદહાર તથા બલુચીસ્તાનમાં રાજ્ય કરતો હતો, તથા મોઅ પંજાબ અને સીંધમાં રાજ્ય કરતો હતો. આ બન્ને રાજ્યો ઉપર પાદશાહ ગોન્દો ફાર્નિસે હકુમત ભોગવી હતી અને ત્યારબાદ હિંદ મધેની આ ઇરાની શાહાનશાહત પડી ભાંગી હતી. અંધર વંશનો એક મશ્હૂર રાજા ગોતમી પુત્ર (ઇ. સ. ૧૨૦) થઇ ગયો છે. તેણે માલવા, ગુજરાત, કચ્છ વિગેરે જીતી લીધાં હતાં અને તે દેશોની ઉપર હાકમ તરીકે પાર્થ્યન વંશના એક સરદાર નામે 'ફરહતીસ' ને નેમ્યો હતો. આ બાબતમાં ડૉ. ભાઉ દાજીએ રેસાલો રજુ કીધો હતો તે અગત્યનો છે.

સીક્કાઓ મારફતે રજુ થતી જરથોશ્તી ધર્મની અસર.

ઇ. સ. ૧૨૦ માં કનીશક નામે રાજા, જે પરદેશી હતો, તેણે કાબુલ, ગુજરાત, આગ્રા વિગેરે જીતી લીધાં હતાં. પાછળથી તેણે બુદ્ધિસ્ત ધર્મ અખ્ત્યાર કર્યો હતો. તેની પછી હુવીશ્ક રાજા થયો હતો. ઘણાંક સીક્કાઓ આ રાજાના મળ્યા છે તે ઉપર બુદ્ધની છબી ઉપરાંત, મેહર, માહ, આતશ, વાત, શેહરેવર, વૅરેથ્રઘ્ન, ફરહ, અનાહિત, વિગેરે આપણા યજદોના નામ તથા છબીઓ છે. આ ઉપરથી ખુલ્લું માલુમ પડે છે કે જો કે તેઓ બુદ્ધિસ્ત હતા, છતાં આપણા ધર્મે પણ તેઓ ઉપર કેટલીક અસર કીધી હતી.

કનીશ્કની પાછળ ગાદીએ આવનાર હુવીશ્કનું નામ ઇરાની છે અને તેનો ખરો આકાર "હુવખ્ષ" છે. તેઓ જરથોશ્તી હતા નહિ તે એટલા ઉપરથી જણાશે કે તેઓ સીક્કાઓ મધે પોતાને "દેવપુત્ર" તરીકે જણાવે છે. કોઇપણ જરથોશ્તી પોતાને દેવના છોકરા તરીકે ઓળખાવે નહિં. હુવીશ્કની પછી વસુદેવ ગાદીએ આવ્યો તેનું નામ હિંદુ છે.

સાસાન્યનોનો હિંદ સાથનો સંબંધ.

ઇતિહાસિક બાબતો ઉપર આવતાં, તેવણે જણાવ્યું કે ખુસ્રો બીજાએ પુલીકેસીન બીજાને ત્યાં ઇ. સ. ૬૨૫ માં એલચીઓ મોકલ્યા હતા. તે બાબતની એક છબી ઔરંગાબાદ પાસેના એજન્તાના ગોફામાં જોવામાં આવે છે. બેહરામગુર શાહાનશાહ (ઇ. સ. ૪૩૬ માં) કનોજના રાજા પાસ કનહુન લોકો સાથે લડવા મદદ માગવા આવ્યો હતો, અને ત્યાં તે હિંદુ રાજાની છોકરી સાથે પરણ્યો હતો. જ્યારે તે આ રાણી, કે જેનું નામ સપીનુદ હતું, તેને છુપી રીતે લેઇ ન્હાસી જતો હતો, ત્યારે તેને કેટલાક પારસી ઇરાની વેપારીઓ માર્ગમાં મળ્યા હતા, કે જેઓ દર્યાને માર્ગે તથા જમીનને માર્ગે વેપાર કરતા હતા એમ ફ્રીદુર્સી જણાવે છે. આ વેપારીઓને જોઇ બેહરામગોર લગાર ગભરાયો હતો. નોશેરવાન આદેલ તથા પર્વીજને દખણ તથા સીંધના રાજાઓ સાથે વ્યવહાર હતો. ઇ. સ. ૭ મી સદીની શરૂઆતમાં ઘણાક ઇરાનીઓ સાથે પર્વીજનો એક છોકરો હિંદમાં ગયો હતો, અને તેનેથી ઉદેપુરનો વંશ નીકળેલો કહેવાય છે. મેજર જનરલ કનીંગહામ પ્રમાણે ઇ. સ. ૭૨૦ માં એક પહલવ રાજા કાઠયાવાડમાં રાજ્ય કરતો હતો, તે અગત્યની બીના યાદ રાખવી જોઇએ છે.

હાલ કોકણમાં 'દરમમાં' (યાને દીરહમ) સીક્કાઓ મળે છે, કે જેને 'ગધ્યા પૈસા' કહે છે. તે સાસાની સીક્કા જેવા છે. આ સીક્કાઓ ઉપર જે છબી હોય છે તથા આતશનું પાત્રું મળે છે, તે ઉપરથી તે સાસાની સીક્કાઓ વિષે શક રહેતો નથી. મી. જસ્તીસ ન્યુતનના મત પ્રમાણે ઇરાન તથા પશ્ચિમ હિંદ વચ્ચે ઘાડો સંબંધ હતો, તે ઉપલા 'ગધ્યા પૈસા' ઉપરથી સાબેત થાય છે. આ પૈસા ગુજરાતની ટંકશાળમાં પાડવામાં આવતા હતા. વલ્લભી શાહાનશાહતના પડી ભાંગવા પછી આશરે ઇ. સ. ૫૨૪ ને શુમારે સાસાન્યનો ગુજરાતમાં દાખલ થયા અને ત્યાં એક ન્હાનું રાજ્ય સ્થાપ્યું. 'ગધ્યા પૈસા' એટલા બધા મળી આવ્યા છે કે તેનાં ઉપરથી જસ્તીસ ન્યુતન અનુમાન કરે છે કે આ સાસાની રાજ્ય એક યા બે સદી સુધી લંબાયલું હોવું જોઇએ. આપણ પારસીઓ માટે આ ઘણીજ અગત્યની બાબત છે, પણ તેના ઉપર વધુ રોશની પડવાની જરૂર છે.

પુરાતન પારસીઓ, પહલવીઓ, શકાઓ તથા જાદવોનો ધર્મ.

કેટલાક લેખકોના મત પ્રમાણે હિંદના પુરાતન પારસીઓ પોતાના અસલી રેવાજો તજી હિંદુ ધર્મ તરફ ઢલ્યા હતા. ઇ. સ. ૧૫૦ માં, શ્રી વસકંદ નામનો પહલવી સરદાર, જે કાંચીપુર યાને મદ્રાસ પાસેના કંજીવરમમાં હકુમત ભોગવતો હતો, તે હિંદુ ધર્મમાં વટલ્યો હતો; અને તેણે ઘણાએક પહલવોને હિંદુ બનાવ્યા હતા. વિષ્ણુ પુરાણમાં સગર નામના રાજાની દંતકથા છે તે ઉપરથી જણાય છે કે તેણે શક, યવન તથા પહલવ લોકોને પોતાનો ધર્મ તજવાની

ફર્જ પાડી હતી, એટલુંજ નહિં પણ પહેરવેશ વટીક બદલાવ્યો હતો. પંડીત ભગવાનલાલનાં મત પ્રમાણે કાઠયાવાડમાં 'પારજ' નામના લોકો છે તેઓ નામે, દેખાવે તથા પહેરવેશે અને રેવાજમાં પારસીઓ જેવા લાગે છે. દખણમાં જે 'પલ્લવ' નામના લોકો રાજ્ય કરી ગયા હતા, તેઓ અસલમાં પહલવો હતા અને પાછળથી તેઓએ હિંદુ ધર્મ અખત્યાર કર્યો હતો.

ભવિષ્ય પુરાણમાં 'મગવો'ની બાબત આવી છે તેનો સાર ડૉ. વીલ્સને આપ્યો છે. તેનાં અનેક પ્રકરણોનો બોલે બોલનો તર્જુમો હજુ થયો નથી. તે પોતા તરફથી હવે પછીની બેઠકમાં રજુ કરવા જણાવ્યું. આ 'મગવો' 'મઘા' યાને 'કાલી માતા'ને આરાધતા હતા. આ 'મગવો' જમતી વખ્તે બોલતા હતા નહિં, તથા સૂર્યની બંદગી દિવસમાં ત્રણ વખ્ત કરતા હતા તથા દાઢી રાખતા હતા અને લાશને અડકતા હતા નહીં, તેટલા ઉપરથીજ તેઓને જરથોશ્તી મેજાઇ કેહવું દરૂસ્ત નથી, સબબ કે આ સઘળા રેવાજો હિંદુઓ પણ પાળતા હતા. મગાઓ 'અઇવ્યન્ઘ્હ' યાને કુશ્તી બાંધતા હતા, તથા 'વરશમ' યાને બરસમનો ઉપયોગ કરતા હતા, તેના ઉપરથી તેઓ જરથોશ્તી હતા એવું અનુમાન ડૉ. વીલ્સને કહાડયું છે; પણ 'મગવો'ની સંપૂર્ણ હકીકત, જે ભવિષ્ય પુરાણમાં મળે છે, તે ઉપરથી માનવાને કારણ મળે છે કે તેઓ જરથોશ્તી તથા હિંદુ ધર્મોની ભેલમભેલનો ધર્મ પાળતા હતા. 'મુંબઇ ગેઝેટીયર'ના લખનારના મત પ્રમાણે તેઓ મેહરની પરસ્તેશ કરનારા ટોળાના હતા, અને ઇ. સ.ની પાંચમી તથા છઠ્ઠી સદીમાં હિંદમાં દાખલ થયા હતા. તેઓ પાછળથી હિંદુ બ્રાહ્મણ તરીકે વટલ્યા હતા; અને આજે પણ દક્ષિણ મારવાડમાં 'મઘ બ્રાહ્મણ' નામનો ટોળો છે, તે ઉપલા મગાઓનાજ વંશજો છે. તેઓ સૂર્ય તથા શીવ દેવતાઓની મીશ્રતાથી બનેલા 'મીહીરેશ્વર' દેવતાને આરાધતા હતા. આ મત ઘણુંજ માનવા યોગ્ય દિસે છે. ડૉ. વેબરે પણ પોતાનું મત રોયલ એશ્યાટિક સોસાયટીની અત્રેની શાખાનાં ચોપાન્યામાં જણાવ્યું છે. તે વિદ્વાન મગાઓને મિથ્ર ટોળાના મીશનરીઓ તરીકે ગણે છે અને કહે છે કે બીજા ઇરાનીઓ પેઠે તેઓ બ્રાહ્મણો તરીકે વટલ્યા હતા, અને આજે શાકદ્વીપી બ્રાહ્મણ તરીકે જાણીતા છે. વળી બીજા કેટલાક મગાઓને તે હાલના પારસીઓના વડવા તરીકે ગણે છે, પણ આ વિચાર તેણે ડૉ. વીલ્સન ઉપરથી લીધો હોય એમ દિસે છે, અને તે માનવા યોગ્ય નથી.

શક લોકો પણ હિંદુઓ સાથે ભેળાઇ ગયા હતા. તેઓની એક વિભાષાને 'સકારી' અથવા 'ચાંદાલીકા' કહે છે. તે દેખાડે છે કે તેઓને ચંડાળો યાને હલકી પંક્તિવાલા હિંદુઓ તરીકે ગણવામાં આવ્યા હતા. પુરાતન પારસીઓ હિંદુઓ સાથે ભેળાઇ આજે નાબુદ થઇ ગયા છે તેના અનેક દાખલાઓ મળે છે. શક અથવા પહલવી રાજા નહપાનનો જમાઇ એક હિંદુ નામે ઉશવદાત હતો. શક રાજા ચષ્તનનો છોકરો જયદામન હિંદુ હતો વિગેરે. હિંદુઓમાં

પરદેશીઓ એટલા તો ભેળાઇ ગયા હતા કે ખુદ હિંદુ રાજાઓ ગભરાટમાં પડી અટકાવના ઇલાજો શોધવા લાગ્યા હતા. દખણમાં ગોતમી પુત્રે ઇ. સ. ૧૫૦ માં, માળવામાં સગરે ઇ. સ. ૪૦૦ ને સુમારે, ચંદ્રગુપ્ત બીજાએ ઉત્તર હિંદમાં તેજ અરસામાં, પંજાબમાં અશોક ધર્મને ઈ. સ. ૫૩૦ માં તથા હુરસ રાજાએ મધ્ય હિંદુસ્તાનમાં ઇ. સ. ૬૦૦ ને સુમારે પહલવો, શકો, યવનો, હુનો વિગેરે પરદેશીઓને હિંદુઓ સાથે ભેળાતા અટકાવવાની કોશેશ કરી હતી.

હાલના પારસીઓ અને કીસ્સે સંજાણ.

ત્યારે હાલના પારસીઓ કયાંથી આવ્યા આ સવાલ ઉભો થાય છે, અને તેનો જવાબ "કીસ્સે સંજાણ"માં મળે છે. ખરૂં છે કે આ પાછલું પુસ્તક છે અને ફકત પેલા સોળ શ્લોક સિવાય તેની આગમજની શહાદતો જળવાઇ રહી નથી. પારસીઓ હિંદમાં દર્યા માર્ગે તથા જમીન માર્ગે આવતા તે આપણે જોયું છે. "કીસ્સે સંજાણ" પ્રમાણે તેઓ દર્યા માર્ગે આવ્યા હતા. મી. જી. કે. નરીમાને પોતાનાં એક ભાષણમાં અરબી પુસ્તક "ફુચ-ઉલ-બુલદાન" ઉપરથી જણાવ્યું હતું કે, "કીસ્સે સંજાણ"માં જણાવેલા વખ્તેજ સુમારે કેટલાક પારસીઓ દર્યા માર્ગે હિંદમાં આવ્યા હતા. આ દલીલ સામે એક વાંધો આ છે કે તે વખ્તે ચાંચયા લુટારાઓ દર્યામાં ત્રાસ વર્તાવતા હતા. પણ આપણે જાણવું જોઇએ છે કે તેઓને શિક્ષા કરવાના ઇલાજો પણ વનરાજ ચાવડા તથા બીજા રાજાઓએ લીધા હતા. વળી ઇરાન તથા હિંદનો વેપાર કાંઇ બંધ પડયો હતો નહિં. દર વર્ષે દસ હજાર ઘોડાઓ ઇરાનથી હિંદમાં આવતા હતા, અને બીજો પુશ્કળ વેપાર ચાલતો હતો.

બીજી વિરૂદ્ધ દલીલ આ છે કે, અરબ લોકો સિંધ તથા ગુજરાતમાં ચાલુ હુમલા કરતા હતા, પણ તેથી કંઇ એમ પુરવાર થતું નથી કે ન્હાના મ્હોટા હિંદુ રાજાઓની હકુમત બંધ પડી હતી. આપણે જોયું કે કનીંગહામના કહેવા પ્રમાણે ઇ. સ. ૭૨૦ માં કાઠયાવાડમાં એક પહલવ યાને પાર્થ્યન અથવા પારસી રાજા રાજ્ય કરતો હતો, તથા ન્યુતનના કહેવા પ્રમાણે તેજ અરસામાં ગુજરાતમાં સાસાન્યનોનું એક ન્હાનું રાજ્ય હતું, તો તે અરસામાં અથવા સેહજ પછી રાજપાટ ખોહી બેઠેલા ન્હાસ ભાગમાં પડેલા ઇરાનીઓ પશ્ચિમ હિંદુસ્તાન તરફ નજર દોડાવી ત્યાં વસવાટ કરવા આવે એ તો ઘણુંજ સંભવિક દિસે છે. પોતાના મિત્રો તથા જાતભાઇઓને મળવા અગાઉ માયાળુ હિંદુઓ તેઓને આશ્રો આપે એ પણ બનવા યોગ્ય છે.

ઉપલા આપણા વડવાઓ પાક્કા જરથોશ્તી હતા. પેલા જાણીતા સોળ સંસ્કૃત શ્લોક પ્રમાણે તેઓ ધાર્મિક પુરૂષો હતા. તેઓની યાદગીરી એક યા બીજી રીતે જાળવી રાખવાની આપણી ફર્જ છે. સંજાણ સ્થંભની હીલચાલ આવકારદાયક છે, પણ સ્તંભનો લેખ બહુજ સંભાળથી લખાવો જોઇએ છે, કારણ કે ભવિષ્યમાં તે ઇતિહાસિક શહાદત તરીકે લેખાશે.

બેઠક ૧૩ મી, તા. ૧૦ મી નવેમ્બર ૧૯૧૭.

પારસી પંચાયતના નામદાર ટ્રસ્ટી સાહેબો તરફથી તેમનાં સેક્રેટરિ તરફનો સને ૧૯૧૭ નાં નંબર ૧૭૩૮ નો પત્ર, જે મ્હોટી બુન્દેહેશનનાં અંગ્રેજી તર્જુમા તથા ઉચ્ચાર સાથે કરવાનાં કામમાં ઑનરેર્યમનાં રૂ. ૫૦૦) આપવાની જાહેર ખબર સાથનો આવ્યો હતો, તે મંડળીના સભાસદોની વાકેફી માટે જણાવવાને જોડયા સેક્રેટરિઓને ફરમાશ થઇ હતી.

મંડળીની બેઠકો હાલ શનીવારે મળે છે તે ઘણા સાહેબોને અનુકુળ ન થતા તેઓથી હાજર થઇ શકાતું ન હોવાથી કોઇ બીજો દિવસ ઠરાવવા માટે સૂચિપત્ર ઉપર એ બાબત લાવવા માટે ઠરાવ થયો હતો.

ભવિષ્ય પુરાણમાં જણાવેલા મગ લોકો.

શેઠ શાહપુરજી કાવસજી હોડીવાલાએ ગઇ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "Parsis of Ancient India–Bhavishya Pûrana & the Magas" આગળ ચલાવતાં જણાવ્યું કે, સંસ્કૃત પુરાણો મધે એક ભવિષ્ય પુરાણને નામે જાણીતું છે. આ પુરાણમાં 'મગ' લોકોની બાબત આવેલી છે જેનો બહુજ ટુંક સાર ડૉ. વીલ્સને આપેલો છે અને તેનાં ઉપરથી કહે છે કે આ 'મગ' લોકો હિંદુસ્તાનમાં આવેલા મગુઓ યાને મોબદો અથવા પારસીઓ હતા. આ ભવિષ્ય પુરાણનો તર્જુમો આજસુધી કોઇએ કર્યો નથી. એ પુરાણનાં બ્રાહ્મપર્વનાં પ્રકરણ ૬૬ થી ૧૫૧ સુધીમાં આ 'મગ' લોકોની બીના આવેલી છે, તે મધેનાં કેટલાંક લાગુ પડતાં પ્રકરણોનો તર્જુમો પોતા તરફથી તેવણે રજુ કર્યો હતો, કે જેથી પારસીઓ જાણી શકે કે તેમાં શું છે.

સાંબને કોહોડ થયો તે બીના.

એક વખ્તે કૃષ્ણનો છોકરો 'સાંબ' લગાર ગફલતીથી 'દુર્વાસહ' નામના ઋષિને જોઇને હસ્યો, તેથી તે ઋષિએ તેને શ્રાપ દીધો, જેથી તેને કોહોડ ફુટી નીકળ્યો. જ્યારે 'સાંબ' અતિશય દુ:ખી થવા લાગ્યો ત્યારે તેના બાપે દીલાસો આપી દેવોની આરાધના કરવા કહ્યું. એ પ્રમાણે 'સાંબે' સૂર્ય દેવતાની આરાધના કરવા માંડી કે જેથી તે દેવ ખુશી થયો અને તેની બક્ષેશથી 'સાંબ'નો કોહોડ સાફ થયો. 'સાંબે' ઉપકારની લાગણીથી ચંદ્રભાગા નદી (હાલની પંજાબની ચીનાબ નદી) ઉપર એક દેહરૂં બાંધ્યું અને ત્યાં સૂર્યની મૂર્તિને મેલી. તેની દરરોજ આરાધના થાય એવી મકસદથી તેણે બ્રાહ્મણોને ચાકરીએ રાખવા માંડયા, પણ દેવની ભક્તિ પૈસા ખાતર કરવી એ હિંદુ ધર્મ વિરૂદ્ધ છે એમ તેને કેહવામાં આવ્યું, માટે શાકદ્વીપ જઇને ત્યાંથી બ્રાહ્મણોને લાવવા એવી તેને સલાહ મળી. આ ઉપરથી તે ત્યાં ગયો અને ત્યાંથી 'મગ' લોકોને લાવ્યો કે જેઓએ સૂર્યની મૂર્તિની આરાધના કરવા માંડી.

જરથોશ્તનો જન્મ કેમ થયો?

આ 'મગ' લોકો કેમ પેદા થયા તે વિષેનું બ્યાન કરતાં કવી કહે છે કે તે શખ્સ જેને 'મગ' કરી કહ્યો છે તે એક ખુદાઈ ગુણવાલો સરસ બ્રાહ્મણ છે. તે 'નીક્ષુમા' નામના આતશનો બેટો થાય છે. શ્રાપને લીધે તે દેવીએ માણસનો આકાર લીધો; તેણીનાં કુટુંબને 'મેહુર' કહ્યું છે. આ કુટુંબમાં 'સુજીવ્હ' નામનો શખ્સ પેદા થયો, કે જેની છોકરી 'નીક્ષુમા' હતી; તેણી બહુજ સુંદર હતી. તેણીના બાપની આજ્ઞાથી તેણીને આતશમાં ફેંકવામાં આવી તે વખ્તે તેણીને સૂર્ય દેવતાએ જોઇ અને તુરત તે તણી ઉપર મોહિત પડયો અને તેણી સાથે લગ્ન કીધાં. તેણીથી 'જરશબ્દ' (અથવા 'જરસસ્ત') પેદા થયો. આ છોકરો બહુજ ભણેલો નિકળ્યો. તેનાં વંશજો-સૂર્યની આરાધના કરનારા થયા, તેઓ દાઢી તથા માથે જટા રાખતા હતા, તેઓ પાંચ વખ્ત બંદગી કરતા હતા. એક હાથમાં 'પુરાણક' તથા બીજા હાથમાં 'વરસમ'* (બરસમ) પકડીને તથા 'પતિદાન' (પદાંન) બાંધીને મોઢું ઢાંકતા હતા. તેઓ બોલ્યા વગર ખાતા હતા. તેઓમાં 'મગ', 'મગગા,' 'માનસ' તથા 'મંદગ' એવી ચાર જાતો હતી.

ઉપલા 'જરસસ્ત' વિષે ડૉ. સર રામકૃષ્ણ ભંડારકરે પોતાના એક પુસ્તકમાં લાંબી નોટ આપી છે અને તેવણ તેને 'જરથોશ્ત' ગણે છે. ગાયા ડીસ્ટ્રીકટમાં ગોળંદપુર મધે એક સંસ્કૃત લેખ જડેલો છે તે ઉપરથી માલુમ પડે છે કે, 'સાંબ'ની વાર્તા ઇ. સ. ૧૧૩૭-૩૮ માં હિંદુઓમાં જાયજ હતી, માટે 'મગ' લોકોની હકીકત એ સાલની અગાઉની હોવી જોઇએ એ નક્કી છે. ચીનાબ નદીની ઉપર સૂર્યની મૂર્તિનું દેહરૂં બનાવવામાં આવ્યું હતું, તે પંજાબમાનાં મુલ્તાન શેહરનાં દેહરાંની વાત છે, કે જે દેહરૂં ચીનાઇ મુસાફર 'હુવાંનસાંગે' જોયું હતું. તેમજ ચાર સદી બાદ અલ્બીરૂનીએ પણ જોયું હતું અને તે છેક ઔરંગજેબનાં વખ્ત સુધી હતું. આ સૂર્યની મૂર્તિ વિષે વરાહમિહિર નામના હિંદુ લખનારે પોતાના પુસ્તક બૃહત સંહિતામાં લખાણ કરેલું છે, તે ઉપરથી દિસે છે કે તે મૂર્તિને બુટ પેહરાવતા હતા તથા કમરે પટો (કુસ્તી) હતો.

જરથોશ્ત વિષે દીનકર્દની હકીકત.

મી. હોડીવાલાએ જણાવ્યું કે ભવિષ્ય પુરાણમાં જરથોશ્ત વિષે જે વાર્તા છે તે દીનકર્દનાં સાતમાં પુસ્તકમાં બીજા પ્રકરણમાંની વાર્તાને મળતી આવે છે. દીનકર્દમાં કહ્યું છે કે ખોરેહ સૂર્યને, પછી ચંદ્રમાહને અને પછી તારાઓને જઇ મળ્યું; ત્યારબાદ તે 'જોઇશ'નાં ઘર મધેનાં આતશને જઇ મળ્યું, અને પછી તે "ફ્રાહીમ્રવા-જોઇશ"ની ધણીયાણીને જઇ મળ્યું. આ બાઇએ

---

* નોંધ:—'વરસમ' ને બદલે 'વરમ' શબ્દ મળે છે, કે જેનો અર્થ બખ્તર અથવા હથ્યાર થાય છે.

જરથોશ્તની માતા 'દુગ્ધા'ને જન્મ આપ્યો. તેણી એટલી તો નુરમંદ્ હતી કે જ્યાં તેણી જતી ત્યાં અંધકાર હોય તો પ્રકાશ પડતો; તેનું કારણ આ હતું કે તેણીમાં ખોરેહ હતું. ભવિષ્ય પુરાણ મુજબ "નીક્ષુભા-અગ્ની" જરથોશ્તની માએ હતી, કે જેની સાથે સૂર્યે (યાને ખોરેહે) લગ્ન કીધાં હતાં. અગરજો 'ક્રાહી-શ્રવા'ને 'ફ્રાહુશ્રવા'નો બીગડેલો આકાર ગણ્યે તો તેનો અર્થ 'સારૂં બોલનારો' થાય છે અને તેજ પ્રમાણે 'સુજિહ્‌વ'નો અર્થ પણ સારૂ બોલનાર થાય છે. માટે સંસ્કૃત લખનારે જરથોશ્તની વાર્તા દીનકર્દ જેવાં લખાણો ઉપરથી લીધી હોય એ બનવા યોગ્ય દિસે છે. શું દીનકર્દ ઉપરથીજ આ લખાણ થયું હશે? નહિં બનવા યોગ્ય નથી.

મુલ્તાન વિષે કનીંગહેમનો એહવાલ.

પંજાબનાં શેહર મુલ્તાન વિષે જનરલ કનીંગહેમે બહુજ રસીલો એહવાલ રજુ કીધેલો છે. આ શેહર પેહલવેહલાં રાવી નદીને કીનારે હતું. તેનાં ઘણાંક નામો હતાં. જેમકે કશ્યપપુર, હંસપુર, ભાગપુર, સાંબપુર, પ્રહલ્લાદપુર તથા આદીચસ્થાન. આ મધેનું પહેલું નામ અસલનાં વખ્તમાં હતું. ગ્રીક ગ્રંથકાર હીરોડોટસ તેને કસ્પપુરોસ તરીકે ઓળખી ગયો છે. ઇ. સ. ની બીજી સદીમાં નામાંકિત ભૂગોળશાસ્ત્રી ટોલેમી તેને કસ્પીસ તરીકે જણાવી ગયો છે, અને તે શેહરને રૂહાડીઅસ યાને રાવી નદીની ઉપર મેલે છે. સાતમી સદીમાં આ શેહરનું નામ 'મુલ્તાન' પડયું છે. આ શહેરનું ખરૂં સંસ્કૃત નામ 'મૂલસ્થાન' છે, જેમાંનો 'મુલ' શબ્દ 'મુરો,' જે ખાધામાં આવે છે તે છે. સૂર્યનાં કીરણનો આકાર મુરાના જેવો યાને એક બાજુથી જાડો હોય છે અને પછી પતલો થતાં થતાં અણયાલો થાય છે. ત્યારે મૂલસ્થાનનો અર્થ 'સૂર્યનું શેહર' થાય છે, સબબ કે ત્યાં સૂર્યની મૂર્તિનું દેહરૂં બાંધવામાં આવ્યું હતું, આ ઉપરથી તે 'આદીચસ્થાન' (અથવા ખરી રીતે 'આદીત્યસ્થાન' એટલે સૂર્યનું સ્થાન) એવું નામ આપવામાં આવ્યું હતું, અને 'સાંબે' તે મૂર્તિ ઉભી કરી હતી, માટે શહેરનું નામ 'સાંબપુર' પડયું હતું. હવે ભવિષ્ય પુરાણ પ્રમાણે આ શહેર ચીનાબ નદી ઉપર હતું, તે ઉપરથી કનીંગહેમ કહે છે કે, આ શહેરનું નામ 'સાંબપુર' તે વખ્તે પડેલું હોવું જોઇએ, કે જ્યારે રાવી નદીએ પોતાનો માર્ગ બદલ્યો હતો, કે જે બનાવ ઇ. સ. ની સાતમી સદીમાંજ બન્યો હતો, માટે આ 'સાંબ' શેહરની વાર્તા સાતમી સદીની પછીની પણ આઠમી સદીની આગળની હોવી જોઇએ એમ કનીંગહેમનું કેહવું છે.

મગ લોકો વિષેની વધુ હકીકત.

મગ લોકોની ધ્યાન ખેંચાય એવી હકીકત ભવિષ્ય પુરાણમાં જુદે જુદે ઠેકાણે છે તે વિષે મી. હોડીવાલાએ જણાવ્યું કે મગ લોકોને માટે કહ્યું છે કે તેઓ હાથમાં 'કુરચ' ધરે છે, સૂર્યની ભક્તિ કરે છે તથા તેઓને 'વાચક' કહે છે. આ 'કુરચ' શબ્દ 'ગુરજ'ને માટે વપરાયલો દિસે છે. તેઓને 'વાચક'

કહ્યા છે, સબબ કે કદાચ આ શબ્દને 'બાજ' સાથે સંબંધ હોય. એક ફકરામાં સદરાને માટે 'કંચુક' શબ્દ આવેલો છે, તથા ઠેકાણે ઠેકાણે 'કુસ્તી'ને માટે "અવયંગ" અથવા "આમયંગ" બોલ છે. એક ઠેકાણે કહ્યું છે કે આકાશમાં સૂર્યને 'અવયંગ' (કુસ્તી) બાંધેલી છે, કે જે સાંપના મ્હોટા રાજાના શરીરમાંથી બનાવી હતી. આ કદાચ હોમ યશ્તનાં ૨૬ મા ફકરાનો ઇશારો હોય. કુસ્તીની લંબાઇ ત્રણ પ્રકારની જણાવી છે. મ્હોટામાં મ્હોટી ૨૦૦) આંગળીની લંબાઇની, એટલે આશરે સાત ગજની, મધ્યમ કદની ૧૨૦) આંગળીની, યાને ચાર ગજની તથા ન્હાનામાં ન્હાની ૧૦૮) આંગળીની યાને આશરે સાડાત્રણ ગજની. 'અવયંગ'ની ઉત્પત્તિ સંસ્કૃત ઢપે જણાવી છે અને તે એ કે 'અહી' યાને સાંપના આંગમાંથી નિકળેલી ચીજ છે. અવસ્તા પ્રમાણે આ બરાબર નથી. જેમ હિંદુઓના ચાર વેદો છે તેમ મગ લોકોનાં પણ ચાર વેદો છે. અને તેનાં નામો વેદ, વીશ્વમદ, વીદ્વત તથા વહુનીરસ છે. તેવણે કહ્યું કે આ શું હશે તે વિષે ફકત કલ્પના કરી શકાય છે. 'વેદ' તે 'અવસ્તા'ને માટે હોય. 'વીશ્વમદ' શબ્દ 'વીશ્પરદ'નો બીગડેલો આકાર હોય, તે વીસ્પરદ ગણાય. 'વીદવત' શબ્દ 'વીદએવોદ્દાત' અથવા 'જર્વીતદ્દાત' યાને વંદીદાદ માટે હોય, અને 'વહુનીરસ' કદાચ 'વહુનીનસ' યાને આતશ ન્યાયશ માટે હોય-પણ આ સઘળી અટકળો છે. તેના ઉપર ઘણો મદાર બાંધવો નહિં એમ મી. હોડીવાલાએ ખુલ્લે ખુલ્લું જણાવ્યું હતું. એક ઠેકાણે મગ લોકોની ક્રિયાનું નામ 'અછ' છે. આ શું છે તે જણાતું નથી; પણ તેનો અર્થ સ્વચ્છ પવિત્રાઇવાલી ક્રિયા થાય છે.

મગ લોકોનાં ધર્મ તથા આચારવિચાર.

આ મગ લોકો સૂર્યની મૂર્તિ બનાવી પુજતા હતા તે બીના ભવિષ્ય પુરાણમાં પુશ્કળ ઠેકાણે આવેલી છે; તેઓ માથે જટા રાખતા હતા, તથા અપવાસ પાળતા હતા. તેઓ મૂર્તિની પુજા હિંદુઓ માફકજ કરતા હતા તેનું વર્ણન અનેક ઠેકાણે છે. તેઓ આરાધના કરતા હતા તેમાં દેવો, દેત્યો, દાનવો તથા દોજખનાં પીશાચોને પણ આરાધતા હતા; પણ અજબ જેવું છે કે વળી સાથે સાથે સરોશને પણ આરાધતા હતા એવું લખાણ એક ઠેકાણે મળે છે. હિંદુઓનો પવિત્ર ૐકાર શબ્દ ઘડી ઘડીએ ઉચ્ચારતા હતા. તેઓ શંકો (કોરો) ફુંકતા હતા. સાંબે તેઓને હિંદુ 'ભોજક' કુટુંબની છોકરીઓ સાથે પરણાવી આપતા હતા, તેથી મગ લોકોને 'ભોજક' પણ કહેલા છે. આ ઉપરથી દેખાય છે કે આ મગ લોકો શરૂઆતમાંજ હિંદુ સ્ત્રીઓ સાથે પરણ્યા હતા, અને ડૉ. ભંડારકર પ્રમાણે તેઓ થોડા વખતમાં હિંદુઓમાં ભેળાઇ ગયા હતા. તેઓની ચાર જાતો હતી તેમાં પેહલી બે જાતોનાં નામો 'મગ' તથા 'મગગ' હતાં. આ 'મગગ'ને વિષ્ણુ પુરાણમાં 'મગધ' કહ્યા છે, અને તેના ઉપર ડૉ. સ્પુનરે મ્હોટી થાપણ કરી છે. પણ બંગાળી વિદ્વાન આચાર્યનું કહેવું તદન ખરૂં છે કે આ શબ્દ મહાભારતમાં તો 'મશકા' તરીકે મળે છે;

માટે વિષ્ણુ પુરાણે ભુલ કીધી છે. મગધ લોકો તદનજ જુદા હતા. તેઓ શાકદ્વીપમાંથી આવ્યા હતાજ નહિં. મગધ લોકો કે જેઓ પાટલીપુત્રની નજદીકનાં રહેવાશીઓ હતા તેઓને 'મગ' લોકો સાથે કશો સંબંધ હતો નહી. 'મગ' લોકો હિંદમાં કયારે આવ્યા તે ડૉ. સર ભંડારકર કહે છે તેમ કહેવું મુશ્કેલ છે. મુંબઇ ગેઝેટયરનો લખનાર કહે છે કે 'મગ' લોકો હિંદમાં આવ્યા પછી સૂર્ય તથા 'મિહિરેશ્વર' નામ હેઠળની શીવની ભેગી બંદગી કરતા હતા. તેઓ મિહિર અથવા મીશ્ર ટોળાના હતા અને ઇ. સ. ની ૫ મી, ૬ ઠ્ઠી સદીમાં અત્રે આવ્યા હતા. પ્રોફેસર વેબરનાં મત પ્રમાણે તેઓ ઇ. સ. ની પેહલી બે સદીઓમાં આવ્યા હતા. તેઓ મીશ્ર તરીકાવાલા હતા અને બ્રાહ્મણોની સાથે ભેળાઇ ગયા હતા અને પાછળથી શાકદ્વીપીય બ્રાહ્મણ તરીકે ઓળખાતા હતા. મી. હોડીવાલાએ કહ્યું કે આ લોકો ૫ મી, ૬ ઠ્ઠી, સદીને સુમારે આવ્યા હોય. તેઓ એક એવો ધર્મ પાળતા હતા કે જે જરથોશ્તી અને હિંદુ ધર્મની ભેલમભાલનો ધર્મ હતો. ખચીતજ પેલા ૧૬ જાણીતા સંસ્કૃત શ્લોકોમાં જે નીખાલેશ જરથોશ્તી ધર્મની બીના છે તે આ લોકો પાળતા ન હતા. ભવિષ્ય પુરાણ કયારે લખાયું તે કહેવાઈ શકાતું નથી. કોઇ પણ પુરાણ ત્રીજી સદી આગમજનું નથી. પણ આટલું તો નક્કી છે કે, તેમાંનું કેટલુંક લખાણ બહુજ પાછળનું છે. તેમાં નોહા, ક્રાઇસ્ત, મહમદ પેગામ્બર, તેમુરલંગ, નાનક તથા અકબર વટીકની વાતો છે. એક ઠેકાણે તો લખનાર પોતાનું ઇંગ્રેજી ભાષાનું જ્ઞાન વટીક જણાવી દે છે. જેમકે રવીવારને 'સનડે' કહેવામાં આવે છે. ફાલગુણ (ફાગણ)ને 'ફરવરી' (ફેબ્રુઆરી) કહે છે. 'ષષ્ટી'ને "સીકસ્તી" કહે છે. ફાર્સીનું જ્ઞાન પણ આ લખનારને છે. જેમકે "પીત્રુ"ને 'પઇતર,' તથા 'અશ્વ'ને 'અસ્પ' કહે છે. આવા ફકરાઓ આજથી માત્ર એકાદ બે સદીઓ આગમજના છે એમ મી૦ હોડીવાલાનું મત હતું. એવાં કારણને લીધે ભવિષ્ય પુરાણમાં શું આગળનું છે તે કહેવું લગભગ અશકય થઇ પડે છે.

બેઠક ૧૪ મી, તા૦ ૧૭ મી નવેમ્બર ૧૯૧૭.

મંડળીની બેઠકો દર શનીવારે થતી હોવાથી ઘણા સાહેબોને અનુકુળ ન થતાં, તે ફેરવી બીજે દિવસ ઠરાવવા વિષે વિચાર ચલાવતાં, શેઠ અર્દેશર ખુર્શેદજી વેસાવેવાલાએ દરખાસ્ત કરવાની અને તેને શેઠ સોરાબજી નવરોજજી કાંગાએ ટેકો આપવાની ખબર આપી કે, "આ સભાનું એવું મત છે કે જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળીની બેઠકો શનીવારને બદલે શુક્રવારે સાંજે ૬-૧૫ (સ્ટે. ટા.) મેળવવી." એ બાબત ત્યાર પછીની બીજી બેઠક વેળા સૂચીપત્ર ઉપર લાવવાને જોઇન્ટ સેક્રેટરિઓને ફરમાશ થઇ હતી.

દંતકથાવાલી તારીખ ખરી હોવા વિષે નવી રોશની.

શેઠ શાપુરજી કાવસજી હોડીવાલાએ પોતાની બાબત "The Parsis of

Ancient India: Kisseh-i Sanjan and Sanskrit Inscriptions" આગળ ચલાવતાં જણાવ્યું કે દંતકથા તેમજ ભરૂસેહાર નોંધો ઉપરથી ખુલ્લું જણાય છે કે સાસાન્યાંન રાજ્યની આખેરી પછી આરબોનાં જુલમાટને લીધે પાર્સીઓના છુટાં છુટાં ટોળાંઓ પોતાનો દેશ છોડી હિંદુસ્તાન આવ્યાં હતાં. ક્યારે તેઓ આવ્યાં તથા પહેલાં ક્યાં ઉતર્યાં તે વિષે હેરફેર વિગતો મળે છે. કીસ્સે સંજાણ પ્રમાણે સાસાન્યાંન રાજ્ય નાબુદ થવા પછી ૧૧૫ વર્ષ બાદ પાર્સીઓ હિંદુસ્તાનમાં આવ્યા અને કાઠયાવાડના કીનારા પાસેના દીવ મધે ઉતર્યા હતા. ત્યાં ૧૯ વર્ષ થોભી તેઓ સંજાણમાં ગયા. અગરજો નેહાવંદની લડાઇ (ઇ. સ. ૬૪૧) થી સાસાન્યાંન પાદશાહુતની આખેરી આવેલી ગણ્યે તો, સંજાણમાં આવવાનો વખ્ત ઇ. સ. ૭૭૫ થાય છે. કેટલાક વિદ્વાનો યજદગર્દના મરણ પામવાનો સને (ઇ. સ. ૬૫૧) ધ્યાનમાં લેઇ અત્રે આવવાનો સને ઇ. સ. ૭૮૫ ગણે છે; પણ સર જેમ્સ કેમ્પબેલ કહે છે તેમ સંજાણમાં ઉતરવાનો સને પાર્સીઓ દંતકથા પ્રમાણે ઇ. સ. ૭૧૬ (યજદગર્દિ સને ૮૫) ગણે છે. અને તે વિષે દસ્તુર અસ્પંદયારજી કામદીનજીની શહાદત ટાંકે છે. એર્વદ માનેકજી ઉનવાલા પાસે આસરે ૧૫૦ વર્ષનું જુનું પુસ્તક છે તેમાં આ રીતે નોંધ છે:—

"સંવત ૭૭૨ વરસે શ્રાવણ સુદી ૯ વાર સુકરે, રોજ, ૨, માહ ૪, સને ૮૫ ઇઅજદજરદી એવે દને શ્રી ખોરાસાનથી શ્રી વેહદીનાન શ્રી સંજાણ મધે માહા રાજ્ય શ્રી જાદીરાણાના વખતમાં આવ્યા."

આ નોંધ ઉપરથી પાર્સીઓનો અત્રે આવવાનો સને ઇ. સ. ૭૧૬ છે. વળી તેમાં દીનની વાત નથી. એવી જુદી જુદી હકીકતોને લીધે મી. વીલફર્ડે તર્ક કીધો છે કે કાંઇ નહિ તો બે જુદા જુદા ટોળાઓની હકીકત ભેળાઇ ગઇ છે. એવી હેરફેર હકીકતને લીધે કેટલાક સાહેબો કીસ્સે સંજાણની દરેક વિગતને ભુલભરેલી ગણે છે; જ્યારે બીજા કેટલાક સાહેબો તેની દરેક બીનાને સાચ્ચી ગણે છે. વચલો માર્ગ અખત્યાર કર્યો નથી. તેવણે જણાવ્યું કે તેવણનાં મત પ્રમાણે કીસ્સે સંજાણ ઇતિહાસ હોવાનો દાવો રજુ કરતું નથી. તેમાં કેટલીક બીનાઓ એવી છે કે તેનું બરાબર તોલ કરી, શું કોટલું છે અને શું માવો છે તે જાણવું જોઇએ છે. તોપણ તેમાં કેટલીક દંતકથાઓ છે કે જે નહિ માનવા યોગ્ય નથી. દાખલા તરીકે, જાદીરાણાની બીના તથા તેને આપણો ધર્મ તથા રેવાજો સમજાવ્યા હતા, તે બીના પાછલી બનાવટ હોય એમ લાગતું નથી.

તારીખો વિષે વાંધો.

મર્હૂમ વિદ્વાન શિક્ષાગુરૂ શેઠ ખુર્શેદજી રૂ. કામાએ પહેલવહેલાં દેખાડી આપ્યું હતું કે હિંદુ તીથી આપણાં અત્રે આવવાના રોજ, માહ તથા વર્ષ સાથે મળતી આવતી નથી. તેવણે તથા પ્રોફેસર હોડીવાલાએ સૂચવ્યું હતું કે સંવત ૭૭૨ નો આંકડો છે તેને ૯૯૨ વાંચવો જોઇએ. પુરાતન વખ્તમાં

સાત તથા નવનાં અંકો સરખાજ લખાતા હોવાથી પાછલું વર્ષ અસંભવીત નથી. પણ તે હિંદુ વર્ષ યજદગર્દી સાલ સાથે મળતું નથી, તેનું કેમ? તેવણે કહ્યું કે કૅનેરીના ગોફાઓમાં જે ત્રણ પુરાતન પેહલવી લેખો છે તેમાં ફકટ રોજ, માહ તથા યજદગર્દિ સને છે. દીનપનાહ અએત્રપાત દીનપનાહે પેહલવી પુસ્તક લખ્યું છે. તેમાં, અભ્યાસીઓનાં મ્હોટા ભાગનાં મત પ્રમાણે, યજદગર્દિ સને ૩૨૮ તથા રોજ, માહ છે, વિક્રમ સંવત પહેલવેહુલો સંસ્કૃત આશિર્વાદમાં આવેલો જણાય છે. મહૂંમ દસ્તુર ડૉ. જામાસ્પજી મીનોચેહુરજીનાં કેતાબખાનામાં એક બહુજ જુનું પુસ્તક છે, તેમાં સંવત ૧૪૦૦ આપેલો છે. પાર્સી સને ૯૯૨ માં મેહરવાન કએખુસ્રોએ પહેલવી "કોલોફોન"માં રોજ, માહ તથા પાર્સી સને આપેલા છે. એજ હસ્તલખમાં હિંદુ સને પણ છે, તે દેખઇતી રીતે પાછળનો ઉમેરો છે. ચાલુકય રાજાઓનાં સને શક સંવતમાં છે. આ રાજાઓ ગુજરાત તથા કોકણમાં રાજ્ય કરી ગયા છે. દમણથી માહી નદી સુધી કલ ચુરી અથવા ચેદી સંવત, જે ઇ. સ. ૨૪૯ માં શરૂ થયો હતો તે, વપરાયલા છે. કાઠયાવાડ તથા ગુજરાતનાં રાજાઓની તખ્તીઓમાં વલ્લભી સંવત, જે ઇ. સ. ૩૧૯ માં શરૂ થયો હતો તે, અથવા ચેદી સંવત અથવા શક સંવત છે. પ્રોફેસર હોડીવાલાને પણ આ મુશ્કેલી નડી છે, તેથી તેવણને ખોલાસો આપવાની ફરજ પડી છે કે દીવ કાઠયાવાડમાં હતું અને ત્યાંથી પાર્સીઓ સંજાણ આવ્યા હતા અને કાઠયાવાડમાં વિક્રમ સંવત હતો. તેવણે એવા સનેના ૧૧ દાખલા ટાંકયા છે, પણ કોઇબી દાખલો વિક્રમ સંવત ૭૭૨ ની આગમજનો નથી. મી. હોડીવાલાએ જણાવ્યું કે તેવણને ફકત બેજ દાખલા મળેલા છે; કે જેમાંનો એક જાઇક દેવ નામના રાજાનો છે, અને જેનો સને વિક્રમ સંવત ૭૧૪ નો જણાવેલા છે, પણ આ લેખ બનાવટી પુરવાર થયેલો છે. બીજો દાખલો ચાવડા રાજાઓનાં વખ્તનો છે કે જ્યાં વિક્રમ સંવત ૭૫૨ મળે છે, પણ આ સને રત્ન પાલાનાં ગ્રંથકારે (ઇ. સ. ૧૨૩૦ માં) આપેલો છે, અને તે ગણત્રી કરીને આપેલો દિસે છે. ગમે તેમ હોય પણ આટલું તો નક્કી છે કે પાર્સીઓ વિક્રમ સંવત ૯૯૨ માં (ઇ. સ. ૯૩૬ માં) આવ્યા એમ કહેવાથી તેઓની તારીખ બહુજ પાછળ હટાડવા જેવું થાય છે. એબ્ન હોકલ (ઇ. સ. ૯૦૨-૯૬૮) ની ભૂગોળ ઉપરથી દિસે છે કે ગબર લોકો હિંદ તથા સિંધના કેટલાક ભાગોમાં હતા, પણ આ ગબર લોક ફકત પાર્સીઓજ હતા નહિ તેની શહાદત મળે છે, માટે ઉપલી શહાદત શક વિનાની નથી. પણ મસુદી (ઇ. સ. ૯૧૬ માં) ખુલ્લું લખે છે કે તેના વખ્તમાં હિંદ તથા સિંધમાં આતશકદેહો હતા, અને તેથી પાર્સીઓ ઇ. સ. ૯૩૬ ની આગમજ આવેલા હોવા જોઇએ. કુમારીલ ભટ નામનો હિંદુ લખનાર, જે ઇ. સ. ની ૭ મી સદીની આખેરીએ થઇ ગયો છે, તેણે પાર્સીઓની ભાષા માટે લખ્યું છે. ચાલુકય રાજા વીનયાદીત્યનાં વખ્તના લેખો ઉપરથી પાર્સીઓની બીના તદન પુરવાર થાય છે તે હવે પછી જણાશે.

પારસીઓ પહેલવહેલા કયાં ઉતર્યા?

ઉપલા સવાલ વિષે કીસ્સે સંજાણ ઉપરથી જણાય છે કે પાર્સીઓ પહેલા દીવમાં ઉતર્યા, પણ ગુજરાતી નોંધ ઉપરથી દિસે છે કે તેઓ સંજાણમાં પહેલા ઉતર્યા હતા. ઇ. સ. ૧૬૨૧ માં હેન્રી લૉર્ડ નામનો લખનાર સુરતમાં હતો. આ લખનારે એક અંધ્યારૂને પુછી કીસ્સે સંજાણ પછી માત્ર ૨૧ વર્ષે કાંઇક જુદાજ પ્રકારનો એહવાલ રજુ કરેલો છે. તેનાં કહેવા પ્રમાણે પાર્સીઓ સંજાણ તરફ આવ્યા, ત્યાંથી કેટલાકો નવસારીના રાજા કને ગયા અને કર આપવાની બોલીએ તેઓને ઉતારો આપવામા આવ્યો. કેટલાકો વર્યાવ ગયા, કે જયાં તેવીજ કબુલાતે ત્યાંના રાજાએ ઉતારો આપ્યો, પણ તેઓને શક ઉપરથી કાપી નાખવામાં આવ્યા. કેટલાકો ખંભાત ગયા અને ઉપલીજ શર્તે ત્યાં ઉતર્યા. આ એહવાલ અગત્યનો છે. તેમાં દીવનું નામ નથી. તેમાં જણાવ્યું છે કે પહેલવહેલા પારસીઓ સંજાણમાં ઉતર્યા. વળી નવસારીના રાજાએ તેઓ સાથે કોલ કરાર કરી લેવાની શર્તે ઉતારો આપ્યો; પણ દલગીરીભરેલું છે કે આ એહવાલમાં વર્યાવની લડાઇની વાત ભેળી નાંખી છે; કેમકે એ લડાઇ તો બહુજ પાછળથી થઇ હતી. બીજા બે એહવાલો સર ટી. હર્બર્ટ તથા નીકોલો મેનુસીના છે, કે જેમાં પણ દીવની વાત નથી. આટલું તો ખરૂં છે કે, કીસ્સે સંજાણમાં કહ્યું છે તેમ, પાર્સીઓએ સંજાણ પહેલવહેલું "વસાવ્યું" હતું. કારણકે ઇ. સ. ની ૯ મી સદી આગમજ કોઇ પણ આરબ કે હિંદુ લખનારે સંજાણ વિષે જણાવેલું નથી.

હિંદના પશ્ચિમ કોસ્તાની સ્થિતિ.

ઇ. સ. ૭૧૬ ને સુમારે હિંદુસ્તાનનાં પશ્ચિમ કીનારાની રાજ્યદ્વારી હાલત માટે સી. મેબલ ડફ નામની બાનુએ ઘણાંક પુસ્તકો એકઠાં કરી કાલક્રમ પ્રમાણે કેટલીક બીનાઓ ટાંકી છે, તે વિચારવા યોગ્ય છે. તે બાનુના પુસ્તક પ્રમાણે ઈ. સ. ૬૩૬ માં પહેલવહેલો હલ્લો આરબોએ હિંદનાં પશ્ચિમ કીનારા ઉપર કીધો હતો અને ભરૂચ લશ્કર મોકલ્યું હતું. ત્યારબાદ ઇ. સ. ૭૦૪ માં આરબોએ ગુજરાતમાં હુમલો કરી રાજા જયભટને કેદ પકડયો હતો અને તેઓ છેક નવસારી સુધી આવ્યા હતા. ત્યારબાદ ઇ. સ. ૭૧૧ તથા ૭૧૨ માં તેઓએ સિંધ ઉપર હુમલો કર્યો હતો. ઇ. સ. ૭૨૪ માં ભરૂચ, ઉજ્જન વિગેરે ઠેકાણે લશ્કર મોકલ્યું હતું. ઇ. સ. ૭૩૯ માં સિંધ, કચ્છ, કાઠયાવાડ તથા નવસારી સુધી તેઓ હુમલા લાવ્યા હતા; પણ આ વખતે હિંદુ રાજા પુલકેશીએ આરબોને સખત માર માર્યો હતો. ઉપલી વિગતો ઉપરથી દિસે છે કે પહેલી બે તારીખો વચ્ચે ૬૮ વર્ષનો ફેર છે; માટે તે વખતની અગાઉ પાર્સીઓ આવેલા હોય તોજ તેઓનો વખત અનુકુળ ગણાય, અને ખરેખર તેમજ હતું, કારણ કે વીનયાદીત્ય રાજા (ઇ. સ. ૬૮૦-૬૯૬)ના લેખ ઉપરથી દેખાય છે કે પારસીઓએ તેને કર આપ્યો હતો; પણ તેથી કાંઇ એમ કહેવું વાજબી

નથી કે ઈ. સ. ૭૦૪ ની પછી તેઓ આવેલા નહિંજ હોવા જોઇએ. ઇ. સ. ૭૦૪ પછી આરબોનો હોર જાણે હતો નહિં.

સંજાણમાં આવવાનો સને તથા જાદીરાણા માટે અટકળો.

કીસ્સે સંજાણ પ્રમાણે પાસીંઓ પહેલવહેલા દીવમાં આવ્યા હતા અને ૧૯ વર્ષ ત્યાં રહી સંજાણમાં ગયા હતા, માટે દીવમાં આવવાનો સને ઇ. સ. ૬૯૭ ઠરે છે. પણ હૅન્રી લૅાર્ડને ખબર આપનાર મોબેદનાં મત પ્રમાણે તથા ગુજરાતી નોંધ પ્રમાણે, દીવની વાત બીલકુલ નથી. વળી હવે પછી જોવામાં આવશે કે દીવ મધે વીનયાદીત્યનું રાજ્ય હતું નહિં, માટે એમ દિસે છે કે સંજાણમાં બે ટોળાઓ જુદી જુદી વખતે આવ્યા હતા; એક ટોળો ઇ. સ. ૬૯૭ ને સુમારે તથા બીજો ઇ. સ. ૭૧૬ ને સુમારે આવ્યો હતો. આ વિષે તેવણે એવી તર્ક રજુ કીધી કે કદાચ બન્ને ટોળાના સનેનો આંકડો ૮૫ હોય. એક ટોળાનો યજદગર્દિ સને હોય અને બીજાનો ઇરાની સને હોય, જે ઇ. સ. ૬૧૧ માં શરૂ થયો હતો, અને જેને માટે પ્રોફેસર રહેતજેકે રોયલ એશ્યાટીક સોસાયટીની મુંબઇની શાખાનાં ચોપાન્યામાં વિવેચન કર્યું હતું. પહેલા ટોળાનો સને યજદગર્દિ ૮૫ (ઇ. સ. ૭૧૬) હોય, અને બીજાનો સને ઇરાની ૮૫ (ઇ. સ. ૬૯૭) હોય. આ દંતકથાનો સને ધ્યાનમાં રાખીને ગુજરાત તથા કાઠયાવાડમાં કયા કયા રાજાઓ રાજ્ય કરી ગયા તે નક્કી કરી જાદી અથવા જોઇ રાણા કોણ હતો તે જોવાનું છે. આ જાદી રાજા કોણ હશે તે વિષે તરેહવાર અટકળો જાહેર થઇ ચુકી છે. ડૉ૦ વીલ્સને તેને જયદેવ યાને વનરાજ ચાવડો, કે જેની રાજ્યધાની અણહિલવાડ-પાટણમાં હતી અને જે ઇ. સ. ૭૪૫-૮૦૬ માં રાજ્ય કરી ગયો છે, તેને ગણ્યો છે. સર જેમ્સ કૅમ્પબેલે તેને દક્ષિણ ગુજરાતનો કોઇ યાદવ રાજા તરીકે ઓળખ્યો છે. ડૉ૦ જીવનજી મોદીએ તેને સંજાણનો કોઇ રાજા કહ્યો છે. પ્રોફેસર હોડીવાલાએ તેને શીલટારા વંશનો વજજડ દેવ રાજા (ઇ. સ. ૯૩૫) ગણ્યો છે. મી૦ હોડીવાલાએ જણાવ્યું કે તેવણે દંતકથાની તારીખ કબુલ રાખીને શોધ કરવાની કોશેશ કરી છે અને પોતાનું અનુમાન રજુ કરશે.

પશ્ચિમ ચાલુકય રાજાઓનો ઇતિહાસ.

કીર્તિવર્મ પહેલાને ત્રણ છોકરા હતા, તેમાંનો પહેલો છોકરો "પુલકેશી બીજો" હતો. તેણે વાતાપી યાને બીજાપુર પરગણામાંના બાદામી શહેરમાં રાજ્યધાની સ્થાપી હતી. આ રાજાએ ઇ. સ. ૬૧૦ થી ૬૪૨ સુધી રાજ્ય કર્યું હતું. આ તેજ રાજા હતો કે જેની દરબારમાં ખુસ્રો બીજાએ ઇ. સ. ૬૨૬ માં એલચી મોકલ્યા હતા, અને તે બાબેની એકાદ છબી હાલપણ એજન્તાના ગુફામાં જોવામાં આવે છે. પુલકેશીનો છોકરો વિક્રમાદીત્ય પહેલો (ઇ. સ. ૬૫૫-૬૮૧) હતો, અને તેને તેનો છોકરો વીનયાદીત્ય (ઇ. સ. ૬૮૧-૬૯૬) હતો. કેટલાકો તેના મરણ પામવાનો સને ઇ. સ. ૬૯૭ ગણે છે. આ

રાજાની સાત તખ્તીઓ મળી છે. તેનો છોકરો વીજ્યાદીત્ય (ઇ. સ. ૬૯૬–૭૩૩) હતો. આ રાજાએ પોતાની તખ્તીમાં પોતાના બાપ વીનયાદીત્યની કેટલીક હકીકત લખી છે. તેમાં કહ્યું છે કે તેણે કેટલાક રાજાઓને તથા કાવેર લોકો તેમજ પાર્સી લોકોને "કર આપતા" કીધા હતા.

સંસ્કૃત તખ્તીનો ફકરો.

ઉપલી બાબત વીજ્યાદીત્યની ત્રણ સંસ્કૃત તખ્તીઓમાં મળે છે, અને તે વિષે ડૉ. ફ્લીટ વિવેચન કરેલું છે. પણ તેણે મજકુર ફકરાનો અર્થ બરાબર આપ્યો નથી. આ તખ્તીઓમાં करदी कृत कावरे पारसीक सिंहला दिद्विपाधिपस्य વાલો અગત્યનો ફકરો છે. તે વિષે મી. હોડીવાલાએ વિવેચન કરતાં જણાવ્યું કે, તેનાં ત્રણ અર્થો થઇ શકે છે:

પેહલો અર્થ:–"તેણે (વીનયાદીત્યએ) કાવેર ટાપુ તથા પારસીક ટાપુ તથા સીલોન ટાપુ તથા બીજા ટાપુઓના રાજાઓને કર આપતા કીધા." કાવેર તે કદાચ કાવેરી નદીની પાસેના લોકોનો દેશ હોય. હિંદુ લેખકો બે નદીઓ વચેના દેશ (દોઆબ) ને પણ ટાપુ કહેતા હતા, અથવા કાવેર કોઇ નહિં જણાયલો ટાપુ હોય. સીહલ ટાપુ તે સીલોન છે. હવે પારસીક ટાપુ (યાને પારસીઓનો ટાપુ) શું હોય? કીસ્સે સંજાણને આધારે કોઇ જવાબ આપશે કે તે દીવનો ટાપુ હોય. પણ બીજો સવાલ આ છે કે શું તે ટાપુમાં વીનયાદીત્ય રાજાની હકુમત હતી?

આ સવાલનો જવાબ ઇતિહાસ પ્રમાણે આ છે કે તે વખતે કાઠયાવાડમાં તો વલ્લભીઓનું રાજ્ય હતું, માટે દીવનો ટાપુ "પારસી ટાપુ" હોઇ શકે નહિ. તેવણે કહ્યું કે દીવ બાબેની દંતકથા ઉપલી જેવી અધુરી શહાદતને સબબે બરપા થઇ હોય.

ઉપલા સંસ્કૃત ફકરાનો બીજો અર્થ:— "તેણે (યાને વીનયાદીત્યએ) કાવેર લોકોના રાજા, પાર્સી લોકોના રાજા તથા સીલોન અને બીજા ટાપુઓના રાજાઓને કર આપતા કીધા." આ પ્રમાણેજ ડૉ. ફ્લીટ તર્જુમો કર્યો છે. પણ તે વખતે પાર્સીઓનો રાજા દક્ષિણ ગુજરાત અથવા કોકણમાં કોણ હોય? અગરજો "અધીપ"નો અર્થ "ઉપરી" અથવા "પ્રમુખ" લેઇએ તો પાર્સીઓની બાબતમાં અર્થ બંધ બેસી શકે છે; પણ બીજાઓની બાબતમાં બંધબેસ્તો નથી, માટે આ અર્થ પણ સ્વિકારી શકાતો નથી.

ત્રીજો અર્થ અને તે વ્યાકરણને કાયદેજ થાય છે—"તેણે (વિનયાદીત્યએ) કાવેર લોકોને પાર્સી લોકોને તથા સીલોન અને બીજા ટાપુઓનાં રાજાઓને કર આપતા કીધા." આ અર્થ ઇરાનથી આવેલા પાર્સીઓને તદન બંધ બેસે છે. હેન્રી લૉર્ડને ખબર આપનાર મોબદનાં કહેવા પ્રમાણે નવસારીના રાજાએ પોતે કર લેવાની શર્તે પાર્સીઓને ઉતારો આપ્યો હતો. આ બીનાને ઉપલા સંસ્કૃત

ફકરાથી બરાબર ટેકો મળે છે. અને દંતકથા પ્રમાણેની તારીખ પણ ઉપલા ફકરાની તારીખને બરાબર મળતી આવે છે. જાદરાણા અથવા જાદીરાણા કોણ હશે, તે વિષેનું વિવેચન તેવણે હવે પછીની બેઠકમાં રજુ કરવા જણાવ્યું હતું, જેનો સાર જામે-જમશેદનાં એક આગલાં અંકમાં અંગ્રેજીમાં આવ્યો છે. તેવણે વધુ કહ્યું કે, ઉપલા એવણનાં મતને એવણના શિક્ષાગુરૂ, વિદ્વાન પ્રોફેસર સર રામકૃષ્ણ ભંડારકરનો ટેકો છે તે ખુશીભર્યું છે. આવતી વેળા સંજાણની કેહવાતી લડાઇ પાર્સીઓ લડયા હતા, તે કઇ લડાઇ હતી તે વિષેનું સંસ્કૃત લખાણ મળ્યું છે તે ઉપર વધુ વિવેચન કરશે.

બેઠક ૧૫ મી, તા૦ ૨૪ મી નવેમ્બર ૧૯૧૭.

મંડળીની બેઠકો શનીવારને બદલે કોઇ બીજા દિવસે મેળવવાની બાબતમાં શમસુલ-ઓલમા ડૉ. એર્વદ જીવનજી જ. મોદીનો શ્રી માથેરાન-ઉમ્રીગર લૉડજ-તા. ૧૪-૧૧-૧૭ ઇસ્વીનો પત્ર અત્રે મુનશીએ રજુ કરતાં, તેમાં જણાવ્યું હતું કે મંડળીની બઠકો, "જો મંગલ, બુધ, શની અને રવીવાર શિવાય, કોઇ બીજે દિવસ મંડળીનાં ભાઇઓ મુકરર કરશે તો અવારનવાર આવવાને મને તક મળશે અને ખુશી ઉપજશે." એ પત્રની નોંધ લેવામાં આવી હતી. તે પછી આગમજથી ખબર આપવા મુજબ, શેઠ અર્દેશર ખુર્શેદજી વેસાવેવાલાની દરખાસ્તને શેઠ સોરાબજી નવરોજી કાંગાએ ટેકો આપ્યો કે, "આ સભાનું એવું મત છે કે જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળીની બેઠકો શનીવારને બદલે શુક્રવારે, સાંજે ૬-૧૫ (સ્ટે. ટા.) મેળવવી." એ દરખાસ્ત ઉપર મત લેતાં, તે વધુ મતે પસાર થઇ હતી.

ગઇ વેળાથી અધુરી રહેલી પોતાની બાબત "The Parsis of Anceint India; Kisseh-Sanjan and the Sanskrit Inscriptions" રજુ કરતા મી. હોડીવાલાએ જણાવ્યું કે હેનરી લૉર્ડને ખબર આપનાર અંધ્યારૂએ કહેલી દંતકથા પ્રમાણે, કેટલાક પાર્સીઓ નવસારી ગયા અને ત્યાંના રાજાએ તેઓ કનેથી કર લેવાની શર્તે તેઓને ઉતારો આપ્યો. ચાલુકય વંશના મહારાજા વીનયાદીત્યનાં લેખમાં આબાદ એજ બીના પાર્સીઓ માટે નોંધાયલી છે, અને વળી આ લેખવાલી બીનાનો અને પાર્સીઓનાં હિંદમાં આવવાનાં સને સાથે બંધ બેસે છે. આથી આપણી દંતકથાની તારીખ ખરી ઠરે છે. જુનાગઢવાલા પ્રોફેસર હોડીવાલાએ થોડાંક વર્ષ ઉપર અત્રે કીસ્સે સંજાણનાં સંબંધમાં બહુજ ઉપયોગી વિવેચન કર્યું હતું. પણ તેવણે પાર્સીઓનાં અત્રે આવવાનો સને ઇ. સ. ૭૩૬ નો જણાવ્યો હતો. આ દલીલના ટેકામાં તેઓએ જણાવ્યું હતું કે, "પશ્ચિમ હિંદુસ્તાનમાં ૮ મી, ૯ મી, તથા ૧૦ મી સદીઓમાં પાર્સીઓની કશી બીના મળતી નથી, જો કે દંતકથા પ્રમાણે તેઓ ઇ. સ. ૭૧૬ માં આવેલા જણા-

વવામાં આવે છે." આ દલીલ લગાર ઉતાવળી હતી, સબબ કે ઇ. સ. ૭૦૦-૭૦૧ તથા ૭૦૫-૭૦૬ ની તખ્તીઓમાં પાર્સીઓની હકીકત ખચીતજ ખુલ્લી રીતે મળે છે. એક ત્રીજી પણ તખ્તી છે કે જેનો સને જણાયો નથી પણ જે પાછલા વખતની દિસે છે તેમાં પણ પાર્સીઓની બીના ખુલ્લી છે.

જાદીરાણા કોણ હશે ?

કીસ્સે સંજાણ પ્રમાણે પાર્સીઓને ઉતારો આપનાર જાઇ અથવા જાદી રાણા હતો. આ નામ જાળવી રાખવા માટે આપણને બહુમનનો ઉપકાર માનવો ઘટે છે. વીજ્યાદીત્ય પોતાના બાપ વીનયાદીત્યનાંજ વખ્તમાં ઇ. સ. ૬૯૨ માં યુવરાજ યાને રાજ્યનો વહીવટ કરનાર થયો હતો. પાર્સીઓની કર આપવાની બીના ઈ. સ. ૬૯૪ ની આગમજ મળતી નથી, માટે તે બીના ઇ. સ. ૬૯૪ તથા ૬૯૬-૬૯૭ ની હોવી જોઇએ. કારણ કે તે બીના વીજયાદીત્યનાં લેખોમાં પોતાનાં બાપની સેક્રતમાં આવેલી છે વીજ્યાદીત્યએ ઇ. સ. ૬૯૬ થી ૭૩૩ સુધી રાજ્ય કીધું હતું. હિંદુ રાજાઓનાં નામો વ્યવહારમાં ટુંકા આકારમાં વપડાતાં હતાં. જેમકે, વિક્રમાદીત્ય=વિક્રમ, સોમેશ્વર=સોમ, વીજયદેવ=જયદેવ, લોકાદીત્ય=લોકાદી=લાકડે. આ પ્રમાણે વીજયાદીત્યનો જ્યાદીત્ય અને પછી જ્યાદી (=જાદી) થઇ શકે. હવે આ વીજયાદીત્યને લેખોમાં મહારાજા કહ્યો છે. કીસ્સે સંજાણમાં જાદીરાણાને એક ઠેકાણે "રાએ-રાયાંન" યાને મહારાજા તથા બે ઠેકાણે "શાહજાદા" કહ્યો છે; પણ વીજયાદીત્યની રાજધાની બાદામી હતું; જ્યારે જાદીરાણા તો નવસારીમાં હતો. આ ઉપરથી આ વીજયાદીત્ય આપણો જાદી હોય કે, તે બાબે શક ઉત્પન્ન થાય છે. મી. હોડીવાલાએ કહ્યું કે આ વીજયાદીત્ય તથા તેનાં બાપનાં વખ્તમાં એક ન્હાનો રાજા નવસારીમાં તેઓનાં હાથ તળે રાજ્ય કરતો હતો અને તેનું નામ જયાશ્રય અથવા મંગલરાજ હતું. તેણે ઇ. સ. ૬૯૮ થી ૭૩૧ સુધી રાજ્ય કીધું હતું. આ જયાશ્રયની આગળ તેનો બાપ રાજ્ય કરતો હતો. તેણે ઇ. સ. ૬૭૧ થી ૬૯૨ સુધી રાજ્ય કર્યું હતું. ઇ. સ. ૬૯૨ થી ૬૯૮ સુધીની હકીકત જડતી નથી. બનવાયોગ્ય દિસે છે કે તે વખતે જયાશ્રય રાજ્ય કરતો હોય, અથવા યુવરાજ રાજ્યનો વહીવત કરનાર હોય. આ રાજા જયાશ્રય નામનો ટુંકો આકાર "જય" થઇ શકે છે, અને જય (=જાય) રાજાનું નામ કીસ્સે સંજાણના કેટલાક હસ્તલેખોમાં જાદી નામને બદલે જાઇ પણ મળે છે. આ રાજાઓ પોતાનાં નામ પાછળ દેવ શબ્દ માનાર્થે લગાડતા હતા, માટે તેનું નામ જયદેવ ઉપરથી જયદે અથવા જાઇદી (જાદી) બની શકે છે. સાધારણ લોકો અનેક રીતે નામોને મરડી નાંખે છે, તેનાં દાખલા આપણામાં અર્દેશરને બદલે અદી તથા સોહરાબજીને બદલે સોલી વગેરે મોજુદ છે, માટે ઉપલો જયાશ્રય આપણો જયરાજા અથવા જાદીરાણા હોય એ બનવાજોગ છે, અને તેને સર ભંડારકરના

મતથી ટેકો મળે છે. છતાં મી. હોડીવાલાએ જણાવ્યું કે, વીજયાદીત્ય તથા જયાશ્રય આ બેની વચ્ચે ચુંટણી કરવાનું કામ પુરતાં સાંધનોની ગેરહાજરીમાં બહુજ મુશ્કેલ છે. ચાલુકય વંશના હાથ તળે ભરૂચ મધે ગુર્જર વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. તેઓનું રાજ્ય ભરૂચની દક્ષિણે કાંઇપણ ન હતું, પણ આ વંશનો જયભટ ત્રીજો (ઇ. સ. ૭૦૪–૭૩૪) આપણો જાદી (અથવા જય) રાણો હોઇ શકે નહિ, પણ સવાલ એ ઉઠે છે કે જે "પાર્સી" લોકોએ વીનયાદીત્યને કર આપવા કબુલ કીધું હતું તેઓ શું પાર્સીઓ હતા? મી. હોડીવાલાએ જણાવ્યું કે સંસ્કૃત લેખકોએ હમેશ કાંઇ પણ અપવાદ વિના "પારસીક" શબ્દ પાર્સીઓને માટેજ વાપર્યો છે. પણ જ્યારે તેવણે Bombay Gazetteer માં "The Early History of the Deccan"માં ડૉકટર સર રામકૃષ્ણ ભંડારકરનું મત વાંચ્યું કે આ "પાર્સીક" લોકો કદાચ સીર્યનો હોય, ત્યારે ભારે અજાયબી લાગી; તેથી મી. હોડીવાલાએ ડૉકટર ભંડારકરને કાગળો લખ્યાં, કે જેના જવાબ અગાઉ "જામે જમશેદ"ની ઇંગ્રેજી કૉલમોમાં પ્રગટ થઇ ચુકેલા છે. આ વિદ્વાન નાઇટ સાહેબે ખુલ્લું જણાવ્યું છે કે તેવણે માત્ર તર્ક રજુ કીધી હતી; તેવણે "કદાચ" શબ્દ સ્પષ્ટ રીતે લખ્યો હતો. વળી તેવણ મી૦ હોડીવાલાનાં મત સાથે મળતા થયા હતા કે વીનયાદીત્યને કર આપનારા પાર્સીઓ આપણા પુરાતન વડવાઓ હતા, એ નહિં બનવાજોગ નથી. તેવણનાં મત પ્રમાણે જાદી અથવા જયરાણા જયાશ્રય હતો, એ બનવાજોગ દિસે છે, સબબ કે તેની રાજ્યધાનાં નવસારીમાં હતી. યાદ રાખવું કે આ રાજાના વખ્તમાં આપણા ઇરાનશાહવાલા આતશબેહરામને પરથાવવામાં આવેલા હતા અને હવે થોડા વખતમાં તે બીનાને ૧૨૦૦) વર્ષ પુરાં થશે. મી૦ હોડીવાલાએ જણાવ્યું કે, પાર્સીઓની કર આપવાની બીના વીનયાદીત્યની સેક્તમાં લખાઇ છે, તેનું કારણ સમજવું મુશ્કેલ નથી. મહારાજાનાં હાથ નીચેનાં રાજાનું કામ મહારાજાને નામે નોંધાયું છે. આજે પણ પ્રધાનોનાં કામો તેઓને નામે નહિં પણ શાહાનશાહને નામે નોંધાય છે, તે બીના જાણીતી છે. આ ઉપરથી ત્યારે નક્કી થાય છે પાર્સીઓનાં અત્રે આવવાની દંતકથાવાલી તારીખ બીલકુલ ખરી છે.

પાર્સી લડાઇ કોણ સાથે અને કયાં લડવામાં આવી હતી?

કીસ્સે સંજાણમાં બીજી એક અગત્યની બીના પાર્સી લડાઇ બાબેની છે. આપણને કહેવામાં આવ્યું છે કે પાર્સીઓનાં હિંદમાં આવ્યા પછી સાતસો વર્ષે તેઓ ઉપર એક મ્હોટી આફત આવી પડી. સુલતાન મહમુદનાં હોકમથી તેના સેનાપતી અલફખાંને સંજાણના હિંદુ રાજાના રાજ્ય ઉપર હુમલો કીધો. રાજાએ પાર્સીઓને પોતાની મદદે બોલાવ્યા. અર્દેશીર નામના સરદારની સરદારી નીચે ચોદસો પાર્સીઓ લડાઇમાં લડવા બાહેર પડયા અને મોહમેદન લશ્કરને હરાવ્યું. અલફખાંન બીજી વખત વધુ લશ્કર લાવ્યો, તેનાં પરિણામે

સઘળા પાર્સીઓ તથા હિંદુ રાજા કપાઇ મુવા. આ મહમુદ સુલતાન કોણ હશે તે વિષે પુશ્કળ ચર્ચા વર્ષો થયાં ચાલુ રહી છે. દસ્તુરજી ફરામજી રબાડી, ડૉકટર વીલ્સન તથા મી૦ ડોસાભાઇ કરાકા તેને મહમદ બેગડો (ઇ. સ. ૧૪૫૯–૧૫૧૧) ગણતા હતા. આ દલીલને ડૉ. જીવનજી મોદી, પ્રોફેસર હોડી-વાલા વિગેરેએ ટેકો આપ્યો હતો. બીજા હાથ ઉપર Bombay Gazetteer નો રચનાર સર જેમ્સ કૅમ્પબૅલે આ સુલતાનને અલાઉદ્દીન ખીલજી ગણ્યો છે. તેનો સને ૧૨૯૩ થી ૧૩૧૭ છે. આ દલીલને મી. ડોસાભાઇ કરાકાએ (આગલું મત ફેરવી), મી૦ પાહલનજી દેશાઇ તથા બીજાઓએ ટેકો આપ્યો હતો. અભ્યાસીઓએ મહમદ બેગડાના તથા અલાઉદ્દીનનાં ઇતિહાસ ઉપર ઘણું અજવાળું નાખ્યું છે. મહમદ બેગડો વસાઇ, માહીમ તથા તેની પણ દક્ષિણ સુધી હુમલો લાવ્યો હતો, પણ અભ્યાસીઓને એકપણ શહાદત મળી નથી કે જે ઉપરથી ખુલ્લું માલુમ પડે કે પાર્સીઓ સંજાણમાં મોહમેદનો સાથે લઢયા હતા. મી. હોડીવાલાએ કહ્યું કે એક સંસ્કૃત લેખ ઉપરથી માલુમ પડે છે કે, પાર્સીઓ ચીતોડ મધે એક હિંદુ રાજાની તરફથી અલાઉદ્દીન સામે લડયા હતા. અગરજો કીસ્સે સંજાણનાં લખનારનાં મનમાં આ લડાઇ હોય તો તેણે લડાઇનાં રણ બાબે ગુંચવાડો કર્યો છે. પણ અગરજો આ લડાઇ જુદીજ હોય તો પાર્સી ઇતિહાસનાં એક અગત્યના સફા વિષે બહુમન અજ્ઞાન ઠરે છે. ભાવનગર સ્ટેટનાં આશરા તળે કેટલાક પ્રાકૃત સંસ્કૃત લેખો છપાયલા છે, તેમાંનો એક લેખ ઉદેપુર મધે ઇ. સ. ૧૪૮૯ માં પત્થર ઉપર કોતરી એક દેહરામાં મેલવામાં આવ્યો છે. આ લેખમાં રાજા અરિસીંહને માટે ત્રણ શ્લોક છે, જે અગત્યનાં છે. આ શ્લોકનો જે તર્જુમો કરેલો છે તે સ્પષ્ટ નથી. તેની ઉપરથી એવો પણ અર્થ નિકળી શકે છે કે અરિસીંહ રાણાએ ચીતોડ મધે પાર્સીઓ સાથે લડાઇ કીધી અને ઘણાંક દુશ્મનોને કાપી નાંખ્યા. પણ કર્નલ ટોડનાં રાજસ્થાન (યાને રજપુતાના) ના ઇતિહાસ ઉપરથી ખુલ્લું માલુમ પડે છે કે આ અરિસીંહ, કે જેનું નામ ટુંકામાં અર્સી આપેલું છે, તેણે અલાઉદ્દીન સાથે ચીતોડમાં લડાઇ કીધી અને ત્યાં પોતે કપાઇ મુવો હતો. તેવણે કહ્યું કે આપણે ફકત એકજ લડા-ઇની વાત જાણયે છીએ, કે જેમાં પાર્સીઓ હિંદુઓ સાથે લડયા હતા અને તે વર્યાવની લડાઇ હતી. ઇ. સ. ની ૧૧ મી સદીની આખેરીમાં પાર્સીઓ ખંબાતમાં વેપાર અર્થે રહેતા હતા, તે વખતે રતનપુરના રાજાએ તેઓ કને કર માંગ્યો, તે તેઓએ આપવા ના પાડી, અને તેથી તેણે લશ્કર લડવા મોકલ્યું. પાર્સી ગૃહસ્થો તે વખતે એક મેજબાની સારૂ વર્યાવની બાહેર પાદરે ગયા હતા. તેઓની બાનુઓએ લશ્કરને આવતું જોઇ પોતાના મર્દોનો પોશાક પેહરી લીધો અને હથ્યાર લેઇ ઘણીક બાનુઓ લડવા બાહેર પડી. તેઓ લગભગ જીતમાં હતી તેટલામાં એક બાનુની કોલાહ પડી ગઇ તેથી તેણીનાં લાંબા બાલ જણાઇ આવ્યા. આ ઉપરથી હિંદુઓએ જાણ્યું કે આ તો સઘળી

બાનુઓ છે, માટે જોરમાં ધસારો લેઈ આવ્યા. બાનુઓ અંતે હીંમત હારી ગઇ અને પોતાની લાજ સાચવવા બહાદુરીથી નદીમાં પડી ડુબી મુઇ.

આ વર્યાવની હકીકતવાલી લડાઇમાં હિંદુ રાજા માર્યો ગયો હતો નહિ, અને તેટલા માટે સંસ્કૃત લેખવાલી લડાઇ આ લડાઇ નથી એ ખુલ્લું છે. વળી વર્યાવની લડાઇનો હોકમ આપનાર રાજા એક ઘાતકી રાજા પુરવાર થાય છે, જ્યારે ચીતોડનો રાજા તો બહુજ ભલો, માયાળુ, ગુણવંતો, પ્રમાણીક અને અદલ ઇનસાફી હતો. આ કારણથી પણ આ લડાઇ વર્યાવની લડાઇ નથી, એમ પુરવાર થાય છે.

રાજસ્થાનનો ઇતિહાસ–તેની રસીલી વાર્તાઓ.

હવે રાજસ્થાનના ઇતિહાસ ઉપરથી માલુમ પડે છે કે અરિસીંહ (અરસી) રાણા અલાઉદ્દીન ખીલજી સાથે ઇ. સ. ૧૩૦૩ માં લડયો હતો, માટે ચીતોડની લડાઇ પાર્સીઓ સામે થઇ ન હતી. પાર્સીઓ પોતાના માયાળુ હિંદુ રાજાઓ તરફ બેવફા થયા હોય એ બનવા યોગ્ય નથી. કદાચ એમ કેહેવામાં આવે કે પાર્સીઓએ મુસલમાનોને મદદ કરી; પણ અલાઉદ્દીન કને પુશ્કળ લશ્કર હતું તે યાદ રાખવાનું છે અને તેને મદદની કાંઇ પણ જરૂરી ન હતી. તેના જેવા ક્રુર, ઘાતકી, હવસી રાજાને પાર્સીઓ મદદ આપે એ અશક્ય દિસે છે. વળી અમીર ખુસ્રો નામનો કવી અલાઉદ્દીનની દરબારમાં હતો. તેણે અલાઉદ્દીનની ફતેહોનું બયાન લખેલું છે. આ ફતેહોનું વર્ણન લખતાં, એ કવી વડાઇથી લખે છે કે હિંદુઓ, ખ્રિસ્તિઓ, યાહુદીઓ, તથા મઘ (પાર્સી) લોકોને મજા બનાવવામાં આવી હતી. આ સઘળી મજાઓ માટે તે ધિક્કારની લાગણીથી લખે છે. તે પોતે ચીતોડની લડાઇમાં હાજર હતો. અગરજો પાર્સીઓએ અલાઉદ્દીનને મદદ કરી હોય તો તેઓ માટે તે ખરાબ શબ્દો વાપરે એમ માનવામાં આવતું નથી. તે મઘ લોકોને "આતશ પરસ્ત" કહે છે; પણ લખે છે કે આતશ ગોયા પોતાની સેંકડો જીભોથી તેઓને માટે કડવી ફર્યાદ ઉઠાવે છે. આવું લખાણ પોતાના મદદગારો માટે શોભાભર્યું ગણાય નહિં. પણ કદાચ કહેવામાં આવશે કે સંસ્કૃતમાં "પારસીક" શબ્દ લખાયો છે તે કાંય નહિં મોહમેદનો માટે વપડાયો હોય? પણ આ શબ્દ પાર્સીઓ સિવાય બીજી કોઇપણ મજા માટે સંસ્કૃત લેખકોએ લખ્યો નથી. પેલા ૧૬ સંસ્કૃત શ્લોકોમાં "પારસીક" શબ્દ પાર્સીઓ માટેજ છે. ઇ. સ. ૧૪૩૦ માં અંધ્યારૂ અર્દેશીરને માટે એક પુસ્તક લખાયલું છે, તેને "પારસીક" તરીકેજ જણાવેલો છે. મર્હૂમ શિક્ષાગુરૂ એર્વદ શેહર્યારજી ભરૂચાએ પાર્સીઓનાં લખેલાં સંસ્કૃત લખાણો માટે "પારસીક ધર્મ–પુસ્તક" એવા શબ્દો વાપર્યા છે. મુસલમાનો માટે "પારસીક" શબ્દ કેથે વપરાયલો નથી, યા આપણા સિવાય બીજી કોઇ પણ મજા માટે નથી. વધુ એ કે મુસલમાનો માટે ઉપલાં ભાવનગર સ્ટેટનાં પુસ્તકમાં "તુરૂશક" શબ્દ મળે છે. તપાસવાલા સંસ્કૃત ફકરામાં દુશ્મનો કોણ

હતા તેનું નામ લખેલું નથી, પણ એટલું કહેલું છે કે, (દુશ્મનોનાં) જાનો લેઇ રાણાએ પોતાના દેવતાને આરાધ્યો હતો. આ લેખ લખાતી વખતે ગુજરાતમાં મહમદ બેગડાનો દોર હતો, માટે એમ ધારવામાં આવે છે કે સંભાળ રાખવાની મકસદથી લખનારે દુશ્મનોનું નામ લખ્યું નથી; પણ ઇતિહાસની રોશનીથી તે બીના તો ખુલ્લી છે.

ત્યારપછી રાજસ્થાનનાં કર્નલ ટૉડના ઇતિહાસ ઉપર આવતાં, તેવણે જણાવ્યું કે ઇ. સ. ૧૨૭૫ માં ચીતોડમાં લખમસી રાજ્ય કરતો હતો. રાજા ન્હાનો હતો માટે ભીમસીંહે રાજ્ય વહીવટ ચલાવ્યો હતો. ભીમસીંહની સુંદર સ્ત્રી પદ્મની નામે હતી. તેણીને મેળવવાની નેમથી અલાઉદ્દીને ચીતોડ ઉપર હુમલો કીધો અને ત્યાંના કીલ્લાને ઘેરો ઘાલ્યો. જ્યારે કાંઇ વળ્યું નહિં ત્યારે તેણે એટલીજ માગણી કીધી કે આર્સીઓ મારફતે તેને તેણીનો ચેહરો જોવા દેવો. ભીમસીંહે આ માન્ય કર્યું. અલાઉદ્દીન એખલો કીલ્લામાં આવ્યો અને પદ્મનીનો ચેહરો જોઇ બાહેર નિકળ્યો. રાણા ભીમસીંહ માન આપવા ખાતર કાંઇ પણ હથ્યાર વિના અલાઉદ્દીન સાથે કેટલેક સુધી ગયો; પણ દગાબાજ અલાઉદ્દીને ગોઠવણ કરી મુકી હતી તેમ તેણે રાણાને કેદ પકડયો. આ વાત પદ્મની તથા રજપુત સરદારોને માલૂમ પડી, ત્યારે તેઓને બહુજ ગુસ્સો આવ્યો; અને તેઓએ પણ સામી બાજી રચી અલાઉદ્દીનને કહેવડાવ્યું કે અગરજો પદ્મનીને પોતાને સ્વાધીન કરવામાં આવે તો તે ભીમસીંહને છોડી દેશે. પદ્મનીએ હા કહેવડાવી, અને તેણી રાણીને છાજતી રીતે દાસીઓની સાથે આવશે એમ અલાઉદ્દીનને કહેવડાવ્યું. અલાઉદ્દીન આ બાજી સમજી શકયો નહિં. ૭૦૦ પાલખીઓમાં બહાદુર રજપુતો હથ્યારબંધ સજ્જ થઇ ભરાઇ બેઠા. એકમાં પદ્મની પણ ભરાઇ બેઠી. જેવી પાલખીઓ અલાઉદ્દીનનાં લશ્કર પાસે આવી કે બહાદુર રજપુતો કુદી પડયા, અને અલાઉદ્દીનના લશ્કરને મારી હઠાવી, ભીમસીંહ તથા પદ્મનીને લેઇને પોતાનો રસ્તો કાપી ચીતોડનાં કીલ્લામાં જઇ ભરાયા. આ પ્રમાણે અલાઉદ્દીનને હાર મળી; પણ તે બીજી વખતે વધુ લશ્કર લઇ આવ્યો. ચીતોડના રાણાના ૧૨ છોકરાઓ લડવા બાહેર પડયા. લડાઇની થોડા દિવસ આગમજ રાણાને એવો ખ્યાલ આવ્યો કે પોતાના છોકરાઓને એક પછી એકને ગાદીએ બેસાડવો અને ત્રીજે દિવસે અલાઉદ્દીન સામે લડવા મોકલવો. આ પ્રમાણે ૧૧ છોકરાઓ કપાઇ મરશે તો બારમો બચી જશે અને તેઓનો વંશવેલો કાયમ રહેશે. બહાદુર રાણાએ પોતાના બહાદુર બેટાઓને આ વાત કહી. અરિસીંહ (અરસી) જે સર્વેથી વડો હતો તે પહેલા લડવા બાહેર પડયો. તેનાં માથા ઉપર તાજ મેલવામાં આવ્યું. ચોથે દિવસે તે લડાઇમાં ઉતર્યો અને માર્યો ગયો. ત્યારપછી અજેસિંહ બાહેર પડયો પણ તે બાપનો ઘણો લાડકવાયો હતો માટે બાપની અર્જ ઉપરથી તેના બાકી રહેલા ભાઇઓ લડાઇમાં ઉતર્યા અને માર્યા ગયા. છેલ્લાં

રાણા અને અજેસિંહ વચ્ચે તકરાર ઉઠી કે હવે લડાઇમાં કોણ ઉતરે ? આખરે રાણા પોતે ફાવ્યો. અજેસિંહ થોડાક સાથીઓને લઇ દુશ્મનોનાં હાથમાંથી છટકી નાહુસી ગયો. પછી રાણી પદ્મની તથા રજપુત રાજકુંવરીઓ તથા સ્ત્રીઓ બહાદુરીથી એક મ્હોટી બળતી ચીતામાં પડી બળી મુઇ. છેવટે રાણા લશ્કર સાથે કીલ્લાનાં બારણા ખોલી બાહેર આવ્યો અને દરેક જણ કપાઇ મુવા ત્યાંસુધી લડયા.

ભાવનગર સ્ટેટમાંનાં પુસ્તકમાંનો બીજો લેખ.

ભાવનગર સ્ટેટવાલાં પુસ્તકમાં ઇ. સ. ૧૪૪૦ નો એક બીજો સંસ્કૃત લેખ છે, તેમાં મેવાડના રાજાઓની વંશાવલી આપી છે. તેમાં ૪૧ રાણાઓનાં નામો છે, જેમાં ૩૧ માં રાણાનું નામ સમરસિંહ છે, ૩૨ માંનું જીવનસિંહ, ૩૩ માંનું જયસિંહ, ૩૪ માંનું લક્ષ્મસિંહ, ૩૫ માંનું અજમસિંહ, ૩૬ માંનું અરિસિંહ, તથા ૩૭ માંનું હમીર છે. ભુવનસિંહ તે રાજસ્થાનના ઇતિહાસનો ભુમસિંહ (ભીમસી) છે. તેને માટે એજ લેખમાં લખ્યું છે કે તેણે અલાઉદ્દીનની ઉપર ફતેહ મેળવી હતી; અને ખરેખર અલાઉદ્દીન સાથે પહેલી લડાઇમાં તેણે જીત મેળવી હતી. ૩૨ મો રાણા અરિસિંહ તે અરસી છે, કે જેને લેખમાં અજેસિંહનો ભાઇ કહ્યો છે; અને જેનો પુત્ર હમીર હતો. આ હમીરે રાજપાટ પાછું મેળવ્યું હતું, એમ સંસ્કૃત લેખ ઉપરથી તથા રાજસ્થાનના ઇતિહાસ ઉપરથી ખુલ્લું માલમ પડે છે. ઉપલો અરિસિંહ (અરસી) તે હતો કે જે અલાઉદ્દીન સાથે લડવા પહેલાં બાહેર પડયો હતો અને કપાઇ મુવો હતો. સંસ્કૃત લેખ પ્રમાણે પણ તે લડતા તુરત કપાઇ ગયો; લડતાં તેણે જીવ ખોહ્યો, પણ બહાદુર લોકો જે કીર્તિ મેળવે છે તે ખોહી નહિં.

સર જેમ્સ કૅમ્પબૅલનું મત.

સર જેમ્સ કૅમ્પબૅલ, જેને "Bombay Gazettier" પ્રગટ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, અને જેણે મુંબાઇ ઇલાકાના ઇતિહાસની બાબત ચોતરફથી ભેગી કરી હતી, તેણે પહેલવહેલાં જણાવ્યું કે કીસ્સે સંજાણવાલો મહમદ સુલતાન તે મહમદ બેગડો નહિ, પણ મહમદ અલાઉદ્દીન ખીલજી હોવો જોઇએ અને તેનું એક મુસ્તકીમ કારણ તેણે આ આપ્યું હતું કે પાર્સીઓ અનેક હાડમારી ભોગવી, ઇરાનશાહ આતશબહેરામને ઇ. સ. ૧૪૧૯ માં (ખરી રીતે ૧૪૧૬ માં) નવસારીમાં લાવ્યા હતા, એમ સઘળી શહાદતો ઉપરથી નક્કી થાય છે, માટે આ બનાવની આગળ પાર્સીઓએ લડાઇ વિગેરેની હાડમારી ભોગવી હોવી જોઇએ એમ તેનું કહેવું હતું. વળી તેણે વધુ જણાવ્યું હતું કે અમીર ખુસ્રોએ એક ઠેકાણે લખ્યું છે કે ગુજરાતનો દર્યો ગબ્ર લોકોનાં લોહીથી લાલ બની ગયો હતો, તે ગબ્ર લોકો પારસીઓ હતા. આ અમીર ખુસ્રોએજ "ગબર" શબ્દ હિંદુઓને માટે પણ વાપરેલો છે, પણ તેણે ગુજરાત શબ્દ શું અર્થે વાપર્યો છે તે જાણવાની જરૂર છે. અત્રે કહેવામાં આવ્યું કે

ડૉ. જીવનજી મોદીએ પોતાનાં કીસ્સે સંજાણ બાબતનાં છેલ્લાં પુસ્તકમા અમીર ખુસ્રોનાં થોડાંક બેતોનો તર્જુમો કર્યો છે, પણ તેટલા ઉપરથી અનુમાન કહાડી શકાતું નથી. ગુજરાત શબ્દ બોહળે અર્થે પણ વપરાતો હતો અને તેમાં ચીતોડ સમાઇ જતું હતું, તેની મુસ્તકીમ શહાદતો મોજુદ છે. વળી ચીતોડની પાસે નદી છે તેને સંસ્કૃત લેખમાં સમુદ્ર કહેલી છે.

મહમદ બેગડાનો ઇતિહાસ.

મહોમેદન ઇતિહાસો, જેવા કે તારીખે ફ્રીરેસ્તે, તબ્બક્કાતે અકબરી, તારીખે અલફી તથા મીરાતે સેકંદરી તેઓ ઉપરથી જુનાગઢવાલા પ્રોફેસર હોડીવાલાએ અગાઉ પોતાના રેસાલામાં જણાવ્યું હતું કે મહમદ બેગડાએ ઇ. સ. ૧૪૬૫ માં બારદ અથવા બારોટના પહાડ ઉપર હિંદુ રાજા સાથે લડાઇ કરી હતી. આ પહાડ સંજાણથી ફક્ટ ૧૪ માઇલને છેટે છે. તેવણે વધુ દેખાડયું હતું કે આ લડાઇ ઇ. સ. ૧૪૭૮ ની પછી થયલી હોવી જોઇએ નહિં; સબબકે આ વર્ષમાં નરીમાન હોશંગની પહેલી રેવાયત લખાઇ હતી. અગરજો તે વખતે સંજાણમાં પાર્સીઓની સારી વસ્તી હતે તો, ત્યાંના પાર્સીઓનાં નામ એ રેવાયતમાં આવતે. સંજાણની લડાઇમાં ૧૪૦૦ પાર્સીઓ ઉતર્યા હતા, માટે ત્યાં ઘણી મ્હોટી વસ્તી હોવી જોઇએ અને તેથી તે લડાઇ ઇ. સ. ૧૪૭૮ ની આગમજ થયલી હોવી જોઇએ. પ્રોફેસર હોડીવાલાનું આ મત મુસ્તકીમ દિસે છે અને તે ડૉ૦ જીવનજી મોદીનાં મતની વિરૂદ્ધ જાય છે, સબબકે ડૉ૦ મોદી સંજાણની લડાઇને ઇ. સ. ૧૪૯૦ માં થયલી ગણે છે. મી. હોડીવાલાએ જણાવ્યું કે ઉપલી બાહરોટની લડાઇ કીસ્સે સંજાણમાં જણાવેલી પાર્સી લડાઇ હોઇ શકે નહિ, કારણકે તે લડાઇમાં તો બહમનના લખવા પ્રમાણે હિંદુ રાજા માર્યો ગયો હતો, જ્યારે બાહરોટની લડાઇમાં તો તે જીવતો રહ્યો હતો, અને મહમદ બેગડાએ ખંડણી લઇ તેને પાછું રાજપાટ આપ્યું હતું. આ મુશ્કેલી પ્રોફેસર હોડીવાલાને પણ નડી હતી તેથી તેઓએ તર્ક કીધો હતો કે સંજાણનો રાજા જુદો હશે, તે પણ બાહરોટમાં લડયો હશે, અને ત્યાં માર્યો ગયો હશે. મી. હોડીવાલાએ કહ્યું કે ત્યારે આ અગત્યના બનાવ માટે આખરે અટકળ ઉપરજ આધાર રાખવો પડે છે. વળી આ અટકળ કાંઇપણ શહાદત વિનાનીજ છે. પાર્સીઓની લડાઇના સંબંધમાં બે ચીજ મૂખ્ય છે, એક આ કે હિંદુ રાજા લડાઇમાં માર્યો ગયો હતો; બીજી આ કે પાર્સીઓ લડયા હતા એમ ખુલ્લે ખુલ્લું લખાણ મળવું જોઇએ. તેવણે કહ્યું કે જે કોઇ ઇતિહાસીક લખાણમાં આ બન્ને ચીજો સ્પષ્ટ નહિં હોય તે લખાણ નકામું ગણાવું જોઇએ.

છેવટનો સાર.

કીસ્સે સંજાણમાં લખ્યું છે કે સુલતાન મહમદે લડાઇ કરવા પોતાના સેનાપતી અલફખાંનને મોકલ્યો હતો. હવે સુલતાન મહમદ બેગડા તથા

સુલતાન અલાઉદ્દીન બન્નેના સરદારોનાં નામ અલફ્ખાંન હતા. પણ બાહુરોટ કે ચીતોડની લડાઇમાં આ સરદારનું નામ મળતું નથી. કીસ્સે સંજાણવાલાએ જુદી જુદી બાબતોને ભેળી નાંખેલી દિસે છે. જ્યારે તે કહે છે કે પાર્સીઓ હિંદુ રાજા તરફથી સુલતાન મહુમદ (અથવા મહમુદ) સામે લડયા હતા અને આ લડાઈમાં હિંદુ રાજા માર્યો ગયો હતો ત્યારે તેનું લખાણ ખરૂં ઠરે છે, પણ જ્યારે તે લડાઇને સંજાણમાં થયલી તે જણાવે છે, જ્યારે તે મહુમદ સુલતાનને ચાંપાનેરનાં જીતનાર તરીકે સૂચવે છે, જ્યારે તે જણાવે છે કે તે અલફ્ખાનની વાત છે, ત્યારે હકીકતોની ભેળસેળ કરી મુકે છે. પ્રોફેસર હોડીવાલાએ વાજબી રીતે કહ્યું છે કે બહુમનને એક મહાન કવી કહેવો, અથવા એક ગંભિર ઇતિહાસકાર કહેવો, અથવા અચુક વિદ્વતાવાલો શખ્સ ગણવો ભુલભરેલું છે. તો પણ તે એક સાધારણ માણુસ ન હતો, પણ તે એક વિદ્વાન કુટુંબને લગતો હતો; તેનું બધું લખાણ માનવા યોગ્ય નથી એમ કહેવું મૂર્ખાઇભરેલું ગણાય.



હાવન ગેહની શરૂઆત મુકરર કરનારી કમીટી.

બેઠક ૧ લી, તા૦ ૨૯ મી ઑગસ્ટ, ૧૯૧૩.

એર્વદ જીવનજી જમશેદજી મોદીએ શરૂઆતમાં જણાવ્યું કે તેવણ જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળી હજુર તેની તા૦ ૨૪ મી ઑગસ્ટ ૧૯૧૨ ની બેઠકમાં આ સવાલ લાવ્યા હતા કે કોઇનું મરણ બામદાદને વખતે થાય ત્યારે તે મરનારનો પહેલો દહાડો ગણવો કે બીજો ગણવો, તે બાબે મતફેર ઉઠે છે, કારણ હાવન ગેહ બરાબર કયારે શરૂ કરવી તે ચોક્કસ નથી. એ ઉપરથી તેવણની દરખાસ્ત, જેને ડા૦ માનેકજી બમનજી દાવરે ટેકો આપ્યો હતો, તે ઉપરથી એ બાબે નીચલો ઠેડાવ પસાર થયો હતો:—

"શેઠ મંચેરજી પે. ખરેગાત, ડા૦ માનેકજી બ. દાવર, શ. એ. એ. જીવનજી જ. મોદી, (સેક્રેટરી), એર્વદ જમશેદજી દા. નાદરશાહ, એ. માનેકજી રૂ. ઉનવાલા, મી૦ મેહેરજીભાઇ નોશેરવાનજી કુકા, મી૦ શાપુરજી કા. હોડીવાલા તથા મી૦ ધનજીભાઇ ન. કુલેર્વાલાની એક કમીટી ઉશહિન ગેહનો કયારે છેડો આવે છે અને હાવન ગેહ કયારે શરૂ થાય છે, તેનો વખત મુકરર કરવા તથા તેની ઉપરનાં સઘળાં લખાણો એકઠાં કરવા અને તે ઉપરથી જે સાર નીકળે તે કાઢવા નેમવી અને તે પાસે રીપોર્ટ માંગવો".

એ ઠેરાવની રૂએ તેવણે આ સભા બોલાવી હતી.

શેઠ મનચેરજી પેસતનજી ખરેગાતને કમીટીના સરનશીન નેમવામાં આવ્યા હતા.

સેક્રેટરી એર્વદ જીવનજી જમશેદજી મોદીએ મીટીંગ બોલાવવા માટે કહાડેલી ચીઠીમાં આ સવાલ બાબે વિચાર ચલાવવા શેઠ મનચેરજી પેસતનજી ખરેગાતની મશવરતથી નીચલા ફકરાઓ ઉપર સભાસદોનું ધ્યાન ખેંચ્યું હતું:—

૧. બુનદેહશ્ન બાબ ૨૫, ફ. ૯ અને ૧૦.
૨. શાયસ્ત લા શાયસ્ત બાબ ૭, ફ. ૧; બાબ ૧૪, ફ. ૪–૬; બાબ ૨૧ ફ. ૪–૮.
૩. નીરંગેસ્તાન પર્ગર્દ બીજી (Zend Avesta par Darmestater Tome III pp. 107-113.

પેહેલે બુનદેહશ્નનો ફકરો તપાસવામાં આવ્યો. આ ફકરો યુસ્તી મુજબ નિચે પ્રમાણે છે:—

"અએરપત વજરે નસાએ અવારીક મન્દવમ પવન હામીન જમેસ્તાન મિન દેન્મન હુશ્માર વાદુનેત. પવન જક હફ્ત બીનાએ હામીન ગાસે યુમાન શપાન પન્જ, મેમન રપીતવીન વલ યજબહુનેત, ચેગુન બામદાદ ગાસ હાવન, નીમરૂજ ગાસ રપીતવીન, આઇવારે ગાસ ઓજીરેન, અમત સેતારે વલ આસમાન પએતાકીઅ મદ વદ નીમ શપ ગાસે અઇબિસ્રુતીમ, મિન નીમ શપ વદ સેતારે અપએતાક ચેહવુનેત ગાસ હુશાઇન. પવન જમેસ્તાન ચેહાર ગાસ, મેમન બામદાદ વદ ઓજીરેન હમાક હાવન. અવારીક ચીમ ગોફ્ત. અવશ ચીમ દેન્મન આઇગ જમેસ્તાન એશારેહ પવન કોસ્તે અપાખ્તર આઇગ અપાખ્તર કેશ્વર વોરૂબરેશ્ત વોરૂજરેસ્ત. હમીનચ બુન ૭ કતે પવન નીમરૂજ આઇગ કેશ્વર ફ્રર્દદફ્શ વીદદફ્શ."

એરવદ જીવનજી મોદીએ પોતાની જુનદેહશનમાં અઘવારે બોલને 'સેપારે' વાંચ્યો છે. 'શપ' બોલ મહુંમ તેહમુરસની જુનદેહશનમાં મળે છે.

ત્યાર પછી શાયસ્ત લા શાયસ્તના ૩ ફકરા (બાબ ૧૪ ફ. ૪-૬) વાંચવામાં આવ્યા.

એ ફકરા ઉપર કેટલોક વિચાર કરવામાં આવ્યો. ત્યાર પછી એવર્દ જીવનજી જ. મોદીની દરખાસ્ત ઉપરથી એવર્દ બમનજી નશરવાનજી ધાભરને કમીટીના એક સભાસદ નેમવામાં આવ્યા.

બેઠક ૨ જી, તા૦ ૨ જી ઓકટોબર, ૧૯૧૩.

ગેહની બાબતને લગતા નીચલા ફકરાઓ તપાસવામાં આવ્યા હતા:—

શાયસ્ત લા શાયસ્ત બાબ ૨૧, ફકરા ૪-૮.

પારસી પંચાયતનાં ત્રસ્ટી સાહેબો તરફથી શાયસ્ત લા શાયસ્તનો જે ટેક્ષ્ટ ડા. માનેકજી બમનજી દાવર તૈયાર કરે છે તેનાં advanced proof તેવણે મેહેરબાની કરી મોકલી આપ્યા હતા તેમાંથી એ ફકરાઓ તપાસવામાં આવ્યા હતા.

નીરંગેસ્તાન પારસી પંચાયત હસ્તકથી દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણાએ ફોટો ઝીંકોથી તૈયાર કરાવેલી નકલનો ફોલીયો ૭૪ b નો ભાગ જે પ્રોફેસર દારમેસ્ટેટરના Zend Avesta Vol. III, pp. 107-113 માં આવ્યો છે તે.

પારસી પંચાયત તરફથી શેઠ સોરાબજી જમશેદજી બલસારાએ નીરંગેસ્તાનનો જે તરજુમો કીધો તેનાં advanced proof માંથી એનો તરજુમો તપાસવામાં આવ્યો હતો.

બેઠક ૩ જી, તા૦ ૧૦ મી ઓકટોબર, ૧૯૪૦.

હુશહિન ગેહ અને હાવન ગેહની બાબદનાં નીચલા ફકરાઓ તપાસવામાં આવ્યા:—

પારસી પંચાયત હસ્તકથી દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણાએ નીરંગેસ્તાનની ફોટો ઝીંકોથી તૈયાર કરાવેલી નકલના ફોલ્યા ૭૫ અને ૯૨.

શેઠ સોરાબજી જમશેદજી બલસારાના નીરંગેસ્તાનના તરજુમાના advanced proof માંથી એનો તરજુમો તપાસવામાં આવ્યો હતો.

બેઠક ૪ થી, તા૦ ૧૬ મી ઓકટોબર, ૧૯૧૩.

ગેહની બાબતનાં નીચલા ફકરાઓ તપાસવામાં આવ્યા.

દસ્તુર દારાબજી પે. સંજાણાએ નીરંગેસ્તાનની ફોટો ઝીંકોથી તૈયાર કરાવેલી નકલના ફોલ્યો ૧૦૨ b અને ૧૦૩ b.

એવર્દ માનેકજી રૂસ્તમજી ઉનવાલાએ જણાવ્યું કે "નવસારીમાં રીવાજ છે કે હાવન ગેહમાં મોડેથી ઇજશ્ને શરૂ કીધા હોય તો ચાલે પણ ૧૨ વાગા આગમજ અહુનવદ ગાથા પુરો કરવો જોઇએ.

એવણે વધુ જણાવ્યું કે રાતે ગમે તે વખતે વંદીદાદ કરવા બેસે પણ બામદાદ આગમજ વંદીદાદની ૯ ફ્રગંર્દ પુરી કરવી જોઇએ.

બેઠક ૫ મી, તા૦ ૬ ઠી નવેમ્બર, ૧૯૧૩.

ગેહની સંબંધનો જંદ પેહેલ્વી ગ્લોસરીમાંનો ટેક્ષ્ટ પાનું ૪૨ મું તપાસી તેનો તરજુમો જે ૭૬ માં પાનાં ઉપર હતો તે તપાસવામાં આવ્યો હતો.

બેઠક ૬ થી, તા૦ ૨૫ મી નવેમ્બર, ૧૯૧૩.

એર્વદ માનેકજી રૂસ્તમજી ઉનવાલાની રેવાયતની છાપેલી ચોપડીના પેહેલા ભાગના પાનાં ૩૧૫ માંની લીટી ૧૮ મી વાલા ભાગની (કામા વોહોરાની પુરશીસમાંથી) ગેહની બાબતની તપાસ કીધી હતી.

બેઠક ૭ મી, તા૦ ૧૧ મી ડીસેમ્બર, ૧૯૧૩.

શેઠ મનચેરજી પેસતનજી ખરેગાતે Europeon Sceince પ્રમાણે twilight શાને કહે છે અને તે કયારે શરૂ થાય છે તે બાબેની કેટલીક વીગત આપી. ત્યાર પછી આગળ તપાસી જવામાં આવેલી બાબદો ઉપર વિચાર કરી થોડોક રીપોર્ટ ઉપજાવ્યો હતો.

બેઠક ૮ મી, તા૦ ૫ મી જુલાઇ, ૧૯૨૨.

તૈયાર કરવામાં આવેલો રીપોર્ટ વાંચવામાં આવ્યો અને તે ઉપર વિચારનો આવજોમાવજો કરવામાં આવ્યો.

ઠરાવ–તૈયાર કરવામાં આવેલા રીપોર્ટ ઉપર શેઠ મનચેરજી પેસતનજી ખરેગાતે કમીટીના સરનશીન તરીકે સહી કરવી. તે રીપોર્ટ ઓ. સેક્રેટરીએ કવરીંગ લેટર સાથે જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળીના ઓ. સેક્રેટરીઓ ઉપર મોકલવો.*



---

*ઉપલા રિપોર્ટની વિગત શ. ઉ. ડો. સર જીવનજી જમશેદજી મોદીએ ૧૯૩૨ ના સાલમાં છપાવી બાહેર પાડેલી "જરથોશ્તી ધર્મ સંબંધી ભાષાણો અને વાએજો," ભાગ ૭ માં ના સફા ૧૫૮ થી ૧૬૫ ઉપર "હોશન ગેહ કયારે શરૂ થયલી ગણવી," એ મથાલાં હેઠલ છાપવામાં આવી છે.